# शतपदी भाषांतर.

एटले

अंचळगच्छनायक श्रीमहेंद्रसिंहसूरि विरचित
बृहत्‌शतपदी ग्रंथनुं साररूप भाषांतर.

(श्री मेरुतुंगसूरिविरचित लघुशतपदीनी
उपयोगी बिना तथा पट्टावळी साथे.)

रची प्रसिद्ध करनार,

## श्रावक रवजी देवराज.

(कच्छ-कोडायवाळा.)


## अमदावाद.

"विजय प्रवर्त्तक" प्रेसमां छाप्युं.

संवत १९५१. सन १८९५.

किम्मत रूपीयो दोढ—पोष्टेज जूदुं.

आ पुस्तक कायदा मुजब रजीष्टर करावी कर्त्ताए सर्व हक्क
स्वाधीन राख्या छे.

# अर्पण पत्रिका.

## अंचळगच्छदीपक, सुविहितमार्गप्रकाशक, मुनिराज श्री गौतमसागरजी.

महाराज,

आप साहेब आवा विषमकाळमां क्रियाउद्धार करी सु-
विहित पक्षने आदरी अंचळगच्छने दीपाववा जे
उत्तम उपदेश करो छो, तथा सदरहु गच्छनी
लोपायली उत्तम पद्धतिओने पाछी प्रवृत्त
कराववा जे यत्न करो छो, तेथी आ-
नंदित थइ, आ उत्तम ग्रंथ, के जेमां
गच्छनी प्राचीन पद्धति विस्ता-
रथी वर्णववामां आवेली छे, ते
ग्रंथ आपना हस्तकम-
ळमां अर्पण करी
पोताने कृता-
र्थ मानु
छुं.

हुं छुं आपनो किंकर,
भाषांतर कर्त्ता—श्रावक रवजी देवराज.

# प्रस्तावना.

"आगमवादनेज बहुमत राखवुं" एवा उत्तम उद्देशथी श्री अंचळगच्छनी स्थापना थइ छे. अने तेथीज ते "विधिपक्षगच्छ" तरीके ओलखाय छे. ए गच्छनी सामाचारी आगमानुसारिज छे एवुं सिद्ध करवा सं. १२६३ मां श्री धर्मघोषसूरिए प्राकृत भाषामां शतपदी नामे ग्रंथ रच्यो. पण ते बहु कठण होवाथी सं. १२९४ मां श्री महेंद्रसिंहसूरिए प्राकृत शतपदी ऊपरथी केटलाक वधारा सुधारा साथे संस्कृतभाषामां आ बृहत् शतपदी नामे ग्रंथ रच्यो छे. एमां कुल ११७ विचारो छे.

अंचळगच्छनी सामाचारी जाणवा माटे आ ग्रंथ संपूर्ण उपयोगी छे. पण आजकाल संस्कृतभाषानो प्रचार ओछो होवाथी तेनो बधा जणो लाभ लइ शकता नथी. तेथीज हमणा हमणा गच्छनी शुद्ध आचरणाओ दिवसे दिवसे लोपाइ जइने गच्छांतरनी आचरणाओ के जे अंचळगच्छना हिशाबे आगमथी विपरीत रहेली छे ते दाखल थती चाली छे. माटे तेवी आचरणाओ अटकावीने गच्छनी प्रथमनी शुद्ध आचरणाओ चालु करावया सारुं सर्व लोकोने सीधी समज पडे एवी ढबमां आ बृहत् शतपदीनुं भाषांतर करी छपाववामां आवे तो बहु लाभ थाय. एम धारीने अंचळगच्छशृंगार सुविहितक्रियाउद्धारक संविग्नपाक्षिक मुनिराज श्री गौतमसागरजी महाराजनी प्रबळ प्रेरणाथी आ भाषांतर रचवामां आव्युं छे.

आ भाषांतर सर्वे वांचनाराओने तरतमां अने सरळ रीते समजवामां आवे ते सारुं शतपदीना शब्दे शब्द लइ नहि करतां टूंकामां सारांश लइने सरळ रीते रचवामां आव्युं छे.

वळी प्रांतमां श्री मेरुतुंगसूरिविरचित लघुशतपदीनी उपयोगी बिना तथा अंचळगच्छनी पट्टावळी पण आपवामां आवी छे.

आ पुस्तकने छपावी प्रसिद्ध करवाना काममां कच्छ–दुर्गापुर निवासी सुश्रावक पासुभाइ अने आसुभाइ वाघजी, तथा कच्छ–नाराणपुर निवासी सुश्रावक ठाकरसीभाइ तथा कच्छ–कोडायवास्तव्य सुश्रावक लाधाभाइ वगेराए सारुं उत्तेजन आप्युं छे. माटे तेमनो आ जगोए उपकार मानवामां आवे छे.

वळी विजयमान अंचलगच्छाचार्य पूज्य भट्टारक श्रीमान् जिनेंद्रसागरसूरि महाराजे पण आवा उत्तम ग्रंथनी योग्य कदर करी संपूर्ण आश्रय आप्यो छे तेथी तेमनो पण उपकार मानवामां आवे छे.

हवे वाचक वर्ग प्रते मारी ए वीनति छे के आ भाषांतर सुधारवामां मे माराथी बनतो प्रयास लेवामां खामी राखी नथी, छतां नजरदोषथी के मतिभ्रमथी क्यां पण भूलचूक जणाय तो तेमणे ते सुधारी वांचवुं, अने मने ते विषे सूचना आपवा कृपा करवी.

भाषांतर कर्त्ता.

# शतपदीनुं सारांश.

## प्रतिमा संबंधी विचारो.

(१) प्रतिमा सपरिकर तथा अपरिकर बन्ने वंदाय (१)*

(२) प्रतिमामां वस्त्रांचळ करावबुं. (२)

(३) प्रतिमानी प्रतिष्ठा यतिए न करवी. (३)

(४) दीपपूजा, फळ तथा बीजपूजा, तथा बळिपूजा न करवी. (४–६–८)

(५) तंडुलपूजा, तथा पत्रपूजा थइ शके छे. (५–७)

(६) पार्श्वनाथनी सात फण अने सुपार्श्वनाथनी पांच फण करावबी. (४३–४४)

(७) पूजा उत्सर्गे त्रिसंध्याएज करवी, पण अपवादे आगल पाछल पाडी थइ शके. (६४)

(८) श्रावके चैत्यवंदन देवता माफकज करवुं. (९२)

(९) राते पूजा नहि करवी. (९७)

(१०) निश्राकृत चैत्य पण वांदवुं. (९८)

## श्रावकनी क्रिया संबंधी विचारो.

(१) श्रावके वस्त्रांचळथीज क्रिया करवी. (२०)

(२) थापनाचार्य नहि थापवो. (२१)

(३) मुनिने वांदता एक खमासमण देवुं पण चाले. (२२)

(४) मिथ्यात्व त्रिविधे त्रिविधे परिहरवुं. (३०–३१)

(५) पौषध पर्वदिनेज करवुं. (३६)

---

* आ आंकडा विचारोना छे.

(६) सामायिक बे टाणेज करवुं ने बे घडीनुंज करवुं. (३९)
(७) श्रावक आवश्यकनिर्युक्ति, चूर्णि, तथा सूत्रोना छूटक आलावा भणी शके. (८७–८८)
(८) श्रावक प्रायश्चित्त लइ शके छे. (९३)
(९) उपधान नहि वहेवा, तथा माळारोपण न कराववुं. (९६)
(१०) षडावश्यक, चूर्णिनी विधिए करवुं. (११०–१११)
(११) सामान्य साधुने पण वांदणा दइ शकाय. (११४)
(१२) स्त्रीओए मुनिने ऊभे ऊभेज वांदवुं. (११६)

## पर्व बाबतना विचारो.

(१) कल्याणिक नहि मानवा. (३७–३८)
(२) आसो तथा चैत्रनी अठाइओ न मानवी. (११७)
(३) संवछरीपडिकमणुं आषाढी पूनमथी पचाशमे दहाडेज करवुं. ८१
(४) अधिकमास पौष के आषाढज थाय. (८२)
(५) अधिकमासमां वीसापजूसण एटले श्रावण सुदि ५ नी पर्युषणा करवी. (८३)
(६) लौकिक टीपणुं नहि मानवुं. (८४)
(७) चोमासुं तथा पाखी पूनमनाज करवा. (११२–११३)

## साधुना आचार संबंधी विचारो.

### ( सामान्य कृत्यो. )

(१) दांडो वंशनो तेम बीजा लाकडानो पण थाय. (९)
(२) द्रव्यस्तव त्रिविधे त्रिविधे नहि करवुं. (१३)
(३) पर्वदिनेज चैत्य वांदवा. (१४)
(४) चैत्य वांदतां त्रण थुइज कहेवी. कृत्रिम थुइ न कहेवी. (१५-१६)

(५) साध्वी ओछामां ओछी त्रण विचरे. (२७)
(६) ऋतुबद्धकाळे पीठफळक नहि वापरवा. (३५)
(७) साधुना उपाश्रये गीतनृत्य न कल्पे. (४०)
(८) साधुए कमाडवाळी वसतिमांज रहेवुं. (४६)
(९) मोदक चोरतां मांगवानी जरुर नथी. (६२)
(१०) साध्वीने दीक्षा देतां आचार्ये लोच न करवो. (६३)
(११) हाथ पग न धोवा. (६८–६९)
(१२) रजोहरण मोपती वेगळे न मूकवा तथा रजोहरणपर बेशवुं नहि. (७०)
(१३) भिक्षादिकनो उपयोग भिक्षार्थे जती वेलाज करवो. (७२)
(१४) साधु श्रावकने योग्यसूत्र भणावी शके छे. (८५)

## ( आपवादिक कृत्यो. )

१ पुस्तक तथा तेना उपकरण राखी शकाय छे. १०-११-१२
२ पात्राने खंजन लेप न मळे तो बीजो लेप पण आपी शकाय. १७
३ स्थिर के चळ अवष्टंभ पण लइ शकाय छे. १८–१९
४ वृषभकल्पनावाळी वसति नमळे तो बीजीमां पण रही शकाय. २३
५ साधु वरसाद वरसतां पण भोजनादि करी शके छे. २५
६ सूत्रार्थपोरसीमां पण धर्मदेशना देइ शकाय. (२८)
७ कारणे सूत्रार्थपोरसीनी उलटपालट पण करी शकाय. २९
८ मात्रक, कडाइ, टोप, नंदीपात्र, घडा, नेण, सूइ वगेरा उपयोगी उपकरण पण राखी शकाय. २६–३२–५५
९ चोलपट्टो पहेराय छे तथा तेनुं प्रांत गोपवाय छे. ३३–३४
१० कारणे मासकल्पनी वधगट पण करी शकाय छे. ४१
११ बीजा पाणीथी पण वस्त्र धोवाय छे अने नेवना पाणीथी

पण धोवाय छे. ४५

१२ कारणे कमाड ढांकवा के ऊघाडवा पण कल्पे. ४७–४८

१३ कारणे पासत्थादिक साथे पण बोलवुं चालवुं तथा तेमने वांदवा कल्पे. ४९–५०

१४ कारणे पासत्थादिकथी भरेला क्षेत्रमां पण प्रवेश करवोकल्पे.५१

१५ तुंबडानुं कंठ पण शीवी शकाय छे. तथा त्रपणीमां दोरो राखी शकाय छे. ५२–५३

१६ वसति सांकडी होय तो, खीटीए पण पात्रा टंगाइ शकाय छे.५४

१७ वर्षाकाळे नित्य लोच न थाय तो पजूसणे तो जरुरज करवुं.५६

१८ कारणे औषधादिकनी संनिधि पण करी शकाय छे. ५९

१९ लेख संदेशा मोकली शकाय छे. ६१

२० कारणे स्निग्ध मधुर आहार करवो पण कल्पे छे. ६५

२१ योग मळे तो नैऋतमांज थंडिले जवुं. पण योग न होय तो जूदी वात छे. ६७

२२ रजोहरणएकांगिक न मळे तो अनेकांगिक पण राखी शकाय.७०

२३ तुंबाना पात्र शिवाय बीजा पात्र अलेपित पण वापरी शकाय.७५

२४ भिक्षा माटे झोली बांधी शकाय छे. ७६

२५ दसीवाळुं कपडुं पहेरवुं न कल्पे, पण लइ शकाय खरुं. ७७

२६ कारणे साध्वीओने पण वाचना आपी शकाय. ७९

२७ अपवादे प्रावरण ओढवुं पण कल्पे. ८०

२८ श्रावकना घरेथी पण भिक्षा लइ शकाय तथा बीजा कुलोमांथी पण लइ शकाय. ८९–९०

२९ अपवादपदे फळ पण वोरी शकाय. ९४–९५

( नीचेनी बाबतोमां एकांत नथी. )

३० त्रीजा पोरेज थंडिले जवुं, भिक्षा करवी, तथा विहार करवो

एम पण एकांत नथी. २४–५७–६०

३१ विमय नज कल्पे एम एकांत नथी. ४२

३२ गोचरीथी आगल पाणी नज वोरवुं एम पण एकांत नथी. ५८

३३ गोचरीए जतां बधा उपकरण साथेज लेवा एम पण एकांत नथी. ७१

३४ साधुए दिवसमां सामान्यपणे एकवार जमवुं. पण त्यां पण एकांत नथी. ७३

३५ खरडेला हाथवाळा पासेथीज वोरवुं एम पण एकांत नथी. ७४

३६ साधुसाध्वीओ एकक्षेत्रे सर्वथा नहि रहे एम पण एकांत नथी. ७८

३७ एक घरमां एकज संघाडाए वोरवुं एम पण एकांत नथी ९१

## साधु श्रावक बन्नेने लागु पडता विचारो.

१ पर्वदिने समर्थ छतां उक्त तप न करे तो प्रायश्चित्त लागे, असमर्थने न लागे. ६६

२ नमोत्थुणामां "दीवो, ताणं, सरण, गइ, पइट्ठा, नमोजिणाणं, जियभयाणं, तथा जेय अइया सिद्धा" ए पाठ नहि कहेवो. ९९

३ नवकार मंत्रमां "होइमंगलं" कहेवुं. १००

४ बीजुं वांदणुं पादपतितज देवुं. ११५

## परचूरण विचारो.

१ जिनाज्ञा प्रमाण करवी. १०१

२ आचरणाओ विचित्र छे. १०२

३ अशठाचरणाना लक्षण तथा दृष्टांत. १०३

४ हरिभद्रसूरि तथा अभयदेवसूरिनी आचरणा. १०४

५ मुनिचंद्रसूरि तथा देवसूरिनी आचरणा. १०५
६ उपदेशमाळानी शिक्षाओ. १०६
७ खरतरोनी आचरणाओ. १०७
८ वडगच्छ तथा स्वगच्छनी उत्पत्ति. १०८
९ दिगंबरो साथ चर्चा. १०९

## लघुशतपदीनो साराश.

१ शतरभेदी पूजाज करवी. ९
२ आरती मंगळदीवा न करवा. १२
३ प्रतिमाना कंठथी माला लइ श्रावकोए नहि पहेरवी. १३
४ साधुए पडिकमणामां चैत्यवंदन तथा नित्ये क्षेत्रदेवतानी थुइओ नहि कहेवी. १९
५ पंचपर्वी नहि पण चौपर्वी मानवी. ३५
६ औदायिक तिथि न लेवी. ३६

# शतपदीना विचारोनी अनुक्रमणिका.


| विचार. | पृष्टांक. |
| --- | --- |
| मंगळाचरण तथा उपोद्घात. ... ... ... ... | १ |
| १ प्रतिमा सपरिकर तथा अपरिकर बन्ने वांदी शकाय .. | २ |
| २ प्रतिमामां वस्त्रांचळ करावबुं वाजबीज छे. ... ... | ,, |
| ३ प्रतिमानी प्रतिष्ठा यतिए नहि पण श्रावके करवी. ... | ३ |
| ४ प्रदीप पूजा नहि करवी. ... ... ... ... ... | ७ |
| ५ तंडुलवडे पूजा थइ शके छे.... ... ... ... ... | ,, |
| ६ फळ तथा बीजवडे पूजा नहि करवी. ... ... ... | ,, |
| ७ पत्रपूजा थइ शके छे. ... ... ... ... ... ... | ८ |
| ८ बळि नहि चडाववी.... ... ... ... ... ... ... | ,, |
| ९ साधुने वंशनोज दांडो कल्पे एवो नियम नथी. बीजा लाकडानुं पण कल्पे.... ... ... ... ... ... | ११ |
| १० साधुने पुस्तक साथ दोत, लेखण, पानामां नाखवानुं दोरु तथा खीलुं, अने पोंजणी पण राखवा कल्पे तथा श्रावकने पुष्पादिकथी पुस्तकपूजा करवी पण घटे छे. | ,, |
| ११ साधु अपवादपदे पुस्तक राखी शके छे. ... ... | १२ |
| १२ साधु पुस्तक साथ टीपणी, कवडी, पाटलीने ठवणी पण राखी शके छे. ... ... ... ... ... ... | ,, |
| १३ साधुओए द्रव्यस्तव त्रिविध त्रिविधे नहि करवुं. ... | ,, |
| १४ साधुओए पर्वना दिनेज चैत्यमां जवुं. ... ... ... | १३ |
| १५ साधुओए त्रण थुइवडेज चैत्यवंदन करवुं. पण इरियावही, के नमोत्थुणा नहि कहेवा. ... ... ... | १४ |
| १६ संसार दावानल वगेरा कृत्रिम थुइयो नहि कहेवी. ... | ,, |
| १७ साधु पात्राने खंजनलेप नहि मळतां बीजा लेप पण आपी शके छे. ... ... ... ... ... ... | १५ |

| विचार. | पृष्टांक. |
|---|---|
| १८ साधु अपवादे स्थिर अवष्टंभ लइ शके छे. ... ... | ,, |
| १९ साधु अपवादे चळ अवष्टंभ पण राखी शके छे. ... | २६ |
| २० श्रावके वस्त्रांचळथीज धर्मक्रिया करवी. मोपती नहि राखवी. | ,, |
| २१ श्रावके स्थापनाचार्य नहि थापवो. ... ... ... | २६ |
| २२ श्रावक मुनिने एक खमासमणे पण वांदी शके छे. ... | ३० |
| २३ साधुए उत्सर्गे वृषभ कल्पनाएज वसति लेवी. ... ... | ३२ |
| २४ साधुए त्रीजा पहोरेज थंडिले जवुं एवुं कांइ एकांत नथी. | ३३ |
| २५ साधु वरसाद वरसतां पण भोजन वगेरा करी शके छे. | ,, |
| २६ साधुए आचार्यादिक माटे हमेशां अने पोताना माटे फक्त वर्षाकाळमांज मात्रक (मातुं) नामे वासण राखवुं. | ३४ |
| २७ साध्वीओ ओछामां ओछी त्रणज विचरी शके. ... | ,, |
| २८ साधु कारण जाणी सूत्रार्थ पोरसीमां पण धर्मदेशना करी शके. ... ... ... ... ... ... ... | ३८ |
| २९ साधु कारणवशे सूत्रार्थ पोरसीमां उलटपालट पण करी शके. | ३९ |
| ३० श्रावके मिथ्यात्व त्रिविधे त्रिविधे परिहार करवुं. ... | ४० |
| ३१ श्रावकने मिथ्यादृष्टिओ साथे वसतां पण मिथ्यात्वनी अनुमति न लागे. ... ... ... ... ... ... | ४५ |
| ३२ साधुए कारणे कडाइ, टोप, नंदिपात्र, नेण, सूइ तथा कातर वगेरा औपग्रहिक उपकरण पण राखवा. ... | ४७ |
| ३३ साधुने लज्जाना कारणे चोलपट्टो पहेरवो कह्यो छे. ... | ४९ |
| ३४ साधु कारणे चलोटानुं प्रांत पण गोपवी शके छे. ... | ५० |
| ३५ साधुए ऋतुबद्ध काळमां पीठ फळकादि नहि वापरवा. | ,, |
| ३६ श्रावके पौषध पर्वदिनेज करवुं. ... ... ... ... | ५२ |
| ३७ श्रावके कल्याणिकमां पण पौषध नहि करवुं.... .... | ५८ |
| ३८ कल्याणिक हमेश पाळवा शास्त्रमां नथी कह्या. .... | ,, |

विचार. पृष्ठांक.

३९ श्रावके सामायिक मात्र बे टाणेज अने बे घडीनुंज करवुं वधु नहि करवुं. .... .... .... .... .... ६०

४० साधुना उपाश्रयमां गीत नृत्य नहि कल्पे. .... .... ६१

४१ साधुने कारणवशे मासकल्पथी वधुगटु रहेवुं पण कल्पे. ६३

४२ साधुने विगय नज कल्पे एम एकांत नथी. .... .... ६५

४३ पार्श्वनाथनी प्रतिमा सातफणवाळी करवी. .... .... ६७

४४ सुपार्श्वनाथनी प्रतिमा पांचफणवाळी करवी. ... ... ,,

४५ साधु फक्त नेवमा पाणीथीज वस्त्र धोवे एम नथी. बीजा पाणीथी पण वस्त्र धोवा कहेलुं छे. ... ... ... ,,

४६ स्थविरकल्पि साधुए कमाडवाली वसतिमांज रहेवुं. ... ६८

४७ साधुने कारणे कमाड दांकवा तथा आगळी देवी पण कल्पे. ६९

४८ साधुने गोचरीए फरतां कारणे कमाड, पाटिका, के आगळी ऊघाडवी पण कल्पे.... ... ... ... ... ,,

४९ पासत्थादिक साथे उत्सर्गे आलापसंलाप करवो नहि, पण अपवादे करवो पण कल्पे. ... ... ... ... ७०

५० पासत्थादिकने उत्सर्गे वांदवा नहि पण कारणे वांदवा पण कल्पे. ... ... ... ... ... ... ... ७१

५१ पासत्थादिकथी व्याप्त क्षेत्रमां मुनिने उत्सर्गे प्रवेश करवो न कल्पे पण अपवादे कल्पे. ... ... ... ... ७२

५२ साधुने तुंबडामां कंठ शीवतां बाध नथी.... ... ... ७३

५३ साधुने त्रपणीमां दोरो बांधवो पण कल्पे. ... ... ,,

५४ साधुए पात्रा संथारा पासे राखवा पण वसति सांकडी होय तो खीटीए पण टांगी शकाय. ... ... ... ७४

५५ साधुए कारणे घडा वगेरा पण लेवा. ... ... ... ,,

५६ स्थविरकल्पिए वर्षाकाळमां नित्य लोच करवो. पण तेम

विचार. पृष्टांक.

न थाय तोए पजूसणनो जरुर लोच करवो. अने शेष
काळे चच्चार मासे लोच करवो. ... ... ... ... ७५

५७ साधुए त्रीजा पहोरमांज भिक्षा करवी एम एकांत थइ
शके नहि. ... ... ... ... ... ... ... ,,

५८ साधुए गोचरीथी आगल पाणी नज लाववुं एम पण
एकांत नथी. ... ... ... ... ... ... ... ... ७६

५९ साधुने औषधादिक सन्निधि राखवा उत्सर्गे न कल्पे,
कारणे कल्पे पण खरा. ... ... ... ... ... ७७

६० विहार त्रीजेज पहोरे करवो ए नियम जिनकल्पि माटेज
छे, स्थविरकल्पि माटे नथी. ... ... ... ... ७८

६१ साधु लेख संदेशा मोकली शके. ... ... ... ... ७९

६२ साधुए मोदक वगेरा वोरतां भांगवा जोवानी जरुर नथी. ,,

६३ साध्वीने दीक्षा देतां आचार्ये लोच न करवो.... ... ८०

६४ उत्सर्गे त्रिसंध्याएज पूजा करवी पण अपवादे आगल
पाछल पण थइ शके. ... ... ... ... ... ८१

६५ साधुने कारणे स्निग्धमधुर आहार पण करवो कल्पे.... ,,

६६ पर्वदिवसे समर्थ छतां भांखेल तप न करे तो तेने प्राय-
श्चित्त लागे बाकी असमर्थने प्रायश्चित्त नहि लागे.... ८२

६७ साधुए योग मळे तो नैऋतकोणमांज थंडिले जवुं. ... ,,

६८ साधुए हाथ पग धोवा नहि. ... ... ... ... ८३

६९ साधुए वर्षादमां पगे लागतुं कादव पादलेखनिकावडे
ऊतारवुं. पण धोवुं नहि. ... ... ... ... ... ८४

७० साधुए रजोहरण उत्सर्गे एकांगिकज राखवुं पण अप-
वादे अनेकांगिक पण राखवुं, रजोहरण मोपती तथा
पादपोंछन वेगलां नहि मूकवां, रजोहरण एक हाथनुं

पृष्ठांक.

करवुं रजोहरणनी दसीओ जाडी नहि करवी, रजोहरण दंडना त्रीजा भाग ऊपर बांधवुं, दंडमां खीली के दसीओनो बंध न पाडवो, रजोहरण ऊपर बेशवुं नहि, रजोहरण जमणे पडखेज राखवुं, तथा दसीओ बार आंगलनीज करवी. ... ... ... ... ... ... ८६

७१ साधुए गोचरी वगेरा कामे बाहेर नीकलतां बधा उपकरण साथेज लेवा एवुं पण कंइ एकांत नथी. ... ८९

७२ साधुए भिक्षादिकनो उपयोग भिक्षादि अर्थे जती वेलाज करवो. ... ... ... ... ... ... ... ,,

७३ साधुने सामान्यपणे एकवारज भोजन करवुं कल्पे, पण त्यां पण एकांत नथी. ... ... ... ... ... ९०

७४ साधुए खरडेला हाथवाळा पासेथीज भिक्षा लेवी, एवो पण नियम नथी. ... ... ... ... ... ... ,,

७५ तुंबानुं पात्र अलेपित न वापरवुं. बीजा पात्रा विषे नियम नथी. ... ... ... ... ... ... ... ९१

७६ भिक्षा माटे झोली बांधवी शास्त्रसिद्ध छे... ... ... ९२

७७ साधुने दसीवाळुं कपडुं पहेरवुं न कल्पे, बाकी लेवा बाबत एकांत निषेध नथी. ... ... ... ... ... ९२

७८ साधु तथा साध्वीओ एक क्षेत्रमां सर्वथा नहि रहे एवो एकांत नथी. ... ... ... ... ... ... ... ९३

७९ साधु अपवादे साध्वीओने पण वाचना आपी शके. ... ९४

८० यतिने उत्सर्गे प्रावरण न कल्पे, अपवादे कल्पे पण खरो. ९७

८१ संवछरी पडिकमणुं वगेरे पर्युषणनी क्रियाओ आषाढी पूनमे न करी शकाय. किंतु तेथी पचाशमे दहाडेज करवी. ९८

८२ अधिकमास पोष के आषाढज थाय. अने अधिक मास

पृष्ठांक.

आवे ते वेला बीसा पजूसणज करवी. ... ... ...१००

८३ अधिकमास थतां संवछरीपडिकमणुं श्रावण सुदि पांचमेज करवुं. ... ... ... ... ... ... ...१०१

८४ लौकिक टीपणुं नहि मानवुं.... ... ... ... ...१०२

८५ साधु श्रावकने छजीवणी अध्ययन सूधी उत्सर्ग मार्गेज शीखावी शके छे. ... ... ... ... ... ...१०४

८६ श्रावके आठ प्रवचन माताना ज्ञान माटे उत्तराध्ययननुं प्रवचनमातृ अध्ययन शीखतां कंइ बाध नथी... ...१०७

८७ श्रावकने आवश्यकनिर्युक्ति तथा सिद्धांतना छूटक आलावा शीखवामां कंइ बाध नथी... ... ... ... ,,

८८ श्रावकने आवश्यकचूर्णि वगेरानो अनुयोग आपी शकाय छे. ... ... ... ... ... ... ...१०९

८९ साधु अजाण्या घरेथीज वहोरे एवुं एकांत नथी. तेथी श्रावकना घरेथी पण भिक्षा लइ शकाय. ... ...११०

९० साधु श्रावकना घरो उपरांत बीजा कुलोथी पण भिक्षा लइ शके छे. ... ... ... ... ... ... ...१११

९१ एक घरमां एकज संघाडाए वहोरवुं ए नियम पण एकांते पाडी शकाय नहि. .. ... ... ... ...११४

९२ श्रावकोए देवताना माफक काव्यो अने नमोत्थुणावडेज चैत्यवंदन करवुं.... ... ... ... ... ...११५

९३ श्रावकोने प्रायश्चित्त आपवा सूत्रसिद्धज छे. ... ...११६

९४ साधुने फळ वोरवानो उत्सर्गे निषेध छे पण अपवादे निषेध नथी. ... ... ... ... ... ... ...११७

९५ साधुए अपवादे फळ वोरवानी शास्त्रमां अमुक विधि पण बतावी छे. ... ... ... ... ... ...११९

पृष्ठांक.

९६ श्रावकोने उपधान नहि वहेरावबा तथा माळारोपण नहि करावबुं. ... ... ... ... ... ... ...१२१
९७ राते पूजा नहि करवी. ... ... ... ... ...१२७
९८ निश्राकृत चैत्समां पण वांदवा जवुं. ... .. ...१२८
९९ शक्रस्तवमां "दीवो, ताणं, सरण, गइ, पइट्ठा" तथा "नमोजिणाणं, जियभयाणं" तथा "जेय अईयासिद्धा" ए पाठ नहि बोलवा. ... ... ... ... ...१२८
१०० नोंकारमंत्रनी चूळिकामां "होइमंगळं" कहेवुं... ...१३१

## परचूरण विचारो.

१०१ जिनाज्ञाज प्रमाण करवी. .... ... ... ...१३१
१०२ अशठाचरणा प्रमाणज छे. पण ते कोइ विशेष आचरणाओज जाणवी. ... ... ... ... ...१३६
१०३ आजकाल आचरणाओ विचित्र छे. ... ... ...१३७
१०४ हरिभद्रसूरि तथा अभयदेवसूरिनी आचरणा. ...१४२
१०५ मुनिचंद्रसूरि तथा देवसूरिनी आचरणा. ... ...१४४
१०६ उपदेशमाळानी केटलीक शीखामणो ... ... ...१४५
१०७ खरतरोनी आचरणा. ... ... ... ... ...१४८
१०८ वडगच्छने अंचळगच्छनी उत्पत्ति. ... ... ...१५४
१०९ दिगंबरो विषे विचार. ... ... ... ... ...१५६
(१) अंगी करावबी वाजबीज छे. ... ... ... ,,
(२) मूर्त्तिनो आकार जेम मनोहर लागे तेम करवो. १५७
(३) बलि नहि चडाववी. ... ... ... ... ,,
(४) कस्तूरी वगेराने जीवांग गणी अपवित्र न गणवुं. ,,
(५) धर्मोपकरण राखतां बाध नथी.... ... ...१५९

पृष्ठांक.
(६) पात्र राखवाना फायदा. ... ... ... ...१६१
(७) आजकाळ करपात्री थतां दोष लागे छे. ... ,,
(८) वस्त्र राखवा शास्त्रसिद्ध छे... ... ... ...१६२
(९) जिनकल्पीथी विरुद्ध छतां जिनकल्पी नाम धरा-
ववुं अयुक्त छे... ... ... ... ... ...१६४
(१०) जिनकल्पिनी क्रिया... ... ... ... ...१६५
(११) दिगंबरो अर्वाचीन छे. ... ... ... ....१६६
(१२) स्त्री पण मुक्ति पामी शके.... ... ... ... ,,
(१३) अणगळ पाणी वापरनारना घरेथी पण मुनि
भिक्षा करी शके. ... ... ... ... ...१६७
(१४) अपवित्रता के आभडछट लोकव्यवहारेज लेखवी. ,,
११० चूर्णिमां लखेल सामायिक तथा षडावश्यकनी विधि. १७०
१११ चूर्णिना पाठनो अर्थ... ... ... ... ... ...१७२
११२ चोमासुं तथा पांखी पूनमनाज करवा... ... ...१७९
११३ चोमासा बाबत शंका समाधान... ... ... ...१८३
११४ सामान्य साधुने पण वांदणा दइ शकाय. ... ....१८५
११५ बीजुं वांदणुं पादपतितज देवुं. ... ... ... ...१८७
११६ स्त्रीओए ऊभे ऊभेज वांदवुं. ... ... ... ...१८८
११७ आसो तथा चैत्रनी अठाइयो नहि मानवी. ... ...१८९
ग्रंथ बनवानो काळ, प्रार्थना, तथा ग्रंथमान... ...१९०

लघुशतपदीनी उपयोगी बिना. ... ... ... ...१९३
पट्टावळी. ... ... ... ... ... ... ... ...२१९
उपयोगि इतिहास. ... ... ... ... ... ... ...२२४

श्री महेंद्रसिंहसूरि विरचित

# शतपदी ग्रंथनुं साररूप भाषांतर.

## मंगळाचरण.

त्रण भुवनरूपी घरमां दीपक समान, कल्याणना निधि, संसारसमुद्रमां द्वीप समान, संशयरूप अंधकार हरवामां सूर्य समान श्रीमान् वीरजिन जयवंत रहो.

---

## उपोद्घात.

कोइ एक सूरिए मनमां गर्व धरी सो पूर्वपक्ष ऊभा कर्या. तेना श्री धर्मघोष सूरिए बहुधा सिद्धांतोना पुरावाथीज, अने क्यांक घटती युक्तिओ, तथा सिद्धांतानुसारि प्रकरणोना पुरावा आपी उत्तरो वाळ्यां छे. ए उत्तरो तथा बीजा थोडाक विचारो मळी इहां एकशोसत्तर विचार अनुक्रमे लखवामां आवशे.

ए विचारोमांना ओगणपचाशमा तथा ओगणसाठमा आखा विचार अने त्रेवीशमा तथा पंचाणुमा विचारनो केटलोक भाग अगीतार्थने नहि जणाववो.

# विचार १ लो.

प्रश्नः—परिकर सहित प्रतिमाज वांदवी के केम?

उत्तरः—परिकर सहित कोइ प्रतिमा करावे तो ते वाजबीज छे. पण वांदवा पेटे तो सपरिकर तथा अपरिकर बन्ने प्रतिमा वांदवा योग्य छे.

अवांतर प्रश्नः—जो सामान्यपणे अरिहंतनी प्रतिमा छे एम जाणी बधी प्रतिमाओ वांदवी एम कहो छो तो दिगंबरोनी प्रतिमा केम नथी वांदता ?

उत्तरः—टीकामां बोटिक एटले दिगंबर परिगृहीत प्रतिमाने अन्यतीर्थिक परिगृहीतमांज गणी छे माटे नथी वांदता.

(यादी)—वळी पंचतीर्थी, तथा चोवीसवट्टा तो चैत्यवासियोएज कराव्यां छे अने करावे छे.

# विचार २ जो.

प्रश्नः—वस्त्रांचल एटले वज्रकछोटावाळी प्रतिमाओ सिद्धांतानुसारी छे के केम? तेमज वस्त्रांचल दिगंबरोना विवाद पछी चाल्युं छे के केम?

उत्तरः—दिगंबरोथी अगाउ पण वस्त्रांचल देखाय छे. केमके भरूच, नंदससमनगर, श्रीमाळ, साचोर, जंबुसर, तथा कासद्रद वगेरा ठेकाणे दिगंबरोथी अगाउनी प्रतिमाओमां पण वस्त्रांचल छे. तेमज वायडमां मुनिसुव्रतस्वामिनी अत्यंत चिरंतन जीवंतस्वामिनी प्रतिमा छे तेमां पण वस्त्रांचल छे.

अवांतर प्रश्नः—त्यारे गिरनारनी प्रतिमामां वस्त्रांचल केम नथी?

उत्तरः—अत्यंत प्राचीन अतिशयवंत प्रतिमाओनी वात करवानी जरूर नथी. कारण के तेमां तो श्रीवत्स पण नथी.

वळी श्वेतांबर दर्शन प्रमाणे दीक्षा लेती वेळा अवश्य सर्वे तीर्थंकरो सोपधिक एटले वस्त्रसहित होय छे माटे वस्त्रांचल वाजवीज छे.

## विचार ३ जो.

### ( यति प्रतिष्ठा. )

प्रश्नः—हमणाना घणा यतिओ जिनप्रतिमानी प्रतिष्ठा करे छे, छतां तमे केम नथी करता ?

उत्तरः—सूत्र, निर्युक्ति, भाष्य, चूर्णि, वृत्ति, अने टिपन्नक रूप आगमग्रंथोमां कोई ग्रंथकारे कोई ठेकाणे साधुने आश्री प्रतिष्ठा कही नथी. उलटुं श्रीभद्रबाहुस्वामि वगेराए कल्पादि सिद्धांत ग्रंथोमां श्रावकोनेज आसरीने प्रतिष्ठानी विधि कही छे.

कल्पभाष्यना पहेला उद्देशामां लख्युं छे के साधुए ज्यां प्रतिष्ठा थती होय त्यां चैत्यपूजा होतां, अथवा राजाए निमंत्रण करतां, अथवा संज्ञि एटले श्रावक तेनी भाववृद्धि करवा माटे, अथवा पोते वादी होतां, अथवा क्षपक एटले तपस्वी होतां, अथवा धर्मकाथिक होतां, अथवा शंकित एटले कोई सूत्रार्थमां शंकावंत थएल होतां, अथवा पात्र एटले शिष्यादिक मळवाना होतां, अथवा प्रभावनाना निमित्ते, अथवा प्रवृत्ति एटले समाचार मळवाना होतां, अथवा उड्डाह टाळवाना कारणे जवुं.

इहां संज्ञि तथा वादिरूप बे द्वारनी व्याख्या करतां चूर्णि-

कारे लख्युं छे के संज्ञि एटले श्रावकोने जिनप्रतिमानुं पहेलुं प्रतिष्ठापन करतां परवादी विघ्न मकरो एवा विचारथी वादि साधु त्यां जाय. तेमज कोई श्रावक जिनप्रतिमानुं पहेलुं प्रतिष्ठापन करे, त्यां साधुओने आवेला जोइ विचारे के ज्यारे आ महात्माओ पूजा जोवा सारुं आवे छे, तो मारे पण ए कल्याणकारी छे माटे मारे नित्य पूजा करवी, एम ते श्रावकनी बुद्धि थाय. अने जो त्यां साधुओ नाहि जाय तो श्रावकना मनने एम थाय के कोई महात्मा तो आवता नथी माटे शुं करवा पूजा करुं. इत्यादि.

माटे इहां पहेलां प्रतिष्ठापन करे एम लख्युं छे तेनो अर्थ आगला संबंध ऊपरथी पहेली पूजा करे एम थाय छे.

कदाच कोई कहेशे के इहां प्रतिष्ठापन शब्द प्रेरकरूपथी सिद्ध थएल छे माटे तेनो अर्थ प्रतिष्ठा कराववी एवो थशे तो तेने अमे कहीए छीये के जो एम थाय तोपण साधुए प्रतिष्ठा करवी एम नथी आवतुं.

अवांतर प्रश्नः—चूर्णिमां कह्युं छे के साधुओ पूजा देखवा आवे छे पण कंइ प्रतिष्ठा तो देखवा नथी आवता ?

उत्तरः—सिद्धांतमां जे पहेली पूजा तेज प्रतिष्ठा कहेवाय छे. अंजनशळाका के आह्वानादिक क्रियाओ कंई प्रतिष्ठा नथी कही.

वळी प्रभावती राणीना वृत्तांतमां पण वीरप्रभुनी मूर्त्तिनी प्रतिष्ठा विद्युन्माळी देव तथा प्रभावती शिवाय कोइए करी नथी.

तेमज समुद्राचार्यकृत प्रतिष्ठाकल्पमां श्रावकप्रतिष्ठाज देखाय छे.

तथा पंचाशकमां प्रतिष्ठा द्रव्यस्तवमां गणी छे. अने यतिने द्रव्यस्तव करवो आवश्यक निर्युक्ति तथा महानिशीथमां सर्वथा निषिद्ध कर्यो छे.

माटे श्रावको पहेलां पूजे अने पछी चतुर्विध संघ वांदे ए

रीते चतुर्विध संघ प्रतिष्ठाकारी छे एम मानीए छीए.

वळी जे प्रतिष्ठाकल्पोना आधारे सावद्यप्रतिष्ठा चाले छे तेओ पण बरोबर युक्ति सहित नथी. जुओ हरिभद्रसूरिकृत प्रतिष्ठाकल्पमां जिननुं आह्वान करवुं कह्युं छे, ते शुं सिद्धिक्षेत्रथी जिन आवता हशे! तेमज कोइक प्रतिष्ठाकल्पमां सूरिमंत्रथी प्रतिष्ठा करवी कही छे. अने उपाध्यायादिक वर्द्धमानविद्या वगेराथी पण प्रतिष्ठा करे छे. तथा पंचाशकमां नोंकारमंत्रवडे पण प्रतिष्ठा करवी कही छे.

वळी हरिभद्रसूरिकृत प्रतिष्ठाकल्पमां गायना मूत्र, छाण, दूध, दहि, तथा घृतरूप पंचगव्यथी स्नान लख्युं छे. अने क्यांक पांच उदुंबरनी अंतर्छालथी स्नान कह्युं छे. तथा क्यांक पांच मृत्तिकावडे स्नान कह्युं छे.

एम प्रतिष्ठानी विधिओ अनेक होवाथी क्यां आस्था थाय?

कदाच कोई कहेशे के अमे फक्त अंजनशळाकारूप निरवद्य प्रतिष्ठाज करशुं तो तेम तेनाथी कही शकाशे नहि, कारण के प्रतिष्ठाकल्पोमां अनेक सावद्यकामो करवां कहेलां छे.

अवांतर प्रश्नः—जो तमे यतिप्रतिष्ठा प्रमाण नथी करता तो तेमणे प्रतिष्ठित करेली प्रतिमाओ केम वांदो छो?

उत्तर १ लुंः—प्रतिष्ठा करनार त्रण कहेवाय छे. एक सूत्रधार एटले शिलाट प्रतिष्ठा करे छे, बीजी श्रावक करे छे, अने त्रीजी यति करे छे. तेथी अमे बचली श्रावकनी प्रतिष्ठा मनमां करीने वांदीए छीए.

उत्तर २ जुंः—प्रतिष्ठा करनार यति प्रतिष्ठा करती वेलाए, साधु माटे ठेरावेला प्रमाणथी अधिक अने दशासहित कोरां वस्त्र पहेरीने तथा सोनानी वींटी, मींढोळ, अने कुसुंभना सूत्रवडे

अलंकार करीने वरराजा जेवो वेष करे छे, वचने करी अढार स्नान तथा सेंकडो औषधीओना मूळादिकवडे प्रतिष्टानी सावद्यविधिओ चलावे छे, अने कायाए करी फूल, चोखा वगेरानो तथा स्त्री अने उद्योतिका एटले अग्निप्रकाशनो स्पर्श करे छे तेथी जेम सामायिक करतां श्रावक यति जेवो कहेवाय छे तेम प्रतिष्टा वेळा यति पण श्रावक जेवोज प्रतिभासे छे. ( माटे तेणे करेली प्रतिष्टा वास्तविकरीते श्रावक प्रतिष्टाज थाय छे. )

उत्तर ३ जुंः—वळी जे केटलाक सर्वथा संयमरहित अविरत जेवा पासत्थाओ प्रतिष्टा करे छे ते केवी यतिप्रतिष्टा कहेवाय?

उत्तर ४ थुंः—वळी यतिए प्रतिष्टा करी एटलाथी कंई प्रतिमा अवंदनीय थती नथी. कारण के कोइएक विधिए करी प्रतिमा करावे छे, थपावे छे, अने पूजे छे अने कोइ अविधिए करावे छे,थपावे छे, अने पूजे छे.परंतु त्यां विधिअविधिनुं फळ तो करनारने छे;वांदनारने तो वीतरागनी प्रतिमा जाणी शुद्ध चित्तथी वांदतां लाभज छे.

शास्त्रमां पण निश्राकृत ने अनिश्राकृत चैत्यो सरखी रीते वांदवा लायक कह्यां छे.

वळी तमोए मानेली प्रतिष्टामां पण पेटामां श्रावकनी प्रतिष्टा रहेल छे छतां तमो केम वांदो छो? इहां जे तमारुं उत्तर तेज अमारुं छे.

(यादीः—वळी केटलाएक सैकां थयां प्राये चैत्यवासियोनीज प्रतिष्टा देखाय छे. तथा केटलाक अविवेकि श्रावको जिनमंदिरमां गणेश बेशाडे छे तेनी, तथा क्षेत्रपाळ, अंबिका, सरस्वती, गोमुख वगेरा यक्ष, ने चक्रेश्वरी वगेरा देवीओनी पण चैत्य वासिओ प्रतिष्टा करे छे. माटे चैत्यवासिओनां केटलां काम तपाशिए.

माटे जिनप्रतिमानी प्रतिष्टा श्रावकनुंज कृत्य छे.

## विचार ४ थो.

प्रश्नः—दीप पूजा करवी के नहि ?

उत्तरः—शास्त्रमां नथी कहेल माटे न करवी. बाकी अंधारूं होय तो मूर्त्तिना दर्शन सारुं दीवो कराय छे, पण पूजाना अर्थे न करवो.

वळी विवेकिओ तो प्राये सांजनीज पूजा करे छे, रातनी नथी करता.

## विचार ५ मो.

प्रश्नः—रायपसेणी वगेरा सूत्रोमां देवताना अधिकारे रूपाना तंडुलज लखेल छे माटे बीजा केम चडावाय ?

उत्तरः—पोतानी शक्ति प्रमाणे बीजा तंडुल चडावे ते पण रजतमय लेखवा.

इहां व्यवहारना भाष्यमां लखेल पुष्करिणी वगेरा दृष्टांतोनी बिना पुरावारूप छे.

## विचार ६ ठो.

प्रश्नः—भगवंतना जन्म महोत्सवमां मेरु ऊपर देवो रूपा, सोना, रत्न, मणि, आभरण, पत्र, पुष्प, फळ, बीज, ने सुगंधि चूर्णनी वृष्टि करे छे एम जंबूदीवपन्नत्तिमां कहेल छे माटे फळपूजा अने बीजपूजा केम नथी मानता ?

उत्तरः—मेरु उपर देवो महामहिमा जणाववा माटे हर्षना आवेशथी रूपावगेरानी वृष्टिज करे छे पण कंइ पूजा नथी क-

रता. जो पूजा करता होय तो तो स्थाळवगेरामां ढगलो करीने ते चडाववां जोइए, पण तेम नथी कर्युं.

वळी जेम त्यां वृष्टि करे छे तेमज ते चीजो अरसपरस वेंहेंचवानुं पण कहेल छे. माटे जो पूजामां चडावेल होय तो केम वेंहेंची शकाय ?

अने ए देवकृत वृष्टि तथा वेंहेंचणना अनुसारे आजे पण रथयात्राना महोत्सवनो महिमा सूचववा पत्र, पुष्प, फळ, अक्षत, तथा मीठाइमेवानी वृष्टि अने वेंहेंचण श्रावको करे छे.

## विचार ७ मो.

प्रश्नः—पत्रपूजा तमे मानो छो ते कया अक्षरथी ?

उत्तरः—फूलोनी साथे पत्र पण लीधेल छे. केमके जंबूदीवपन्नत्तिमां फूलना नामोमां पत्रदमनक पद आवे छे तेनो मळयगिरि आचार्ये एवो अर्थ कर्यो छे के पत्रसहित जे दमनक ते पत्रदमनक.

वळी केटलाक तो वर्णारोहण एटले पांचवर्णां फूलनी रचना करवी तेना अंदर पत्र गणे छे,

लोकमां पण मरुवानां पान फूलमध्येज चाले छे.

## विचार ८ मो.

### ( बळि पूजा. )

प्रश्नः—बृहत्कल्पनी निर्युक्तिमां लख्युं छे के तीर्थंकर लिंग तथा प्रवचने करी बीजा साधुओना साधर्मी नथी तेथी तीर्थंकर माटे जे करेलुं होय ते यतिने कल्पे, त्यारे प्रतिमा तो अजीव छे

माटे तेना अर्थे करेलुं कल्पे तेमां शुं कहेवुं? ए ऊपरथी जिनप्रतिमा सारुं बळि करवी सिद्ध थाय छे माटे तमारा श्रावको बळि केम नथी चडावता?

उत्तरः—निर्युक्तिमां कहेलुं छे ते कंई आहारना माटे नथी, किंतु मोघम वात छे. तेम संबंधथी पण कंई आहार के नैवेद्य उपर वात लागु पडे छे तेम नथी देखातुं; तेथी एनी व्याख्या अमो एम करीये छीये के तीर्थंकर सारुं करेल ते समवसरण, त्यां साधुने रहेवुं कल्पे; तेम प्रतिमा सारुं करेल चैत्यमां पण व्याख्यान करवुं साधुने कल्पे.

निर्युक्तिमां संबंध आ रीते छे के पहेला चैत्यद्वारमां चार प्रकारनां चैत्य कह्यां छे ते आ प्रमाणे केः—साधर्मिचैत्य, मंगळचैत्य, शाश्वतचैत्य, अने भक्तिचैत्य. त्यां साधर्मि माटे लिंग अने प्रवचन ए बे पदवडे चौभंगी करवी. तेनुं चैत्य ते साधर्मिचैत्य. मथुरानगरीमां घर करतां पहेलां अरिहंतनी प्रतिमा बेशाडे छे, जो नहि बेशाडे तो घर पडी जाय तेथी मंगळनिमित्ते तेम करे छे, ते मंगलचैत्य. देवलोकमां चैत्य छे ते शाश्वतचैत्य. अने भरतादिके करावेला ते भक्तिचैत्य. ते भक्तिचैत्यना बे भेदः—एक निश्राकृत एटले ज्यां साधुनी निश्रा होय ते, अने बीजा अनिश्राकृत एटले ज्यां साधुनी निश्रा नहि होय ते.

ए चारे चैत्य साधुने आधाकर्मी नहि थाय कारण के आधाकर्मिनुं लक्षण इहां लागु नथी पडतुं. ते लक्षण ए छे के "लिंगथी तथा प्रवचनथी साधर्मि एवा जीवने उद्देशीने करेलुं होय ते आधाकर्मी." आ संबंध पछी आवे छे के तीर्थंकरना माटे करेलुं पण साधुने कल्पे तो प्रतिमा सारुं करेलानुं शुं कहेवुं. त्यारबाद ए वात आवे छे के तीर्थंकरना अर्थे करेली देवोनी पूजाने तीर्थं-

कर सेवे छे तेने आधाकर्मी केम न लागे? त्यां जणाव्युं छे के तीर्थंकरनामकर्मना क्षय माटे, तथा स्वभावपणाथी, तथा जीतनी अनुवृत्तिथी, तीर्थंकर सेवे छे माटे अदोषवंत छे.

माटे आ ठेकाणे समवसरण तथा चैत्य संबंधीज विचार देखाय छे आहार बाबत वात जणाती नथी.

अवांतर प्रश्नः-भरतमहाराज बळि रंधावीने लई गया छे ते केम?

उ०—भरतमहाराजे बळि करी छे ते बळि अमे वगर रांधेला चोखानी मानीए छीए अने त्यां एम लखेल छे जे बळि सिद्ध करी ते सिद्धनो अर्थ रांधी एम अमे नथी मानता किंतु तैयार करी एम करीए छीए.

अगर ए अक्षरोथी जो बळि चडाववी सिद्ध थाय तोपण फक्त रांधेला चोखाज चडावो, पण बीजा जातनी बळि शा माटे चडावो छो. तेमज ए अक्षरोमां स्थाळमां बळिनुं ढौकन करवुं कहेल नथी माटे तमारे पण ते प्रमाणे बळि उडाववी जोइये.

वळी कोइ कहेशे के प्रभावती राणीना संबंधमां निशीथ चूर्णिमां बळि लखेल छे तेनुं ए उत्तर छे के त्यां प्रभावती राणीए कंई प्रतिमानी पूजा करतां बळि करी नथी किंतु प्रतिमायोग्य काष्टनी शांति सारुं बळि करी छे माटे त्यां कंइ पूजाने लागतुं वळगतुं नथी.

वळी निशीथचूर्णिमां लख्युं छे के "अशिववाळा देशमां, अथवा तेवा देशमांथी नीकळी ज्यां भक्तपान मळवा मुस्केल होय एवा देशमां साधुओए पोतानो निर्वाह नहि थतां स्थळी एटले देवद्रोणीमां भिक्षा लेवा जवुं. त्यां जो पासत्थाओ पोते आपे नहि तो गृहस्थो पासेथी पासत्थाओने कहेवरावत्रुं. तेम करतां नहि आपे तो साधुए पोते प्रकटपणे देवद्रोणीमांथी आहार उपाडवो" इहां देवद्रोणी ते साधर्मिचैत्यनी जणाय छे. अथवा पासत्थाओए

ग्रहण करेला चैत्यमां कदाच बलि पण थती होय तोपण तेनुं शी रीते आलंबन लेवाय ?

वळी निशीथचूर्णिमां रथयात्रामां फूल, फळ, तथा पक्वान्नादिकनुं उरिकरण लख्युं छे ते उरिकरण एटले फळादिकनां लाणां व्याख्यान कर्यां छे.

## विचार ९ मो.

प्रश्नः—ओघनिर्युक्तिमां एक गांठवाळो दांडो लखेल छे माटे साधुने वंशनोज दांडो कल्पे के केम?

उत्तर—वंशनोज दांडो कल्पे एवो नियम नथी; कारण के निशीथचूर्णिमां वंश, नेतर, तथा बीजा लाकडानो पण दांडो लखेल छे. अने तेमां जे वंशनो दांडो कह्यो छे ते एक गांठवाळो लेवो.

## विचार १० मो.

प्रश्नः—साहीनुं पात्र, लेखण, पुस्तकना वींधमां नाखवानो दोरो तथा खीलो, अने पोंजणी ए यतिने राखवां कल्पे के नहि? तथा पुष्पादिकथी पुस्तक पूजवुं क्यां कह्युं छे?

उत्तरः—पुस्तक राखवानुं होवाथी तेनो परिकर साथेज आवे छे; केमके शाश्वता पुस्तकना पाठमां साहीनुं पात्र तथा लेखण अने दोरो लीधेलां छे. अने दोरो लेवाथी खीलो पण आवी जाय छे. अने आगळ लख्युं छे के पोंजणीथी पुस्तकने सूर्याभदेवताए पोंज्युं अने पुष्पादिकथी पूज्युं तेथी पोंजणी आवे छे. तेमज पुष्पादिकथी पुस्तक पूजाय ते पण वात सिद्ध थाय छे.

# विचार ११ मो.

प्रश्नः–पुस्तको राखतां सत्वनो उपघात थाय छे माटे पुस्तक केम राखो छो?

उत्तरः–उत्सर्गे पुस्तक राखवानी ना पाडी छे पण अपवादे राखवां कह्यां छे; कारण के काळने अनुसरीने चरणकरणने अर्थे पुस्तक राखतां संयम रही शके छे एम दशवैकालिकचूर्णिमां कह्युं छे.

# विचार १२ मो.

प्रश्नः–निशीथनी चूर्णिमां पांच प्रकारनां पुस्तक कह्यां छे ते भले राखो पण ते उपरांत टीपणी, कवडी, पाटली, ने ठवणी वगेरां केम राखो छो?

उत्तरः–इहां टीपणी, कवडी, ने पाटली तो पांच प्रकारना पुस्तकमांज अंतर्भूत थाय छे. अने ठवणी तो पुस्तकनी आशातना टाळवा सारुं राखीए छीए. कारण के पुस्तक भूमि ऊपर राखवुं जोइये नहि किंतु विवेकिए पाटला, ठवणी, के वस्त्र ऊपर अथवा हाथमां धरवुं जोईए.

# विचार १३ मो.

प्रश्नः–द्रव्यस्तवमां साधुने अनुमति तथा कारापण छे के नहि?

उत्तरः—द्रव्यस्तवमां साधुने अनुमति तथा कारापण नथी. केमके रायपसेणी सूत्रमां सूर्याभे वीरस्वामिने वांदतां प्रभुए तेने अनुमत कर्यो छे पण नाटकनी रजा मागतां भगवान् पोते वीतराम होवाथी तथा गौतमादिकने स्वाध्यायमां विघात थवाना हे-

तुथी मौन रह्या छे. माटे अनुमति नथी आपी.

वळी कोइ कहेशे के भद्रबाहुस्वामिए ए द्रव्यस्तव श्रावकने युक्त छे एम कहेतां अनुमत कर्यो, तो तेणे जाणवुं जोइए के ए प्रज्ञापनी भाषा छे. कारण के दरेक करवानी वस्तु ज्ञानिए कह्याथीज मालम पडे छे पण तेटलावडे कंइ तेनी अनुमति के कारापण सिद्ध थतां नथी.

वळी जो त्रिविधे त्रिविधे प्रत्याख्यान करनार साधुओनी पण द्रव्यस्तवमां अनुमति अने कारापण सिद्ध करो छो तो त्रिविधे त्रिविधे सामायिक करनार श्रावको शा सारूं पूजादिक नथी करावता.

## विचार १४ मो.

प्रश्नः—तमारा यतिओ दररोज चैत्यमां केम नथी जता?

उत्तरः—आगममां यतिओने व्याख्यान देवा वगेरा विशेष कारण विना पर्वदिवसमांज चैत्यमां जवुं कहेल छे; जे माटे व्यवहारचूर्णिमां लखेलुं छे के आचार्ये कुळ के गच्छना अनेक प्रकारना कार्योमां वसतिथी बाहेर नीकलवुं अने पाक्षिकादिक पर्वोमां चैत्यवंदन करवा अवश्य नीकलवुं.

कोइ कहेशे के इहां अवश्य जवुं एम कहेल होवाथी ए अर्थ नीकळे छे के पर्वोमां अवश्य जवुं अने अन्यदा अनियम छे. पण तेम नथी, कारण के इहां वसतिथी आचार्ये बाहेर नीकलवामां बे कारण बताव्यां छे. एक कुळगणादिकनां कार्य, अने बीजुं पर्वदिने चैत्योमां जवुं. त्यां पहेलुं कारण अनियमित छे अने पर्वदिने चैत्यमां जवुं नियत छे तेने आश्री अवश्य पद कहेल छे.

## विचार १५ मो.

प्रश्नः—तमे चैत्यवंदन करतां इरियावहीप्रतिक्रमण पूर्वक चार काउसग्ग अने बे नमोत्थुणा वगेरा विधि केम नथी करता?

उत्तरः—आगममां साधुने त्रण थुइवडेज चैत्यवंदन करवुं कहेल छे. कारण के व्यवहारभाष्यमां कह्युं छे के साधु मळमलिन अने अस्नात होवाथी त्रण त्रण श्लोकवाळी त्रण थुइओ कह्या उपरांत विनाकारणे वधु वखत चैत्यमां नहि रहे.

## विचार १६ मो.

प्रश्नः—चैत्यवंदन करतां तमो संसार दावानळ वगेरा थुइओ केम नथी करता?

उत्तरः—आगममां साधुने चैत्यवंदन करवानी विधि आवी रीते छे के निश्राकृत अथवा अनिश्राकृत सर्व चैत्योमां त्रण थुइ कहेवी.

कोइ कहेशे के चउवीसत्था वगेराने थुइ क्यां कही छे? तो तेणे जाणवुं जोइये के कार्योत्सर्गनिर्युक्तिनी चूर्णिमां चउवीसत्था, पुक्खरवरदीवढ्ढे, तथा सिद्धाणं बुद्धाणं, ए त्रणेने थुइरूपे कह्यां छे.

कोइ कहेशे के कल्पचूर्णिमां हीयमान स्तुतिओ कहेवी कही छे अने चउवीसत्थादिक तो शाश्वती थुइओ छे माटे तेमने हीयमानपणुं केम घटे. तेनुं उत्तर ए छे के आवश्यकचूर्णिमां जेम पडिकमणानी समाप्तिमां कहेवानी थुइओ स्वरे करीने वर्द्धमान एटले लांबी करीने कहेवी कही छे तेम इहां पण स्वरे करीने हीयमान एटले नानी करी कहेवी.

वळी कल्पनी विशेष चूर्णि तथा बृहद्भाष्य तथा आवश्य-

कवृत्तिमां ए हीयमान थुइओ अथवा तेना बदले अजितशांतिस्तव कहेवो एम पण कह्युं छे.

# विचार १७ मो.

प्रश्नः—कल्पभाष्यनी चूर्णिमां साधुना पात्राओ माटे शकटलेप एटले खंजनलेप सुंदर कह्यो छे माटे तमे बीजो लेप केम करो छो?

उत्तरः—खंजनलेप सुंदर छे; पण ते नहि मळतो होय तो बीजो लेप पण करी शकाय छे. केमके ओघनिर्युक्तिमां सामान्यपणे अचित्तपृथिवीकायथी लेप थतो कह्यो छे. तथा पिंडनिर्युक्तिमां लेप एटले नागपुरपाषाण वगेराथी नीपजेलुं द्रव्य कह्युं छे तेना अभिप्राये धातुलेप पण टीकाकारे कह्यो छे वळी त्यां आदि शब्द छे तेथी कीटलेप पण घटी शके छे.

माटे खंजनलेपना अभावे धातुलेप तथा कीटलेप पण थइ शके छे.

# विचार १८ मो.

प्रश्नः—शास्त्रमां कह्युं छे के साधुने भींत के स्तंभ वगेरानो अवष्टंभ नहि लेवो जोइये; केमके त्यां त्रसजंतुओनो प्रचार चालु होवाथी प्रतिलेखना थइ शके नहि; छतां तमे अवष्टंभ केम ल्यो छो ?

उत्तरः—तमे कह्युं ते उत्सर्ग एमज छे. पण एम पण कह्युं छे के असमर्थ होय ने पासा दूखता होय तो तेणे भींत के स्तंभ वगेरा स्थिरावष्टंभ लेवो.

# विचार १९ मो.

प्रश्नः—चंचल एटले हीलता चालता पाटीआ वगेरनो अवष्टंभ केम ल्यो छो ?

उत्तरः—ज्ञातासूत्रना पांचमा अध्ययननी टीकामां पीठफलकशय्यासंस्तारकपदोनी व्याख्यामां फलक अवष्टंभ माटे कहेल छे. तथा कल्पपीठमां सूतर तथा ऊनना अवष्टंभ पण साधुना माटे कहेल छे.

# विचार २० मो.

## ( मुख वस्त्रिका. )

प्रश्नः—बीजा बधा यतिओ श्रावकोने मुखवस्त्रिका रखावी वांदणा देवरावे छे, छतां तमे मुखवस्त्रिका केम नथी रखावता ?

उत्तरः—आगममां ठेकाणे ठेकाणे वस्त्रांचळथीज श्रावको वांदणा करता देखाय छे. अने क्यां पण मुखवस्त्रिकावडे वांदणा करता कह्या नथी.

जुओ आवश्यकचूर्णिमां श्रीकृष्ण महाराजे अढार हजार साधु द्वादशावर्त्तवांदणाथी वांद्या त्यां मुखवस्त्रिकानी बाबत जणाती नथी. तथा आर्यरक्षितसूरिना संबंधमां ढड्ढरश्रावकनी वात आवश्यकचूर्णिमां छे त्यां पण मुखवस्त्रिका देखाती नथी. इहां कोइ कहेशे के इहां जेम मुखवस्त्रिका नथी कही तेम वस्त्रांचळ पण क्यां कह्युं छे? त्यां ए उत्तर छे के उत्तरासंगवडे साधुना अपाश्रयमां प्रवेश कर्यो छे अने ते मूकवानुं के मुखवस्त्रिका ग्रहण करवानुं कह्युं नथी माटे उत्तरासंग कायमज लागे छे.

वळी वसुदेवहिंडिमां शिवकुमारनी वातना पेटामां राजाए

दृढधर्मनामना श्रावकपुत्रने बोलावीने कह्युं के शिवकुमारने अमोए दीक्षा लेवानी रजा नहि आपतां ते मौन धरी बेठो छे अने खातो पण नथी माटे तमे समजावो. त्यारे दृढधर्मकुमारे शिवकुमार पासे जइ इरियावही पडिकमी द्वादशावर्त्तवंदन कर्युं. इहां पण मुखवास्त्रिका जणाती नथी. केमके दृढधर्मने राजाए ज्यारे बोलाव्यो त्यारे कंइ तेने प्रयोजननी खबर नहोती जेथी मुखवास्त्रिका साथे लइ जाय, अने उत्तरासंगसहित तो आवेल होय एमां शक जणातो नथी.

तथा तुंगिकानगरीना श्रावकोए स्थविरमुनिओने वांदवा जतां पांच अभिगम साचव्या छे. माटे त्यां पण उत्तरासंगज जणाय छे.

वळी प्रदेशी राजाए पण पांच अभिगम साचवी केशिमुनिने वंदन करी पोतानो अपराध खमाव्यो छे. इहां वंदन शब्दथी द्वादशावर्त्त वंदनज जणाय छे. केमके आवश्यकानिर्युक्तिमां अपराध खमावतां द्वादशावर्त्तवंदन देवां कह्यां छे. कोइ कहेशे के पेहेलेज दिने तेमने द्वादशावर्त्तवंदन शी रीते आवडयुं हशे? त्यां एम जाणवुं के प्रदेशी राजा प्राज्ञ हता माटे पहेले दिने पण आवडे तेमां असंभव नथी, अथवा चित्रसारथि साथे वांदणां कर्यां हशे, अथवा गुरुए कराव्यां हशे, केमके गुरुओ नवा शिष्यने पहेले दिनथीज पडिकमणुं करावे छे.

वळी आवश्यकचूर्णिमां अनृद्धिप्राप्त श्रावकने घरेथी पण सामायिक करी गुरु पासे के चैत्यमां जवानुं कह्युं छे. माटे ते जो उत्तरासंग टाळी फक्त मुखवास्त्रिका लई रस्ते चाले तो लोकमां पण उड्डाह थवानो संभव छे.

वळी सामायिक अने पोसहवाळाए प्रमार्जन रजोहरण के वस्त्रांचले करी करवुं एम शास्त्रमां कहेलुं छे. पण मुखवास्त्रिकावडे प्रमार्जन करवुं कह्युं नथी.

वळी वांदणा देतां पचीश बोल साचववानुं कह्युं छे त्यां त्रीजो बोल यथाजातमुद्रा छे. ते बे प्रकारे छे—एक योनिनिष्क्रमणरूप, अने बीजी व्रतप्रतिपत्तिरूप त्यां पहेली मुद्रा ते ए के "खमणिज्जो भे किलामो" ए पाठ कहेतां मस्तके अंजलि करवी. ए मुद्रा चतुर्विध संघने समान छे. अने बीजा प्रकारनी मुद्रा दरेक वर्गने जूदी जूदी रीते छे. त्यां साधु रजोहरण, चलोटो, अने मुखवस्त्रिका धरी व्रत ले, साध्वी गुरु पासेथी व्रत लेतां चौद उपकरण धरे अने गुरुणी पासेथी लेतां पांच उपकरण धरे. श्रावको तथा श्राविकाओ पांच अभिगम साचवी व्रत ले. माटे चारे वर्गे पोतपोतानी यथाजातमुद्राए वांदणां देवां.

वळी बीजा पंचाशकमां गुरु पासे व्रत लेवा जवानी विधिनी व्याख्या करतां श्वेत वस्त्र पेहरीने श्रावक गुरु पासे आवे त्यारे व्रत देवां कह्यां छे त्यां एम नथी जणाव्युं के उत्तरासंग ऊतारी मुखवस्त्रिका ले त्यारे देवां अने तेथी हमणा पण सर्व पक्षोमां श्रावकश्राविकाओने पोतपोतानी उत्तरासंगादिक मुद्राओ छतांज सम्यक्त्व तथा देशविरति अपाती देखाय छे.

वळी बालकथी मांडीने श्रावको उत्तरासंगे करीनेज देव वांदे छे, गुरुओने नमे छे, सम्यक्त्व तथा देशविरति ले छे, तथा देवपूजादिक धर्मकरणी करे छे, तेमज इरियावहिपडिक्कमणुं तथा पचखाण वगेरापण उत्तरासंगथी कराय छे तेम षडावश्यक पण उत्तरासंगथीज करवामां शी बाधा छे.

कोइ कहेशे के काउसग, चउवीसत्थो, अने पचखाण उत्तरासंगथी पण थइ शके पण प्रतिक्रमण, वांदणां, अने सामायिक तेनाथी केम थाय? तो तेणे जाणवुं के सामायिकमां पण शीतथी रक्षण करवा पटीनुं ग्रहण कराय छे माटे त्यां पण वस्त्रांचळ

छेज. तेमज इरियावहि पण साधुना पडिकमणानो एक देशज छे तथा उपधान वहेतां इरियावहिसूत्र प्रतिक्रमणश्रुतस्कंध कहेवाय छे तथा खमासमणां तो उत्तरासंगथी पण देवाइ शकाय छे अने खमासमण अने वांदणामां एटलोज फेर छे के खमासमण ते नानां वांदणां अने वांदणां ते मोहोटां वांदणां. माटे वांदणां पण उत्तरासंगे दइ शकाय.

माटे जेम साधुओ अनशनपर्यंत सकलक्रिया रजोहरण, मुखवस्त्रिका, अने चोलपट्टारूप पोतानी मुद्राए करे छे तेम श्रावकोए पण सकळ क्रिया पोताना उत्तरासंगरूप मुद्राए करवी.

वळी सिद्धर्षिकृत उपमितभवप्रपंचमां एक राजानी वात आवे छे त्यां राजा बोल्यो छे के देवकृत सुवर्ण कमळमां बेशीने धर्मदेशना करता सूरि मे दीठा त्यारे हुं पांच राजचिह्न ऊतारी उत्तरासंग करी सूरिना अवग्रहमां पेठो. त्यां सूरिने द्वादशावर्त्त वांदणाथी वांदी तथा अनुक्रमे बीजा मुनिओने वांदी आशीर्वाद पामी शुद्धभूमिमां परिवार सहित बेठो. माटे इहां खुल्लो उत्तरासंग कह्यो छे.

तथा कोइएक चिरंतन आचार्यें आवश्यकमीमांसा नामे ग्रंथ टीका सहित कर्यो छे. त्यां श्रावकने मुखवस्त्रिका माटे खुल्लो निषेध कर्यो छे.

तेमज अरहन्नकश्रावके वहाणमां उपसर्ग थतां सागारि अणसण, अने प्रदेशी राजाए अणसण कर्यो छे त्यां पण मुखवस्त्रिका तथा स्थापनाचार्य वगरज तेमणे अणसण लेवा द्वादशावर्त्तवांदणां, अणसण, तथा आलोचना करी छे.

वळी चित्रसारथिए केशिकुमारनुं आगमन सांभळी आसनथी उठी केशिकुमारने वंदन कर्युं छे, इहां पण उत्तरासंगज छे.

तथा वरुणनागनत्तुए संग्राममां जतां संथारो साथे लीधो तेम

स्थापनाचार्य के मुखवस्त्रिका साथे लीधां नहि. अने जेणे प्रहार नी पीडामां पण पर्यंतालोचना करी तेणे द्वादशावर्त्तवांदणां नहि दीधा होय एम तो कही शकाय नहि.

हवे कया ग्रंथोमां श्रावकने मुखवस्त्रिकानो निषेध करेल छे ते जणावीये छीये.

पिंडनिर्युक्ति, तथा व्यवहारभाष्यमां दशमी प्रतिमा सूधी श्रावकने लिंगथी वैधर्मी गण्यो छे. अने त्यां टीकाकारे लिंग एटले रजोहरण तथा मुखवस्त्रिकारूप कह्युं छे.

कदाच कोई कहेशे के लिंगथी वैधर्मी ते एमके संपूर्ण लिंग न होय पण एकली मुखवस्त्रिका होय तेमां शी हरकत छे तो तेणे जाणवुं के शास्त्रमां रजोहरण वगर एकली मुखवस्त्रिका क्यां पण देखाती नथी. अगर जो एकली पण होय तो जिनकल्पीने संक्षेपे पण रजोहरण ने मुखवस्त्रिकारूप बे उपकरण शा माटे कह्यां छे?

कोई कहेशे के त्यारे श्रावक एकलुं रजोहरण पण केम राखे तेनुं ए उत्तर छे के लिंग ग्रहण करवानी मनाइ छे बाकी औपग्रहिक रजोहरण राखतां कंइ लिंग थतुं नथी. अने ए औपग्रहिक* रजोहरणथी प्रमार्जनज करे वंदनादिक नहि करे माटे तेमां हरकत नथी.

त्यारे कोई कहेशे के औपग्रहिक रजोहरण माफक मुखवस्त्रिका पण औपग्रहिक श्रावक राखशे त्यां ए उत्तर छे के आवश्यकचूर्णि वगेरामां जेम रजोहरण साधु पासेथी मागवानुं अथवा श्रावकना घरे होवानुं लख्युं छे तेम क्यां मुखवस्त्रिका माटे लख्युं नथी. माटे मुखवस्त्रिका औपग्रहिक नहि थइ शके.

---

* कारणनी अपेक्षाथी संयम माटे रखाय ते.

## ( शंका समाधान. )

(१) प्रश्न व्याकरणना त्रीजा संवरमां गृहस्थे अणदीधेल वस्त्र, पात्र, कंबल, दंडक, रजोहरण, निषद्या, चळोटो, मुखवस्त्रिका, तथा पोंछणा वगेरां उपकरण साधुए नहि लेवां एम कह्युं छे माटे श्रावकना घरे मुखवस्त्रिका सिद्ध थाय छे, एम कोइ कहे तो तेनुं ए उत्तर छे के ए स्थळे तो साधुनां बीजां पण बहु उपकरण कह्यां छे त्यारे शुं ते पण बधां श्रावक वापरे के? माटे एथी कंइ मुखवस्त्रिका सिद्ध थइ शकती नथी.

(२) कोइ कहेशे के प्रश्नव्याकरणमां कह्युं छे के साधुए गृहस्थनी पूजना करीने पण आहार न लेवो. त्यां वृत्तिकारे पूजनानो अर्थ करतां लख्युं छे के पूजना एटले निर्माल्य आपवुं, वासक्षेप आपवो, मुखवस्त्रिका के नोकरवाळी देवी वगेरा. माटे ए अर्थथी श्रावकने मुखवस्त्रिका सिद्ध थशे. इहां ए उत्तर छे के भिक्षा देनार तरफ चाटुवचन बोलवां, आसन आपवुं, निर्माल्य देवुं, वासक्षेप नाखवो, मुखवस्त्रिका आपवी, तथा नोकरवाळी देवी ए छ काम प्राचीन मुनिओए निषेध्यां छतां आजकाळना यतिओने चलावतां जोइ अभयदेवसूरिए निषेध्यां तेमां श्रावकने मुखवस्त्रिकावडे वांदणां देवानुं शुं आव्युं? कदाच कोइ कहेशे के त्यारे मुखवस्त्रिकावडे गृहस्थने बीजुं शुं काम होय, माटे ए युक्तिथी वांदणां आवे छे. तेणे जाणवुं के ए युक्ति त्यारे घटे के ज्यारे बीजा ठेकाणे सिद्धांतना अक्षरोथी मुखवस्त्रिका सिद्ध थती होय; पण तेम नहि थाय तो शी रीते युक्ति घटित थाय, अने मुखवस्त्रिकावडे गृहस्थने बीजुं शुं काम होय त्यां जाणवुं जोइये के मिथ्यादृष्टि भिक्षा देनारने वस्त्र सांधवा वगेरां घणां काम होय छे.

(३) वळी कोइ कहे छे के आवश्यकचूर्णिमां श्रावकने सा-

मायिक करतां कुंडळ, नामगुद्रा, पुष्पतंबोळ, अने प्रावारक वगेरां मूकवानां कह्यां छे, माटे प्रावारक एटले ऊपरनुं वस्त्र ऊतारवुं सिद्ध थाय छे. ते वात पण रद्द छे कारण के प्रावारक शब्दे सिद्धांतमां दुःप्रत्युपक्षित एटले मुश्केलीए जोइ शकाय तेवुं वस्त्र विशेष लीधेल छे. अने जो इहां सामान्यपणे ऊपरनुं वस्त्र लइए तो सामायिकवाळाने सर्वथा वस्त्र अग्राह्य थशे; अने तेम तो कंइ छे नहि, केमके सामायिक के पौषधवाळा पण वस्त्रनी अनुज्ञा लइ वस्त्र ग्रहण करता देखाय छे.

वळी प्रावारक शब्दे पटी कहो छो, त्यारे तमे सर्व सामायिक करीने ते केम राखो छो तेमज ए अर्थ करतां तो श्राविकाने पण उत्तरीय वस्त्र मूकवुं पडशे.

माटे प्रावारक शब्दनुं निजमतिकल्पित व्याख्यान नहि करतां पूर्व श्रुतधरकृत व्याख्यानज करवुं जोइये.

(४) कोइ कहे के कुंडकोळिक श्रावकना अधिकारमां वात आवे छे के "कुंडकोळिया श्रावक एक वेळा अशोकवनिकामां आवी पृथिवीशिळा पट्ट उपर नाममुद्रा अने उत्तरासंग मेळीने वीर भगवान्‌नी धर्मप्रज्ञप्ति कबूल करी विचरे छे." माटे इहां नाममुद्रा ने उत्तरासंग मेळवाथी अर्थापत्तिए मुखवस्त्रिका लइने धर्मप्रज्ञप्ति एटले पौषध लीधो देखाय छे. तेनुं ए उत्तर छे के एम व्याख्यान थइ शकतुं नथी कारण के पौषधनुं अशोकवनिका स्थानज नथी. केमके आवश्यकचूर्णिमां तेना स्थान चैत्य, साधु मूळ, घर, के पौषधशाळारूप चारज बताव्या छे. वळी वृत्तिकारे पण धर्मप्रज्ञप्तिनो अर्थ पौषध नथी कर्यो. किंतु श्रुतधर्म प्ररूपणा एटले के मत के सिद्धांतविचाररूप कर्यो छे.

(५) कोइ कहेशे के आवश्यकचूर्णिमां सर्व पौषधमां वस्त्रा-

भरणनो त्याग करवो कहेल छे माटे तेथी मुखवस्त्रिका सिद्ध थशे तेनुं ए उत्तर छे के त्यां कंइ सामान्यपणे सर्वे वस्त्र त्याग करवा लखेल जणातुं नथी, किंतु भरतभरेला वगेरा बहुमूल्य माटे लागे छे कारण के अभयदेवसूरिए पण तेवुंज व्याख्यान कर्युं छे. अगर सर्व वस्त्र माटे लइये तो हेठे पहेरवानुं वस्त्र पण त्याग करवुं पडे. वळी घणा स्थळे पौषधमां प्रमार्जन वस्त्रांचळादिकथी करवुं लख्युं छे ते जो सर्वथा वस्त्र त्याग करवामां आव्यां होय तो केम संभवे?

(६) कोइ कहेशे के प्रतिक्रमणभाष्य तथा आवश्यकवृत्त्यादिकमां अगीआरमी प्रतिमा लेतां रजोहरणने पात्रां लेवा कह्यां छे, त्यां मुखवस्त्रिका नथी कही, माटे ते अगाउ होवी जोइए. तेनुं ए उत्तर छे के अगीआरमी प्रतिमा लेतां तो अवश्य चौदे उपकरण होवां जोइए, तेथी तेमांना बे साक्षात् कही बताव्यां छे, अने तेनो ए अर्थ थाय छे के रजोहरण शब्दे रजोहरण, मुखवस्त्रिका, वगेरा छ उपकरण, अने पात्रा शब्दे, पात्रक, पात्रकबंध वगेरा आठनुं उपलक्षण थाय छे. ए अर्थ पंचाशक टीकामां छे.

(७) कोइ कहे के आवश्यकचूर्णिमां श्रावकने औपग्राहिक रजोहरण कहेल छे, माटे श्रावक साधु पासेथी रजोहरण मागी तेनावडे वांदणां आपे तेनुं ए उत्तर छे के तेम मानशो तोपण ते कदाच साधु पासे नहि होय त्यारे वस्त्रांचले वांदणां देवराववां पडशेज. माटे रजोहरणथी भूप्रमार्जनज करवुं घटे छे. अने पूर्वाचार्योए पण रजोहरणथी प्रमार्जनाज कहेली छे

वळी जो श्रावकने साधु पासेथी मागेला रजोहरणवडे वांदणां करवानां होय तो त्यारे साधुओने तेवां रजोहरण घणां राखवां पडशे कारण के वांदणां तो समकाले घणाने करवानां होय छे.अने प्रमार्जना तो बेत्रण रजोहरण होयां पण एकबीजाने आप-

तां अनुक्रमे सैकडा श्रावको करी शके छे.

(८) कोइ कहे छे के रजोहरण न होय त्यारे पोतना अंतवडे प्रमार्जन करवुं आवश्यकचूर्णिमां कहेल छे. त्यां पोतशब्दे मुखवस्त्रिका लेवुं, कारण के आवश्यकचूर्णिमां पुत्तावरिया शब्दे मुखवस्त्रिका कहेल छे. तेनुं उत्तर ए छे के पुत्तावरिया शब्दनी व्युत्पत्ति करतां पुत्ति शब्द छे, कंई पोतशब्द नथी. अने सिद्धांतमां पण सघळा स्थळे पुत्तिशब्दे मुखवस्त्रिका आवे छे पण पोतशब्दे नथी आवती. जो पोतशब्दे मुखवस्त्रिका आवती होय तो तेना अक्षर बतावो. अने पोतशब्द सामान्यवस्त्रनो पर्याय तो ठेकाणे ठेकाणे देखाय छे.

(९) केटलाएक वळी आवश्यकचूर्णिना एक आलावानो खंडित भाग लइ मुखवस्त्रिका सिद्ध करे छे. ते अक्षर ए रीते छे के "विनयमूळ धर्म जाणी गुरुने वांदवा इच्छतो थको संडासा पडिलेही बेशीने मुखवस्त्रिका पडिलेहे. पछी मस्तक सहित काया प्रमार्जीने उत्तम विनयवडे त्रिकरण शुद्ध वांदणा आपे." इहां ए उत्तर छे के ए अक्षर तो केवळ साधुना अनुष्ठान बाबतना छे माटे एना पूर्वापर भाग छोडीने फक्त खंडित आलावो बताववो वाजबी नथी. अने पूर्वापर भाग तपासतां खुल्लुं मालम पडशे के ते साधुना माटेज छे. कारण के त्यां कहेलुं छे के बे हाथे रजोहरण लई संयतभाषाए आलोचना करवी, ते श्रावकने केम घटे?

(१०) कोई कहे के आवश्यकचूर्णिमां कृष्णना वांदणानी विधिमां पांच अभिगमन नथी त्यां ए उत्तर छे के त्यां राजा नीकल्यो ए पद तो छेज माटे ते पदनी व्याख्या करतां अतिदेशना बळे उववाइमां कहेल कोणिकना आलावानी तमाम विना आवी शके छे. ए माटेज चूर्णिमां पण पहेलां राजा नीकल्यो एवुं कही आगळ लख्युं छे के बीजा राजाओ थाकीने बेठा.माटे

इहां पहेलां परिवार नहि कह्यो पण वांदणावेला अतिदेशना बळे जेम परिवार लीधो छे तेम पांच अभिगमन पण लई शकाय छे.

आ अतिदेशव्याख्या टीकाकारोने संमतज छे. जे माटे भगवतीटीकामां पर्षदा नीकली ए पदे करीने उववाइसूत्रनो ते संबंधे चालेल बधो आलावो लीधो छे.

(११) पूनमीया पक्षना वर्धमानसूरिए पोताना करेल कुलकमां मुखवस्त्रिका सिद्ध करवा मंडाण करेल छे. तेमां सात युक्तिओ करी छे तेमांनी छनुं तो ऊपर खंडन थई चूक्युं छे. सातमी द्रव्यक्रीतनी युक्तिनुं आगल करशुं. पण ए कुलक करनार ऊपर आ एक मोहोटो दोष रहे छे के तेणे आवश्यकचूर्णिमां रहेला प्रावारकशब्दने फेरवीने तेज चूर्णिना नामे पंगुरण शब्द लख्यो छे.

ए कुलकनी सातमी युक्ति ए छे के साधुए द्रव्यक्रीत तथा भावक्रीत आहार न लेवो एम सूत्रमां कह्युं छे. त्यां द्रव्यक्रीत ते ए के मुखवस्त्रिकादिक द्रव्य श्रावकने आपीने आहार लेवो. माटे ए ऊपरथी श्रावकने मुखवस्त्रिका ठेरे छे.

एनुं उत्तर ए छे के ए गाथामां लखेल द्रव्यक्रीत आहार करवा लायक छे के नाहि? जो करवा लायक नथी तो मुखवस्त्रिका शाथी सिद्ध थशे? वळी जो कोई कुयति के कुश्रावक तेम करे तो तेथी सुयति सुश्रावकने शुं आव्युं?

(१२) वळी जो कोई विवाहचूलिका के व्यवहारचूलिकाना पाठ बतावे तो तेने ठगज जाणवो केमके ते ग्रंथोज आजकाल नथी.

(१३)वळी कोई पिंडनिर्युक्तिनी "निम्मलगंध" गाथामां रहेल पुत्ताइ शब्दे मुखवस्त्रिका जणावे तो ते गेरवाजबी जाणवुं.केमके मळयगिरिए पोतशब्दे नाना बाळकने लायकनां वस्त्रनां कटकां कहेलां छे.

# विचार २१ मो.

प्रश्नः—विशेषावश्यकमां गुरुना विरहे स्थापना कहेल छे माटे तमे श्रावकने स्थापनाचार्य केम नथी मानता ?

उत्तरः—विशेषावश्यकमां जे कहेलुं छे ते श्रावक आश्री नथी किंतु स्थविरकल्पी साधु माटे कहेल छे. केमके तेमने हमेशां गुरुकुलमां रहेवानुं छे. तेथी जो कोई वेळा गुरुनो वियोग पडे तो तेमणे गुरुकुलवास जणाववा स्थापनाचार्य स्थापवो. ते स्थळ पूर्वापर जोवाथी प्रगट मालम पडशे. आ स्थळे नीचे मुजब बार बाबतो सिद्ध करी बतावीए छीए.

(१) जिनकल्पी वगेराने दंडादिरूप स्थापनाचार्य नथी, कारण के तेओने गुरुकुळवासनी अपेक्षा नथी, तेमज दंडादिक उपकरण होतां नथी. माटे मनमांज गुरुनो भाव थापे छे.

(२) श्रावकोने पण स्थापनाचार्य नथी कारण के गुरुकुळनिरपेक्ष जिनकल्पी मुनिओने पण ज्यारे ते नथी, त्यारे ते श्रावकने क्यांथी होय ?

कोई पूछशे के शुं त्यारे श्रावक गुरुकुलवासी नथी ? तेनुं उत्तर ए छे के गुरुकुलवासी ते गणाय के जे तेमनी साथेज खाए, तेमनी साथेज सूए, तेमनी साथे पडिकमणुं करे, तेमनी साथेज गामोगाम विचरे, गुरुयोग्य भातपाणी लावी आपे, रात दिवस पासे रहे, अने तेमनाज हुकममां वर्त्ते. माटे श्रावक कंइ गुरुकुलवासी न गणाय.

(३) प्रदेशिराजा, तथा शंखश्रावक वगेरानी पौषधशाळामां पण स्थापनाचार्य जणातो नथी. कारण के तेमणे पोसह तथा अणसण करतां पौषधशाळामां जेम संथारा तथा स्थंडिळभूमिनी प-

त्युपेक्षणा करी छे तेम कंइ स्थापनाचार्यनी प्रत्युपेक्षणा करी नथी.

(४) स्थापनाचार्य शिवाय पण अनियतस्थानमां सामायिक थई शके छे. केमके आवश्यकचूर्णिमां अनृद्धिप्राप्त श्रावकने चारे स्थळे सामायिक करवुं कह्युं छे ते चार स्थान ए के चैत्यमां, साधुना पासे, पौषधशाळामां, के जे कोइ स्थळे अवकाश मळे त्यां सामायिक करवुं. इहां "जे कोइ स्थळे"नो ए अर्थ छे के खेतर, खळा, सभा, प्रपा, वखार, के सथवाराना पडाव वगेरा स्थळे जीवजंतुरहित शुद्ध भूमि जोइ श्रावके सामायिक करवुं. माटे इहां स्थापनाचार्य शी रीते संभवी शके? कारण के श्रावको कंइ खेतरपधरे के गामांतरे जतां स्थापनाचार्य गांठे बांधी जता आवता नथी.

(५) स्थापनाचार्य शिवाय अनुष्ठान करतां कंइ शून्यवाद पण नथी. कारण के आवश्यकचूर्णि, तथा पंचाशक वगेरामां अनियतस्थाने पण सामायिक करवुं कहेल छे तथा आवश्यकचूर्णि, अनुयोगद्वार, विशेषावश्यक, तथा योगशास्त्रनी टीकामां मनमां गुरुनो भाव राख्याथी पण स्थापनाचार्य थाय छे एम कहेल छे. तेमज जिनकल्पी मुनिओ दंडकादि स्थापनाचार्य विना पण अनुष्टान करे छे. तथा वळी प्रदेशि राजा, अने शंख श्रावक वगेरानी पौषधशाळामां स्थापनाचार्य कह्यो नथी तेथी ए ग्रंथो तथा ए पूर्वपुरुषोनुं प्रमाण लइ आजकालना श्रावको पण दीठेला वांदेला गुरु महाराजने मनमां साक्षात् खडा करी चिंतवता थका तेना आलंबने अनुष्टान करे तेमां शो शून्यवाद थाय ?

शून्यवाद तो त्यारे थाय के ज्यारे साक्षात् गुरु पासे के स्थापनाचार्य पासे रह्या छतां पण चित्त बीजा स्थळे आपेल होय.

वळी जो बाहेरनी स्थापना शिवाय मनमां गुरुनुं स्मरण छतां पण क्रिया नज कराय एम होय तो तमारा पक्षना पण विवेकी

श्रावको प्रभाते ऊठी सामे प्रतिमा नहि छतां पण मनमां कोइ चैत्य के तीर्थ धरीने चैत्य वांदे छे, तेमज केटलाएक इरियावही पडिकमी सज्झाय करे छे, ते केम घटे?

वळी जे गामो के घरोमां न होय प्रतिमा, अने न होय स्थापनाचार्य, तेवा स्थळमां रहेनारा श्रावकोए शुं अविरतज रहेवुं के? माटे तेवा स्थळे देवगुरुने मनमां धारीनेज चैत्यवंदन, पचखाण, इरियावही, सज्झाय वगेरा करवां जोइए.

(६) श्रावकना स्थापनाचार्यनी शास्त्रमां क्यां विधि पण जणाती नथी केमके सूत्र, निर्युक्ति, भाष्य, चूर्णि, वृत्ति, अने टिप्पनरूप आगम ग्रंथोमां क्यां पण श्रावकने स्थापनाचार्य आवी रीतनो अने आवी रीते प्रतिष्ठित करावेलो होय एवुं कह्युं नथी. तेमज श्रावके पण आ विधिए तेनी प्रत्युपेक्षणा करवी तथा गामांतरे लइ जवुं इत्यादि विधि पण क्यांए जणाती नथी.

वळी तमने अमो पूछीए छीए के जिनबिंबनी माफक स्थापनाचार्य पण मूर्त्तिरूप केम नथी करावता? चार अंगुलनो शा अभिप्राये करावो छो? वळी पुरुषोए पडिलेहेला स्थापनाचार्य आगळ स्त्रीओ अनुष्ठान करी शके पण स्त्रीओए पडिलेहेला आगळ पुरुषो नहि करी शके एम शा कारणे कहो छो?

तेमज चरितानुवादे पण कोई श्रावके स्थापनाचार्य स्थापेलो के पडिलेहेलो के तेना आगळ खमासमण दीधेलो जणातो नथी.

(७) स्थापनाचार्य बाबत तेवी घटमान युक्तिओ पण नथी. जुओ के स्थापनाचार्यने गुरु लेखी अप्काय तथा ऊजाळाना स्पर्शथी बचावो छो, अगर भूलेचूके ते थइ जतां श्रावकने प्रायश्चित्त आपो छो त्यारे ते करतां मोहोटा प्रायश्चित्तवाळो स्त्रीनो संघट्टो केम नथी अटकावता? वळी आधाकर्मी स्थान, तथा पाटलां केम

तेना माटे राखो छो? तेमज तेनाज माटे धोएली मोपती ऊपर तेने केम स्थापो छो? तथा ते गृहस्थनां घरे केम वास करी शकशे? तथा शी रीते गामांतर जतां वाहन ऊपर लइ जइ शकाशे? इत्यादि विचार करतां घटमान युक्तिओ पण जणाती नथी.

(८) वळी मनमां गुरुनो भाव राख्याथी पण स्थापनाचार्य थई शके छेज; कारण के विशेषावश्यक, आवश्यकचूर्णि, अनुयोगद्वारवृत्ति, विशेषावश्यकवृत्ति, तथा योगशास्त्रवृत्तिमां साक्षात् गुरुना अभावे दंडकादि स्थापनाचार्य स्थापवो अथवा मनमां गुरुनो भाव धारवो एम बे प्रकारे प्रतिपादन करेल छे.

(९) स्थविरकल्पमां ए स्थापनाचार्य युक्त छे.

कोई कहेशे के ज्यारे स्थापनाचार्य बे प्रकारे थाय छे अने जिनकल्पिओ तथा श्रावको दंडकादिरूप स्थापनाचार्य नथी स्थापता त्यारे स्थविरकल्पिओने पण तेम करतां शो दोष आवशे? तेनुं उत्तर ए छे के स्थविरकल्पिओने गुरुना विरहमां गुरुकुलवासिपणुं जणाववा माटे सिद्धांतमां ठेकाणे ठेकाणे दंडकादि स्थापनाचार्य कहेल छे माटे तेमणे तो ते स्थापवोज जोइये. इहां आवश्यकचूर्णि, योगसंग्रह, तथा ओघनिर्युक्तिनां प्रमाण रहेलां छे.

(१०) इहां जे युक्तिओ छे ते पण शास्त्रानुगतज छे.

कोई कहेशे के तमो अनेक प्रकारनी युक्तिओज बतावो छो, पण एम नथी बतावी शकता जे फलाणा सिद्धांतमां श्रावकने दंडकादिरूप स्थापनाचार्यनी ना पाडेल छे; तेनुं ए उत्तर छे के युक्तिओ पण सिद्धांतने अनुगतज आपेली छे, कंई स्वमतिविकल्पित युक्तिओ आपी नथी.

(११) कोई पूछे के स्थविरकल्पि मुनि स्थापनाचार्य राखे छे त्यारे साध्वीओ शुं स्थापे? तेनुं ए उत्तर छे के तेओ पोतानी गु-

रुणीनी स्थापना स्थापे. कारण के गुरुणी पासेज हमेश तेओ रहे छे तथा शीखे छे. अने साध्वीओने गुरुकुलवासनां लक्षण गुरुणी साथेज घटमान थाय छे.

(१२) कोई कहेशे के त्यारे गुरुना मुजब जिननी पण मनमां श्रावक स्थापना करशे, प्रतिमानी शी जरुर छे? तेनुं ए उत्तर छे के ए वात अयुक्त छे, कारण के जिनप्रतिमाओ तो शाश्वती तथा भरतादिके करावेली अनेक ठेकाणे वर्णवेली छे. तथा व्यवहार-भाष्यमां कह्युं छे के लक्षणयुक्त, मनोहर, समस्त अलंकारशोभित प्रतिमा जेम जेम मनने आनंद ऊपजावे तेम तेम वधु निर्जरा थाय. तथा तेनी स्नपन, विलेपन, पुष्प, वस्त्राभरणरूप पूजा ठेकाणे ठेकाणे कही छे. माटे ते तो श्रावके अवश्य कराववी जोइये. अने स्थापनाचार्य तो शाश्वतो अथवा कोइ श्रावके करेलो के करावेलो कह्यो नथी. तेमज तेनी पूजाविधि पण क्यां बतावी नथी. माटे ते पेटे तो मनमां गुरुभाव लावीने "गुरुना समक्ष हुं आ सर्व अनुष्टान करुं छुं" एवो विचार धरवो जोइए. अने एवो भाव दंडकादिरूप स्थापनाचार्यमां के मनमां स्थापेला गुरुमां बन्नेमां सरखो लावी शकाय छे.

## विचार २२ मो.

प्रश्नः—तमे साधुने वांदतां बे खमासमण केम नथी आपता?

उत्तरः—तमारा पक्षमां पण केटलाक अनुष्ठानमां एकज खमासमण अपाय छे. जुओ अगाडपछाडनी मंडळीमां साधुओमां एकबीजाने वांदतां, तथा सांजसवार पडिकमणामां आचार्य उपाध्याय तथा सर्व साधुने वांदतां, तथा श्रुतनी वाचनामां काउसग

कर्या पछी सर्वने वांदतां, तथा वांदीने काळनिवेदन करतां, तथा प्रव्रज्यानी विधिमां सामायिकारोपनुं प्रवेदन करतां, तथा उत्थापनामां व्रतारोपनुं प्रवेदन करतां, तथा आलोचनानुं प्रवेदन करतां, एक एक खमासमणज चाले छे.

वळी बौद्ध, ब्राह्मण, भागवत, तपस्वि, तथा दिगंबरोमां पण एकजं नमस्कार चाले छे. तेमज लोकमां जुहार तथा पगेळागणां पण एकजवार कराय छे.

कोइ कहेशे के मोटा बे वांदणानी माफक संक्षेप वंदनमां पण बे खमासमण जोइये. तेनुं ए उत्तर छे के नीचे लख्या शास्त्रो भणतां प्रारंभे तथा समाप्ति थतां द्वादशावर्त्त वांदणां देवां एवी मर्यादा छे, छतां वाचनाचार्य कोइवेला द्वादशावर्त्त वांदणा अने कोइ वेळा छोभ वांदणा देवरावे छे, एम बे रीते आगमसंमत छे. माटे इहां नक्की देवाना द्वादशावर्त्त वांदणाना स्थाने जो एक खमासमणे करीने पण छोभ वांदणां करे तो तेमां शुं पूछी शकाशे.?

जेमना प्रारंभे तथा अंते वांदणां देवाय एवा ग्रंथोनां नाम नीचे मुजब छे.

१ अंग, उपांग, मूळ, तथा छेदना श्रुतस्कंध, अध्ययन, अने उद्देशा.

२ एमनी निर्युक्ति, भाष्य, चूर्णि, तथा वृत्तिओ.

३ ओघनिर्युक्ति, पिंडनिर्युक्ति, ओघभाष्य, नंदी, तथा अनुयोगद्वार.

४ उपोद्घातनिर्युक्ति, तथा पयन्नाओ.

५ दशाश्रुतस्कंधनी दशाओ, भगवतीना शतको, ज्ञातानी धर्मकथाओ, अंतगड—अणुत्तरउववाइ—तथा निरयावळीना वर्गो, जीवाभिगमनी प्रतिपत्तिओ, पन्नवणाना पदो, सूरपन्नत्ति तथा चंदपन्नत्तिना पाहुडा तथा पाहुडपाहुडा, दशवैकालि-

कने आचारांगनी चूळिकाओ, आवश्यक–निशीथ–बृहत्कल्प –व्यवहारना पीठो, निशीथनुं प्रलंबप्रकृत तथा ठवणाप्रकृत, बृहत्कल्पनुं प्रलंबप्रकृत तथा मासकल्पप्रकृत, व्यवहारनुं आलोचनाप्रकृत तथा व्यवहारप्रकृत, तथा अतिदेशथी एटले यावत् शब्दथी आवता शतक, वर्ग, अध्ययन के उद्देशाओ.

६ संग्रहणी, क्षेत्रसमास, तथा कर्मग्रंथ.

## विचार २३ मो.

प्रश्नः—वृषभकल्पनाए साधुए वसति लेवी ए वात मानो छो के नहि.?

उत्तरः—मानीएज छीए. अने जो तेवी वसति मळी शकती होय तो शुं कोइ बीजी विरुद्ध वसतिमां रहे? ( बाकी अपवादनी वात जूदी छे. )

इहां वृषभ कल्पनानो विचार आ रीते छे के जे गाममां रहेवुं तेना पूर्व के उत्तर दरवाजा सन्मुख ते दरवाजा ऊपर मुख आवे ए रीते डाबे पासे बेठेलो बळद कल्पवो.

त्यां ज्यां शींगडां खूचे त्यां रहेतां कळह थाय, पगोमां रहेतां वळतुं स्थान न मळे, पेट नीचे रहेतां रोग थाय, पुच्छ आवे त्यां रहेतां फेंट पडे, स्कंध के पीठनी स्थळे रहेतां बोजो ऊचकवो पडे, तथा पेटना स्थळे रहेतां घात थाय, माटे त्यां न रहेवुं.

किंतु मुखमूळमां रहेतां खानपान मळे, तथा मस्तके अने कोंटना स्थळे रहेतां पूजा सत्कार मळे माटे त्यां रहेवुं.

# विचार २४ मो.

प्रश्नः—साधुए भोजन करी दिशाए जवुं कहेल होवाथी त्रीजा पहोरेज दिशाए जवुं जोइये, छतां तमे आगल पाछल केम जाओ छो?

उत्तरः—तमे कहो छो तेम कंइ एकांत नथी. कारण के ओघनिर्युक्तिमां काळसंज्ञा तथा अकाळसंज्ञा ए बन्नेनी विधि बतावी छे. पण कंइ एम नथी कह्युं के अकाळे बहिर्भूमिए नहि जवुं. कारण के ते ग्रंथमांज कहेल छे के आ देहमां वात, मूत्र, तथा पुरीषरूप त्रण शल्य रहेल छे तेनो वेग अटकाववो जोइये नहि.

# विचार २५ मो.

प्रश्नः—पेलीवर्षादमां त्रण दिन सूधी साधुने जमवुं पण न कल्पे एवी वात छे के नहि?

उत्तरः—एवी वात छेज नहि. किंतु ए तो अणसमजणनी वात छे. बाकी खरी वात तो आ प्रमाणे छे.

वरशाद त्रण प्रकारनी छेः—

(१) जेमां बुद्बुद थाय ते बुद्बुदवृष्टि. ते वरसतां त्रण दिवस पछी सघळुं अप्कायमय थइ जाय.

(२) जेमां बुद्बुद न थाय ते तद्वर्जवृष्टि. ते वरसतां पांच दिवस पछी सघळुं अप्कायमय थइ जाय.

(३) जेमां फुसार पडे ते फुसितवृष्टि. ते वरसतां सात दिन पछी सघळुं अप्कायमय थइ जाय.

माटे जो ए बुद्बुद वगेरा वरशादो त्रण, पांच, के सात दिन उपरांत पण निरंतर पड्या करे त्यारे साधुए सर्व चेष्टाओ बंध

करवी. पण कंइ त्रण, पांच के सात दिननी अंदर चेष्टा बंध करवी कही नथी. तेमज आंतरो मारीने वरशाद पडे तेमां पण चेष्टा बंध करवी कही नथी. ए रीते वृष्टिमां पण साधु भोजन करी शके.

## विचार २६ मो.

प्रश्नः—मात्रक (माटुं) नामे पाणीनुं वासण केम वापरो छो ?

उत्तरः—ए बाबत निशीथचूर्णिमां खुलासो करेल छे के स्थविरकल्पि मुनिओना औघिक उपकरणमांज जिनवरे मात्रक कहेल छे, पण ते आचार्यादिक माटे वापरवा कहेल छे. परंतु आर्यरक्षित स्वामिए वर्षाकाळमां घणा साधु भिक्षार्थे हींडतां अप्कायादिकनी वधु विराधना थती विचारी आहारपाणीनी सगवड माटे वर्षाकाळमां शेष साधुओने पण बीजुं मात्रक वापरवानी अनुज्ञा करी छे. बाकी शेषकाळमां मात्रक राखतां अतिलोभनो प्रसंग जाणी मनाई करी छे.

माटे आचार्यादिकना माटे एक मात्रक हमेशां राखवुं. अने बीजुं मात्रक शेषसाधुओए वर्षाकाळमां राखवुं.

## विचार २७ मो.

### ( साध्वी विहार. )

प्रश्नः—ओछामां ओछी बे साध्वीओ भिक्षा लेवा जइ शके के त्रण ?

उत्तरः—ओछामां ओछी त्रण जइ शके. केमके आगममां बेनी ना पाडी त्रण जवानुं लखेल छे.

(१) त्यां कल्पभाष्यमां लख्युं छे के त्रण साध्वीयो साथे विचारतां कूतराना के तरुण पुरुषोना पराभवथी पोतानो बचाव करी शके, परिहरवा लायक तथा नहि परिहरवा लायक घरो जाणी शके, छ कान थवाथी छानुं रहस्य करतां अटकी शके, वेमज जे द्रव्य भेगुं करतां आत्म तथा संयमविरुद्ध थाय जेवुं के–दहिं अने तेल अथवा दूध अने कांजी, ते, तथा जे देहविरुद्ध थाय जेवुं के शीत अने उष्ण, तेवां द्रव्य जूदां जूदां लइ शके.

(२) व्यवहारभाष्य तथा निशीथभाष्यमां त्रणथी ओछी साध्वीयोने गोचरी वगेरा कामे जतां निषेध पाड्यो छे.

(३) वळी ओघनिर्युक्तिना भाष्यमां साध्वीयोना उपाश्रयमां प्राहूणा साधु आवतां तेमने वांदवानी विधिमां पण एवुंज लख्युं छे के जो गणिनी स्थविरा होय तो बे के त्रण जणी थइने अने तरुणी होय तो चार के पांच जणी थइने दरवाजानी बाहेरली बाजु नीकळी तेने वांदे अने बाकीनी साध्वीयो अंदर रही थकी वांदे तथा सुखसाता पूछे.

ए संबंधे कल्पभाष्यमां एम लख्युं छे जे बे के त्रण जण थइ आवेला प्राहूणा साधुओने त्रणजणीयो थइने गणिनी वांदीने सुखसाता पूछे.

(४) कोइ केहेशे के ज्ञातासूत्रमां तेतलिपुत्रना घरे साध्वीयोनो संघाडो आवेल कह्यो छे माटे बे पण सिद्ध थइ शके. तेनुं ए उत्तर छे के साध्वीयोनो संघाडो त्रण साध्वीयोंथीज थाय छे. जे माटे पर्युषणाकल्पनी चूर्णिमां लख्युं छे के साधु उत्सर्गे बे होय अने साध्वीयो त्रण, चार, के पांच होय.

(५) कोइ कहेशे के आवश्यकचूर्णिमां लख्युं छे के बाहुबळिने काउसगमां बारमास पूरा थतां ऋषभदेवस्वामिये ब्राह्मी

अने सुंदरी ए बे जणी तेने समजाववा मोकलावी, ते केम ? तेनुं ए उत्तर छे के इहां जे बे मोकलावी एम कह्युं छे ते स्वामिपणानी अपेक्षाथी कह्युं छे, कंइ परिवारनो अभाव बताववा नथी कह्युं. केमके त्रण लाख साध्वीयोनी धणीआणी ब्राह्मी अने सुंदरी परिवाररहित मात्र बेज जणी जाय ए केम घटे ? माटे जेम तीर्थंकर, गणधर, के सूरि समोसर्या, राजा नीकळ्यो, के अमात्य आव्यो के महत्तरा आवी एवुं कहेतां त्यां परिवार नहि कह्या छतां पण परिवार आवी शके छे तेम इहां पण जाणवुं.

(६) वळी वसुदेवहिंडिमां तो खुल्लुं कह्युं छे के बाहुबळिने प्रतिबोधी कार्य सिद्ध करी सपरिवार ब्राह्मी तीर्थंकर पासे आवी. माटे इहां जेम प्रतिबोधीने पाछी आवतां सपरिवार लखी छे तेम जतां पण सपरिवारज लाभे छे.

(७) कोइ पूछे के त्यारे वसुदेवहिंडिमां विमलाभा अने सुप्रभा नामे बे साध्वीयो अंतेउरमां केम गएली लखी छे तेनुं ए उत्तर छे के ए बे साध्वीयो पूर्वभवे सौधर्मेंद्रनी इंद्राणी हती त्यांथी चवी राजकुमरी थइने जातिस्मरण पामी बाळपणमांज असंतसंवेग पामी साध्वीयो थइ छे. माटे तेमनो परिवार अवश्य होवोज जोइये. पण कदाच कारणवशे परिवार बाहेर मूकी ते बे जणीओ अंतेउरमां पेठी होय अथवा परिवार साथे अंदर पेशी पछी परिवारने बाहेर मोकली पोते बे जणी त्यां रही होय तो ए रीते बे साध्वीयो पण रही घटी शके छे. पण तेटला आलंबनथी कंइ बे जणीनो विहार सिद्ध थइ शके नहि. कारण के कारणना वशे तो कदाचित् एकली पण साध्वी थइ जाय तो कारणे बे थाय तो तेमां शुं कहेवानुं छे ?

(८) कोई कहेशे के बृहत्कल्पमां कह्युं छे के एकली साध्वीने

बाहेर जवुं न कल्पे बाकी बे के त्रण के चार जणी थइने बाहेर जवुं कल्पे. तेनुं उत्तर ए छे के वृहत्कल्पमां एवो पाठज नथी किंतु चित्रावाळगच्छना पद्मसूरिए तेवो पाठ रचीने लखी काढ्यो छे. मूळपाठ, भाष्य तथा चूर्णिमां तो रातनी वेलाएज विचारभूमि तथा स्वाध्यायभूमि बाबतज बे त्रण के चार जणी माटे विधि लखी छे. कंइ दिवसमां गोचरी के साधुवसति के बहिर्भूमि के विहारादिकमां जवानुं नथी लख्युं. छतां ए सूरिए आजुबाजुना पदो छोडी सामान्यपणे "बाहेर जवुं" पद उमेर्युं छे ते बहु अयुक्त छे.

कोइ कहेशे के त्यारे राते के विकाळे पण विचारभूमि तथा स्वाध्यायभूमिए तो बे जणी जइ शके के नहि? तेनुं ए उत्तर छे के तेम पण नहि थइ शके कारण के पाठांतरमां ते बाबत पण बे जणीनो निषेध कर्यो छे. अने ते बीजो पाठज चूर्णिकारे प्रमाण कर्यो छे.

माटे दरेक कामे त्रण साध्वीयोएज जवुं.

(९) कोइ कहेशे वृहत्कल्पना पांचमा उद्देशाना भाष्यमां बीजासहित बाहेर जवुं लखेल छे माटे बे जणी पण जइ शकशे तेनुं ए उत्तर छे के ए गाथानी बे चूर्णिकारोए तथा वृहद्भाष्यकारे पण व्याख्या करी नथी माटे तमेज कहो के ए गाथा उत्सर्गपदनी छे के अपवादनी, जो अपवादनी तो वांधोज नथी. अने जो कहेशो के उत्सर्गनी तो ते मोहोटी भूल छे. कारण जे भद्रबाहुस्वामि आगल एज ग्रंथमां सर्व स्थळे बे साध्वीयो माटे प्रायश्चित्त कहे छे तेज भद्रबाहुस्वामि पाछा इहां अपवाद विना पण सामान्यपणे बे साध्वीने विचरवानी रजा आपे ए केवुं गणाय?

वळी आगमनी व्याख्या तो परस्पर बीजा आगमना पण अविरोधे करवी जोइये. तो एकज ग्रंथमां कर्त्ताना पूर्वापर वचन बाधित केम कराय? माटे ए गाथाने यातो अपवादनी मानवी

जोइये अथवा तो आगला ग्रंथ साथे विरोध नहि आवे तेवी बीजी कोइ रीते व्याख्या करवी जोइये. ते रीते एम थइ शके छे के जेम "शाळ अने महाशाळनी साथे बीजा गौतम स्वामी दीधा" इहां सपरिवार गौतम त्रीजा छे छतां तेने बीजा करी कह्या छे तेम, अथवा तो लोकमां कहेवाय छे के "फलाणा मुसाफरनी साथे बीजा घणा छे" इहां बीजा शब्दे करीने सहाइया (संघातीओ) आवे छे तेम इहां पण बीजा शब्दनो अर्थ सहाय करतां, सहाय साथे बाहेर जवुं सिद्ध थशे.

वळी आगममां पण बीजा शब्दनो अर्थ सहाय थइ शकतो जणायो छे केमके आठमा योगसंग्रहनी चूर्णिमां एक कथामां वात आवे छे के "गणिकाए कह्युं के मने सहाइया आपो त्यारे राजाए तेने सात बीजा दीधा." इहां बीजा एटले सहाइयाज खुल्ला देखाय छे.

# विचार २८ मो.

प्रश्नः—पहेली, बीजी, तथा चोथी पोरसीमां श्रावकोने जे मुनि धर्म कहे ते काथिक कहेवाय छे, माटे तमे ते वेला केम धर्मदेशना करो छो?

उत्तरः—ए बाबत शास्त्रमांज खुलासो थएल छे. ते एवी रीते के जे साधु सूत्रपौरुषी अने अर्थपौरुषीनां काम छोडी रात दिवस धर्मकथा करवानुंज काम कर्या करे तेने काथिक गणवो. इहां जो के धर्मकथा करवी ए काम तीर्थना अव्युच्छेद तथा प्रभावनानो हेतु होवाथी भलुंज छे, छतां पण सर्वकाळ धर्मकथा कर्या करवी नहि जोइये; कारण के तेथी बीजां सर्व काम अटके छे. किंतु गच्छने मदद करनार क्षेत्र जाणी, अथवा हीणा काळ-

मां आ लोको दानना श्रद्धावंत थइ मददगार थशे एवुं जाणी, अथवा राजादिक महाकुलीन पुरुष के जे एक जण उपशांत थतां घणा उपशांत थशे एवुं जाणी धर्मकथा करवी. (इहां कारण साथे कंइ कालनियम नथी देखातो.)

वळी जो सूत्रार्थ पौरुषीमां साधुओए देशना नज करवी एम होय तो पृष्टचंपामां पिठर तथा गागलि वगेरा आगळ, अने अष्टापद ऊपर वैश्रमण वगेरा आगळ गौतमस्वामिए, तथा चित्र अने प्रदेशि आगळ केशिकुमारे, तथा वसुभूतिना घरे आर्यसुहस्तिए, तथा पाटलिपुत्रमां वैरस्वामिये केम धर्मदेशना करी?

वळी पडिकमणा संबंधे कहेल छे के जो कशो अटकाव न होय तो बधा मुनि भेगा पडिक्कमणुं थापे, पण श्रावकादिकने धर्मकथा कहेवानी होय तो गुरुमहाराज पाछळ थापे. माटे इहां पडिकमणा वेला पण कोइ वेला देशना करी शकाय एम जणाय छे तो बीजी वेळानुं शुं कहेवुं?

किंतु एटलुं घटे छे के निरंतर निःकारणे संयमयोगनी बाधा पूर्वक धर्मकथा नाहि करवी.

## विचार २९ मो.

प्रश्नः—यतिओए सूत्रपौरुषीमांज सूत्र अने अर्थपौरुषीमांज अर्थ शीखवो जोइए छतां उलटपालट केम करो छो?

उत्तरः—उत्सर्गमार्ग तो एमज छे; पण कारणवशे उलटपालट पण थइ शके छे. ए वात निशीथचूर्णिमां छे. त्यां कह्युं छे के जे काळे जे करवुं होय ते काळे तेज करवुं तेमां निःकारणे उलटपालट करे तो प्रायश्चित्त आवे पण कारणे उलटपालट पण कराय छे.

# विचार ३० मो.

## ( श्रावके त्रिविधत्रिविधे मिथ्यात्व परिहरवुं जोइये. )

प्रश्नः—श्रावकने मिथ्यात्वनो परिहार त्रिविधे त्रिविधे छे के केम ?

उत्तरः—(१) श्रावकने मिथ्यात्वनो परिहार त्रिविधे त्रिविधेज छे. केमके साधु अने श्रावकने सम्यक्त्वमां कशो फरक नथी. कारण के वसुदेवहिंडिमां वात आवेली छे के दृढधर्मकुमार कहेवा लाग्यो के कुमार, अर्हत्‌ना शासनमां साधु अने श्रावकने विनय सरखो छे तथा "जिनवचन सत्य छे" एवी दृष्टि पण सरखी छे बाकी चारित्रनी बाबतमां साधुओ महाव्रतधरनार छे अने श्रावको अणुव्रत धरनारा छे. तेमज श्रुतनी बाबतमां साधुओसमस्तश्रुत धरनार छे अने श्रावको नवतत्वमां कुशळ होय छे.

उपदेशमाळानी वृत्तिमां पण ए वात एवीज रीते कही छे.

(२) वळी दर्शनसत्तारिमां पण श्रावकने मिथ्यात्वनो त्रिविधे त्रिविधे त्याग कह्यो छे. अने त्यां मिथ्यात्वनुं स्वरूप आ प्रमाणे लख्युं छे.

"मिथ्यात्वना बे भेद छेः—लौकिक अने लोकोत्तर. ए दरेकना पाछा बे भेद छेः—देवगत अने लिंगिगत.

त्यां लौकिकदेवगत ते ए के लौकिक देवोमां मुक्तिनिमित्ते पूज्यतानी बुद्धि धरी तेमनुं स्मरण, स्तवन के पूजन करवुं.

लोकोत्तरदेवगत ते ए के लोकोत्तर देवमां पण इच्छा अने परिग्रहादिक लौकिक देवनां लिंगोनो आरोप करवो.

लौकिक लिंगिगत ते ए के तापस के शाक्यमती श्रमण वगेरा लिंगधारीओने वंदन पूजन के, सत्कार करवो अथवा तेमनी साथे वगर बोलावे आलाप करवो के तेमनी साथे सोबत वगेरा करवी.

लोकोत्तरलिंगिगत ते ए के पासत्था, उसन्ना, कुशीळ, संसक्त, तथा यथाच्छंदाओने वांदवा के तेमनी प्रशंसा करवी.

इहां यथाछंदा ते ए के जेओ स्वछंदमतिवडे उत्सूत्र आचरे तथा प्ररूपे, जेवुं के, देरासरनुं द्रव्य वधारवा माटे घरो लइ भाडे आपवां, अथवा धान्यनी धीरधार करवी, तथा देरासर माटे कूवा अने वाडीयो करवी, तथा नवा कर करावना, तथा यतिए देरासरनी सारसंभाळ करवी, इत्यादिक अनेक प्रकारनुं उत्सूत्र छे.

शास्त्रमां जे यतिने देरासर संबंधी खेतर, पैशा, गाम वगेरां संभारवां लख्यां छे ते एवा प्रसंगे के कोइ परधर्मी पराभव करीए मिलकतनो लोप करतो होय तो त्यां यतिए तेनी संभाळ करवी, पण कंइ सामान्यपणे तेनी संभाळ करवी कही नथी.

एटला माटे जे ऊपर प्रमाणे उत्सूत्र प्ररूपे तथा आचरे तेने यथाछंदो जाणवा. इहां याद राखवुं के जेओ संविग्नपाक्षिक छे ते तो शुद्धप्ररूपणा करनार होवाथी यथाछंदा गणाता नथी.

एवा यथाछंदा वगेरे हीणाचारियो ज्यां रहेता होय ते अनायतन जाणवुं. त्यां अकस्मात् रीते साधुओए जतां बनी शके तो तेमने उत्सूत्रप्ररूपणा करतांज भांजी नांखवा, अगर तेम न बने तो पोताना कान ढांकी लेवा. हवे ज्यारे साधु माटे पण आम करवुं कहेल छे त्यारे तथाविध आगमना अजाण श्रावक माटे शुं कहेवुं ? अर्थात् तेणे तो दूरज रहेवुं.

आटली वात दर्शनसत्तरीमां मिथ्यात्वना अधिकारे कही छे ते उपयोगी जाणी इहां टांकी लीधी छे

(३) कोइ पूछे के साधुओ त्रिविधे त्रिविधे सम्यक्त्वनो अंगीकार क्यारे करे छे तेणे जाणवुं के सर्वविरतिसामायिक लेतांज सम्यक्त्वनो अंगीकार आवी जाय छे. केमके आवश्यकचूर्णिमां

सामायिकनो अर्थ करतां कह्युं छे के ज्ञान, दर्शन, अने चारित्र-रूप भावसम्यकूनो जे आय एटले लाभ तेज समाय अने समाय तेज सामायिक माटे सामायिक अंगीकार करतां ज्ञान, दर्शन, अने चारित्रनो अंगीकार थाय छे.

वळी एज चूर्णिमां व्याख्यांतरे "तिविहं तिविहेणं" नो अर्थ एम कर्यो छे जे तिविहं एटले ज्ञान, दर्शन, अने चारित्रभेदे करी त्रण प्रकारनुं सामायिक करुं छुं. अने तिविहेणं एटले मिथ्यात्व, अज्ञान अने अविरितरूप त्रण भेदे करी सर्व सावद्यनुं पचखाण करुं छुं. माटे आ व्याख्यामां खुल्लो अंगीकार देखाय छे.

वळी विशेषावश्यकमां पण सामायिकनी व्याख्या करतां सम्यक्त्व, श्रुत, अने चारित्ररूप त्रण प्रकारनुं सामायिक कही वोसिरामि पदनी व्याख्या करतां मिथ्यात्व, अने अविरितनो साग जणाव्यो छे.

(४) कोइ पूछे के श्रावके श्राद्ध, संवच्छरी, मासी, छमासी, नवमी, तथा जलांजलि वगेरां करवां के नहि? तेनुं ए उत्तर छे के ए बधां अज्ञानिओनां काम छे. श्रावकनां ए काम नथी.

आ बाबत जंबूस्वामी अने प्रभवनो संवाद वसुदेवहिंडिमां छे ते लखीये छीये.

"प्रभव जंबूस्वामीने कहेवा लाग्यो के स्वामिन्, लोकधर्म पण प्रमाण करवो जोइये केमके पितरोने पिंड देनार पुत्र पेदा कर्याथी पितरोनी तृप्ति थाय छे एम विद्वानो कहे छे. त्यारे जंबूस्वामी तेने कहेवा लाग्या के ए वात जूठी छे. कारण के भवांतरगत जीवो पोताना कर्मने आधीन रहेल छे. ते जीवोनुं जेम परभवे ऊपजवुं कर्माधीन छे तेम आहार पण कर्माधीनज होवो जोइये. वळी विचार करो के आहार तो अचेतन छे, ते पुत्रोए आप्यो थको

मुवेलाओ पासे पोची केम शके. माटे मुवेलाने उद्देशीने पुत्र जे आपे ते तेनी भक्ति देखाय खरी पण कंइ मुवेलाने पहोचे नहि.

वळी विचारो के कोइ बाप के बपावो कर्मयोगे मरीने कुंथु के कीडीरूपे जन्म्यो. हवे ते ठेकाणे तेनो पुत्र तेना निमित्ते त्यां पाणी आपे तो शुं उपकार थशे के अपकार! ते विचारो."

आ पिंडदाननी उत्पत्ति माटे आवश्यकचूर्णिमां एवुं लख्युं छे के श्रेणिक राजा मरण पामतां कोणिक राजा बहु शोकातुर थयो तेनो शोक टाळवा मंत्रिओए युक्ति रची ते एवी के जूना ताम्रपत्र ऊपर पिंडदाननी विधि कोतरावी राजाने बतावीने कह्युं के महाराज आवी रीते पिंडदान करशुं तो राजानो निस्तार थशे. त्यारथी पिंडदान चालवा लाग्युं.

(९) कोइ कहे के श्रावकोए पोते श्राद्ध संवछरी न करवां, पण बीजाए करेल श्राद्ध संवछरीमां जमतां शो दोष छे? तेनुं ए उत्तर छे के जेम गौरीभक्त, गणेशना मोदक, भट्टारिकानुं नेवद, अनंतव्रतनुं भोजन, कज्जलीनुं भोजन, दूबळी आठम वछबारश तथा शिवरातनां भोजन, संडविवाहनुं भोजन, सोमेश्वरनी यात्रा माटेनुं देव भोजन, यज्ञनुं भोजन. महानवमी वगेरानां लाणां, तळाव वगेराना भर्यानुं भोजन, खेतरपाळनुं भोजन, उत्तरायणनुं भोजन, अने कृष्णरात्रिनुं भोजन वगेरा भोजनो मिथ्यात्वना स्थिरीकारनां कारण होवाथी परिहरवा लायक छे तेम श्राद्ध संवच्छरीनुं भोजन पण परिहरवुं जोइये.

इहां याद राखवुं जोइये के मुनिओ भिक्षाचारी होवाथी तेओ एवां भोजन ल्ये तो तेमने स्थिरीकारनो दोष थतो नथी. माटे तेमने ते कल्पे. तेथीज हरिकेशिबळमुनिए, जयघोषमुनिए, तथा विजयघोषमुनिए यज्ञमांथी आहार वोर्यो छे. तथा नंदिषेणना

पूर्वभवमां तेना यज्ञनो बचेल आहार मुनिओए वोर्यो छे.

(६) कोइ कहे के त्यारे धर्मना अर्थे करेला कूवा तळावमांथी पाणी लेतां स्थिरीकरण थाय के नहि? तेनुं ए उत्तर छे के त्यां स्थिरीकरण नथी थतुं, कारण के जो त्यां स्थिरीकरण थतुं होय तो श्रावकने माटे एवुं लखवामां आवत के तेणे पोते जूदां कूवा तळाव कराववां; पण तेम तो क्यां कह्युं नथी.

(७) कोइ कहेशे के यक्षयक्षणीयोने धर्मार्थे पूजतां मिथ्यात्व लागे पण सांसारिक काम माटे पूजतां केम मिथ्यात्व लागे तेनुं ए उत्तर छे के एम मानीए तो शिवादिक देवना भक्तोने पण मिथ्यात्व नहि लागशे कारण के प्राये तेओ पण तेमने सांसारिक अर्थेज पूजे छे.

(८) कोइ कहेशे के जेम अविरत राजा के वैद्यने नमस्कार करवामां आवे छे तेम गोत्रदेवीओने पण पूजतां शो दोष छे? तेनुं ए उत्तर छे के राजादिकने नमस्कार करतां आरंभनी अनुमति लागे छे, पण कंइ मिथ्यात्वनी अनुमति नथी. पण गोत्रदेवतादिकने नमतां तो अदेवमां देवबुद्धिरूप मिथ्यात्वज छे. एटला माटेज आवश्यक चूर्णिमां कह्युं छे के पुत्र मळवा माटे नागरथिके घणा देवदेवी पूज्या; पण सुलसा श्राविका होवाथी तेणीए नहि पूज्या. तथा त्यांज "देवयाभियोगेणं" नी व्याख्या करतां कह्युं छे के एक गृहस्थ श्रावक थतां तेणे व्यंतरो पूजवा छोडी दीधा त्यारे एक व्यंतरीए कोप करी तेनो गाय चारनार छोकरो गायो साथे अलोप कर्यो हवे छोकरानी शोध करवामां ते श्रावक ज्यारे आकुल थयो त्यारे व्यंतरी एक स्त्रीना शरीरमां प्रवेश करी कहेवा लागी के मने केम पूजता नथी? श्रावके विचार्युं के मारा धर्मनी विराधना नहि थाय तेम उपाय करवो तेथी तेणे कह्युं के त्यारे जिनप्रतिमानी पाछल बेशो. व्यंतरीए ते

कबूल करतां तेने जिनप्रतिमा पाछल बेशाडी अने तेणीए गायो तथा छोकरो आणी आप्यो.

(९) हमणाना आचार्योंए पण कह्युं छे के जेम कुलीन स्त्रीओए वेश्याना घरे न जवुं तेम सुश्रावके कुतीर्थमां नहि जवुं. कारण के त्यां जतां बीजा विचारे के ज्यारे आ, धर्ममां कुशळ श्रावक पण इहां आवे छे त्यारे आ धर्म पण सरस लागे छे, ए रीते तेना भक्तोने स्थिरीकार थाय अने ए रीते बीजा भव्य प्राणीओने जे मिथ्यात्व उत्पन्न करावे ते जिनभाषित बोधि नहि पामी शके. माटे जे पुरुष मिथ्यात्वना कारणोने दूर नहि करे ते स्व अने परने संसारमां पाडे छे, वळी ते मूढपुरुष लोकिकतीर्थोमां जइने पुन्ययोगे चिंतामणि माफक मेळवेलुं सम्यक्त्व हारी नाखे छे.

# विचार ३१ मो.

प्रश्नः—श्रावकने मिथ्यात्वी साथे वसतां अनुमति लागे के नहि?

उत्तरः—श्रावकने मिथ्यात्वी लोको साथे वसतां पण मिथ्यात्वनी अनुमति नथी लागती ए बाबतनो खुलासो दर्शनसत्तरीमां जेम छे तेम लखीए छीये.

शास्त्रमां अनुमति त्रण प्रकारे कही छे—संवासानुमति, उपभोगानुमति, अने प्रतिश्रवणानुमति त्यां साथे वसवुं ते संवासानुमति, तेना करेलने भोगववुं ते उपभोगानुमति, अने तेणे पूछतां हा पाडवी ते प्रतिश्रवणानुमति.

इहां कोइ कहेशे के श्रावकने मिथ्यात्वनो त्रिविधे त्रिविधे परिहार मानीए तो संवासानुमति केम टळे? तेनुं ए उत्तर छे के ए त्रण प्रकारनी अनुमति आरंभनी बाबतमां कही छे. माटे आ-

रंभना प्रमाणे कंइ मिथ्यात्वमां संवासानुमति जिनमतमां मानेली नथी. तेनां कारण नीचे मुजब छे.

सामान्यपणे अनुमति ए कहेवाय छे के आपणे एवी अनुकूळता बतावीये के जेनावडे सामो धणी जे आरंभ के मिथ्यात्वमां प्रवर्त्ते छे तेना मनमां एवो विकल्प पेदा थाय के मने इहां प्रवर्त्ततां आ अनुमत करे छे, तो त्यां आपणी अनुमति थइ जाणवी. आ कारणथी आरंभमां संवासानुमति लागे छे अने मिथ्यात्वमां नथी लागती कारण के देश के नगरमां साथे वसता राजा, शेठ, वेपारी, खेडुत, तथा कारीगर वगेरा तमाम लोको जाणे छे के अमो एक बीजानां कामकाज करता होवाथी तेमज राजानो कर भरता होवाथी एक बीजाना मददगार छीये. आ रीते आरंभना कामनी सामग्रीमां दरेक जणनी सामेलगिरी होवाथी आरंभमां संवासानुमति रहे छे. अने एथीज यतिनी आरंभना कामनी सामग्रीमां सामेलगिरी नहि होवाथी यतिने संवासानुमति नथी लागती. पण मिथ्यात्वमां संवासानुमति नथी. कारण के मिथ्यात्व तो पोताना अध्यवसायथीज थाय छे. अने ते अध्यवसाय कंइ परथी एटले सहवासिओथी पेदा थता नथी. वळी कदाच श्रावक राजादिकना उपरोधथी लौकिकमिथ्यादृष्टिदेवोनुं वंदन पूजन करतो रह्यो होय तोपण त्यां तेनी अनुमति गणाती नथी. कारण के अध्यवसायनेज मिथ्यात्व कहेवाय छे.

माटे मिथ्यात्वमां संवासानुमति नथी लागती. अगर जो इहां पण संवासानुमति मानीए तो सम्यक्त्वमां पण संवासानुमति लागशे. अने तेम मानवा मांडीए तो अभव्यने सम्यक्त्वानुमति थतां मोक्षप्राप्ति थवानो प्रसंग लागु पडशे.

# विचार ३२ मो.

## ( उपकरण बाबत. )

प्रश्नः—कडाइ, टोप तथा नंदीपात्र[1] वगेरां, अने नेण, सूइ, तथा कातर वगेरां उपकरण केम राखो छो?

उत्तरः—कारणे ए उपकरणो पण आगममां राखवां कह्यां छे. कारण के कल्पमां कह्युं छे के साधुने चौद अने साध्वीने पचीश ते औधिक उपकरण छे, बाकी औपग्रहिक तो बन्नेने संथारपट्टक वगेरां अनेक प्रकारे छे.

आचारांगटीकामां तिलोदग तुसोदगना प्रसंगमां टोप तथा कडाइ कहेल छे.

निशीथचूर्णि तथा व्यवहारमां नंदिपात्र, विपात्र[2], कमठक, विमात्रक[3], तथा प्रस्रवणमात्रक राखवां कह्यां छे.

बृहत्कल्पभाष्यमां जघन्य, मध्यम, तथा उत्कृष्ट औपग्रहिक उपधि नीचे मुजब लखेली छे.

(१) काष्ठ के छाणनुं पीठ, उत्तरपटसहित निषद्या[4], दंडक, प्रमार्जनी, घडो, कुटमुख[5], कातर, सूइ, नेण, कर्णशोधनिका, ने दंतशोधनिका, ए जघन्य उपधि जाणवी.

(२) पांचवासत्राण[6] (वाळनुं, सूत्रनुं, सूचिकुट, शीर्षक, अने छत्र), पांच चिलिमिणी (वाळनी, सूत्रनी, वागनी, दंडनी, तथा कटकमय), बे संथारा (संथारपट्ट तथा उत्तरपट्ट), पांच दंड (दंड[7],

---

१ मोटुं. २ पात्रा करतां नानुं. ३ मात्रक करतां नानुं. ४ बेसवानुं आसन. ५ सांकडा मुखनो घडो. ६ वरसादथी बचावनार. ७ बाहुप्रमाणवालो ते दंड. ते रिपुनो वध करतां काम लागे छे.

विदंड[1], लट्ठि[2], विलट्ठि[3], ने नळिका[4]), त्रण मात्रक (उच्चारनुं, प्रश्रवणनुं, तथा श्लेष्मनुं), पादलेखनिका, त्रण चामडां (प्रावरण, उत्तरपट्ट, तथा नळिका, अथवा कर्त्तित, तळिका, अने वभ्भा), बे पाटा (संथारपट्ट अने उत्तरपट्ट अथवा सन्नाहपट्ट अने पलांठी-पट्ट), ए मध्यम उपधि जाणवी.

(३) मध्यम उपधि उपरांत बे प्रकारनुं अक्षसंघाटक (एकांगिक अने अनेकांगिक), तथा पांच प्रकारनां पुस्तक, अने फलक ए उत्कृष्ट उपधि जाणवी.

इहां दंडक, विदंडक, यष्टि, अने वियष्टि ए सर्व साधुओने जूदां जूदां होय छे अने ए उपरांत चर्मकृत्ति[5], चर्मकोशक[6], चर्मच्छेद[7], योगपट्ट, अने चिलिमिनि ए गुरुनी उपधिओ होय छे.

वळी त्यां लख्युं छे के ए उपधिओ तथा एना जेवी उपानह् वगेरा बीजी उपधिओ जे तपसंयमनी साधक होय ते औपग्रहिक उपधि जाणवी.

निशीथचूर्णिमां लांबा मार्गमां ऊतरतां नीचे मुजब औपग्रहिक उपकरण लेवां लख्यां छे.

चामडानां नव उपकरण—(नळिका, पन्टीला, खल्लक, वभ्भा,

---

१. दंड करतां नानो ते विदंड. ए वर्षाकाळे गोचरी जतां लेवाय छे. वरशाद आवतां तेना ऊपर कपडुं नाखी तेनी हेठे चालतां अप्कायनो ओछो स्पर्श थाय छे. २ पोता करतां चार आंगल ऊणी ते लाठ. तेना वडे पडदो बंधाय छे. ३ लाठ करतां नानी ते विलट्ठि. ते क्यांक उपाश्रयना बारणा ढांकतां काम आवे छे. ४ पोता करतां चार आंगल मोटी ते नळिका. ते पाणीमां पेसतां पाणीनी ऊंडाइ तपासवाना काममां आवे छे. ५ छवट्टिका. ६ जेमां नेण वगेरा रखाय ते. ७ वाधरनो कटको अथवा कातर.

अंगुलिकोशक, खपुस, वगुरि, अर्द्धसंघाडी, अने कटित्र.)

सींकुं तथा कावड.

लोढानां ११ उपकरण–(कातर, सूइ, तूटेल पगरखां सीववा सारुं आर, कांटा काढवा तथा नख कापवा सारुं नेण, पत्थणशस्त्र, अंगुलिशस्त्र, सिरावेधनशस्त्र, कर्पणशस्त्र, लोहकंटक, अनुवेधशळाका, तथा व्रीहिमुख वगेरां.)

नंदीभाजन, धर्मकारक, परतीर्थनां उपकरण, उंबरना चूर्णनी गोळीओ, छासथी भावेलां कपडानां कटकां, तथा खोल.

ए प्रमाणे उपकरण मार्गे ऊतरतां मुनिए साथे लेवां. एनां प्रयोजन त्यां विस्तारथी कह्यां छे.

माटे झाझुं न लखतां एटलुंज लखिये छीये के ए उपकरणो उपरांत बीजां पण जे कोइ उपकरण आत्मसंयमना बचावना हेतु होवाथी लेवामां आवे ते सर्व "जं अन्नं एवमाइ तवसंजमसाहगं जइजणस्स" ए गाथाना बळे सिद्ध थइ शके छे.

## विचार ३३ मो.

प्रश्नः—चोलपट्टो पहेरवो क्यां कह्यो छे?

उत्तरः—दशवैकालिकचूर्णिमां कह्युं छे के लज्जाना कारणे चळोटो लेवाय छे.

आचारांगमां पण कह्युं छे के कोइ साधु नग्न रहेतां ते परीषह खमवा समर्थ होय छतां शरम जीतवा असमर्थ थाय तो तेने कटिबंध एटले चोलपट्टो धरवो कल्पे.

स्थानांगमां पण त्रण कारणे वस्त्र राखवां कह्यां छे–लज्जाना कारणे, प्रवचननी दुगुंछा थती अटकाववाना कारणे, तथा परी-

षह नहि खमी शकवाना कारणे.

वळी जिनकल्पिओने पण कारणे चोलपट्टक राखवो पंचकल्पमां कह्यो छे.

## विचार ३४ मो.

प्रश्नः—चलोटानुं प्रांत गोपववुं क्यां कह्युं छे?

उत्तरः—छेदग्रंथोमां अपवादपदे एटले ग्लान होतां, लोच करतां, आचार्यादिकना शरीरनुं वैयावृत्त्य करतां, ऊंचे टांगेलां भाजन ऊतारतां, सूवानो संथारो पाथरतां, उपाश्रय प्रमार्जतां, तथा मरेला साधुने ऊपाडतां इत्यादि कारणे कटिपट्टक करवुं, एटले चलोटो कटिमां मजबूत बांधवो कह्यो छे.

माटे ए कारणोमां चलोटो पहेरतां ते दोरथी अथवा प्रांत गोपवाथीज रही शके छे.

## विचार ३५ मो.

प्रश्नः—ऋतुबद्धकाळमां पीठफलकादिक केम नथी वापरता?

उत्तरः—(१) निशीथभाष्यमां संथाराना भेद बतावी कह्युं छे के गमे ते प्रकारनो संथारो ऋतुबद्धकाळमां लेतां आज्ञाभंग, अनवस्था, अने मिथ्यात्व थाय छे. संथाराना भेद आ प्रमाणे पाड्या छ. संथारो बे प्रकारनोः—परिसाटी, अने अपरिसाटी. परिसाटी बे प्रकारनोः—शुषिर अने अशुषिर—त्यां शाळ के तृण वगेरानो शुषिर अने दर्भनो अशुषिर. अपरिसाटी बे प्रकारनोः—एकांगिक अने अनेकांगिक. एकांगिक बे प्रकारनोः—संघातिम अने असंघा-

तिम. अनेकांगिक ते द्रुमादिकनो जाणवो.

(२) व्यवहारना पीठमां कह्युं छे के ऋतुबद्धकाळमां निःकारण संथारा ऊपर सूए तथा पीठफलकादिक वापरे तेने अवसन्नो जाणवो.

(३) "राजाए लावेला सिंहानपर बेशीने अथवा भगवानना पादपीठ ऊपर बेशीने गणधर देशना आपे" ए दाखलाथी पीठादिकनो परिभोग सिद्ध करी शकाय तेम नथी. कारण के ए तो गणधर महाराजनो कल्प छे तथा तेओना माटे अनुज्ञा छे पण कंइ बीजा आचार्यो माटे नथी. वळी गणधरोने पण समवसरणमांज अने राजाए लावी आपेलज सिंहासन अनुज्ञात कर्युं छे. संयतोए लावी आपेलनी वात नथी.

(४) व्याख्यान अवसरे पण कंबळमय निषद्या करवी कहेल छे. जे माटे निशीथचूर्णिमां लख्युं छे के सूत्रमंडळीमां निषद्या करवानीज भजना छे एटले के कराय पण अने नहि पण कराय. जो कराय तो त्यां सर्व शिष्योए एकेक कांबली देवा बाबतमां पण भजना छे एटले के तेम पण कराय अने बीजी रीते पण कराय. जो निषद्या नहि कराय तो एक कपडापर बेशी गुरु वाचना आपे.

अर्थमंडळीमां नक्की निषद्या करवी अने जेटला सांभळनार होय ते बधाजणे पोतानां कपडां के कांबळीओ देवी. कदाच थोडा सांभळनार होय तो बीजानी मागी लइ देवी. तेनावडे एक स्थापनानी अने बीजी गुरुनी निषद्या करवी.

(५) वळी आचार्यनो संथारो जमीनथी त्रण हाथ ऊंचो करवो कल्पमां कह्यो छे कारण के तेथी ओछो होय तो सर्पनुं भय रहे.

त्यां पण चूर्णिकारे वर्षाकाळमांज तेम करवानुं जणाव्युं छे.

(६) कोइ पूछे के दशाश्रुतस्कंधमां कह्युं छे के मासिकप-

तिमा धरनार साधुने पृथिवीशिला, अथवा काष्टशिला, अथवा यथासंस्तृत एटले के खपमां लागे तेवी रीते मळेलां तृणादिक, ए त्रण संथारा प्रतिलेखवा कल्पे. माटे ज्यारे प्रतिमाधरने पण त्रणे संथारा सर्वकाळमां जणाव्या छे त्यारे बीजा मुनिने केम न कल्पे? तेनुं उत्तर ए छे के ए प्रतिमाधर साधुनो कल्प जूदो छे. कारण के तेओ कंइ ए संथारा मागी लावता नथी. वळी ए मासिकप्रतिमाधर मुनि शरीरनुं पण प्रतिकर्म करता नथी. कारण के त्यां लख्युं छे के मासिकप्रतिमाधर मुनिना उपाश्रयमां कोइ आग धुखावे तो त्यां ते मुनिने नीकळवुं के पेशवुं कल्पे नहि. तेमज तेना पगमां कांटो के कांकरो लागे अथवा आंखमां जीवजंतु के रज पेसे तो ते तेने काढवां कल्पे नहि. माटे एवा मुनिनुं आलंबन लेवुं अयुक्त छे.

# विचार ३६ मो.

## ( पौषध विषे. )

प्रश्नः—पौषध दरेक दिवसे केम नथी करावता?

उत्तरः—आगममां पर्व दिवसमांज पौषध करवुं कहेल छे.

जुओ भगवतीमां लख्युं छे के आठम, चौदस, पूनम अने उद्दिष्टाना दिने प्रतिपूर्ण पौषध पाळता थका विचरे छे. एनी टीकामां लख्युं छे के "पौषधं पर्वदिनानुष्ठानं" "पौषधं च यदा यथाविधं च ते कुर्वंतो विहरंति तद्दर्शयन्नाह चाउदस्सेत्यादि. इहोदिष्टा अमावास्या" एनो भावार्थ ए छे के पौषध एटले पर्वदिवसनुं अनुष्ठान. अने ते क्यारे अने शी रीते करता ते बताववा सूत्रकार कहे छे के आठम, चौदश, पूनम अने अमावास्याना दिने चउवि-

हार पोसह करता. माटे इहां टीकामां काळनियम खुल्लो जणाय छे.

भगवतीनी वृत्ति प्रमाणे स्थानांगवृत्तिमां, उपाशकदशानी वृत्तिमां, ज्ञातासूत्रनी वृत्तिमां, उत्तराध्ययननी वृत्तिमां, आवश्यकनी वृत्तिमां, पंचाशकनी वृत्तिमां, आवश्यकचूर्णिमां तथा पुष्पमाळानी वृत्तिमां पौषध ते पर्वदिने करवानुं अनुष्टान कह्युं छे.

योगशास्त्रनी वृत्तिमां पण आठम, चौदश, पूनम, अमावस्या रूप चउपर्वीमां पोसह करवुं कह्युं छे.

वळी ए उचपर्वीमां देवताओ पण मेरु वगेराना चैत्योमां महिमा करे छे एम गणिविद्या पयन्नामां लख्युं छे

(१) कोई कहेशे के ऊपर प्रमाणे तो जो के पर्वमां पोसह आवे छे, छतां पण जो विरतिरूप पोसह दररोज पण करीए तो तेमां शो दोष छे?

एनुं उत्तर ए छे के जिनभाषित करतां अधिक के ऊणुं करतां शास्त्रमां दोषज प्रतिपादन कर्यो छे. जो तेम नहि होय तो तो देवसी, पाखी वगेराना काउसग्गनां प्रमाण आप्यां छे ते करतां वधु वखतना काउसग करतां, तथा प्रव्रज्या देतां त्रणवार सामायिक उच्चरवाने बदले चार वार उच्चरतां, तथा चोथी प्रदक्षिणा देतां, तथा बीजा अनेक कृत्योमां अधिकता करतां पण दोष नहि लागशे. पण तेम तो कंई छे नहि, माटे पूर्वपुरुषोए जे अनुष्टान जे रीते अने जेटलुं कह्युं होय ते तेमज करवुं जोइये.

(२) इहां कोई पूछे के विपाकसूत्रमां लख्युं छे के सुबाहुकुमारे एकवेळा आठम, चौदस, पूनम अने अमावास्याना दिनोमां पोसहशाळामां आवी अठमभक्त पोसह लीधुं माटे अठमभक्तना त्रण दाहाडा होवाथी अपर्वमां पण पौषध आवशे. तेनुं ए उत्तर छे के ए विपाकसूत्रना ए बाबतना अक्षरो अतिगंभीर छे. कारण

के एक तो त्यां पर्वतिथिओ कही छे अने बीजुं अठमभक्त कह्युं छे. हवे ए बधा पर्वो समकाळे तो कंई संभवे नहि. तेथी अनागत अथवा अतिक्रांतपर्वनी कोई अपेक्षाए पर्वना अनुष्ठान मेळवी अपर्वमां पण पर्वानुष्ठान करवानुं होवाथी पर्वनो उपचार करी समकाळे बधां पर्व कह्यां होय तो पण बहुश्रुत जाणे !

ए रीत प्रमाणे त्रण दिन ते तेरश चौदश-पूनमरूप, अथवा चौदश-पूनम-एकमरूप, अथवा छठ सातम-आठमरूप, अथवा आठम-नोम, दशमरूप आवे. कारण के जेने प्रतिपर्वे पोसह करवानो नियम होय तेनाथी कारणयोगे आठमना दिने पोसह नहि थई शक्युं होय तो यावत् तेरशमां पण करी शकाय छे. तेमज चौदश पूनमना पोसह कारणयोगे कोई वेळा अगाऊथी यावत् नोम दशमना पण करी शकाय छे.

आ रीते ए सूत्रनुं समाधान अमे कर्युं छे. अगर बीजी कोई रीते ग्रंथांतरना अविरोधे बहुश्रुतोए व्याख्यान करी समाधान करवुं.

(३) नंदमणियारना अधिकारमां ते मिथ्यात्व पाम्या पछी जेठ मासमां अठमभक्त लइने पोसहशाळामां रह्यो एम कह्युं छे. माटे अनियतदिनना पोसह वगर जेठ मासमां त्रण पोसह केम घटे? तेनुं ए उत्तर छे के ज्ञाता सूत्रना ए अधिकारमां पहेलुं अठम भक्तज कह्युं छे अने ए अक्षरोथी कंइ एम सिद्ध थातुं नथी के अठम भक्तना त्रण दिन पोसह साथेज हतां, कारण के जो तेम होत तो सुबाहुकुमारनी माफक पहेलां पोसहशाळानी प्रमार्जनादिक विधि कहेत पण तेम इहां नथी. इहांतो अठम भक्त लेवानुं पहेलुं लख्युं छे अने पोसहशाळानी विधि पछी लखी छे. माटे अठम भक्त लीधा बाद अंते एक के बे दिनमां पर्व आवी जतां साथे पौषध पण लीधुं होय एम संभवे छे. अने ए रीते सू-

मना अक्षरोनो पण निर्वाह थइ शके छे.

वळी इहां एक बीजो विचार करवो घटित छे के आपणमां पहेलुं पौषध लेवाय छे अने पछी पचखाणना अवसरे तप लेवाय छे, ए वात प्रसिद्धज छे. तेमज द्रव्यपोसहमां पण पहेलो पौषधनी क्रियानो अंगीकार कराय छे अने पछी अठम भक्त लेवाय छे. एम ज्ञाता सूत्रमां अभयकुमारना प्रसंगमां लखेल बिना ऊपरथी जणाय छे. छतां नंदमणियारे तेथी विपरीत कर्युं छे. तेथी एम जाणवाने कारण मळे छे के नंदमणियारे मिथ्यात्व पाम्या पछी ए क्रिया करी छे. अने मिथ्यात्वीनी क्रिया सम्यक् होवानी भजना छे तेथी तेमां शी आस्था करी शकाय?

(४) वळी वसुदेवहिंडिमां विजयसेन राजानी वातमां लख्युं छे के राजा ऊपर वीजली पडवानी छे एम निमित्तिआए जणावतां मंत्रिए राजाना सिंहासनपर एक मूर्त्ति स्थापी राजाने धर्मपरायण रहेवा जिनमंदिरमां मोकलाव्यो. त्यां राजा सातदिन सूधी पोसह पाळतो थको रह्यो. सातमा दहाडे बपोरे वीजळी स्थापेल मूर्त्ति ऊपर पडतां राजा पोसहशाळाथी घरे आव्यो.

इहां ए उत्तर छे के ए राजाए कंइ पौषधव्रत नथी कर्युं किंतु उपसर्ग निवारवा माटे उपसर्गनी हद सूधी पोसहनी क्रियानो अंगीकार करवा रूप अभिग्रह कर्यो छे कारण के सातमा दिने बपोरेज उपसर्ग दूर थतां पोसहशाळाथी बाहेर नीकल्यो एम कह्युं छे माटे पौषधव्रत होय तो ते कंइ बपोरे पूरुं थाय नहि. बाकी उपसर्ग सूधी धारेलो पौषधनो अभिग्रह पूर्ण थयो छे.

कोइ पूछे के त्यारे पोसह पाळतो थको एनो केम अर्थ करवो तेनुं ए उत्तर छे के जेम भरत वगेरा अविरतिओना अधिकारमां पौषधिक ए शब्दनो अर्थ अंगीकार करी छे पौषधक्रिया

जेणे, नहि के पौषधव्रतवाळो एम कराय छे तेम इहां पण उपसर्ग सूधी पौषध क्रियानो अभिग्रह पाळतो थको एम व्याख्यान करी शकाय छे.

(५) वळी वसुदेवहिंडिमां मेघरथराजानी कथामां लख्युं छे के मेघरथराजा एकदा अठम भक्त लइ प्रतिमामां ऊभो रह्यो. तेने इंद्रे प्रणाम करी तेनां वखाण करतां इंद्राणीओ डगाववा आवी पण ते डग्यो नहि तेथी इंद्राणीओ तेने नमी जती रही. अने सूर्य ऊगतां राजाए प्रतिमापौषध पार्युं.

इहां ए उत्तर छे के ए राजाए कंई अष्टमभक्तपूर्वक पौषध नथी लीधुं किंतु काउसग्ग करेलो छे. कोई पूछे के त्यारे अंते प्रतिमापौषध पार्युं एम लख्युं छे तेनो शो अर्थ तेनुं ए उत्तर छे के प्रतिमापौषध एटले प्रतिमारूप अनुष्टान अथवा प्रतिमारूप अभिग्रह ए अर्थ संभवे छे.

कदाच कोई पूछे के शुं अग्यारमा व्रत विना बीजा ठेकाणे पण पौषध शब्द वर्त्ते छे? तेनुं ए उत्तर छे के हा वर्त्ते छे. कारण के साधुना अधिकारे "पक्खियपोसहिएसु समाहिपत्ताणं" एनी चूर्णिमां लख्युं छे के इहां पौषधव्रतवगर सामान्यपणे साधुना धर्म कृत्यनो वाचक पौषध शब्द छे वळी आवश्यकचूर्णिमां सामायिकना अतिचारना अधिकारमां मनदुःप्रणिधाननी व्याख्यामां लख्युं छे के पोसहवाळो एम चिंतवे जे घरे आ काम ठीक छे, आ अठीक छे, ए मनदुःप्रणिधान. इहां पोसह शब्द सामायिकवाची छे. तथा देशावकाशिव्रतना अतिचारमां अमनोज्ञप्रयोगनी व्याख्यामां पोसह क्यारे पूरूं थशे एम चिंतववुं ते अमनोज्ञप्रयोग एम लख्युं छे. इहां पौषधशब्द देशावकाशीवाचक छे. तथा एज चूर्णिमां एक कथामां एकांतर मैथुननी निवृत्तिनी वातमां

लख्युं छे के "जे दिवसे एकने मोकलुं ते दिने बीजानुं पौषध हतुं" एम कह्युं छे. इहां पौषध शब्द अभिग्रहवाची जणाय छे.

(६) वळी कोइ कहे के भगवतीमां शंखश्रावकना अधिकारे लख्युं छे के "शंखे बीजा श्रावकोने कह्युं के तमे असन, पान, खादिम, स्वादिम करावो एटले आपणे ते खातापीता थका पाक्षिकपौषध पाळता विचरशुं" एपरथी पोसहमां श्रावकने भोजन आवे छे के नहि ? तेनुं ए उत्तर छे के भोजन नथी आवतुं कारण के टीकाकारे इहां बीजी रीते व्याख्यान कर्युं छे ते एम छे के खातापीता थका" इहां वर्त्तमानकाळ छे तोपण अर्थ भूतकाळनो करवो तेथी एवो अर्थ थाय छे के "खाइपी लीधा बाद." अने इहां भूतकाळनो अर्थ छतां भोजन कर्या बाद तरतज पौषध करशुं एम अविलंब जणाववा वर्त्तमान वापर्यो छे.

(७) कोइ कहेशे के "चउदस, आठम, अमावस्या अने पूर्णिमाना दिने प्रतिपूर्ण पौषध करता थका विचरे छे" ए वचनथी ए दिवसोमां तो पोषध करवुं सिद्ध थशे पण पर्युषणना दहाडे अठमपोसह केम सिद्ध थशे. तेनुं ए उत्तर छे के पौषध एटले शास्त्रमां पर्वदिननुं अनुष्ठान कहेल छे, अने पर्युषण पण पर्व छे माटे त्यां पौषध करवुं सिद्धज छे.

वळी पर्युषणना दहाडे अठम नहि करे तो शास्त्रमां प्रायश्चित्त लखेल छे. तथा निशीथचूर्णिमां एक कथामां लख्युं छे के राजाए राणीयोने कह्युं के तमे अमावस्यानो उपवास करी पडवेना दिने बधां खानपान करी साधुओने उत्तर पारणे वोरावी पारणुं करो. कारण के पजोसणनुं अठम करवानुं होवाथी पडवेना दिने उत्तर पारणुं थाय छे. इत्यादिक प्रमाणोथी पर्युषणना त्रणे दिन पर्वरूपे प्रसिद्ध छे. माटे त्रणे दिन पौषध करवुं घटे छे.

# विचार ३७ मो.

प्रश्नः—तमे कल्याणिकना दिने पौषध केम नथी मानता ? कारण के सूयगडांगनी टीकामां लख्युं छे के "चौदश आठम वगेरा तिथिओमां, उपदिष्टा एटले महाकल्याणिकना संबंधथी पुण्यतिथिपणे प्रसिद्ध थएल तिथिओमां, तथा पौर्णमासी एटले चारे चोमासानी तिथिओमां, ए प्रकारना धर्मदिवसोमां सुप्रतिपूर्ण पौषधव्रत पाळता थका विचरे छे." एपरथी तो कल्याणिकना दिने पौषध सिद्ध थाय छे तथा अमावास्या अने चोमासा शिवायनी पूनमो अपर्व जणाय छे.

उत्तरः—ए टीकाकारे कोण जाणे केवा आशये उद्दिष्टानो उपदिष्टा एवो पर्याय करी सर्व आगममां प्रसिद्ध अमावास्या अने पूर्णिमाओ मेळी दीधी छे, तथा आगम ग्रंथमां क्यां पण नहि कहेला कल्याणकोमां तपपौषध करवानुं लख्युं छे, तेमज एज आलावानी चूर्णिमां चूर्णिकारे उद्दिष्टानो अर्थ अमावास्या लख्यो छे तेनो पण शा कारणे टीकाकारे अनादर कर्यो छे ते मालम पडतुं नथी.

माटे अमारे चूर्णिनुं व्याख्यानज प्रमाण छे.

# विचार ३८ मो.

प्रश्नः—कल्याणिक केम नथी साचवता ?

उत्तरः—आगममां क्यां पण विधिवादे के चरितानुवादे कल्याणिक साचववां कह्यां नथी. कारण के ऋषभस्वामिना के वीरस्वामिना दर वर्षे जन्म, दीक्षा, ज्ञान, के निर्वाणदिन देवताओए के मनुष्योए क्यां पण साचव्यां छे एम लखेलुं देखातुं नथी.

वळी शास्त्रमां लख्युं छे के जिनना पांच कल्याणिकोमां तथा

महर्षिना तपना महिमाथी, तथा जन्मांतरना स्नेहथी देवताओ इहां आवे छे. त्यां पण एम जाणवानुं छे के जे दिवसोमां जिनना कल्याणिक वर्त्तमान होय ते दिने आवे; बाकी कंइ प्रतिवर्ष ते दिने आवे एम नथी. कारण के जो प्रतिवर्षे पांचे जिनकल्याणिकना दिने देवताओए अवश्य महिमा करवा आववुं एवो नियम होय तो ज्यारे समकाळे एकशो शित्तेर तीर्थंकरो वर्त्तता होय त्यारे देवताओए शुं मनुष्य लोकमांज रहेवुं के दररोज आवजाव करवी?

वळी च्यवन कल्याणिकमां तो मूल दिने पण आववानो कंइ नियम जणातो नथी. कारण के ऋषभदेवस्वामिना च्यवन कल्याणिकमां इंद्रो आव्या हता अने वीरस्वामिना च्यवन कल्याणिकमां इंद्रो नथी आव्या ए प्रसिद्ध वात छे.

वळी उपदेशमाळामां पण श्रावकना वर्णनमां जिननी जन्मभूमि, दीक्षाभूमि, ज्ञानभूमि तथा निर्वाणभूमिओ वांदवी लखी छे पण कंइ दर वर्षे ए दिवसो आराधवाना नथी लख्या.

वळी जो कल्याणिकना दिनो पर्वरूपे गणवाना होत तो जेम आठम पांखी वगेरादिने चउथ वगेरा तप करवानुं अने ते नहि करे तो प्रायश्चित्त लागवानुं शास्त्रमां लखवामां आवेल छे तेम कल्याणिकदिनो माटे पण लखवामां आवत, पण तेम तो क्यां पण लख्युं नथी. माटे कल्याणिकादिन पर्वरूपे नथी जणाता.

वळी जन्मकल्याणिकना दिने आजकाल जेम धुंसरी, मोर, औषधिओ, मोदक, मंगळकळश, तथा नाळ वगेरा जन्मसूचक चिह्नोनी नकल करवामां आवे छे तेम दीक्षा ज्ञान अने निर्वाणना दिने ते ते दिवसने योग्य वस्तुओनी पण नकल करवी पडशे, अने तेम करवुं तो कंइ घटारत नथी. एथी एम जणाय छे के ए कल्याणिकदिनोनी कल्पना पूर्वश्रुतधरकृत नथी.

# विचार ३५ मो.

प्रश्नः—दिवसनी अंदर वारंवार सामायिक करवुं केम नथी मानता ?

उत्तरः—आवश्यकनिर्युक्तिमां अनवस्थित सामायिक करवानी ना पाडेल छे माटे सांजसवार बे टाणेज सामायिक करवुं जोइये.

वळी आवश्यकवृत्तिमां स्मृतिअकरणता तथा अनवस्थितता रूप अतिचारनो अर्थ एवो लख्यो छे के स्मृतिअकरणता एटले कई वेलाए सामायिक करवुं ते न संभारे, अने मरजी प्रमाणे (अनियत वेलाए) सामायिक करे ते अनवस्थितता. एज रीते उपासकदशानी वृत्ति, पंचाशकनी वृत्ति, श्रावकप्रज्ञप्तिसूत्र; तथा तेनी टीका, तथा योगशास्त्रनी टीकामां लख्युं छे.

वळी सामायिकप्रतिमामां पण बेवखतज सामायिक करवुं कह्युं छे.

कोइ कहेशे के "सामाइयंमि उ कए" तथा "जीवो पमायबहुलो" ए गाथामां "बहुसो सामाइयं कुज्जा" एटले घणीवार सामायिक करवुं लख्युं छे ते केम? तेनुं ए उत्तर छे के आ बाबत आवश्यकचूर्णिमां आ प्रमाणे संबंध लख्यो छे के "देश सामायिकथी सर्वसामायिक उत्तम छे. माटे तेज करवुं श्रेष्ट छे. पण ते करवा जे असमर्थ होय तेणे देशसामायिक पण बहुवार करवुं. जे माटे कह्युं छे के सामायिक कर्याथी श्रावक श्रमण जेवो थाय छे. माटे बहुवार सामायिक करवुं तथा जीव बहुलप्रमादी अने घणी वेळा घणा कामोमां व्याकुल होय छे माटे पण बहुवार सामायिक करवुं." आ चूर्णिकारना लखाण ऊपरथी एम जणाय छे के साधु पोताना जन्ममां एक वखतेज सर्व सामायिक करे छे. अने श्रावक पोताना जन्ममां बहुवार देशसामायिक करे छे. माटे इहां

कंइ एक दिननी अपेक्षा नथी किंतु जेटला काळनी अपेक्षावाळुं सर्व सामायिक छे तेटला काळनीज अपेक्षाए बहुवार देशसामायिक करवुं जणाय छे.

कोइ कहेशे के आवश्यकचूर्णिमां कह्युं छे के "ज्यारे अवकाश मळे त्यारे सामायिक करे." तेथी अनियत सामायिक सिद्ध थशे तेनुं ए उत्तर छे के एनो अर्थ एम छे के सामायिक करवानी वेळाए कामनी अडचणथी सामायिक नहि थई शक्युं होय तो ज्यारे अवकाश मळे त्यारे सामायिक करे. कारण के त्यां एवो संबंध छे के "अनवस्थितकरणता एटले सामायिक लइने तत्क्षण पारवुं तेम करवुं न कल्पे माटे पूरतो वखत जाणीने सामायिक करवुं. अथवा तो बधां कामकाज आटोपी ज्यारे अवकाश मळे त्यारे करे तोपण भंग न थाय."

कोइ पूछे के देश सामायिकमां "जावनियमं" के "जाव साहु पज्जुवासामि" एम कहेल छे माटे बे घडीना काळनुं मान केम लेवाशे? तेनुं ए उत्तर छे के विशेषावश्यकमां लख्युं छे के गृहस्थे छिन्नकाळनुं एटले बे घडी वगेरा काळनुं सामायिक करवुं.

# विचार ४० मो.

प्रश्नः—साधुओनी आगल गीत नृत्य कल्पे के नहि.

उत्तरः—साधुओनी आगल गीत नृत्य नहिज कल्पे. छतां जेओ कल्पे एम माने छे तेमनी मोटी भूल छे. कारण के कल्प भाष्यमां साधुओने चैत्यमां जतां पण एवी विधि लखी छे जे त्यां जो नाटक थतुं होय तो ऊभवुंज नहि, कदाच ऊभा रही जवाय

तो त्यां स्त्रीओना अंगोपांग के गीत गान तरफ ध्यान नहि देवुं.

वळी जे वसतिमां सहजे नृत्य गीतादिक थता होय तेवी वसतिमां पण वसतां साधुने बृहत्कल्प भाष्यमां बहु दोष बताव्या छे.

वळी विचार करो के चित्रमां दीठेली स्त्री पण चित्त हरे तो तेनां गीत नृत्यादि सांभळतां के देखतां बहु दोष थायज एमां शुं कहेवुं छे.

कोइ कहेशे के त्यारे युगंधराचार्य आगळ स्वयंप्रभाए केम नाटक कर्युं तेनुं ए उत्तर छे के ते आचार्य अतिशयवंत अने वीतराग हता तेथी तेमनुं आलंबन बीजाओ माटे लइ शकाय नहि. तेमज स्वयंप्रभा ए देवी छे अने देवताए करेला अतिशयनुं आलंबन लइ शकाय नहि कारण के तेम आलंबन लेतां आवश्यक चूर्णिमां लख्युं छे के कूरगडूकने वांदवा राते देवता आवी तेथी मनुष्यस्त्रीओ पण राते वांदवा आवशे, पण तेम तो तमो पण नथी मानता.

वळी आवी कादाचित्क एटले कोइवेला थती वात के विशेष वातनुं आलंबन करवुं अयुक्त छे. कारण के एवा आलंबन लेतां तो करकंडूनी माता पद्मावती, क्षुद्रकुमारनी माता यशोभद्रा, तथा मणिप्रभनी माता धारणीना आलंबन लइ मुद्रा, रत्नकंबळ, तथा रत्नाभरण पण राखी शकाशे तथा स्थूलिभद्र गणिकाना घेर रह्या अने त्यां शय्यातरपिंड लीधुं ते आलंबन लइ तेम पण करी शकाशे. तथा धन्नाकाकंदी नव मासमां अगीआर अंग शीख्या तेनुं आलंबन लइ व्यवहारसूत्रमां लखेलो सूत्र भणवानो पर्यायक्रम पण रद करी शकाशे. इत्यादि अनेक अतिप्रसंग पडशे. माटे कादाचित्क के विशेष वातनुं आलंबन लेवुं न जोइये.

वळी आवश्यकचूर्णिमां लख्युं छे के “गंधर्वना निनाद

साथे आकाश मार्गे वैरस्वामी फूल लइ "आव्या" ते वातनुं आलंबन पण लइ शकाय नहि कारण के इहां जेम शासननी प्रभावनाना निमित्ते वैरस्वामी फूल लाव्या तेम तेज कारणे गीतादिकनो पण निषेध नथी कर्यो. माटे आवा शासन प्रभावक महापुरुष साथे आजकालना यतिओनी स्पर्द्धा केम थइ शके॰

# विचार ४१ मो.

प्रश्नः—मासकल्पनुं न्यूनाधिकपणुं तथा क्षेत्रातिक्रम एटले क्षेत्रनुं उल्लंघन करवुं कल्पे के नहि.

उत्तरः—उत्सर्गे नहि कल्पे, पण कारणवशे कल्पे पण खरुं.

निशीथचूर्णिमां लख्युं छे के निःकारणे मासकल्प तोडतां प्रायश्चित्त लागे पण व्याघातना कारणे मासकल्प तोडी अन्यक्षेत्रे जतां दोष नथी ते कारणो ए के मरकीवाळुं क्षेत्र होय, अथवा त्यां सजायध्यान करी शकातुं नहि होय, अथवा उपधि के लेप मळता न होय, अथवा नीचेना सात आगाढ कारणोमांनुं कोइ कारण होय,–ते सात कारणो ए के द्रव्यथी त्यां जोइती चीज मळती नहि होय, क्षेत्रथी बहु सांकडुं क्षेत्र होय, काळथी त्यां कंइ उपद्रव होय, भावथी ग्लानादिकने अडचण पडती होय, पुरुषथी आचार्यादिकने त्यां सवळ पडतुं न होय, तथा त्यां वैद्यो नहि होय, अथवा त्यां सहायक एटले मददगारो नहि होय, ए सात कारणे मासकल्प तोडतां पण दोष नथी.

पर्युषणाकल्पभाष्यमां लख्युं छे के ऋतुबद्धकाळमां प्रतिमाधर मुनि एक क्षेत्रमां एक अहोरात्र रहे, यथालंदक पांच अहोरात्र रहे, जिनकल्पी तथा परिहारिक एक मास रहे, अने स्थविरकल्पी निः-

कारणे एक मास अने कारणे न्यूनाधिक मास पण रहे.

वळी त्यां लख्युं छे के स्थंडिळभूमि संसक्त एटले जंतुमय थतां अथवा पाणीथी भींजातां, संथारां जंतुमय थतां, बीजी लण वसतिओ नहि होतां अथवा होय तो त्यां पण तेवीज अडचण थतां, राजानो प्रद्वेष थतां, सर्प कुंथु के अग्निनो उपद्रव थतां, तथा ग्लानना माटे ओसडवासड करवानुं होतां, इत्यादि कारणे, चोमासुं पूरुं थवा अगाउ पण विहार करी शकाय. अने रस्ता चीखलवाळा होतां, अशिव के दुर्भिक्ष चालतुं होतां, राजानो प्रद्वेष होतां के मांदगीना कारणे चोमासुं पूरुं थया छतां पण त्यां रही शकाय छे.

वळी त्यां लख्युं छे के पूनमना दहाडे आचार्यनुं नक्षत्र प्रतिकूळ पडतुं होय, अथवा बीजी कोइ अडचण पडती होय, अथवा पूनमना दिने लोकनो कोइ महोत्सव होतां पडवेना दिने साधुने नीकलता जोइ लोक अमंगळ गणशे एम जाणतां पूनमथी आगळ पाछळ पण विहार करी शकाय छे.

वळी कल्पादिकमां तो विशिष्टगुणयुक्तज क्षेत्र मासकल्पयोग्य कह्युं छे. ते एवुं के ज्यां, सवार, बपोर, तथा अपराह्न ए त्रणेकाळमां मागी लेतां के सहजे पण बाळग्लानादियोग्य घृतादिक वस्तु मळती होय त्यां मासकल्प करवो.

क्षेत्रातिक्रम माटे ओघभाष्यमां एवुं लखेल छे के जे अगीतार्थ होय ते देशदेशांतर जोवा विहारक्षेत्रनुं उल्लंघन करी क्षेत्रातिक्रम करे तो तेनी प्रवृत्ति निःकारण गणाय छे पण गीतार्थ पुरुष ज्ञानदर्शन मजबूत करवा देशदेशांतर जोवा माटे क्षेत्रातिक्रम करे तो ते सकारण प्रवृत्ति गणाय छे, एटले के गीतार्थने तेमां बाध नथी.

# विचार ४२ मो.

प्रश्नः—साधुए विकृतिओ लेवी कल्पे के नहि ?

उत्तरः—नहि कल्पे एवुं कंइ एकांत नथी कारण के कारणे कल्पे पण छे. कारण के पर्युषणाकल्पमां लख्युं छे के आचार्य, ग्लान, बाळ, वृद्ध तथा दूबळा सारुं विगइ लेवी कल्पे, तथा श्रावको खेंच करीने प्रशस्त विगइवडे निमंत्रणा करे तो त्यारे पण लेवी कल्पे, तथा काम पडतां गर्हित विकृतिओ पण लेवाय. त्यां दूध, दहिं, अने अवग्राहिम (मीठाइ) ए प्रशस्त विकृतिओ असंचित होय तोज लेवी कल्पे अने घृत, तेल, गोळ तथा नवनीत वगेरा प्रशस्त विकृतिओ यतनाए संची राखेली पण लेवी कल्पे. अने ए रीते लीधेल विकृतिओ स्थविर, बाळ, तथा दूबळाने देवी, तरुणोने देवी नहि.

निशीथचूर्णिमां कह्युं छे के श्रावकोनी श्रद्धा, तथा बिपुल विभव जोइने, तथा दुर्भिक्षादिक काळ जाणीने, तथा बाळ वृद्धादिक के मुशाफरना माटे, इत्यादि कारणे निरंतर पण विकृति लेवाय, अने ते लेतां देनारनो भाव कायम होय तेटलामां तेने निवारण करवुं जोइये.

दशवैकालिकचूर्णिमां लख्युं छे के मुनिए वारंवार नीवी करवी पण मांसमदिरानी माफक विगयनो अत्यंत प्रतिषेध नथी.

आवश्यकचूर्णिमां पचखाण लेवानी चिंतना करवामां लख्युं छे के शक्ति होय तो उपवास करवो, अने तेटली शक्ति न होय तो आंबिल, एगठाण के नीवी करवी, तेम पण नहि थइ शके तो विगइ सहित पोरिसि वगेरा पचखाण लेवुं.

आ उपरांत बीजा पण केटलाक प्रमाणोथी सिद्ध थाय छे के विकृति परिहरवामां एकांत नथी.

हवे चरितानुवादना प्रमाण बतावीये छीये.

(१) धनसार्थवाहे घृत वोराव्युं छे.

(२) आषाढभूतिए आचार्य, उपाध्याय, संघाडी साधु, तथा पोताना अर्थे चार मोदक वोर्या छे.

(३) देवकीए पोताना पुत्रोने सिंहकेशरीआ लाडु वोराव्या छे.

(४) अइमत्तानी माताए गौतमस्वामिने मोदक आप्या छे.

(५) आर्यरक्षितना पिता सोमिले पहेली भिक्षामां मळेला बत्रीश मोदक साधुओने वेंची आप्या छे.

(६) शालिभद्रे दहि वोर्युं छे.

(७) ढंढण कुमारे सिंहकेशर मोदक वोर्या छे.

इत्यादिक चरितानुवादे अनेक प्रमाण छे.

कोइ कहेशे के तेमणे तो कारणे वोर्या हशे. तेनुं ए उत्तर छे के ज्यारे तेवा विशिष्ट संघेण, धीर्य तथा श्रुतबळवाळाने पण कारण मानो छो त्यारे आजकालना अल्पसत्ववंत मुनिओने कारण केम नथी मानता?

वळी इहां समजवानुं छे के जेम विगय अपवादे लेवानी छे तेम आहार पण अपवादेज लेवानुं छे. जे माटे दशाश्रुतस्कंधमां कह्युं छे के उत्सर्गे चारे मास निराहार रहेवुं पण तेम न थइ शके तो यावत् दररोज आहार करवो, पण योगवृद्धि करवी एटले के जे नोकारसी पाळी शके तेणे पोरिसी पाळवी.

तथा ओघनिर्युक्तिमां लख्युं छे के क्षुत्वेदना टाळवा अर्थे, वेयावच करवा अर्थे, ईर्या शोधवा अर्थे, संयम पाळवा अर्थे, प्राण धारवा अर्थे, अथवा धर्मचिंता करवां अर्थे आहार करवो.

माटे जेम कारणे आहार कराय छे तेम पुष्टालंबने विकृति लेतां पण दोष नथी.

# विचार ४३ मो.

प्रश्नः—पार्श्वनाथनी सात फणो क्या अक्षरोथी मानो छो?

उत्तरः—आवश्यकवृत्तिमां लख्युं छे के पार्श्वनाथस्वामिनी माताए स्वप्नमां सात फणवाळो सर्प दीठो हतो. ए अक्षरोथी सात फण जाणवी.

# विचार ४४ मो.

प्रश्नः—सुपार्श्वनाथनी पांच फण केम मानो छो?

उत्तरः—ए बाबत वसुदेवहिंडिना बीजा खंडमां एवी वात छे के सुपार्श्वनाथ छद्मस्थ अवस्थामां काउसगमां ऊभेला जोइ ऊपर फरता पक्षिओनी आशातना टाळवा माटे इंद्रे पांच आंगळीओवाळो वैक्रिय हाथ धारण कर्यो.

वळी पूर्वाचार्यकृत चमालीश हजारी चिरंतन कल्पवल्लीना पहेला खंडमां पण कहेल छे के सुपार्श्वनाथनी माता तीर्थंकर गर्भमां होतां स्वप्नमां एक, पांच तथा नव फणोवाळा सर्पनी शय्यामां जूदा जूदा सूता ते कारणथी समोसरणमां पण एक, पांच, तथा नव रत्नमय फणाओवाळा त्रण रूप इंद्र साचवे छे

# विचार ४५ मो.

प्रश्नः—पिंडनिर्युक्तिमां धोवानी विधिमां लख्युं छे के साधुए गृहस्थना भाजनोमां वरशाद बंध पडतां नेवानुं पाणी ग्रहण करी वस्त्र धोवां एम कहेल छे माटे नेवाना पाणीवडेज वस्त्र धोवा कल्पे के केम?

उत्तरः—ए विधि ज्यारे वर्षादना पाणीवडे कपडां धोवानां होय सारे चाले छे. बाकी कंइ सामान्यपणे एज विधी छे एम नथी. कारण के उत्सर्गे वर्षाथी अगाऊज वस्त्र धोवां जोइये. जे माटे ओघनिर्युक्तिनी टीकामां लखेलुं छे के "वर्षाथी अगाऊज यतनाए सर्व उपधि धोइ लेवी. कदाच तेटलुं पाणी न होय तो आचार्यना तथा ग्लानना मेलां मेलां कपडां धोइ लेवां कारण के नहितो लोकमां गुरुनी मेला वेषथी निंदा थतां अनादेयता थाय छे तथा ग्लानने मेलां कपडां होवाथी शरदी लागी अजीर्ण थाय छे."

निशीथचूर्णिना पीठमां लख्युं छे के जे देशमां वस्त्रो निरंतर उपभोगमां लीधाथी तेमां जीव जंतु पेदा थता होय सां मधुर जळ के उष्णजळादिकथी धोइ लेवां.

## विचार ४६ मो.

प्रश्नः—उत्तराध्ययनना पांत्रीशमा अध्ययनमां कह्युं छे के चित्रामणवाळुं, फूलनी माळा तथा धूपथी वासित, चंदरवावाळुं, अने कमाड सहित मनोहर घर मनथी पण इच्छवुं नहि. माटे कमाडवाळी वसति साधुने कल्पे के नहि ?

उत्तरः—ए अध्ययनमां कोइ वाक्य जिनकल्पिना माटे छे अने कोइ वाक्य जिनकल्पि तथा स्थविरकल्पि ए बेने साधारण लागु पडतुं छे कारण के उपरनी वात पछी आवता सूत्रमां लख्युं छे के साधुए श्मशान, सूना घर, के वृक्षना मूळमां एकला जइ वसवुं हवे स्थविरकल्पिने तो मशाणमां वसवानी अनुज्ञा देखाती नथी किंतु तेमने तो कमाड सहित वसतिमां रहेवानुं कह्युं छे. जे माटे ओघभाष्यमां लख्युं छे के भद्रकादिकनुं घर नहि म-

ळतां भूतादि उपद्रव रहित, मजबूत, अने कमाड सहित एवा शून्य घरमां रहेवुं. तथा पंचकल्पचूर्णिमां लख्युं छे के ज्यां पासत्थादिक रहेता होय त्यां साधुए रहेतां जूदी मजबूत भींतवाळी कमाड सहित अने बिलरहित वसतिमां रहेवुं.

## विचार ४७ मो.

प्रश्नः—साधुओने वसतिमां कमाड ढांकवा तथा आगळी वगेरा देवी कल्पे के नहि?

उत्तरः—उत्सर्गे नहि कल्पे पण कारणे कल्पे पण.

आ बाबत बृहत्कल्प भाष्यमां आ रीते लखेलुं छे के बारणामां गिरोळी वगेरा होवाथी ढांकतां तेनी विराधना थाय तथा नीकळता पेशताने लागी जाय तेथी मुनिए कमाड ढांकवां नहि, पण बीजा पदे आगाढ कारणोमां एटले दुश्मन, चोर, श्वापद, सर्प, कूतरा, वगेरानो उपद्रव होतां अथवा दुःखे सही शकाय एवुं शीत पडतां यतनाथी पोंजीप्रमार्जी ढांकवां पण कल्पे. एवा कारणे नहि ढांके तो प्रायश्चित्त लागे.

## विचार ४८ मो.

प्रश्नः—साधुने गोचरीए विहरतां कमाड के पाटीयां तथा आगळी ऊघाडवी कल्पे के नहि?

उत्तरः—उत्सर्गे न कल्पे पण कारणे कल्पे.

दशवैकालिकमां कह्युं छे के "अवग्रह माग्या वगर कमाड ऊघाडवां नहि" तेनो टीकामां अर्थ लख्यो छे के आगाढ कारणे

अवग्रह माग्या वगर एटले धर्मलाभ कर्या वगर कमाड नहि ऊघाडवां.

कोइ पूछे के त्यारे श्रावको सांभळवा आवतां केम कमाड ऊघाडो छो तेनुं ए उत्तर छे के ए बाबत पिंडनिर्युक्तिमां नीचे मुजब कहेल छे.

(१) जे कमाड भूमिने घसीने ऊघडे ते ऊघाडवो नहि कल्पे, पण जे भूमिने नहि अडके अथवा थोडो अडके ते गुरुलाघव जाणी ऊघाडवो कल्पे.

(२) एज रीते जे आगळी आडी संचारवामां आवे ते ऊघाडवी न कल्पे, पण जे ऊपाडीने ऊंची कराय ते गुरुलाघव जाणी ऊघाडवी कल्पे.

# विचार ४९ मो.

प्रश्नः—पासत्थादिक साथे आलापसंलाप करवो के नहि?

उत्तरः—उत्सर्गे ते बाबत निषेध पाडेल छे पण अपवादे ए बाबत नीचे मुजब विधि पण लखी छे.

निशीथचूर्णिमां लख्युं छे के गच्छनी रक्षा माटे आगळ पाछळथी विचार करनार आचार्ये सुखशीळिया पासत्थादिकनी वंदन रहित सुखसातानी गवेषणा करवी. तेनी यनना ए रीते छे के जे गाम के शहेरमां तेओ होय त्यां तेमनी पासे नहि जतां शहेर बाहेर के गोचरीए हींडतां के वनमां के देराशरमां के समोसरणमां के रस्तामां सामे मळतां सुखसाता पूछवी. कदाच एओ कहे के अमारा स्थानके केम नथी आवता तो तेमनी अनुवृत्तिथी तेमना उपाश्रय तरफ जइ बाहेर रही सुखसाता पूछवी, वधु आग्रह करे तो अंदर जइने पूछवी.

# विचार ५० मो.

प्रश्नः—पासत्थादिकने वांदवानी ना पाडेल छे माटे वांदवा के नहि ?

उत्तरः—उत्सर्गे नहि वांदवा किंतु कारणना वशे वांदवा.

आ बाबत निशीथचूर्णिमां लख्युं छे के नीचेना कारणे संयमभ्रष्ट प्रगट दोषना सेवनार मूळोत्तर गुणरहित फक्त लिंगधारीने पण नीचेनी विधिए वंदना करवी, जो नहि करे तो प्रायश्चित्त लागे.

त्यां कारण ए के लांबो चारित्रपर्याय पाळी पासत्थो थएल होय, अथवा जेनो परिवार संयमवंत होय, अथवा ते पासत्थो राजादिक होय अथवा बहुसंमत होय अथवा प्रवचनप्रभावक होय, अथवा क्षेत्र पासत्थाए भावित होय, अथवा काळ एवो अवम होय के पासत्थानी मददथी गच्छनो निभाव थइ शकतो होय, अथवा पासत्था पासे आगमनुं ज्ञान होय, अथवा तो चारित्रनी चोखी समजण आपतो होय, अथवा ब्रह्मचर्यवंत होय, इत्यादि कारण तथा कुलगणसंघना कारण ऊपजतां पासत्थादिकने वंदन, अभ्युत्थान, आसनदान, विश्रामण, तथा भोजनवस्त्रदानमांथी जे करवा योग्य जणाय ते करवुं.

हवे वांदवा माटे एवी विधि लखी छे के शहेरथी बाहेर के गोचरी वगेरा स्थळे पासत्थादिक मळतां तेने ऊपर जणावेला कारणे वचनथी "वंदिए छीए" एम कहेवुं. विशिष्टतर के उग्रस्वभाववाळा पासत्थादिकने वचन साथे कायाथी पण हाथ ऊंचे करवो. ते करतां विशिष्टत्तर के उग्रस्वभाववाळाने वचन तथा हाथ साथे मस्तकने पण नमाववुं. ते करतां वधताने ए त्रणे रीतो साथे

भक्ति बतावता होइये तेम शरीरसुखसाता पण पूछवी. ते करतां वधतानी आगळ थोडीवार पर्युपासना करतां थकां ऊभा पण रहेवुं. अथवा पुरुषविशेष जाणी छोभवंदन के द्वादशावर्त्तवंदन पण करवुं.

## विचार ५१ मो.

प्रश्नः–जे क्षेत्रमां पासत्थादिक होय त्यां मुनिए पेशवुं के नहि ?

उत्तरः—इहां पण उत्सर्ग ने अपवाद रहेला छे. एटले के उत्सर्गे नहि पेशवुं पण अपवादे पेशवुं पण छे.

निशीथचूर्णिमां लख्युं छे के संविग्नोनो बीजे क्यां निर्वाह थतो न होय तो तेओ पासत्थादिकना सांकडा क्षेत्रमां रह्या थका सचित्तादि लेता थका पण शुद्ध जाणवा. वळी त्यां रहेतां, पहेलां पासत्थादिक उपकरण लई ले त्यार बाद संविग्नोने उपकरण लेवां कल्पे.

वळी उपदेशपदमां लख्युं छे के बीजे ठेकाणे रहेवानुं नहि बनतां अगीतार्थ तथा पासत्थादिकथी भावेला क्षेत्रमां रहेतां कारण योगे रागद्वेष रहितपणे द्रव्यथी पासत्थादिकनी अनुकूळताए वर्त्तवुं, एटले के तेमना साथे वाद विवाद न करवो तथा नमस्कारादिके करीने तेमनुं मन साचववुं.

व्यवहारभाष्यमां लख्युं छे के संविग्नबहुलकाळमां एटले जे वेळा संविग्नो घणा हता, त्यारे एवी मर्यादा हती के असंविग्न भावित क्षेत्रमां संविग्नो प्रवेश नहि करता, पण हमणा असंविग्न बहुलकाळमां तेमणे भावित करेला क्षेत्रोमां पण संविग्नो पेशे छे.

निशीथचूर्णिमां लख्युं छे के विषम क्षेत्र, दुर्भिक्षादि काळ, तथा ग्लानादि भाव वगेरा कारणे मुनिओए आहार वोराववा

यावत अपवादनी देशना पण करवी पण ते कारणो शिवाय संविग्नभावित तथा असंविग्नभावित श्रावको आगल शुद्ध आहार वोरावबानी देशना देवी.

## विचार ५२ मो.

प्रश्नः—तुंबडामां कंठक एटले कांठो केम शीवो छो ?

उत्तरः—केटलाक तुंबडामां तो सहज पण कांठो होय छे. अने जेमां सहजे नहि होय तेमां कांठो शीवाय छे त्यां एम जाणवानुं छे के तुंबडुं कंइ औघिक उपकरण नथी किंतु औपग्रहिक छे अने ते संयम साचववामां मददगार होवाना कारणे अपवादे रखाय छे त्यारे अपवादे तेनी परिकर्मणा पण थइ शकशे. केमके निशीथभाष्यमां औघिक उपकरणनी पण उत्सर्गे तथा अपवादे परिकर्मणा लखेल छे त्यारे औपग्रहिक विषे शुं पूछवुं.

## विचार ५३ मो.

प्रश्नः—घडा, त्रपणी वगेरामां दोरो केम बांधो छो ?

उत्तरः—ए उपकरणो पण अपवादे राखवाना छे अने ते जो वगरदोरे वापरी शकाता होय तो ठीकज छे. अगर तेम नहि तो दोरो पण औपग्रहिक उपकरणमां राखी शकाय छे. कारण के दरेक औपग्रहिक उपकरण माटे "वधारामां जे कंइ तप संयमने मददगार उपकरण होय ते औपग्रहिक जाणवुं" ए वाक्य लागुज पडे छे.

## विचार ५४ मो.

प्रश्नः—ओघनिर्युक्तिमां कह्युं छे के साधुए बे संथाराना वच्चे भाजन राखवा. माटे खींटी वगेरामां टांगवा जोइये नहि. ए बाबत तमे केम मानो छो ?

उत्तरः—विशाळ वसति माटे एज विधि छे, पण सांकडी वसति होय तो त्यां एम लखेल छे के पूरा वच्चमां पात्रां राखी ते तरफ माथां करवां अने बधी दिशाओ तरफ पग करवां अथवा संथाराना काममां नहि आवे एवी ऊंची नीची जमीनमां ऊंचा नीचा करी पात्रो गोठवी देवा अथवा दोराथी ऊंचे टांगी मेलवा.

निशीथचूर्णिमां पण कह्युं छे के जेम आत्म, संयम, तथा पगनी विराधना नहि थाय तेम यतनाए औपग्रहिक दोरावडे पात्रा टांगवां.

## विचार ५५ मो.

प्रश्नः—घडा वगेरा केम ल्यो छो ?

उत्तरः—कारणयोगे घडा वगेरे लेवा ते सिद्धांतने मळताज छे.

स्थानांगमां लख्युं छे के साधुने तूंबडाना, काष्टना, तथा माटीना ए त्रणे पात्र धारवा कल्पे. त्यां माटीना पात्रनी व्याख्या करतां टीकाकारे "शराव तथा घडा वगेरा" एम लख्युं छे.

निशीथचूर्णिमां पण लख्युं छे के मृत्तिकापात्र ते कुंभारनुं घडेल.

वळी कल्पमां पण लख्युं छे के तुंबानुं पात्र उत्तम, लाकडानुं मध्यम, अने माटीनुं जघन्य, एम त्रण प्रकारे मुनिने जिनवरे पात्र कह्यां छे. माटे घटादिक सर्वथा न कल्पे एम केम कही शकाय.

# विचार ५७ मो.

प्रश्नः—साधुओए नित्य लोच करवो के केम ?

उत्तरः—जिनकल्पी ऋतुबद्धकाळ तथा वर्षाकाळ ए बन्ने काळमां नित्यलोच करे. अने स्थविरकल्पीए वर्षाकाळमां उत्सर्गे नित्यलोच करवो, पण कदि तेम सहन नहि थइ शके तो पण पर्युषणनी रात उल्लंघवी नहि, अने ऋतुबद्धकाळमां चार चार मासे लोच करवो. ए रीते निशीथचूर्णिमां लखेल छे.

# विचार ५७ मो.

प्रश्नः—साधुए त्रीजे पहोरे भिक्षा करवी के केम ?

उत्तरः—उत्सर्ग एमज छे पण एकांत थइ शके नहि. कारण के उत्तराध्ययननी टीकामां लख्युं छे के ए वात उत्सर्गनी छे. बाकी स्थविरकल्पी माटे साधारण वात तो ए छे के जे देशमां जे वखते मळे ते देशमां ते वखतेज गोचरीए जवुं.

ओघभाष्यमां कह्युं छे के वारना हिशाबमां साधारण रीते स्थंडिल जवाना पाणी माटे तथा भिक्षा माटे एम बेवार गोचरीए नीकळवुं, पण आचार्यादिकना कारणे घणीवार पण जवाय छे. तेमज काळना हिशाबमां साधारण रीते अडधी पोरिसी थतां नीकळवुं पण भूखतरस नहि सही शकातां लोको जागतां पण जवाय छे.

वळी निशीथचूर्णिमां लख्युं छे के ज्यां प्रभातथीज भोजन वेळा थती होय त्यां सूर्योदयथी मांडीने यावत् अपराह्न सूधी मुनि गोचरीए नीकळे.

आवश्यकचूर्णिमां श्रावके साधुने निमंत्रण करवानी विधि-

मां लख्युं छे के ज्यारे देशकाळ थाय त्यारे श्रावके पोते सणगार सजीने अथवा साधारण रीते साधुना उपाश्रये जई निमंत्रणा करवी के "भिक्षा लेवा पधारो." ए सांभळी साधुओए अंतराय दोष तथा ठवणादोष टाळवा भाजन पडिलेहवा. हवे जो ए रीते श्रावक पेहेली पोरिसीए निमंत्रणा करे अने कोई साधु नोकारसीवाळो होय तो लइ आववुं. पण नोकारसीवाळो कोइ नहि होय तो नहि लाववुं कारण के ते राखवुं पडे, पण कदाच अति आग्रह करे तो लइ आववुं अने राखी मेळवुं ते उग्गाडापोरसी थतां पारणुं करनारने देवुं.

दशवैकालिकनी टीकामां पण लख्युं छे के जे स्थळे जे योग्य भिक्षाकाळ होय त्यां ते काळे जवुं.

वळी कल्पचूर्णिमां पण लख्युं छे के "भत्तपंथो य तइयाए" एटले भोजन तथा विहार त्रीजी पोरसीए करवुं ए जिनकल्पीने आसरी छे, अने स्थविरकल्पीना माटे "भत्तपंथो य भयणाए" एटले त्रीजी पोरसीए भोजन मळी शके तेमज पोताथी तेटला काळपर पोहोंची शकाय तेम होय तो त्रीजी पोरसीए भोजन तथा विहार करवो पण तेम न होय तो पहेली बीजी त्रीजी के चोथीमां पण थइ शके.

# विचार ५८ मो.

प्रश्नः—गोचरीथी अगाउ पाणी लाववुं के नहि?

उत्तरः—इहां पण कंइ एकांत नथी. कारण ऊपरला प्रश्नोत्तरमां लख्युं छे के बारना हिशाबे बेवार जवाय छे.

कोइ कहेशे के संज्ञाना अर्थे पाणी लाववामां हरकत नथी,

पण पीवाना अर्थे गोचरीथी अगाउ पाणी लाववानुं क्यां कह्युं छे तेनुं उत्तर पण ऊपरलाज प्रश्नोत्तरमां छे के भूखतरस नहि सही शकाय तो लोको जागे के तरत जवुं एम ओघभाष्यमां छे.

# विचार ५९ मो.

प्रश्नः—औषधादिकनी संनिधि करवी कल्पे के नहि?

उत्तरः—उत्सर्गे न कल्पे पण कारणे कल्पे पण खरी.

निशीथचूर्णिमां लख्युं छे के ज्यां आठ गाऊनी अंदर गाम-गोठ न होय एवा स्थळमां कोइ जग्यामां रहेता त्यां ऊतावळुं काम पडतां ओसड मळी शके नहि माटे सां मुनिए ओसडो साथे राखवां. तथा कोई साधु ग्लान होतां तथा रस्तो ऊतरतां तथा दुर्भिक्षमां तथा अणसण करनारना माटे इत्यादि कारणे यतनाए ओसडो राखवा. तेनी यतना ए के सांकडा मुखवाळा वासणमां ओसडो नाखी तेना ऊपर चामडुं के मजबूत कपडो बांधवो, अथवा शरावळुं ढांकी मीणथी, छाणथी, के माटीथी सांधो बंध करी अलग राखी मेलवा. कदाच ऊंदरनुं भय होय तो सींकुं बांधी अधर टांगवा. कदाच शीका ऊपर पण ऊंदरो ऊतरे तो वच्चे ठीकरुं बांधी लेवुं अथवा शीका ऊपर कादव लगावी कांटा चोडी मेलवा अथवा वासण ऊपर कांटा राखवा. कोई ओसड वासणमांथी गळी पडे एवो संभव होय तो नीचे राख पाथरवी ए यतना जाणवी.

आ रीते अगीआर छेदग्रंथोमां अपवादे ओसडोनी संनिधि करवा लख्युं छे.

## विचार ६० मो.

प्रश्नः—विहार त्रीजा पोहोरेज करवुं जोइए के केम ?

उत्तरः—जिनकल्पी माटे तेमज छे पण स्थविरकल्पी माटे ए नियम नथी.

ओघनिर्युक्तिमां लख्युं छे के साधुओ सांजे कोइ श्रावक के भद्रप्रकृतिवंतने "अमुक वेलाए अमे विहार करशुं" एम चेतवी बीजे दिने त्रीजी पोरसीए विहार करे पण जवानुं स्थळ वधारे दूर होय तो पोणो पहोर दिन चडतां अथवा सूर्य ऊगमतांज, अथवा सूर्य ऊग्या अगाऊ रातना पण नीकळे. राते नीकळतां रस्तामां आगल पाछल रहेला साधुनी वाट जोइ भेगा थवुं, नहि तो कोइ रस्तो भूलतां पोंकार करे तो लोको जागी ऊठतां अधिकरण दोष थाय.

वळी कोइ खगुड जेवो साधु एम बोले के "रातना साधुओने जवुंज नहि जोइये" तो तेवा खगुडने रहेवा देवुं अने तेनी साथ संकेत करवो के फलाणे ठेकाणे तारे आववुं." आ वात पण ओघनिर्युक्तिमां छे.

निशीथचूर्णिमां लख्युं छे के अंधारामां राते चालतां, साथना लीधे आडे रस्ते चालतां, श्वापद के चोरना भयथी ऊतावळे चालतां, पग सुकुमार होवाथी कांटा लागता सहन नहि थइ शकतां, अथवा शीतथी पगनी पानीओ फाटी जतां, एटला कारणे मुनिए पगमां चामडाना पड बांधवा, अने ते त्रूटतां तेने सांधवा माटे वध्र एटले सांधवानो हथीआर साथे राखवो." इहां पण राते चालवानुं कह्युं छे.

ओघभाष्यमां लख्युं छे के लांबे छेटे जवानुं होय तो सूर्य

ऊग्याथी आगल पण नीकलवुं, अथवा अरुण फूटतां अथवा पहोर रात होय त्यारे पण नीकळवुं. वळी ग्लानादिकना कारणे अथवा असूर थतां वच्चे चौरादिकनुं भय रहेल होय इत्यादि कारणे मुनि अधरातनो पण विहार करे.

# विचार ६१ मो.

प्रश्नः—साधुओ लेख के संदेशो मोकले छे तेमां प्रमाण शुं छे?

उत्तरः—निशीथचूर्णिमां लख्युं छे के जे राज्यमां जवानुं होय त्यां रहेला साधुओने अगाउथी लेख के संदेशो मोकलावी जणावी देवुं के "अमो इहांथी आवनार छीए."

कोइ पूछे के साधुओए मुनिने लेख के संदेशो मोकलवो ते ठीक, पण श्रावकने लेख के संदेशो मोकलवो तेमां शुं प्रमाण छे? तेनुं ए उत्तर छे के तेज निशीथचूर्णिमां बीजा स्थळे लख्युं छे के "अथवा आदि शब्दथी व्रत धारी श्रावक के समकितदृष्टिने अगाउथी जणावे."

वळी दशवैकालिकचूर्णि तथा निशीथचूर्णिमां लख्युं छे के अंबडपरिव्राजक राजगृही तरफ जतां तेना मारफत भगवाने सुलसाने कुशळवार्त्ता पूछावी. अने स्थानांगटीकामां एम छे जे पोतानी कुशळवार्त्ता कहेवरावी.

# विचार ६२ मो.

प्रश्नः—साधुए मोदक वगेरा वोरतां भागी जोवा के नहि?

उत्तरः—भांगवानी वात साबित थती नथी केमके गौतम-

स्वामि, ढंढणकुमार, देवकीना पुत्रो, तथा आर्यरक्षितना पिताए मोदक वोरतां भांग्या जणाता नथी. केमके जो भांग्या होय तो बत्रीशनी संख्या केम घटे

## विचार ६३ मो.

प्रश्नः—साध्वीने दीक्षा देतां पहेलो लोच आचार्यादिक पोताना हाथे करे के केम?

उत्तरः—आचार्यादिक पोताना हाथे साध्वीनो लोच नहि करे कारण के स्त्रीनो संघट्टो मुनिने करवो अघटित छे.

वळी पूर्वना महर्षिओए पण तेम कर्युं देखातुं नथी. कारण के भगवतीमां देवानंदाने भगवाने प्रव्रज्या देवानो अधिकार छे त्यां पोते तेने दीक्षा आपी एम कह्युं छे पण "मुंडावेई" एटले लोच करे एवो पाठ नथी किंतु एवो पाठ छे जे दीक्षा आप्या बाद आर्यचंदनाने तेनी शिष्यणी तरीके सोंपी अने आर्यचंदनाए तेने मुंडित करी.

वळी व्यवहारसूत्रमां लख्युं छे के निर्ग्रंथोने पोताना अर्थे साध्वीने दीक्षा देवी के मुंडाववी न कल्पे त्यां टीकामां "मुंडाववी" नो अर्थ एम कर्यो छे जे "लोच करावयो न कल्पे." इहां टीकामां प्रेरकरूप वापर्यो छे तेथी पण एम सिद्ध थाय छे जे निर्ग्रंथ पोताना हाथे लोच न करे.

माटे निर्ग्रंथो निर्ग्रंथीनो पोताना हाथे लोच करे ए वात दिगंबरोनी छे. कारण के तेओ पहेला लोच उपरांत बीजा लोचो करवामां पण संघट्टानो दोष नथी गणता.

# विचार ६४ मो.

प्रश्नः—"प्रभावती न्हाइने त्रिसंध्य पूजा करती" एम कहेल छे, माटे त्रिसंध्यामांज पूजा करवी के आगलपाछल पण थई शके?

उत्तरः—विधि एमज छे. पण कदि समय वेळाए पूजा करी नहि शकाय तो आगल पाछल पण थई शके छे. केमके पर्युषणादिकपर्वनी क्रिया पण आगल पाछल करी शकाय छे तो दररोजना अनुष्ठाननुं शुं कहेवुं.

पर्युषणा माटे आवश्यकनिर्युक्तिमां कह्युं छे के ते दहाडे जेने गुरु के तपस्वीनुं वैयावृत्य करवानुं होय अथवा मांदगी होय तेणे आगल पाछल तप करी लेवुं.

वळी एज मुजब सामायिक पण बेज संध्याए करवानुं छे; छतां त्यां पण अपवाद छे के जो कामनी अडचण होय तो ज्यारे अवकाश मळे त्यारे करी शकाय.

एज मुजब पडिलेहणा, तथा पडिकमणाना पण अपवाद जाणवा.

वळी पंचाशकमां पण पूजा माटे लख्युं छे के उत्सर्गथी पूजाकाळ त्रण संध्याओ छे अने अपवादे पूजाकाळ ते पोताना धंधामां हरकत न करे एवी वेला जाणवी.

माटे पुष्टालंबने सांजथी आगल पाछल पण पूजा करवी.

# विचार ६५ मो.

प्रश्नः—साधुने स्निग्धमधुर आहार करवो कल्पे के नहि?

उत्तरः—निःकारणे न कल्पे, कारणे कल्पे पण खरो.

ओघनिर्युक्तिमां लख्युं छे के मळेला आहारमांथी पित्तादिक शमाववाने स्निग्धमधुर पूर्वे खावुं.

वळी स्निग्ध खावाथी बुद्धिबळ वधे छे. तेथी स्निग्ध आहार छांडवो मुश्केल छे.

पंचकल्पमां पण कह्युं छे के स्निग्धमधुर पूर्वे खावुं.

## विचार ६६ मो.

प्रश्नः—व्यवहारभाष्यमां कह्युं छे के "आठम, पांखी, चोमासी, तथा संवछरीना दिने चोथ, छठ, तथा अठम तप नहि करतां तथा चैत्यो तथा साधुओने नहि वांदतां प्रायश्चित्त लागे" माटे ए पर्वोमां ए भांखेलुं तप नहि करतां नियमा प्रायाश्चित्त लागे के केम?

उत्तरः—जे समर्थ होय छतां नहि करे तेने प्रायाश्चित्त लागे. बाकी जे असमर्थ होतां पोतानी शक्ति मुजब जे कंइ तप थइ शके ते करतो रहे ते आराधकज छे.

निशीथचूर्णिमां कह्युं छे के अपवादपदे एटले के जे उपवास करवा असमर्थ होय, अथवा ग्लान होय, अथवा ग्लाननुं वैयावृत्य करनार होय, इत्यादि कारणे ते पर्युषणना दहाडे आहार करतो थको पण शुद्ध जाणवो.

वळी प्रकरणोमां पण कह्युं छे के तप तेवुं करवुं के जे करतां मन माठुं न चींतवे, इंद्रियोने हरकत न पडे अने अपर कार्य अटके नहि.

## विचार ६७ मो.

प्रश्नः—साधुए बहिर्भूमिए नैऋतकोणमांज जवुं जोइये के केम?

उत्तरः—आवश्यकनिर्युक्तिमां कह्युं छे के अपर दिशाओ-

मां जतां हानि थती होवाथी नैर्ऋत दिशामां बहिर्भूमिए जवुं. माटे तेवा स्थंडिळनो योग होय तो कोण बीजी रीते करे.

# विचार ६८ मो.

प्रश्नः—साधुओए हाथ पग पखाळवा के नहि ?

उत्तरः—साधुओए हाथ पग पखाळवा नहि जोइये.

(१) दश वैकालिकमां अनेक स्थळे स्नाननो निषेध कर्यो छे, तेनी चूर्णि तथा टीकामां स्नान शब्दे सर्वस्नान तथा देशस्नान बे लीधा छे. त्यां लख्युं छे के शौचकर्म शिवाय आंखनुं पांपण पखाळतां देशस्नान गणाय.

(२) आवश्यकचूर्णिमां एक कथामां लख्युं छे के एकजणीए साधुना मेळनी गंध आवतां चिंतव्युं के भगवाने आवो अपवित्र धर्म केम चलाव्यो. जो प्रासुक पाणीथी न्हावानुं होय तो शो दोष थाय. आम चिंतव्याथी ते राजगृहीमां वेश्या थइ.

(३) प्रकरणमां पण कह्युं छे के कामी पुरुष होय ते स्नान तथा विभूषा करे, ब्रह्मचारी नहि करे.

(४) निशीथमां पण साधुनुं वर्णन करतां लख्युं छे के साधुनो अंग मेळथी खरडेलुं होय छे तथा वस्त्र पण मळिन होय छे.

(५) उत्तराध्ययनमां मुनिने यावज्जीव काया ऊपर मेळ धारवा लख्युं छे.

(६) ज्ञातामां पण द्रौपदीना अधिकारमां सुकुमालिकाने हाथ पग वारंवार धोतां दोषित वर्णवी छे.

(७) उववाइमां लख्युं छे के जे अर्थे नग्नपणुं, मुंडपणुं, स्नानत्याग, दातणत्याग, केशलोच, ब्रह्मचर्य, छत्रत्याग, उपानहृत्याग, तृण

के काष्टनी शय्या, परघरभिक्षा, हीलना निंदना खिसना गर्हणा वगेरा परिभवनुं सहन, गामोगाम फरवुं, बावीश परीसह सहेवा—इत्यादि कराय छे ते अर्थने तेणे आराध्युं.

(८) उत्तराध्ययनचूर्णिमां लख्युं छे के मुनिए विभूषा पाछल नहि लागवुं. कारण के विभूषितशरीरवाळो स्त्रीयोने अभिलषणीय थाय छे.

(९) निशीथचूर्णिमां लख्युं छे के स्नान करतां छकायनी विराधना थाय छे, स्नाननी टेव पडी रहे छे, अहंकार थाय छे, परीसहथी बीकण थई जवाय छे, अने लोकमां अविश्वास थाय छे, माटे उत्सर्गे स्नान नहि करवुं. बीजापदे ग्लानमुनि चिकित्सार्थे यतनाए स्नान करी शके. तथा लांबो मार्ग पसार करी आवेल मुनि पण यतनाए स्नान करी शके. तेमज अवमकाळ आवतां के ज्यारे उज्वळवेषवाळानेज भिक्षा मळी शके एम होय तो तेवा वखते पण यतनाए स्नान करी शकाय.

कोइ कहे के दशाश्रुतस्कंधमां मासिकप्रतिमाधरमुनिने शीत के उष्णजळथी हाथपग वगेरा धोवा नहि कल्पे एम कहेल छे माटे हाथपग धोवानो निषेध जिनकल्पी माटे छे, स्थविरकल्पी माटे नथी. तेनुं ए उत्तर छे के ए सूत्रनो विषयविभाग ए रीते छे के हाथपग वगेरा धोवानो निषेध तो बन्ने कल्पमां छे पण तफावत एटलोज छे के जिनकल्पी माटे जे निषेध छे तेमां अपवाद नथी रहेल, अने स्थविरकल्पी माटे जे निषेध छे तेमां अपवाद रहेल छे. ए बाबत पंचकल्पचूर्णिमां कह्युं छे के ग्लानादिक कारणे चौद उपकरणथी अधिक उपकरणो राखतां तथा शरीरनुं उद्वर्त्तन, हस्तपादादिधावन, नखनयननुं शोधन, तथा दातण करतां स्थविरकल्पीने प्रायश्चित्त नथी.

वळी आचार्य तथा वादिमुनि वगेराने उत्सर्गथी पण हाथपग वगेरा धोवानी अनुज्ञा छे. कारण के व्यवहारभाष्यमां आचार्य-ना नीचे मुजब पांच अतिशय कह्या छे.

(१-२) आचार्यना आहार पाणी सामान्य मुनिओ करतां श्रेष्ट होय.

(३) आचार्यनां कपडां मेलां थतां धोवाय छे. कारण के तेथी परवादीओ डर खाए तथा अवज्ञा न करे. तेमज स्वच्छ वस्त्रथी मंडळमां आचार्य तरत ओळखाय.

(४) आचार्य.

(५) आचार्यना हाथ, पग, आंख, दांत वगेरा नियमा धोवाय छे. कारण के तेथी बुद्धि तीक्ष्ण थाय छे, वचननी पटुता थाय छे, अने शरीरनी अलज्जनीयता थाय छे.

आ पांच अतिशयो केटलाक दृढशरीरवंत आचार्य नहि पण भोगवे.

माटे सामान्य मुनिओए वगर कारणे हाथपग धोवा जोइये नहि. कारण के श्रावको पण एवा मनोरथ करे छे के क्यारे अमे मळमलिन थई जूना वस्त्र पहेरी मधुकरवृत्तिए मुनिपणुं पाळशुं एम योगशास्त्रमां कह्युं छे.

वळी प्रव्रज्याविधानमां पण कह्युं छे के मुनिए यावज्जीव नहावुं नहि, भूमिए सूवुं, केशनो लोच करवो, अने प्रतिकर्म एट-ले शरीर तथा उपकरणने घठारवां मठारवां नहि.

लौकिकमां पण कह्युं छे के सारीशय्या, सारो आहार, सा-रां वस्त्र, तांबूळ, स्नान, सणगार, दातण, तथा सुगंधी चीजो ए शीळनां बिगाडनार छे.

## विचार ६९ मो.

प्रश्नः—ज्यारे हाथ पग धोवानो निषेध करो छो त्यारे वर्षादमां पगमां कादव लागे त्यारे केम करवुं ?

उत्तरः—वर्षादमां ज्यारे पगोमां कादव लागे त्यारे पादलेखानिकावडे ऊतारवुं पण पग पखाळवा नहि. तेना पुरावा नीचे मुजब छे.

१ निशीथचूर्णिमां कह्युं छे के साधुओ वर्षादमां पग नथी धोता, पादलेखानिकाथी लूछे छे.

२ ओघनिर्युक्तिमां कह्युं छे के शेषकाळमां रजोहरणथी पग पोंजवा, पण वर्षादमां पादलेखनिका वापरवी. ते वड, ऊंबर के पीपरनी करवी, कदाच ते न मळे तो आंबळीनी करवी. ते बार आंगल लांबी, एक आंगळ पोली, बे छेडे नख जेवा आकारवाळी अने सफाइदार होवी जोइये. तेवी पादलेखनिका दरेक मुनिए जूदी जूदी राखवी.

३ पंचकल्पचूर्णिमां लख्युं छे के चीखळ लूछवा अर्थे पादलेखनिका रखाय छे ते रजोहरण के निषद्या साथे बांधीने राखवी.

## विचार ७० मो.

प्रश्नः—यतिओने एकांगिक एटले एक कटकावाळी दसीवाळुंज रजोहरण कल्पे के केम ?

उत्तरः—(१) उत्सर्गे एकांगिकज कल्पे पण अपवादे अनेकांगिक तथा असंबद्धदशीओवाळुं पण लेवाय, एम निशीथचूर्णिमां खुल्लुं कह्युं छे.

(२) वळी रजोहरण, मोंपती, तथा पोंछणुं पोताथी बहु छेटे

राखवां नहि जोइये. कारण के निशीथचूर्णिमां कह्युं छे के अवग्रहथी बाहेर रहेती चीज वोसरेली गणाय, अने वोसरेली चीज धारण करतां दोष प्राप्त थाय छे. वळी रजोहरण माटे तो एम छे जे ते एक हाथनी अंदरज राखवुं. कारण के कीडी, मंकोडा, वगेरे करडतां एक हाथथी दूर राखेल रजोहरण तरत हाथमां नहि आवे तेथी वगर प्रमार्जे खरज करतां जीवविराधना थाय तथा वींछी के सर्प वगेरा शरीरपर चडतां ज्यां लगी रजोहरण ऊपाडवा जाय त्यां लगी दंशीले तेथी आत्मविराधना थाय.

अपवादपदे ग्लान होतां, ग्लाननुं उद्वर्त्तनादि करतां, अग्निना संभ्रममां, अशिवादि कारणे परायुं लिंग ग्रहण करतां इत्यादि कारणे जे चीज वोसरेली होय ते पण पाछी धारी शकाय छे. तेथी ए कारणे दूर राखी शकाय. ते वगर ए उपकरणो दूर राखवां नहि जोइये.

(३) रजोहरण एक हाथनुं करवुं. कारण के ओघवृत्तिमां नीचे मुजब रजोहरण करवानुं कहेल छे.

मूळमां निविड करवुं, वच्चे स्थिर करवुं, पर्यंते सुंआलुं करवुं, एकांगिक एटले एक कटकावाळी दसीओ करवी. दसीओ तथा वींटणामां गांठो नहि करवी. दसीओ ज्यां वींटाय ते ठेकाणे अंगुठा तथा प्रदेशिनी आंगळमां समाय एवुं करवुं, वींटणुं मजबूत करवुं, अने प्रमाणमां एक हाथनुं ऊंचु तथा पहोळुं करवुं.

(४) वळी रजोहरणमां सूक्ष्म दसीओ नहि करवी. कारण के निशीथचूर्णिमां लख्युं छे के सूक्ष्म दसीओ गुंचाई जतां ते निमित्तथी साधुओ अनाचारी अने दुर्बळ थाय.

(५) रजोहरण बांधवानी विधि एवी छे के दंडना त्रीजा भाग ऊपर सरखा दोरावडे रजोहरण बांधवुं; तेमां फेरफार करे तो

प्रायश्चित्त लागे, एम निशीथभाष्यमां कह्युं छे.

(६) रजोहरणना दंडमां खीली के दसीओनो बंध पाडवो नहि जोइये. कारण के कल्प तथा निशीथना भाष्यमां तेम करवा मनाई पाडेल छे.

(७) रजोहरणना ऊपर बेशवुं जोइये नहि; कारण के निशीथचूर्णिमां कह्युं छे के जो ऊंदर, चोर, छोकरा, के दुश्मननुं भय होय तो रजोहरणपर बेशवुं पण ते शिवाय बेशवुं नहि.

(८) रजोहरण जमणे पडखेज धरवुं जोईये. कारण के निशीथचूर्णिमां कह्युं छे के बेठा होतां के सूता होतां जे साधु रजोहरण ओसीसे धरे अथवा डाबी बाजुए आगल के पाछल राखे तेने प्रायश्चित्त लागे. माटे बेठा होतां के सूता होतां ऊंदरादिकना भय शिवाय जमणी बाजुएज अधोमुख करीने रजोहरण राखवुं.

(९) रजोहरणनी दसीओ बार आंगलनीज जोइये. अने निशीथना भाष्य तथा चूर्णिमां जे दंड चोवीश आंगलनो होय तो दसीओ आठ आंगळनी, दंड वीशनो होय तो दसीओ बारनी अने दंड छवीशनो होय तो दसीओ छ आंगळनी एम भजना बतावी छे ते अपवादपदनी अपेक्षाए अथवा यथाकृत एटले जेवा मळे तेवा रजोहरणनी अपेक्षाए लागे छे. कारण के त्यांज लख्युं छे के बीजापदे आपेला प्रमाणवाळुं रजोहरण दुर्लभ होतां हीन के अधिक जेवुं मळे तेवुं पण धरी शकाय. तथा यथाकृतना अधिकारे लख्युं छे के यथाकृतनी दसीओनी भजना छे एटले के दंडना प्रमाणनी वधगट प्रमाणे दसीओनुं प्रमाण जाणवुं.

# विचार ७१ मो.

प्रश्नः—भिक्षादिक अर्थे बाहेर जतां बधां उपकरणो साथे केम नथी लेता ?

उत्तरः—ए वातनो पण एकांत नथी. केमके वैरस्वामिनी कथामां वात आवेली छे के बधा साधुओ बाहेर जतां तेमना वींटणाओने मंडळीमां स्थापीने वैरस्वामिए देशना देवा मांडी.

वळी ओघनिर्युक्तिमां पण कह्युं छे के भिक्षार्थे जतां उत्सर्गे बधां उपकरण साथे लेवां. कदाच बधां उपकरण साथे लेवा असमर्थ होय अथवा नवदीक्षित, ग्लान, के वृद्ध होय तो जेटलां ऊपाडी शकाय एटलां ऊपाडवां.

व्यवहारचूर्णिमां लख्युं छे के वर्षाऋतुमां बधां उपकरण नहि ऊपाडवां.

# विचार ७२ मो.

प्रश्नः—भिक्षादिकनो उपयोग सवारमां करी लेवो के जती वेला करवो ?

उत्तरः—भिक्षादिकनो उपयोग भिक्षादिक अर्थे जती वेलाज करवो एम ओघवृत्तिमां कहेल छे.

निशीथचूर्णिमां लख्युं छे के उपयोगनो कायोत्सर्ग करतां भिक्षानो प्रथम लाभ थवा लगी दांडो भूमिए नहि अडकाववो.

ओघभाष्यमां पण कह्युं छे के अर्थपोरसी पूरी थतां उपयोग तथा कायोत्सर्ग करी भिक्षाए नीकळवुं.

## विचार ७३ मो.

प्रश्नः—साधुने बीजीवार भोजन करवुं कल्पे के नहि?

उत्तरः—सामान्यपणे एकवारज भोजन करवुं कल्पे पण इहां दिगंबरोनी माफक अवधारण घटी शके नहि.

कारण के ओघनिर्युक्तिमां लख्युं छे के प्रमाणद्वारमां बेवार गोचरीए जवानुं कह्युं त्यां एटलुं वधु जाणवुं के आचार्य, बाळ, ने ग्लानना अर्थे बे करतां वधुवार पण जइ शकाय छे अने काळद्वारमां बे काळे जवानुं कह्युं छे त्यां एटलुं वधु जाणवुं के ग्लान अने तपस्वीना पारणाअर्थे अतिप्रभातमां अथवा भिक्षावेळा टळी जतां पण घणीवार जवाय.

वळी ओघभाष्यमां लख्युं छे के ग्रीष्मकाळमां तपस्वी के तरसेलो अथवा भूखेलो पुरुष भूखतरस सही नहि शकतां पेहेली पंक्तिए गोचरी जवानी रजा ल्ये.

## विचार ७४ मो.

प्रश्नः—खरडेलेज हाथे भिक्षा लेवी जोइये के केम?

उत्तरः—कल्पादिक ग्रंथो प्रमाणे कंई एवो नियम देखातो नथी के खरडेलेज हाथे भिक्षा लेवी. कारण के त्यां नीचे मुजब आठ भांगा पाडी लख्युं छे के जे जे भांगे सावशेष द्रव्य होय ते ते भांगे लेवुं कल्पे.

भांगानी विगत आ प्रमाणे छे.

१ संसृष्ट हाथ, संसृष्ट पात्र, सावशेष द्रव्य.

२ संसृष्ट हाथ, असंसृष्ट पात्र, सावशेष द्रव्य.

३ असंसृष्ट हाथ, संसृष्ट पात्र, सावशेष द्रव्य.
४ असंसृष्ट हाथ, असंसृष्ट पात्र, सावशेष द्रव्य.
५ संसृष्ट हाथ, संसृष्ट पात्र, निरवशेष द्रव्य.
६ संसृष्ट हाथ, असंसृष्ट पात्र, निरवशेष द्रव्य.
७ असंसृष्ट हाथ, संसृष्ट पात्र, निरवशेष द्रव्य.
८ असंसृष्ट हाथ, असंसृष्ट पात्र, निरवशेष द्रव्य.

आ आठ भांगामां ज्यां पश्चात्कर्मना दोषनो संभव थाय ते अशुद्ध भांगा अने बाकीना शुद्ध भांगा जाणवा. एम कल्पचूर्णिमां कह्युं छे.

अने दशवैकालिकमां जे लख्युं छे के असंसृष्ट हाथे नहि लेवुं त्यां पण ज्यां पश्चात्कर्म थाय एम कहेलुं होवाथी पश्चात्कर्मना संभवमांज स्थविरकल्पिना माटे निषेध पाडेल जणाय छे.

## विचार ७५ मो.

प्रश्नः—अलेपित पात्रमां जमतां तेमां पनक बंधाय छे, दुर्गंध थाय छे, अने तेथी उलटी तथा जुगुप्सा आवतां आत्म, संयम, तथा प्रवचननी विराधना थवानो संभव रहेल छे माटे अलेपित पात्रमां आहार करवो नहि जोइये. ए वात विषे तमारो शो अभिप्राय छे?

उत्तरः—अमारुं एम मानवुं छे के ए दोषो तुंबाना पात्रमांज देखाय छे माटे तुंबानुं पात्र अलेपित होय तो तेमां जमवुं नहि कल्पे बाकी लाकडाना पात्रा विषे कंइ नियम नथी.

# विचार ७६ मो.

प्रश्नः—भिक्षाना माटे झोली बांधो छो तेमां शुं प्रमाण छे?

उत्तरः—ओघनिर्युक्ति, निशीथभाष्य तथा चूर्णिमां कह्युं छे के पात्रबंधनी गांठ ए रीते वाळवी के जेम तेना चार आंगलना छेडा बाकी रहे. कोइ कहेशे के ए तो पात्रांने बांधवामां ए विधि छे पण कंइ झोली माटे नथी तेणे जाणवुं जोइये के पात्रा माटे पण उत्सर्ग तो एम छे के पात्रबंधवडे गांठ नहिज देवी किंतु पात्रा उपर पात्रबंधना चारे छेडा मेळवी तेनापर पात्रकेशरिका मेळवी अने तेनापर पडला मेळवा. पण झोलीना माफक अपवादपदे खीटी वगेरामां पात्रां टांगवा माटे गांठ देवानी होतां तेनुं प्रमाण बताव्युं छे.

महानिशीथमां पण लख्युं छे के पडिलेहणा करतां पात्रबंधनी गांठ नहि छोडे तो प्रायश्चित्त लागे.

# विचार ७७ मो.

प्रश्नः—साधुने दसीवाळुं कपडुं लेवुं पण नहि कल्पे के केम?

उत्तरः—साधुने दसीवाळुं कपडुं पहेरवुं नहि कल्पे. बाकी लेवुं तो कोइ वेला कल्पे पण खरुं. केमके ओघनिर्युक्तिमां सामान्यपणे निषेध नहि लखतां अशिवने उद्देशीने लख्युं छे के "ज्यारे अशिव एटले मरकी चालती होय त्यारे दसीवाळुं कपडुं, लोह, लूण, के विगय ए चार चीजो नहि लेवी."

# विचार ७८ मो.

प्रश्नः—साधु तथा साध्वीओ एक क्षेत्रमां रहे के नहि ?

उत्तरः—एक क्षेत्रमां सर्वथा नहि रहे एवो एकांत नथी. कारण के तीर्थंकरो साथे साध्वीओ विचरती हती, तथा जमालि साथे हजार साध्वीओना परिवारे प्रियदर्शना सावत्थीमां विचरेल छे, वैरस्वामि मळ्या के गुरुए तरतज साध्वीओने सोंप्या छे, कीर्त्तिमतीराणी अने क्षुल्लककुमार पण साथे विचरेल छे, पटणामां स्थूळभद्रने वांदवा साते आर्याओ आवेल छे, इत्यादि घणा दाखला छे.

वळी व्यवहारसूत्रमां पण कह्युं छे के आठम, पांखी, तथा दररोजनो वाचनाकाल टाळीने शेषकाळे साध्वीओए साधुओना अपाश्रयमां नहि आववुं. तथा पर्युषणाकल्पमां लख्युं छे के वरशाद वरसतो होतां बे साधु अने बे साध्वीने एकठा रहेवुं नहि कल्पे, पण वच्चे नानुं के मोहोटुं पांचमुं कोई होय तो एकठा रहेवुं कल्पे.

माटे सर्वथा निषेध नथी जणातो, केमके कल्पसूत्रमां पण एम लखेल छे के एकज वगडा अने एकज दरवाजावाळा गामनगरमां साधुसाध्वीओए साथे नहि रहेवुं. अने कदाच कारणवशे तेवा स्थळे साथे रहेवुं पडे तो यतनाथी रहेवुं एटले के गोचरी तथा संज्ञाभूमिए आगलपाछल जवुं. कदाच त्यां एकज वेळाए देशकाळ होय तो साधुसाध्वीओए सामसामा मळतां एकबीजाने वंदननमन के वातचीत वगेरां नहि करवां.

बाकी अनेक वगडा अने अनेक दरवाजावाळा गाम के नगरमां तो साधुसाध्वीने उत्सर्गे पण साथे रहेवुं कल्पे छे. कारण के त्यां गोचरी तथा स्थंडिळनी जग्या अलगअलग मळी शके छे.

# विचार ७९ मो.

प्रश्नः—साधु साध्वीओने वाचना आपी शके के नहि ?

उत्तरः—उत्सर्ग तो एमज छे के साधु साधुओने वाचना आपे अने साध्वी साध्वीओने वाचना आपे. पण अपवादे उलटपालट पण करी शकाय छे. त्यां अपवाद ते ए के प्रवर्त्तिनीना पासे ते श्रुत न होय त्यारे आचार्य तेमने भणावे. अथवा प्रवर्त्तिनी पासे श्रुत होवा छतां आचार्य पासेथी शीखतां विशेष मंगळ के श्रद्धा थती होय अथवा भय के गौरवथी भणवामां वधु उत्साह थवा संभव होय तो ते कारणे पण आचार्ये शीखाववुं. तेमज साधुओ पासे अमुक श्रुत नहि होय ने कोइ साध्वी पासे ते होय तो त्यारे साध्वीए ते साधुओने शीखाववुं. आ रीते व्यवहारसूत्रनी वृत्तिमां वात कहेल छे.

वळी तेज ग्रंथमां कह्युं छे के जो के स्त्रीओ विषतुल्य छे तेथी तेमना साथ मुनि वातचीत करे तो महोटुं प्रायश्चित्त आवे छे तो पण कारणे एटले के ज्यारे साध्वीओ पासे श्रुत न होय त्यारे तेओने मुनिए भणाववुं. कारण के भण्या विना तेमनुं चारित्र नाश थवानो संभव रहे छे. माटे ज्ञानदर्शन अने चारित्रनुं रक्षण करवा निर्दोष रहीने भणाववुं.

हवे ऊपरना कारणे ज्यारे साध्वीओने भणाववुं पडे त्यारे नीचेनी विधिए शीखववुं. त्यां आदिमां विधि ए छे के जे साध्वी प्रज्ञावंत सरळ अने आज्ञा पाळनार होवा छतां माता बहेन के पुत्रीरूपे होय तेने मुनिए शीखववुं. अने तेवो योग नहि होय तो जे साध्वी तरुण होय, जे साध्वीने फरी दीक्षा दीधेल होय, जे साध्वी पूर्वे वेश्या होय, जे साध्वी पूर्वे शीखवनारनी भार्या होय,

जे साध्वी साथ शीखवनारे पूर्वे कोई वेला हास्य कीधुं होय, तेमज जे साध्वी पूर्वे व्यभिचारिणी होय तेवी साध्वीओने वर्जीने शेष साध्वीओने मुनिए शीखववुं. कारण के जो कदापि शीखनार शीखवनार ए बन्नेनुं चित्त वज्र जेवुं मजबूत होय तोपण बीजाने शंका आववानो संभव रहे छे.

वळी मुनिओमां पण जे परिणत अने आचार्य होय तेणे शीखाववुं. कदाच आचार्यनो योग न होय तो बीजो पण जे परिणत होय तेणे शीखववुं.

तथा आवे प्रसंगे द्रव्य, क्षेत्र, काळ, वगेरानी नीचे मुजब यतना राखवी.

(१) द्रव्यनी यतना ते ए के बन्ने जणाए हलकुं भोजन लेवुं. कारण के तेथी खरचुपाणीनी शंका नहि रहे.

(२) क्षेत्रनी यतना ते ए के शून्य घर, छानुं स्थान, उद्यान, देवळ, सभा, आराम, तथा ए वगेरा शंकनीयस्थळ मुंकीने खुल्ले स्थळे वाचना देवी. तेमज पोताना के आर्याओना उपाश्रयमां पण जो पोतपोतानुं मंडळ न होय तो एकांतपणे वाचना नहि देवी.

(३) काळनी यतना ते ए के साधुओने सूत्रार्थनी वाचना देनार जो बीजो कोइ होय तो आचार्य प्रभातनाज साध्वीओनी वसतिमां वाचना देवा जाय. अने जो साधुओने अर्थनो देनारज होय पण सूत्रनो देनार कोइ नहि होय तो सूत्र आपीने बीजी पोरसीए आचार्य साध्वीओनी वसतिमां जाय. कदाच सूत्रनो देनारज होय अने अर्थनो देनार कोइ नहि होय तो आचार्य पेली पोरसीमां साध्वीओनी वसतिमां जई आवी बीजी पोरसीए साधुओने अर्थ आपे अने जो सूत्र के

अर्थनो बीजो कोइ शीखावनार न होय तो पोतानी वसति-
मांज रहीने आचार्ये साधुसाध्वी ए बन्नेने शीखाववुं. आ
प्रसंगे नीचे मुजब मंडळीनी यतना करवी.

(४) मंडळीनी यतना ते ए के एक तरफ साधुओनी मंडळी कराववी अने एक तरफ साध्वीओनी मंडळी कराववी अने वच्चे सादरीनो के चिलिमिणी एटले कपडानो पडदो रखावी एक बीजाने जोइ शके नहि तेम करवुं. अने आचार्ये पडदाने छेडे बेशवुं के जेथी बे वर्गने जोइ शकाय. एम कर्याथी लोकमां पण प्रत्यय थाय के आ शुद्धशीळवंत छे तेमज वांदवा आवनाराओ पण तेवी रीते बेठेला जोइ विश्वास पामे.

आ रीतनी मंडळीमां जे साधुओ साध्वीनी नजर साथे नजर बांधनारा होय तेमने तथा जे पूर्वे भर्त्तार के व्यभिचारी होय तेवाने तथा जे अल्पधीरजवंत होय तेवा साधुओने मंडळीमां नहि बेशाडतां बीजा पासेथी भणाववा, अथवा राते तेमने पूछवुं करवुं.

वळी उत्सर्गे साध्वीओए ऊभा रहीने भणवुं. पण जो शरीर दुर्बळ होय अथवा बहुकाळ ऊभा रह्याथी थाक लाग्यो होय तो बेशीने भणवुं. तेमज ऊंचे सादे घोखवुं नहि, तथा ऊपरनी साडी पग सूधी लांबी अने सादी राखवी, तथा एक बीजानुं मुख नहि जोतां नीचुं मुख राखी शीखवुं, तेमज हाथनी अंजलि पण कपडाथी ढांकीने करवी.

आ विधि सांचव्या शिवाय जे साधु आर्याने भणावे तेने अनाचारी जाणवो. ए रीते व्यवहारसूत्रना सातमा उद्देशानी चूर्णिमां लखेल छे.

# विचार ८० मो.

प्रश्नः—यतिने प्रावरण एटले ऊपर ओढवानुं कपडुं कल्पे के नहि?

उत्तरः—उत्सर्गे नहि कल्पे, पण अपवादे कल्पे पण खरुं. कारण के कल्पचूर्णिमां नीचे लखेला प्रसंगे प्रावरण राखवुं कह्युं छे.

(१) क्षेत्रने आसरी प्रावरण रखाय जेम के सिंध देशमां प्रावरण ओढीनेज फराय छे.

(२) वर्षाकाळमां प्रावरण रखाय छे.

(३) अभावित एटले जे अभोमियो शिष्य होय ते ज्यां सूधी भावित एटले भोमियो थाय त्यां सूधी तेने प्रावरण रखाववुं.

(४) शीत के ताप नहि खमी शकतां प्रावरण रखाय छे.

(५) प्रभाते भिक्षादिक अर्थे जतां प्रावरण रखाय छे.

(६) मुशाफरीए जतां दंड शिवाय बधी उपधि खंधे बांधी तेनापर प्रावरण राखी चलाय छे.

(७) चोरना भये प्रावरण ढांकी नीकलाय छे.

वळी जे ओघनिर्युक्तिमां प्रावरणनी ना कही छे ते विषे तेनी टीकामां खुलासो करेल छे के जेम साध्वीओ प्रावरण ओढे तेवी रीते प्रावरण नहि ओढवुं. तेथी कंई सामान्यपणे प्रावरणनी मनाई जणाती नथी.

बाकी नीचे प्रमाणे वस्त्र पेहेरवा बाबतनी अविधिओ टाळवानुं पंचकल्पनी चूर्णिमां लख्युं छे.

(१) चोवडुं के मोकलुं वस्त्र करीने खंधपर नहि राखवुं.

(२) वस्त्रथी माथापर लटकता पूछवाळुं फेंटुं नहि बांधवुं.

(३) साध्वीना माफक बे बाहु ढांकीने नहि ओढवुं.

(४) बे खभानी नीचेथी नाखीने बे खभापर बे छेडा राखी नहि वापरवुं.

(५) अर्धुं खभापर अने अर्धुं लटकतुं उत्तरासंग माफक नहि राखवुं.
(६) चलोटापर भेठ नहि बांधवी.
(७) गृहस्थनुं लिंग नहि करवुं.
(८) अन्यतीर्थिकनुं लिंग पण नहि करवुं.

अने ए बाबतमां नीचे मुजब अपवादो लखेल छे.

(१) मांदानी वेयावच करतां के पोते मांदो होतां अथवा प्राहुणानी विश्रामणा करतां साधु भेठ बांधे.
(२) लटकती पूछडीवाळुं फेटुं के उत्तरासण नानो शिष्य होय ते करे अथवा अनाभोगे मुनि पण करी जाय.
(३) साध्वीनी माफक प्रावरण वर्षाऋतुमां कराय छे, अथवा सिंध वगेरा देश पामीने पण कराय छे.

इत्यादि अपवाद टाळी निःकारणे गृहिलिंग के अन्यलिंग करतां मूळप्रायश्चित्त लागे छे.

# विचार ८१ मो.

प्रश्नः—निशीथ तथा पर्युषणाकल्पनी चूर्णिमां कह्युं छे के मुनि ज्यां आषाढ सुदि दशमीना रहेला होय अथवा आषाढ मासनो मासकल्प रहेला होय ते क्षेत्र जो चोमासुं रहेनाने लायकनुं होय अने त्यां संथाराना घासनो तथा स्थंडिलभूमिनो योग ठीक होय अने मोटी वरशाद पडवा मांडी तो त्यांज आषाढ सुदि पूनमना दिने मुनिओ पर्युषणा करे. ए उत्सर्ग मार्ग छे. अने बाकीना पंचकवृद्धिना सघळा काळ अपवादरूप छे.

माटे तमे आषाढी पूनमनीज पर्युषणा केम नथी करता?

उत्तरः—इहां जे "पर्युषणा करे" एवो शब्द छे तेनो एट-

लोज अर्थ थाय छे के पोताना चित्तमां "रहेवानो निश्चय करे." बाकी कंई पडिकमणा, चैत्यपरिपाटी, तप, तथा आलोयणावाळुं गृहिज्ञात पर्युषणापर्व करे एम अर्थ नथी.

एपरथी ए तात्पर्य नीकले छे के चोमासुं रहेवानो निश्चय तो उत्सर्गे आषाढ सुदि पूनमे अने अपवादे श्रावण विदि पांचम वगेर पर्वोमां करवो. पण चैत्यवंदन, तपकर्म, तथा पडिकमणा वगेर क्रियाओ तो पचासमे दिवसेज करवी.

कारण के जो आषाढी पूनमनीज पर्युषणा मानीए तो जीवाभिगममां त्रण चोमासां तथा पजोसणना मळी चार अठाइ महोत्सव देवताओ करे एम लख्युं छे ते तथा निशीथने व्यवहारमां बन्ने पर्वना तप पण जूदां जूदां लख्यां छे ते केम घटे. तेमज आवश्यक निर्युक्तिमां चोमासामां अने वार्षिक वर्षमा आलोयणा देवी तथा जूना अभिग्रह तपासवा अने नवा लेवा एम लख्युं छे ते केम घटे? वळी एकज दहाडे चोमासानां अने संवछरीना क्षामणा केम थइ शके? तेमज आवश्यकचूर्णिमां लख्युं छे के चोमासानुं काउसग पांचसो ऊसासानुं अने संवच्छरीनुं आठ हजारनुं करवुं तथा चोमासामां एक उपाश्रयदेवतानोज कायोत्सर्ग कराय छे अने पजोसणना दिने उपाश्रयदेवता तथा क्षेत्रदेवतानो पण काउसग कराय छे ते केम घटे? माटे ए रीते जूदा जूदा बे पर्वनां काम एक दिनमां केम घटे?

कोइ पूछे के "पज्जोसवंति" एनो पर्याय "रहे" एम आपो छो तेमां शुं प्रमाण छे? तेने ए उत्तर छे के पर्युषणाकल्पना एक सूत्रनी व्याख्या करतां चूर्णिकारेज "पज्जोसवित्तए" ए पदनो पर्याय "परिवसित्तए" एम करेल छे.

# विचार ८२ मो.

प्रश्नः—पौष अने आषाढनेज अधिकमास केम गणो छो ? तथा अधिक मासवाळा वर्षमां वीसापजूसण केम करो छो ?

उत्तरः—कल्पभाष्यमां कह्युं छे के पांच वर्षना युगमां पेलो, बीजो, ने चोथो, ए त्रण चंद्रवर्ष आवे छे अने त्रीजो ने पांचमो ए बे अभिवर्धित एटले अधिक मासवाळा वर्ष आवे छे. चंद्रमास दिन २९ ३२/६२ होवाथी चंद्रवर्षमां बार मासना ३५४ १२/६२ दिन आवे छे अने अभिवर्धितमां १३ मास आवे छे. तेमां त्रीजामां पोष वधे छे अने पांचमामां आषाढ वधे छे. ए कारणथी चंद्रवर्षमां पचासमे दहाडे गृहिज्ञात पर्युषणा करवी एटले गृहस्थोने विदित करवुं के अमो अत्रे चतुर्मास रह्या छीये. कारण के साधुओनो नक्की निवास गृहस्थोने पचास दहाडाथी अगाऊ मालम पडे तो वरसाद ओछी थतां पण तेओ एम विचारे के साधुओ नक्की निवास करी रह्या छे माटे वरसाद थशेज एम विचारी खेतरपधर खेडी तैयार करे एम अधिकरण दोष लागे तथा अशिवादि कारणे त्यां सूधी साधुओने विहार करवानुं पण रहेल छे तेथी लोकमां साधुनुं मृषावादिपणुं जणाय. माटे पचास दहाडाथी अगाऊ गृहिज्ञात पर्युषणा नहि करवी. तेमज अभिवर्धितवर्षमां वीसमे दहाडे गृहिज्ञात पर्युषणा करवी. कारण के अधिक मासने गणतरीमां लेवो ते ए रीते के ते मासने ऊनाळाना भागमां गणवो.

आ रीते कल्पबृहद्भाष्य, कल्पसामान्यचूर्णि, पर्युषणाकल्पचूर्णि, तथा निशीथचूर्णिनो अभिप्राय छे तेथी तेना अनुसारे वीसापजूसण सिद्ध थाय छे.

कोइ पूछे के त्यारे पर्युषणाकल्पमां कहेलुं छे के श्रमण भग-

वान महावीरे पचास दिन पूर्ण थतां पर्युषणा करी ए सूत्र केम घटे ? तेनुं उत्तर ए छे के ए सूत्र चंद्रवर्षने उद्देशीने कहेल छे. एम तेनी चूर्णिमां स्पष्ट कहेल छे.

## विचार ८३ मो.

प्रश्नः—कोइ ऊपरली बिना बाबत एवी व्याख्या करे के "कल्पनिशीथादिकनी चूर्णिमां जे चंद्रवर्षमां पचाश दहाडे अने अभिवर्धितमां वीस दहाडे पर्युषणा करवी कहेल छे तेनो अर्थ एम करवो के एटले दहाडे रहेवानो नकी ठराव करवो. बाकी पडिक्रमणा वगेरे पर्वानुष्टान तो जे दिने थता होय तेज दिने करवा माटे अभिवर्द्धित वर्षमां पण वीसमे दहाडे पर्वानुष्टान नहि थइ शके." तो एवी व्याख्या थइ शके के केम ?

उत्तरः—एवी व्याख्या करीए तो पचासमे दहाडे भादरवामां पण रहेवानो ठरावनोज अर्थ थशे. अने पडिकमणादिक क्रिया माटे कोइ बीजोज दिवस शोधवो पडशे. कारण के चूर्णिना ग्रंथमां जे वात वीसापजूसण माटे लखी छे तेज वात पचाशा पजूसण माटे लखी छे. माटे एवी व्याख्या करवी अघटित छे.

वळी विचारो के क्यां पण भादरवा शुदि पांचमने उद्देशीने संवच्छरी पडिकमणा वगेरे नथी बताव्या. किंतु सामान्यपणे एम कहेल छे के पजोसणना दहाडे के संवच्छरीना दहाडे संवच्छरी प्रतिक्रमण वगेरा क्रिया करवी. माटे पजोसणना दिननो निश्चय तो एज पचाश के वीस दहाडावाळा सूत्रथी थइ शके छे माटे अभिवर्द्धितमां श्रावण शुदि पांचममांज प्रतिक्रमण लोच वगेरा क्रियाओ करवी.

कोइ कहेशे के सारे श्रावणमां पर्युषणा कर्या बाद पाछी भादरवे करतां तेर मास थवा आवे छे माटे " बारसएहं मासाणं" एम केम कही शकाय ? तेनुं उत्तर ए छे के जेम पांच मासवाळा चोमासामां पण "चउएहं मासाणं" कही शकाय छे तथा जेम आगमना अभिप्राये चोथी पाखी चौद दिननी छतां पण पाक्षिक कही शकाय छे तेमज तमारा अभिप्राये तेर चौद पंदर के शोळ दिने पाखी आवतां पण "पनरसएहं दिवसाणं" एम एक सरखो आळावो कही शकाय छे तेम इहां पजोसण पर्व बाबत पण "बारसएहं मासाणं" ए पाठ कही शकाय छे. तेमज तमारे पण तेर मासनो वर्ष आवतां ए वात सरखीज छे. कदाच एम कहेशो के अधिक मास काळनो चूळारूप होवाथी लेखामां नहि गणाय तो ते वात रद जशे कारण के कल्प तथा निशीथना चूर्णिकारोएज ते लेखामां गणेल छे. कारण के त्यां एम कह्युं छे के "जो अधिक मास होय तो वीसे दहाडे पर्युषणा करवी कारण के इहां अधिक मासने मासज गणवो ते हिसाबे पचाश दहाडाज थया."

## विचार ८४ मो.

प्रश्नः—(परमतवाळा तरफथी):—टीपणुं केम नथी मानता ?

उत्तरः—तमारा शास्त्रोथी जैन शास्त्रो जूदी तरेहनाज छे माटे अमारा साथे तमारी शी तकरार चाले.

वळी तमारामां पण खंडखाद्य, शिष्यधी, तथा ब्रह्मसिद्धांत वगेरा ग्रंथो साथे वर्त्तमान टीपणां केटळीक बाबतोमां विरुद्ध पडे छे. कारण के ते ग्रंथोमां अधिक मास जूदा कह्या छे अने हमणा जूदा वर्त्ताय छे. माटे तमारा टीपणां शी रीते मानी शकाय ?

वळी पृथ्वी पण तमारा शास्त्रमां गोळाकार अथवा पूनमना चंद्रना आकार जेवी कहेल छे. ते पण अमारा साथे केम मळे?

वळी तमारामां ग्रहो तथा श्रवण वगेरा केटलाक नक्षत्रो पण प्रथम ज्योतिश्चक्रमां नहिं हता पण पछी उत्पन्न थया एम मानेल छे तथा चंद्र पण अगाऊ न हतुं पण पछीथी अत्रि ऋषिना नेत्रमांथी के क्षीरसमुद्रमांथी उत्पन्न थयुं एम मानेल छे. माटे अमारो ने तमारो मेळ शी रीते मळी शके?

हवे कदाचि कोई जैनी बोले के टीपणाना हिशाबे आठम वगेरा पर्व तथा अधिकमास केम नथी करता? तेने उत्तर आपीए छीये के छायडा अने तडकानी माफक लोक अने जैननुं मोटुं अंतर रहेल छे. माटे ते बेनी सरखाई केम आवी शके?

कारण के लोकमां एक चंद्र ने एक सूर्य छे, जैनमां असंख्य छे. लोकमां नव ग्रह छे, जैनमां ८८ ग्रह छे, जेमां त्रीशमो भस्म ग्रह छे. लोकमां मेरु एक छे, जैनमां पांच मेरु छे. लोकमां भूगोळ अवळे आंटे सूर्यादिकने फरे छे जैनमां ज्योतिश्चक्र फरे छे. लोकमां सात द्वीप समुद्र छे, जैनमां असंख्याता छे लोकमां युग, मन्वंतर, इत्यादि काळमान छे, जैनमां पल्योपम, सागरोपम, उत्सर्पिणी, अवसर्पिणी, पुद्गलपरावर्त्त, इत्यादि काळमान छे.

वळी लोकमां क्यारेक एकज वर्षमां एक अधिकमास अने एक क्षयमास आवे छे जेमके सं. १२५० मां पोष मासनो क्षय हतो अने चैत्र मास बे हता, तेथी फागण चोमासुं त्रण मासे अने आषाढ चोमासुं पांच मासे थयुं हतुं. आ बाबत धूर्त्तभटसिद्धांतमां स्पष्ट छे. पण जैनमां तेम थतुं नथी.

लोकमां राहु मस्तकमात्र छे, जैनमां महर्द्धिक देव छे. लोकमां संक्रांति, व्यतिपात, ग्रहण, तथा वैधृति वगेरा पर्व गणाय

छे, जैनमां तेम गणतां मिथ्यात्व लागे छे. लोकमां लोकनुं मध्य लंका कहेवाय छे. जैनमां मेरु कह्यो छे. लोकमां ग्रह पूजाय छे, जैनमां तेमने पूजतां मिथ्यात्व कहेल छे. लोकमां अगीआरसे चोमासुं बेशे छे, जैनमां चौदश के पूनमे बेशे छे. वळी पर्युषणपर्व पण जैनोनुंज छे. माटे लोक साथे केम सरखाई आवे?

माटे जो टीपणुं प्रमाण करवा जइये तो आपणा निशीथ, कल्प, व्यवहार, दशाश्रुतस्कंध, भगवती, आवश्यक, स्थानांग, चंदपन्नत्ति, सूरपन्नत्ति, जंबुदीवपन्नत्ति, गणिविद्या, ज्योतिष्करंडक, संग्रहणी, तथा क्षेत्रसमास वगेरा ग्रंथो अप्रमाण थई जाय छे.

वळी विचारो के टीपणामां तो अमावास्यानो मास बदले छे छतां तमो पण जैनना हिशाबे पूनमनीज माससमाप्ति लेखीने कल्याणिक तिथिओ गणो छो माटे टीपणानुं शुं प्रमाणपणुं रह्युं.

कदाच कोई पूछे के तमे युगमां ज्यारे पौष मास अधिक गणीने लौकिक चैत्र मासनी पूनमे फागण चोमासुं करो छो सारे ते मासने आगमिक फाल्गुन मास मानी तेमां दीक्षादिक पण आपशो के नहि? तेनुं ए उत्तर छे के जेम तमो पण फागणनी पूनम पछी टीपणानी फागण विदिमां पण आगमिक चैत्र मास मानी विदि आठमे श्रीऋषभस्वामिनुं कल्याणिक करो छो छतां तेने चैत्र गणी तेमां दीक्षादिक वर्जता नथी तेम अमारा माटे पण जाणी लेवुं.

## विचार ८५ मो.

प्रश्नः—श्रावकने छजीवणी अध्ययन मुनि शीखावे के नहि?

उत्तरः—श्रावकने ए अध्ययन मुनि उत्सर्ग मार्गेज शीखावी शके छे. कारण के निशीथमां लख्युं छे के गृहस्थ के परपाखंडी

जो प्रव्रज्या लेवा अभिमुख थाय अथवा श्रावक थाय तो तेने छजीवणी अध्ययन शीखावी शकाय एम बे विशेष्यपद अने बे विशेषण आपेलां छे.

निशीथना भाष्य तथा चूर्णिमां ए वात विस्तारीने लखी छे ते आ रीते के जे मुनि परपाखंडीने के गृहस्थने अथवा पासत्थादिकने शीखवे के तेमना पासेथी शीखे तेने प्रायश्चित्त लागे. कारण के अन्यतीर्थिक के गृहस्थने शीखवतां ते पाछा तीर्थनी हेलना करवा मंडे, तेमज तेमना पासेथी शीखतां मिथ्यात्वनो स्थिरीकार थाय, अने पासत्थादिक पासेथी शीखतां तेमने वंदनादिक करवुं पडे इत्यादि दोष थाय छे.

इहां परपाखंडी ते परदर्शनना वेषधारी जाणवा, अने गृहस्थ ते पण परदर्शनीज लेवा, बाकी जे गृहस्थ जिनवचन माने ते स्वपाखंडीज लेखवा. तेमने तो जे योग्य होय ते शीखववुं, तेमां कंइ मनाइ नथी. वळी परपाखंडी के परदर्शनी गृहस्थ ते पण जो प्रव्रज्या लेवा अभिमुख थाय अथवा श्रावक थवा इच्छतो होय तो तेने सूत्रथी छजीवणी सूधी अने अर्थथी पिंडेषणा अध्ययन सूधी शीखाववुं. तेमज पासत्थादिक पण जे सुविहितने उपसंपन्न थाय एटले गुरु तरीके अंगीकार करे अथवा संविग्नविहार करवा उजमाल थवानी चाहनावाळो होय तेने वाचना देवी.

आ रीते निशीथना भाष्य तथा चूर्णिनो अभिप्राय तपासतां मालम पडे छे के श्रावकने भणाववामां बाध नथी.

आवश्यकचूर्णि, विशेषावश्यक श्रावक प्रज्ञप्ति, तथा धर्मरत्न वृत्तिमां कह्युं छे के ग्रहणाशिक्षामां साधु सूत्र तथा अर्थथी जघन्यपणे आठ समितिओ शीखे अने उत्कृष्टपणे चौदमा पूर्व सूधी शीखे. अने श्रावक जघन्यपणे आठ समितिओ ने उत्कृष्टपणे छजी-

वणी अध्ययन सूधी सूत्रार्थे अने पिंडेषणा सूधी अर्थे शीखे.

वळी संवेगरंगशाळामां लख्युं छे के आठ समितिओ जाण्या शिवाय श्रावक सामायिक शी रीते करी शके तथा छजीवणी जाण्या शिवाय जीवरक्षा शी रीते करी शके. हैम व्याकरणमा पण श्रावकने छजीवणी सूधी भणवानुं लखेल छे.

इहां वळी ए जाणवानुं छे के उत्कृष्टपणे छजीवणी सूधी भणवानुं कहेवाथी तेथी पूर्वेना द्रुमपुष्पादिक त्रण अध्ययन आवीज जाय छे. वळी अर्थथी श्रावक पिंडेषणा सूधी शीखे ते वाक्यने पण उपलक्षणरूप गणवुं. कारण के तेम न मानीए तो, ऋषभदेव स्वामिए अठाणु पुत्रोने सूगडांगनुं वैताळीय नामे बीजुं अध्ययन संभळाव्युं, गौतमस्वामिए अष्टापद ऊपर वैश्रवणने ज्ञातानुं पुंडरीकाध्ययन संभळाव्युं, सुबुद्धिमंत्रिए धर्मदेशना पूर्वक जितशत्रु राजाने प्रतिबोधी बारव्रत आपी नवे तत्वनो जाणकार करी श्रावक कर्यो, कपिलऋषिए उत्तराध्ययननी वीस गीतिओवडे पांचसे चोर प्रतिबोध्या, निर्ग्रंथमुनिए श्रेणिकराजाने अनाथी अध्ययन कही बताव्युं, तथा स्थविरोए दसवैकालिकनुं छठुं अध्ययन राजा, अमात्य, ब्राह्मण, क्षत्रिय वगेरा सर्व पर्षदा आगल कही बताव्युं, इत्यादि वातो केम घटी शके. माटे श्रावक अर्थथी पिंडेषणा सूधी शीखे ते शेष अंगउपांगना उपलक्षणरूपे जाणवुं.

वळी ऊपरना दृष्टांतोमां बीजी एक वात याद राखवा लायक छे के गौतमस्वामिए वैश्रवणने पुंडरीकाध्ययन संभळावतां तेणे सूत्रथी पण ते ग्रहण करेल छे. ए वात वैरस्वामीना वृत्तांतमां प्रसिद्ध छे.

# विचार ८६ मो.

प्रश्नः—साधु तथा श्रावके जघन्यथी आठ समितिओ शीखवी, ते उत्तराध्ययनमां रहेल प्रवचनमातृ नामे अध्ययन शीखवुं के बीजुं कोई अध्ययन शीखवुं ?

उत्तरः—इहां जो के भगवतीना टीकाकारे बकुशनी व्याख्यामां कह्युं छे के "ए उत्तराध्ययननुं अध्ययन तो मोहोटुं छे माटे जघन्यपदमां नथी संभवतुं, किंतु "अट्ठण्हं पवयण माईणं" ए पदनुं जे विवरणसूत्र छे ते संभवे छे. अने तेथी माषतुषादिकनी वातमां पण व्यभिचार आवतो अटके छे." तोपण टीकाकारे जे विवरणसूत्र जणाव्युं छे ते हाल देखवामां नथी आवतुं, अने श्रावकने तो समितिओनुं खप अवश्य रहेल छे तेथी बीजा सूत्रनो अभाव होतां उत्तराध्ययननुं प्रवचनमातृ नामे अध्यनयज अमे श्रावकने शीखवीए छीये.

# विचार ८७ मो.

प्रश्नः-श्रावको आवश्यकनिर्युक्तिने तथा सिद्धांतोना अनेक आलावाओने केम भणी शके ?

उत्तरः—जो श्रावको आवश्यकनिर्युक्तिने तथा सिद्धांतोना अनेक आलावाओने नहि भणे तो तेमने "लद्धट्ठा, गहियट्ठा" इत्यादिक भगवतीमां कहेलां विशेषणो केम घटी शके?

वळी सुबुद्धिमंत्रीए पाणीनो दाखलो आपी "सुगंधि पुद्गलो दुर्गंधि थाय छे, अने दुर्गंधि पुद्गलो सुगंधि थाय छे" ए आलावावडे जितशत्रु राजाने प्रतिबोधी धर्मदेशना पूर्वक समकितमूळ बारव्रत दीधां ए वातथी पण सिद्ध थाय के श्रावक सूत्रोना आ-

लावा भणी शके छे.

वळी स्वयंबुद्ध श्रावके महाबळने, सुजातकुमारे चंद्रयशाने, तथा मदनरेखाए युगबाहुने अणसण करावी नीजाम्या; प्रभावतीए आत्मसांखे छमास सूधी व्रत पाळ्यां; दृढधर्मकुमारे शिवकुमारनी शुद्ध भातपाणीवडे पर्युपासना करी; अश्वग्रीवना जीव मृगध्वजकुमारने मंत्रिए सीमंधरसूरिने मनमां धरी व्रत दीधां, तथा मृगध्वजे कापी नाखेला भद्रक नामना पाडाने आराधना करावी; कल्पक मंत्रिए पोताना कुटुंबने नीजाम्युं; चारुदत्ते बकराने नीजाम्युं; जिनदासे कंबळसंबळने नीजाम्या; पुंडरीके पोतानी सांखे व्रत लीधां; चेडाराजा, वरुणसारथि, नंदमणियार, मंडूक, चाणक्य, अने प्रदेशि राजा वगेराए पोतानी मेळेज आराधना करी; सुज्येष्टाए परवादी जीत्या, स्कंदकुमारे पाळकने निरुत्तर कर्यो; कुंडकोळियाए देवने निरुत्तर कर्यो; तथा आनंदादिक श्रावकोए अग्यारमी श्रमणभूत प्रतिमा पाळी; इत्यादिक वातो जोतां विचार थाय छे के जो तेओ अनुज्ञात करेला सूत्रो नहि भण्या होय तथा अर्थ नहि सांभल्यो होय तो एवो विवेक तेमने क्यांथी आवी शके?

वळी आवश्यकनो पाठ तो श्रावकने प्रगटपणे देखाय छे केमके निशीथचूर्णिमां कह्युं छे दशवैकाळिकथी आवश्यक नीचे रह्युं छे. तेमज पाखीसूत्रमां पण पेलुं आवश्यक अने पछी दशवैकाळिक कह्युं छे. तेमज यतिओ योग वहे त्यां पण एज क्रम छे. माटे दशवैकाळिकना चार अध्ययन श्रावक भणे त्यारे आवश्यक तो पेटामांज समायुं.

हवे ज्यारे आवश्यक भणी शकाय त्यारे तेना व्याख्यानरूप निर्युक्ति, चूर्णि, तथा टीकादिक भणवा आवीज गया. कारण के सूत्र भणी शके पण अर्थ नहि भणाय एम शी रीते कही शकाय?

कदाच कोइ कहेशे के योग वह्या शिवाय श्रावको आवश्यक निर्युक्ति वगेरा केम शीखी शके? तेनुं ए उत्तर छे के योग तो सूत्रोनाज वहेवाय, बाकी निर्युक्त्यादिकना योग नथी. वळी सूत्रोमां पण सामायिकादिक सूत्रो तो योग वहेराव्या वगर पण पूर्वाचार्योए लाखो श्रावकोने भणाव्या छे.

## विचार ८८ मो.

प्रश्नः—आवश्यकचूर्णिनी आदिमांज लख्युं छे के जे शिष्य गुरुकुळवासी, जाति–कुळ–रूप–श्रुत–आचार–सत्त्व–विनय –संपन्न होय इत्यादि अनेक गुणोवाळा शिष्यने अनुयोग एटले अर्थव्याख्या देवी एम कह्युं छे, माटे तेपरथी जणाय छे के यति पण जे विशिष्ट गुणवंत होय तेनेज आवश्यकनो अनुयोग आपी शकाय, त्यारे श्रावकने ते केम आपवो घटे?

उत्तरः—एज चूर्णिमां आगल लख्युं छे के श्रावक उत्कृष्टपणे छजीवणी सूधी सूत्रार्थे अने पिंडेषणा सूधी अर्थे शीखे. तथा कल्पपीठमां लख्युं छे के आचार्यने कोइ अन्य आचार्य, भिक्षु, के श्रावक कहे के आप आपना इच्छाकारे अमने अनुयोग आपो त्यारे आचार्ये तेमने अनुयोगनी विधिए अनुयोग देवो. ए पुरावाथी जणाय छे के श्रावकोने पण अनुज्ञात ग्रंथोनो अनुयोग आपी शकाय छे.

हवे जे विशिष्टगुणवाळानेज अनुयोग देवो ते बाबत एम जाणवुं के जेम सर्वगुणसंपूर्ण सुधर्मास्वामिए विशिष्टगुणवंत जंबूने अनुयोग आप्यो, वळी काळांतरे भद्रबाहुस्वामिए स्थूळभद्रने आप्यो तेम बीजा पण गुणवंत गुरुओए काळानुसारे मळता गुणवंत

शिष्योने आजकाल ते आपवो. तेटला माटेज चूर्णिकारे सर्वोत्कृष्ट गुरुशिष्यना गुणो जणाववा ए आलावो लखेल छे; पण कंई एवाज गुणवाळा गुरुए एवाज गुणवाळा शिष्यने अनुयोग आपवो एवो नियम बांधवा माटे ए आलावो नथी लख्यो.

माटे चूर्णिमां वर्णवेला अधिक गुणवाळा गुरुशिष्य नहि मळता होय तोपण काळानुसारे गुणनी तरतमता विचारी दुःप्रसभ सूधी आवश्यकनो अनुयोग प्ररूपाशे.

वळी सुधर्मास्वामि तथा भद्रबाहुस्वामिना वखतमां पण शास्त्रोक्त गुणवाळा गुरुशिष्यनो संभव विरलोज हतो, कारण के "बार प्रतिमाना धारक" इत्यादि विशेषणो सर्व आचार्योमां संभवी शके नहि.

# विचार ८९ मो.

प्रश्नः—शास्त्रमां कह्युं छे के मुनिए अज्ञात उंछ ( भोजन ) लेवुं, माटे परिचित श्रावकोना घरे वहोरवुं नहि जोइये; छतां तमे केम वहोरो छो ?

उत्तरः—अजाण्या घरोथीज वहोरवुं एवुं कंइ एकांत नथी.

कारण के ओघभाष्यमां कह्युं छे के एक संघाडाए ठवणाकुलमां जवुं अने बीजाओए बीजा घरोमां जवुं (इहां ठवणाकुल ते श्रावकोना घर जाणवा.) वळी आगल चालतां लख्युं छे के अति उमदा चीजो जे कुलोमां मळे तेने अतिशेषी कहेवा तथा श्रद्धावाळा कुळोने श्राद्धि कहेवा ते कुलोमां सर्व संघाडाओए नहि जवुं. किंतु गीतार्थसंघाडाए जवुं. एज प्रमाणे निशीथचूर्णिमां पण कह्युं छे.

वळी कल्पसूत्रमां कह्युं छे के जे कुल श्रावक थएला अने बहु

भक्तिवाळा होय तेवा कुलोमां साधुए जे चीज लेवी ते जोइ त-पाशीनेज लेवी. कारण के तेवा कुलो बहु प्रीतिना कारणे कदाच सदोष आहारपाणी पण करी राखे.

ओघनिर्युक्तिमां कह्युं छे के गीतार्थोए धार्मिक श्रावकोने ए-षणाना दोष तथा अभिग्रहविशेष कही बताववा. ए ऊपरथी पण जणाय छे के परिचित श्रावकोना घरथी पण मुनि वहोरी शके छे.

वळी विचार करो के जो श्रावकना घरेथी मुनि वहोरेज नहि एम होय तो श्रावकनुं बारमुं अतिथिसंविभागव्रत केम थई शके? तेमज भवदेवे स्वजनना घरेथी वहोर्युं, शालिभद्रे माताना घरेथी वहोर्युं, इत्यादि वातो केम घटे?

तथा निशीथचूर्णिमां कह्युं छे के ज्यां साधुओ जतां आवतां शंकादिक नहि थाय एवा भावितकुलोमां कारणे मुनि बेवार के त्रणवार पण जाय. वळी बीजा स्थळे लख्युं छे के जे श्रावको सा-धुसामाचारी जाणता होय तेमणे मुनिने कहेवुं के तमो एक शय्या-तर स्थापो त्यारे मुनि तेम करीने बीजाओना घरे वहोरवा जाय.

वळी भगवतीमां श्रावकोना विशेषणोमां कह्युं छे के श्रमण निर्ग्रंथने शुद्ध आहार पाणी वगेरा आपता थका श्रावको विचरे छे.

## विचार ९० मो.

प्रश्नः—तमे ऊपर कही चूक्या के यति श्रावकना घरेथी पण वहोरे त्यारे अमो कहीये छीये के "यतिने श्रावकना घरो शिवाय बीजे भिक्षा लेवीज नहि कल्पे," एवो नियम पाडी शकाय के नहि?

उत्तरः—एवो नियम थायज नहि; कारण के मुनिओ तो गामेगाम अप्रतिबद्धविहार करनार होय छे, अने साथे आहार

पाणी के पैशाटकानो संग्रह राखता नथी माटे तेओए आधाकर्मी आहारने विष्टासमान, दारु समान, तथा गोमांस समान जणावीने अदुगंछनीय एटले जेमां बीजा दर्शनीओ पण जता होय तेवा ऊंचनीच कुळोमां मधुरकर वृत्तिए शुद्ध आहार पाणी लेवो ए वाजबी छे, के दोष सहित आहार लेवो ए वाजबी छे, ते तमोज विचारो.

वळी विचारो के कोइ स्थळे श्रावकोनो अभाव होय तो त्यां मुनिओए शुं कंदोइ पासे पाक कराववो के देखीता दोष टाळीने एटले के भाजन, चाटुआ तथा हस्तादिकनी यथायोग शुद्धि जोइने साधारण गृहस्थोना घरेथी स्वभावसिद्ध अंतप्रांत आहार लेवो.

ए बाबतमां परमतवाळा एमज कहे छे के म्लेच्छ जेवा पासेथी पण मधुकर वृत्तिए थोडुं थोडुं लइने वर्त्तवुं पण वृहस्पति जेवा पासेथी पण एकान्न एटले आखुं भोजन नहि लेवुं. विष्णुपुराणमां पण कह्युं छे के मुनिए गाममां एक रात अने शहेरमां पांच रात रहेवुं. त्यां पण एवी रीते वर्त्तवुं के जेथी प्रीति के द्वेष नहि बंधाय. वळी लोको जमी रह्या बाद प्रशस्त वर्णवाळा लोकना घरेथी भिक्षा लेवी. वळी विष्णुए पण पोताना सूत्रोमां कह्युं छे के सात घरनी भिक्षा लेवी.

माटे ए बाबत परमतवाळा पण तकरार लइ शकता नथी. त्यारे जे जैनमतना थईने तकरार ले छे तेओने अमो जणावीए छीए के तेओए माधुकरी वृत्ति अथवा ग्रामानुग्राम विहार करवानो अनुभव करवो तथा नीचे लखेलां आगमनां वचन विचारवां.

आचारांगमां कह्युं छे के जुगुप्सित कुळ जे चमार वगेरा ते तथा गर्ह्यकुळ जे दास्यकुळ वगेरा तेवा कुळ छोडी बीजा बधा कुळोमां गोचरी करवी; त्यां दाखला तरीके थोडाक कुळोनां नाम आप्यां छे ते ए के उग्रकुळ, भोगकुळ, राजन्यकुळ, क्षत्रियकुळ, इ-

क्ष्त्राकुकुळ, हरिवंशकुळ, भोज्यकुळ, वणिक्कुळ, नापितनुंकुळ, सूतारनुंकुळ, ग्रामरक्षकनुंकुळ, वणकरनुंकुळ, इत्यादिक कुळोमांथी शुद्ध आहारपाणी वहोरवा.

वळी पूर्वपुरुषोनी कथाओमां पण घणा दाखला मळे छे, जेमके, आवश्यकचूर्णिमां वात आवे छे के बहुल तथा बळब्राह्मणे आहार वोराव्यो, वळी ग्रामना चिंतक तथा धनसार्थवाहे आहार वोराव्यो, एक ब्राह्मणना यज्ञमां एक चाकरी रहेला पुरुषने यज्ञमांथी बचेलो आहार मळतो ते तेणे साधुने वहोराव्याथी देवलोके गयो अने त्यांथी चवीने श्रेणिकनो नंदिषेण नामे पुत्र थयो. वळी एक सूतारनी पुत्रीए मुनिओने वहोरावतां तेमणे भक्त लीधुं पण मांस नहि लीधुं, तेथी तेणीए पूछयुं के तमारे शुं कार्त्तिकव्रत पूरुं नथी थयुं के जेथी मांस नथी वहोरता त्यारे साधुओए मांसना दोष बताव्या तेथी ते प्रतिबोध पामी.

उत्तराध्ययनमां विजयघोषना यज्ञमां साधु भिक्षार्थे आवेल कह्या छे.

वळी नागश्री ब्राह्मणीए कडुओ तुंबो वहोराव्यो, वंकचूळनी पल्लीमां तथा साम्प्रपादिक गाम के ज्यां श्रावको न हता त्यां साधु चोमासुं रहेला कह्या छे. आषाढभूतिए नटना घरेथी, उदायने गोकुळमांथी तथा मेतार्ये सोनाराना घरेथी वोर्युं छे. वळी शालिभद्र तथा केवन्नाए पूर्वभवमां वाछरडा चारनार छतां दान दीधुं, तथा शालिभद्रनी माता भद्रासार्थवाहीए शालिभद्रने दहिं वोराव्युं.

उत्तराध्ययननी टीकामां वात आवे छे के एक ठेकाणे बे चोर रहेता हता. त्यां एक सार्थ साथे साधुओ आवी पहोचतां चोमासुं आवी पडयुं तेथी साधुओ ते चोरो पासेथी त्यां वसति मागी चोमासुं रह्या. त्यारे ते चोरोए कह्युं के तमारे आहारपा-

णी पण अमारे त्यांथी लेवो त्यारे साधु बोल्या के अमारे एकज ठेकाणेथी भिक्षा लेवी कल्पे नहि माटे बधे ठेकाणे उचित घरोमां अमो भिक्षा लेशुं.

इत्यादि अनेक उदाहरणोथी सिद्ध थाय छे के मुनि श्रावकना घेरथीज भिक्षा लिए एम एकांत थइ शकतुं नथी.

## विचार ९१ मो.

प्रश्नः—ओघनिर्युक्तिमां नियम पाडयो छे जे एकज घरमां एकज संघाडाए जवुं, घणा संघाडाए जवुं नहि ते वात केम?

उत्तरः—ए वात स्थापनाकुलो एटले जे कुलो दानना अत्यंतश्रद्धालु होय तेना आश्री अवश्य करीने जणाय छे. कारण के तेवा कुलो साधुनी अनुकंपाना लीधे कदाचित् अशुद्धि पण करे. बाकी जे कुलो साधारणपणे भिक्षाना देनार होवाथी जूदा जूदा संघाडाने जूदी जूदी थोडी थोडी एक बे वस्तु आपता होय त्यां जो अशुद्धि थवानो संभव न होय तो कोइ वेला घणा संघाडा पण जइ शके छे. बाकी अशुद्धिनो संभव होय तो तो एक संघाडाने पण जवुं नथी कल्पतुं. माटे भावार्थ एके अशुद्धिनी गवेषणा करवी.

वळी एज निर्युक्तिमां आगल वात आवे छे के भिक्षा माटे बधा साधुओ फरता फरता श्रावकना घरे आवतां त्यां चैत्य होय तो ते वांदीने साधारण भिक्षा मळे तो ते ल्ये.

वळी जे कह्युं छे जे "घणा साधुओना प्रवेशथी श्रावकना कुळो अंते दूमणा थईने ग्लानना माटे जोइती चीज पण आपे नहि" इहां पण ए रीते दूषण कही बताव्युं पण एम नहि कह्युं जे बहु साधुनो प्रवेशज नहि कल्पे.

माटे परमार्थ ए छे के निपुणपणे बरोबर चिंतवतां जो दोषनो संभव जणाय तो अवश्य ते वातनो परिहार करवो, बाकी अशुद्धिनो संभव नहि छतां मात्र इहां घणा अवसन्ना वहोरे छे एटला थकीज ते कुलनो परिहार करवानी जरुर नथी.

## विचार ९२ मो.

प्रश्नः—तमारा श्रावको प्रसिद्ध चैत्यवंदनथी चैत्य केम नथी वांदता?

उत्तरः—आगममां श्रावकना चैत्यवंदननी विधि एटलीज कही छे के एकसो आठ काव्य कहीने शक्रस्तव कहेवो.

वळी चैत्यवंदनभाष्यमां कह्युं छे के केटलाएक आचार्य एम कहे छे जे जीवाभिगममां विजय देवताना स्थळे, रायपसेणीमां सूर्याभना स्थळे, ज्ञातामां द्रौपदीना स्थळे, तथा जंबूदीवपनत्तिमां शक्रेंद्रे शक्रस्तवथीज वंदन कर्युं छे. माटे ए आचरणाना प्रमाणथी तथा एथी अधिक विधि सूत्रोमां गणधरोए बतावेल नहि होवाथी श्रावक शक्रस्तवथीज चैत्यवंदन करे. आ स्थळे टीकाकारे बाहेरनी घणी उक्तियुक्तिओ बतावी छे, तोपण मूळमां जे लख्युं छे जे एथी अधिक विधि गणधरोए बतावी नथी ते वातथी भाष्यकारे पण एकसो आठ काव्य साथे शक्रस्तवथीज चैत्यवंदन समर्थित करेल जणाय छे.

वळी आवश्यकचूर्णिकार पण एम लखे छे जे "जो चैत्य होय तो पहेलुं चैत्य वांदे अने पछी इरियावही पडिकमे" आ ऊपरथी जणाय छे के चूर्णिकारने पण जीवाभिगमादिकमां कहेल चैत्यवंदनविधि अभिमत लागे छे. वळी विचार करो के इहां चू-

णिकारे सामायिकवंतने पण इरियावहीथी पूर्वे चैत्यवंदन लख्युं छे, त्यारे वगरसामायिकवंतने ते इरियावही होयज शानी ? वळी श्रेणिक तो अविरत हता तेथी तेमने इरियावही पडिकमवानो संभव नहि छतां ते वगर देवपूजा तथा देववंदन दररोज त्रिकाळ करता हता ते वात प्रसिद्धज छे.

वळी जेम देशविरत तथा अविरतनुं सम्यक्त्व सामायिक सर्व स्थळे सरखुंज कह्युं छे तेम तेनी निर्मळताना कारणो जे जिनपूजनवंदनादिक छे ते पण बन्नेना सरखाज होवा जोइये एम अटकल थई शके छे.

## विचार ९३ मो.

प्रश्नः—निशीथना प्रकल्पादिक सूत्रोमां श्रावकोना माटे प्रायश्चित्त लखेल देखातुं नथी, माटे श्रावकोने प्रायश्चित्त आपवुं अर्वाचीन छे के प्राचीन छे ?

उत्तरः—श्रावकोने प्रायश्चित्त आपवुं प्राचीनज छे. कारण के महाशतकश्रावकने संथारामां तेनी स्त्री रेवतीए उपसर्ग करतां तेणे तेणीने कटुक वचन कह्यां तेथी गौतमस्वामिए महाशतकने समजावीने प्रायश्चित्त आपेल छे. तेमज आनंदना अधिकारे पण आनंदश्रावक अने गौतमस्वामिनी वातमां प्रायश्चित्तनी वात आवे छे. तेमज चुलणीपिताने उपसर्ग थतां ते चळायमान थयाथी तेनी माताए तेने समजाव्याथी तेणे प्रायश्चित्त लीधुं छे. वळी आ स्थळे टीकाकार लखे छे के "गृहिना माटे निशीथादिकमां प्रायश्चित्त छे" एम नहि मानतां एम मानवुं के गृहिना माटे प्रायश्चित्त जीतव्यवहारमां रहेल छे.

वळी पंचाशकटीकामां पण कह्युं छे के कदाच कोई कहेशे के षडावश्यक तो अतिचारशुद्धिरूप छे, अने शुद्धिना आलोचनादिक दश प्रकार कहेला छे; त्यां श्रावकने ए दशे प्रकारनी शुद्धिमांथी कोइ पण शुद्धि करवी निशीथादिकमां लखी देखाती नथी, कारण के श्रावकने अतिचार शी रीते घटे केमके अतिचार तो संज्वलनना उदयेज कहेल छे. आ बाबतनुं ए उत्तर छे के जो के निशीथादिकमां श्रावकोने माटे कशी शुद्धि देखाती नथी छतां ते श्रावकजीतकल्पादिकथी अवश्य मानवी जोइये. नहि तो उपासकदशामां आनंदना अधिकारमां वात आवे छे के गौतमस्वामिए आनंदने कह्युं के तमे तमारी भूल माटे यथायोग्य तपःक्रियारूप प्रायश्चित्त ल्यो ते शी रीते घटी शके. अने एज दाखलाथी श्रावकोने अतिचारो पण सिद्ध थाय छे.

## विचार ९४ मो.

प्रश्नः—कल्प अने निशीथमां कह्युं छे के धान साथे रांधेला, अग्निथी सेकेला, के धूणी आपी पचावेला अथवा झाडनी टोंचपर पोतानी मेले पाकी रहेला एवा चारे प्रकारना प्रलंब एटले फळ यतिए नहि लेवा कारण के तेमां अनेक दोष रहेल छे. माटे ए वात केम छे?

उत्तरः—उत्सर्गे ए वात एमज छे; पण दुकाळ, मुशाफरी, संथारो, मांदगी, तथा पुरुषविशेषादिकना कारणवशे तेवा फळ लई शकाय पण खरा. माटे सर्वथा निषेध नथी; जे माटे दशवैकालिकआदिमां तेनुं ग्रहण पण लख्युं देखाय छे. कारण के त्यां कह्युं छे के तीखुं, कडुक, कसालुं, खाटुं, मधुर के खारुं एम जेवुं आ-

हार मळे तेवुं मधुघृतसमान गणीने मुनिए खाई जवुं. ए सूत्रनी टीकामां लख्युं छे के तीखुं ते एळियुं वगेरा, कटुक ते आदु वगेरा, कसालुं ते वाल वगेरा, खाटुं ते छास कांजी वगेरा, मधुर ते क्षीरमधु वगेरा, खारुं ते खारुं शाक अथवा वधारे लूणवाळुं वगेरा जे मळे ते मीठुं मानी खाई जवुं. तथा अरस एटले वगर वघारेलुं, विरस एटले जूना धाननुं भोजन, सूचित एटले व्यंजनवाळुं, असूचित एटले व्यंजन वगरनुं, आर्द्र एटले बहुव्यंजनवाळुं, मंथु एटले बदरचूर्णादिक तथा कुल्माष वगेरा जे आहार मळे ते शांतपणे खावुं. तथा आगल चालतां लख्युं छे के फळमंथु एटले बदरचूर्ण अने बीजमंथु ते यवादिकनुं चूर्ण तथा बेहेडाना फळ अने पियालना फळ अपरिणत एटले काचां होय तो वर्जवा.

ओघवृत्तिमां कह्युं छे क साधुए गोचरीए जतां द्रव्यादिकनो विचार करी ते प्रमाणे वहोरवुं. ते विचार ए रीते छे के गऊं वगेरा द्रव्य इहां केटला केटला दररोज दाखल थाय छे, ते विचारी ते प्रमाणे वहोरवुं. घी इहां केटलुं आवे छे, ते विचारी ते प्रमाणे लेवुं, लूणवाळां कयां कयां व्यंजन इहां थाय छे तेमज लूण अने केरां केटलां रहेलां छे, ते जाणी यथायोग्य वहोरवुं. वेंगण वगेरा इहां शुं शुं रंधाय छे ते जाणी यथायोग्य वहोरवुं. तेमज काळ तथा संघाडानो विचार पण करवो.

गुरुनी आशातनाना अधिकारे आवश्यक वृत्तिमां लख्युं छे के गुरु साथे जमतां शिष्य मोटुं मोटुं के वेंगण चीभडां वगेरनुं शाक के सारुं सारुं के रसवाळुं एटले आंबां के खीरदाडम वगेरा पोते खावा मंडी जाय तो गुरुनी आशातना थाय.

वळी वैरस्वामिने देवताए फळ वहोरावतां तेमणे फळ जाणीने निषेध कर्यो नथी कह्यो, पण देवपिंड जणावी ना पाडी छे.

वळी ज्ञातामां धर्मरुचिए तुंबडुं वोर्युं कह्युं छे.

निशीथमां कह्युं छे के "एकला पचावेल पदार्थ बे प्रकारना छे:-एक आचीर्ण एटले आचार्यपरंपराथी लेवाता आवेल जेवा के चीभडां तुंबी वगेरा, अने बीजा अनाचीर्ण एटले आचार्यपरंपराथी वर्जाता आवेल जेवा के सूरणकंदादिक. कोइ कहेशे के ए अचित्त छतां अनाचीर्ण केम थया त्यां एम जाणवानुं छे के अग्निशस्त्रथीउपहत थवां पण अनाचीर्ण गणाय छे तो फलनी लांबी चीरेली फाळो के जे घणे भागे अशस्त्रोपहतज छे ते अनाचीर्ण थाय तेमां शुं कहेवुं." आ स्थळे अशस्त्रोपहतनो निषेध कर्यो ते पण उत्सर्गापेक्षाए जणाय छे कारण के शरुआतमां अशस्त्रोपहत आचीर्ण पदार्थोनी तो अनुज्ञा आपी छे.

## विचार ९५ मो.

प्रश्नः—साधु के साध्वी फल वोहोरावे ते बाबत शास्त्रमां केवी विधि कहेल छे?

उत्तरः—ज्यारे बहुफळवंत देशमां साधुने जवुं पडे त्यारे, अथवा दुकाळ, मुशाफरी, अनिर्वाह, मांदगी, के तथाविधपुरुषादिकना कारणे फळ लेवां पडे त्यारे ते बाबत निशीथ अने कल्पचूर्णिमां नीचे मुजब विधि बतावी छे.

साधुओने भावथी अग्निपाकादिके करी अचित्त थएल अने द्रव्यथी विधिभिन्न के अविधिभिन्न एवां सर्वे फळ लेवां कल्पी शके. त्यां विधिभिन्न ते जे आडांअवळां काप्यां होय अने अविधिभिन्न ते जे केळां वगेर फळो ऊभी फालो करी सरखी रीते काप्यां होय कारण के तेवी फाळो पाछी भेगी करी शळी के

दोराथी बांधी लेतां प्रथमना फळ जेवीज थइ रहे छे.

हवे साध्वीओना माटे एवी विधि छे के साध्वीओ जे क्षेत्रमां रहेनार होय ते क्षेत्रने पहेलां साधुओए पोते जइ भावित करवुं. ते ए रीते के त्यां जइ साधुओए गृहस्थोने कहेवुं के अमने कापेलां फळ आपो. कदाच गृहस्थो कहे के कापेलां तैयार नथी त्यारे कहेवुं के कापी करीने आपो. एम कहे छते कदाच गृहस्थ कहे के अमे एटली पंचात नथी जाणता, तमारे जोइता होय तो आखा ल्यो त्यारे गृहस्थना वासणमांज फळ रह्यां छतां साधुओए पोते फळो कापी करी पछी वोरवां. एम कर्याथी गृहस्थोने मजबूत विचार ठसाय के एमने वगर कापेला नथी खपता माटे हवे कापीने देशुं. एम ज्यारे भावित क्षेत्र थाय त्यारे साध्वीओने त्यां मोकलाववी.

हवे साधुओ कदाच न होय अथवा कोई कारणमां रोकायला होय तो साध्वीओमां जे स्थविरसाध्वीओ होय तेमणे पेहेलां जइ ऊपरनी रीते क्षेत्र भावित करवुं.

कदाच क्षेत्र एवुं होय के जे भावितज नहि थई शके तो सारे कापेलां नहि मळतां गृहस्थ पासेथी कपाववां के छेवट पोतेज तेमनी आगळ कापीने पछी वोरवां.

कदाच एम करतां वेला अतिक्रम थती होय तो स्थविर आर्याओए अविधिए कापेलां के अणकापेलां फळो लेवां अने तरुण साध्वीओए तेवां फळ नहि लेतां विधिभिन्न फळ अने भातपाणीज वोरवुं.

ए विधिए गोचरी करी वसतिना दरवाजे ठेरीने त्यां जे वगर कापेला के अविधिए कापेला फळ होय ते विधिभिन्न करी पछी वसति अंदर आववुं. कदाच दरवाजे ठेरवानी जग्या न होय तो वसतिमां आवी तेवां फळ गुरुणीने सोंपवा एटले गुरुणी विधिभिन्न करे.

ऊपर तरुण साध्वीओने अणकापेल के अविधिभिन्न फळो लेवानी ना पाडी छे ते एटला माटे के तेनी काची बुद्धि होवाथी ते आखुं फळ कदाच पोताना कपडामां कांख वगेरा स्थळे संताडी मेळे माटे तेमने तेवां फळ नहि लेवा देवां.

## विचार ९६ मो.

### ( उपधान बाबत. )

प्रश्नः—महानिशीथमां कहेल उपधानविधि तथा माळारोपण केम नथी मानता?

उत्तरः—जो ए वात मानीए तो घणा आचार्यो अने घणा घणा साधु साध्वी श्रावक श्राविकाओने अनंत संसारिपणुं प्राप्त थाय छे. माटे अमे ए वात नथी मानता. कारण के महानिशीथमां उपधानविधि कह्या पछी आ प्रमाणे कह्युं छेः—

"हे भगवन् आवी मोहोटी नियंत्रणा बाळजनो शी रीते करी शके?" एना उत्तरमां भगवान् कहे छे के "हे गौतम, जे कोइ ए नियंत्रणा नहि इच्छतां वगर उपधाने नवकारमंत्र भणे, भणावे, के भणताने अनुमत करे, ते प्रियधर्मा के दृढधर्मा न होय अने तेणे सूत्रार्थ तथा गुरुनी हीलना करी; तथा सर्व अरिहंत अने आचार्य, उपाध्याय, साधु अने ज्ञाननी पण आशातना करी; जेथी ते अनंतसंसारी थइ अनेक दुःख पामशे.

वळी गौतमे पूछयुं के भगवन् उपधान वहेतां तो बहु वखत वीते तेटलामां वच्चे कदाच मरण पामे तो नवकार विना शी रीते उत्तमार्थ साधी शके? आना उत्तरमां भगवाने कह्युं के हे गौतम, जे समये तेणे उपधानना माटे कंइ पण तप मांडयुं के ते समयेज

ते सूत्रार्थ भण्या समजवा. माटे ए नवकार मंत्रने अविधिए ग्रहण नहि करवुं, किंतु एवी रीते ग्रहण करवुं के जेथी भवांतरमां पण नाश नहि पामे.

आ सूत्रना अभिप्रायथी स्पष्ट जणाय छे के जे उपधान विधि विना नवकार भणे भणावे के अनुज्ञा आपे ते बधा अनंत संसारी थाय; अने आजकाल तो कोइ विरला आचार्यो, तथा दरेक गच्छमां कोइ कोइक बे चार साधुसाध्वीओ अने एकाद बे श्रावको तथा थोडीएक श्राविकाओज उपधानविधि करता देखाय छे. त्यारे बाकीना जेओए उपधानविधि नथी करी एवा आचार्य, साधु, साध्वी, श्रावक, श्राविका तथा नवकार भणनार भद्रकजनो महानिशीथना अभिप्राये तो अनंत संसारीज थया.

वळी जेमणे उपधान वह्या छे तेओ पण शरुआतमां नानपणमां तो वगर उपधानेज नवकार शीखेला, तेमज उपधान वह्या बाद पण बाळकोने वगर उपधाने नवकार भणावता दीसे छे अने वळी उपधानविधि वगरना श्रावक, श्राविका, भद्रकजन, के तिर्यंचोने मरण वेला नमस्कार आपता देखाय छे. तेथी एमने पण अनंतसंसारीपणुं टळवुं मुस्केलज छे.

हवे भगवान्‌ना अभिप्राय प्रमाणे तो उपधानविधि विना पण नवकार वगेरा भणतां भणावतां के अनुज्ञा देतां कोइने पण अनंतसंसारीपणुं थतुं नथी, किंतु सकळ कल्याणमाळानीज प्राप्ति थाय छे. ए बाबत नीचेना दाखला विचारो.

भक्तपरिज्ञामां कह्युं छे के गोवाळ अज्ञानी छतां, अने मिंठक्लिष्टकर्मी छतां नवकारथी सुखी थया.

आवश्यकमां त्रिदंडी नवकारथी आ लोकमां सुखी थयो वगेरा कह्युं छे.

प्रहारविधुर युगबाहुने मदनरेखाए नवकार आप्याथी ते पांचमा देवलोके गयो.

जंबूस्वामिना पिता ऋषभदत्ते पोताना लघुभाइ जिनदासने नवकार वगेरा क्रिया कराव्याथी ते जंबूद्वीपनो अधिपति अणाढिओ नामे देवता थयो छे.

तिर्यंचोमां पण केटलाएकने महर्षिओए अने केटलाएकने श्रावकोए, पर्यंतक्रिया करावतां तथा केटलाके जातिस्मरणना योगे पोते पर्यंतक्रिया करतां नमस्कारना प्रभावे देवपणुं तथा बोधिबीज मळ्यां छे.

दाखला तरीके पार्श्वनाथनो जीव हाथी, मुनिसुव्रतस्वामि प्रतिबोधित अश्व, सोदासनो जीव गेंडो, सहदेवीनो जीव वाघण, वैतरणीनो जीव वानर, भद्रकमाहिष, कंबळ संबळ नामे बे बळद, श्रेष्ठिपुत्रनो जीव मत्स्य,नंदमणियारनो जीव देडको, क्षुल्लकनो जीव शुक, बीजा क्षुल्लकनो जीव पाडो, चंडकौशिक सर्प, भरुचनी शकुनिका, सेडुकनो जीव देडको, त्रिविक्रमभट्टनो बोकडो, कमठनी पंचाग्निमां बळतो सर्प, कूरगडुकना पूर्वला भवे तेनो जीव दृष्टिविष सर्प, प्रद्युम्ननी मातानो जीव कूतरी, चारुदत्ते आराधना करावेल बोकडो, सिंहसेनराजानो जीव हाथी, इत्यादि अनेक उदाहरणोमां उपधान विना पण आराधकपणुं देखाय छे.

वळी सूत्र, निर्युक्ति, भाष्य, चूर्णि, टीका, तथा टिप्पनक वगेरा वर्त्तमान आगमग्रंथोमां क्यां पण उपधाननी विधि बतावी नथी माटे ते केम कराय ?

वळी आजकाल छ उपधान वेहेरावाय छे:—पंचमंगळमहाश्रुतस्कंधना, ईर्यापथश्रुतस्कंधना, शक्रस्तवना, अरिहंतचेइयाणं इत्यादि दंडकना, चोवीसत्थाना, अने पुक्खरवरदीवड्ढे इत्यादिना. पण

ए घटना युक्तिरहित अने नवीकल्पित जेवी देखाय छे. कारण के पंचमंगळ कंई जूदो श्रुतस्कंध नथी किंतु सर्वश्रुतस्कंधनो अभ्यंतरभूत रहेल छे, इरियावही पण प्रतिक्रमणाध्ययननो एक देश छे, शक्रस्तव ज्ञातादिकना अध्ययननो एक भाग छे, तथा अरिहंतचेइयाणं वगेरा अने पुक्खरवरदीवड्ढे वगेरा काउसग अध्ययनना अवयव छे. अने चोवीसत्थो ए एक अलग अध्ययन छे. आवी रीते सिद्धांतवादीओमां प्रसिद्ध वात छे, छतां उपधान चलावनाराओए नवकारना पांच अध्ययन अने ऊपर त्रण चूळिका, इरियावहीना आठ, शक्रस्तवना बत्रीश, चोवीसत्थाना पचीश, अर्हत्स्तवना त्रण अने श्रुतस्तवना पांच अध्ययन ठेराव्या छे. माटे ए बधुं कल्पितज लागे छे.—कारण के एकने महाश्रुतस्कंध ठेराव्यो, बीजाने श्रुतस्कंध ठेराव्यो, अने बाकीनाने एमज रहेवा दीधा तेनुं शुं कारण छे? वळी कया सिद्धांतमां एक एक पदनां अध्ययन कह्यां छे ते पण विचारवा लायक छे. तेमज सामायिक, वांदणा, पडिकमणुं वगेरा छ आवश्यकना उपधान नहि कहेतां त्रूटक उपधान कह्यां त्यां पण युक्ति नथी देखाती.

तथा उपधानना तप पेटे कहेवामां आवे छे जे पिस्ताळीश नोकारसी, अथवा चोत्रीस पोरसी, अथवा शोळ पुरिमढ, अथवा दश अवढ, अथवा आठ ब्यासणावडे उपवास लेखी शकाय ते पण आगमग्रंथमां क्यां पण कहेल नथी.

हवे ए बधुं महानिशीथमां कहेल छे; पण ते ग्रंथ प्रमाण करी शकाय तेवो नथी कारण के तेना कर्त्ताएज तेज ग्रंथमां लख्युं छे के "इहां जे वधगट लखायुं होय तेनो दोष श्रुतधरोए (मने) नहि आपवो. (कारण के) एनो जे पूर्वादर्श हतो तेमांज क्यांक श्लोक, क्यांक अर्धश्लोक, क्यांक पद के अक्षर, क्यांक पंक्तिओ,

क्यांक पूठी, क्यांक बेबे त्रणत्रण पानां इत्यादि घणो ग्रंथ नाश पामेल हतो. ए रीते पहेला अध्ययनना पर्यंते लख्युं छे. तथा त्रीजा अध्ययनमां लख्युं छे के महानिशीथना पूर्वादर्शना उदेहीए कटकेकटका कर्याथी घणां पानां सडी गयां हतां. तथा चोथा अध्ययनना अंते लख्युं छे के आ चोथा अध्ययनमां घणा सैद्धांतिक (सिद्धांत माननारा पुरुषो) केटलाक आलावा सम्यक् श्रद्धता नथी. माटे हरिभद्रसूरि कहे छे के तेथी मने ते बाबत सम्यक् श्रद्धान नथी."

वळी ए महानिशीथमां उपधानना माफक बीजी पण अघटित वातो छे तेमांनी केटलीक इहां बतावीए छीये.

(१) आउकायना परिभोगमां, तेउकायना समारंभमां, अने मैथुन ए त्रणेमां बोधिघातज थाय छे. तेमां कंई प्रायश्चित्तथी शुद्धि थई शके नहि.

(२) मार्गे चालता साधुए सो सो डगले इरियावही पडिकमवी.

(३) आर्याओथी तेर हाथ वेगला रहेवुं अने मनथी श्रुतदेवीनी माफक सर्व स्त्रीओने परिहरवी.

(४) कल्प नहि वापरे तो चउत्थनुं प्रायश्चित आवे.

(५) कल्प परिठवे तो द्वादशमतपनुं प्रायश्चित्त आवे.

(६) पात्राबंधनी गांठो नहि छोडे तो चउत्थ लागे.

(७) आठ साधुथी ओछा साधुओने उत्सर्गे के अपवादे साध्वीओ साथे चालवुं न कल्पे त्यां वळी साध्वीओ पण उत्सर्गे ओछामां ओछी दश अने अपवादे चार जोइये. वळी तेवी रीते चालवानुं पण सो हाथ सूधीज कल्पे ते उपरांत साथे चालवुं नज कल्पे.

(८) काळी जमीनथी पीळीमां जतां, पीळीथी काळीमां जतां, जळथी स्थळमां जतां, स्थळथी जळमां जतां विधिए करी

पग प्रमार्जी प्रमार्जीने दाखल थवुं. नहि प्रमार्जे तो बार वर्षनुं प्रायश्चित्त आवे.

(९) रज्जासाध्वीना अधिकारे केवलिमहाराजे रज्जाने कह्युं के तमे बीजी साध्वीओ आगल बोल्या जे प्रासुकपाणीथी मारुं शरीर बगडयुं तेथी हवे एवुं कोइ प्रायश्चित्त नथी जे तमारी शुद्धि करे.

(१०) जे स्त्री मनथी पण शीळ खंडे ते सातवार साते नरके जाय.

(११) कोइ माणस आ भवमां उग्रसंयमतप करी शकतो नहि होय छतां सुगतिए जवा इच्छतो होय, तो ते जो रजोहरणनी एक दसी पण धारी राखे तो हे गौतम मारी बुद्धिए सिद्धिक्षेत्रनी ऊपरली मांडवीमां उत्पन्न थाय.

(१२) उपानद् सहित चाले तो फरी उपस्थापना लायक थाय.

(१३) सोल दोष रहित छतां सावद्य वचन बोले तो उपस्थापना लायक थाय.

(१४) सहसात्कारे पण जो रजोहरण खंधपर नाखे तो उपस्थापना लायक थाय.

(१५) स्त्रीना अंगोपांगने हाथवडे, पगवडे, दंडवडे; हाथमां धरेल दर्भनी अणीवडे, के पगथी ऊडावेल रजवडे पण जे संघट्टो करे ते पारांचित प्रायश्चित्त पामे.

(१६) चैत्यवांद्या वगर सूतां, तथा गुरुना पासे उपधि, देह, तथा अशनादिकने सागारि पचखाण करी वोसराव्या वगर सूतां, तथा कानना विवरमां कपास पूर्या वगर सूतां उपस्थापना प्रायश्चित्त आवे.

(१७) वातना प्रस्तावमां वात चाली छे के तेणे पूर्वला भवमां साधुपणामां वचनदंड प्ररूप्युं हतुं तेथी ते कारणे आ भवे तेणे

यावज्जीव मूकव्रत धारण कर्युं.

(१८) स्तवस्तुतिवडे त्रिकाल जे चैत्य न वांदे तेने पेहेलीवारे तप, बीजीवारे छेद, अने त्रीजीवारे उपस्थापना आवे.

(१९) अविधिए चैत्य वांदे तो पारांचित लागे.

(२०) सहसात्कारे वासीभोजन लेवाइ गयुं ते जो तत्काळ निरुपद्रवस्थंडिळमां नहि परठवे तो मासखमण प्रायश्चित्त लागे.

(२१) राते जे छींके के खांसी करे अथवा फळक, पीठ, के दंडथी थोडो पण अवाज करे तो मासखमण प्रायश्चित्त आवे.

आवी आवी घणी वातो छे के जे तमो पण मानी शकता नथी तेथी तमोएज ए ग्रंथने अप्रमाण कर्यो देखाय छे.

माटे उपधान पण एज ग्रंथमां कहेला होवाथी अमारे प्रमाण नथी.

हवे ज्यारे अमो उपधान प्रमाण नथी करता त्यारे तेना ऊजमणा रूपे रहेल माळारोपण तो सहेज अप्रमाणज थयुं.

## विचार ९७ मो.

प्रश्नः—निशीथचूर्णिमां कह्युं छे के "आठम अने चौदशमां प्रभावती राणी राते प्रतिमा आगळ नृत्यपूजा करता हता" माटे तमे रात्रिए पूजानो निषेध केम करो छो?

उत्तरः—आवश्यकचूर्णिमां कह्युं छे के प्रभावती त्रिसंध्य पूजा करता तेपरथी तथा श्रेणिकराजा त्रिसंध्य सोनाना एकशो आठ यववडे पूजा करता हता तेपरथी तेना अनुरोधे इहां पण रात शब्दे संध्याज लेवी.

वळी "रात्रि एटले संध्या अने विकाल एटले संध्या पछीनो वखत" एम निशीथचूर्णिमांज स्थळांतरे व्याख्या करी छे.

## विचार ९८ मो.

प्रश्नः—कल्पभाष्य तथा चूर्णिमां कह्युं छे के "निश्राकृत नहि कल्पे किंतु ज्यां साधुनी निश्रान होय ते कल्पे," माटे निश्राकृतचैत्य अनायतन होवाथी त्यां वांदवा जवुं निषेध्युं छे, छतां तमे केम वांदो छो ?

उत्तरः—आ प्रश्न तमे ग्रंथनो पूर्वापर संबंध विचार्या वगरज करो छो; कारण के त्यां आगळ चालतां तेवां चैत्य वांदवां तो ठेराव्यांज छे. मात्र त्यां व्याख्यान करवानी मनाई करी छे ते पण उत्सर्गे मनाई छे, अपवादे तो तेनी पण रजाज छे.

आ स्थळे ते बाबतनो त्यां कहेलो विचार लखी बतावीए छीये.

"स्थविरगीतार्थ गुरु, निश्राकृतचैत्यमां जतां, त्यां हमेशांना के नवा ऊभा करेल मंडपादिक जाणीने, पोताना शिष्योने, ते चैत्यने वांदवानी विधि, चैत्यमां पेठा अगाऊज बतावी द्ये. ते विधि ए के निश्राकृत के अनिश्राकृत सर्व चैत्योमां त्रणथुइ कहेवी. कदाच वखत थोडो होय के चैत्य घणां होय तो दरेकमां एक एक थुइ कहेवी. त्यारबाद अनिश्राकृतचैत्यमां जइ समोसरण पूरवुं एटले के व्याख्यान देवुं. कदाच तेवुं चैत्य नहि होय तो शिष्योने वसतिमां मोकलावी गुरुए निश्राकृतमां पण व्याख्या देवी, नहि तो लोकमां अपवाद थाय तथा श्रावकोनी श्रद्धा भंग थाय."

## विचार ९९ मो.

प्रश्नः—शक्रस्तवमां " जेय अईया सिद्धा " ए गाथा केम नथी कहेता.

उत्तरः—शाश्वता शक्रस्तव साथे नवी थएल गाथा मेळववी वाजबी नथी लागती. कदाच कोइ पूछे के त्यारे ए गाथा कोणे चलावी छे, तेने उत्तर आपवामां आवे छे के गणधरसप्ततिकामां ३३२ मां पाने कह्युं छे के त्रिभुवनगिरिवाळा महेंद्रसूरिए "जेय अईया सिद्धा" ए चैसवंदननो बीजो अधिकार तथा उज्जंत सेलसिहरे, चत्तारि अट्ठदसदोवि, वेयावच्चगराणं, ए दशमा अगीआरमा तथा बारमा अधिकार चलाव्या छे.

प्रश्न—"नमोजिणाणं जियभयाणं" ए पाठ तो सूत्रमांज छे माटे केम नथी कहेता.?

उत्तरः—ए पाठ प्राये कल्पसूत्रनीज कोइ कोइ विरली प्रतोमां देखाय छे. वळी क्यांक तो "नमोजिणाणं" ए एकज पद देखाय छे पण "ठाणंसंपत्ताणं" सूधीनो पाठ अंग, उपांग, कल्पसूत्रनी घणी प्रतो, आवश्यकचूर्णि, उपदेशमाळावृत्ति वगेरा घणा स्थळे देखाय छे. माटे तेज अमो प्रमाण करीये छीये.

वळी विचारो के जो एकाद प्रतमां देखातो पाठ पण प्रमाण करशो तो तो "दीवो, ताणं, सरण, गइ, पइट्ठा" ए पाठ पण केम नथी कहेता. कारण के ए पाठ पण केटली केटलीक प्रतोमां देखायज छे.

कोइ पूछे के त्यारे चालता शक्रस्तवनो पाठ क्या ग्रंथमां छे तेणे जाणवुं के एज पाठ जीवाभिगम तथा रायपसेणीमां शक्रस्तवनी व्याख्या करतां मळयगिरिए वर्णव्यो छे.

कोइ बोले के वृत्तिकारनी वात केम प्रमाण थाय तो तेणे जाणवुं जोइये के वृत्तिकार ज्यां प्रासंगिक वात चलावे त्यां प्रमाण अप्रमाणनो विचार चाले, पण ज्यां सूत्रना ऊपरज व्याख्या चलावतां यावत् शब्दनी तथा " वन्नओ, राया निग्गओ,

धम्मो कहिओ, उक्खेवो, निक्खेवो, समोसरणं, एवमाइ, इच्चेवमाइ," इत्यादिक अतिदेशसूत्रोनी व्याख्या करता थका बीजा स्थळे देखाता अनेक आलावा वर्णवी बतावे ते तो तेमज प्रमाण करवा जोइये. माटे वृत्तिकारे यावत् शब्दे करीने लीधेल शक्रस्तवनो आलावो सर्व ठेकाणे सरखोज वर्णवेल छे. अने मूळमां पण समवायांगनी वृहद्वाचनामां त्रीजी विभक्तिना एकवचने एज क्रमे पाठ रहेल छे. आ स्थळमां "दीवो ताणं सरण गइ पइट्ठा" नो पाठ मूळ के टीका बन्नेमां नथी लख्यो. माटे एज क्रमनो पाठ प्रमाण करवो.

प्रश्नः—" जेयअईया " ए पाठ आगममां नथी कहेल, छतां पण पोतानी भक्तिए करेला स्तुतिस्तोत्र माफक बोलतां तेमां शो दोष छे. ?

उत्तरः—शक्रस्तव शाश्वतो छे; अने ते देवलोक वगेरामां पण चाले छे. अने वर्त्तमान आगमोमां "ठाणं संपत्ताणं" सूधीज ते देखाय छे; माटे तेमां नवी गाथा सांधवी अयुक्तज छे. आ स्थळे थोडी हितशिक्षा टांकीये छीये.

(१) हीनाधिक करतां कुणाळकवि तथा विद्याधरना दृष्टांते दोष थाय छे.

(२) तेज सत्य के जे जिने भाख्युं.

(३) दरेक काम जिनाज्ञाए करतांज मोक्षहेतु थाय, बाकी स्वबुद्धिए सारुं काम करीए तोए भवनो हेतु थाय.

वळी परसमयमां पण कह्युं छे के " पुराण, मानवधर्म, वेद, अने वैद्यक एटला जेम छे तेमज मानवा. एमां जे अक्षर के पद फेरवे तेने तेना कर्त्तानुं खून करवा जेटलुं पाप लागे. "

माटे जे सूत्र के जे अनुष्ठान पूर्वपुरुषोए जेम कहेल होय ते तेमज प्रमाण करवुं.

अगर जो इहां भक्तिनी वात कबूल करिए तो कोइ वधारे मंगळ करवा नवकारमां पण "नमो चउविहस्स संघस्स, नमो केवलिपन्नत्तस्स धम्मस्स" एम बे पद वधु बोलशे के इरियावही वगेराना काउसगमां पण विशेष धर्मध्यान सारुं कहेलाथी अधिक चिंतवशे तो तेने कोण अटकावी शकशे?

## विचार १०० मो.

प्रश्नः—भगवती वगेरामां नोंकारना पांच पदज देखाय छे. माटे ऊपरनी चूळिका आचरणाथी चाले छे के केम?

उत्तरः—चूळिका आचरणाथी आवेल नथी किंतु सूयगडांगचूर्णि अने कल्पचूर्णिनी बधी प्रतोमां तथा आवश्यकचूर्णिनी पण घणी प्रतोमां आखुं नवकार तेमज तेना अंते "पढमं होइमंगलं" एवो पाठ देखाय छे.

वळी भगवतीनी संक्षिप्तवाचनामां पण "पढमं होइमंगलं" सूधीनो पाठ छे. ए संक्षिप्तवाचनानी प्रत जालोरवाळा मोटी पोंशाळना साधु हरिश्चंद्र पासे छे.

## विचार १०१ मो.

### (आज्ञाप्रमाण विचार.)

प्रश्नः—पूर्वाचार्योनी आचरणाओ केम नथी मानता?

उत्तरः—सत्पुरुषने जिनाज्ञाज प्रमाण छे. ए बाबत घणी हितशिक्षाओ छे.

(१) जिनेंद्रनी आज्ञा पाळवी एज मोक्षनुं साधन छे, माटे सांज यत्न करवो.

(२) जे जिनप्रणीत ज्ञानदर्शन चारित्र अने तपनुं आराधन तेनेज आज्ञाआराधन कहे छे. (भक्तपरिज्ञा.)

(३) राजाने माटे झुंपडुं अने गामधणीना माटे चित्रशाळा करवी विरुद्ध गणाय, तेम तीर्थंकर अने आचार्य माटे समजवुं.

(४) जेम प्रमाददोषे करी राजानी आज्ञा तोडतां वधबंधादि थाय छे तेमज प्रमाददोषे करी जिनाज्ञा तोडतां पण दुर्गतिनां दुःख थशेज.

(५) तीर्थंकरनुं वचन पाळतां आचार्यनुं वचन पाळ्युंज थाय छे. (ओघनिर्युक्ति.)

(६) जेम कोइ राजानी कोइ जाणी जोइने आण भांजे तो तेने सखत शिक्षा थाय छे अने अणजाणे भांजे तो माफी मळे छे तेमज जिनाज्ञा विषे पण जाणवुं.

(७) जे लुब्ध थाय छे ते सर्व जिननी आज्ञा तोडे छे; अने जेणे आज्ञा तोडी तेनुं सर्व रद गणाय छे.

(८) एक जण अकार्य करे तो पछी तेने जोइ बीजो पण करे. एम सुखशीळता थतां थतां अंते तपसंयमनो नाश थाय. ( पिंडनिर्युक्ति. )

(९) चरणकरणमां शिथिळ थतां सत्यव्यवहार पण नाश पामे छे.

(१०) ज्यारे जीव पोताना ज्ञानदर्शन चारित्रने मूकी आपे, ते वेळा जाणवुं के तेने परजीवोपर अनुकंपा नथी.

(११) जिनवचन मूकतां जेने दुःख न थयुं, तेने बीजानुं दुःख देखी दुःख नहिज थाय.

(१२) आचारमां वर्त्तनार शुद्ध आचारनी निःशंकपणे प्ररूपणा करी शके छे; पण आचारहीन होय ते शुद्ध आचारनी प्ररूपणा कोइकज करे छे.

(१३) जे तीर्थंकरभगवान्ने प्रमाण न करे ते श्रुतधरोने प्रमाण नथीज.

(१४) संघ रागद्वेषहीन, सर्व जीवोपर सरखो, अने गुणनो निधान होय छे.

(१५) शिष्य के आचार्य कंइ सुगति पोचाडता नथी किंतु सत्य व्यवहारज सुगतिए पोचाडे छे.

(१६) उलटो मार्ग बतावतां अने सुलटो मार्ग लुपावतां अनंत संसार थाय छे.

(१७) जे जीत शोधिकारक अने संविग्न पुरुषे आचर्युं ते भले तेणे एक जणेज आचर्युं तोए तेथी व्यवहार चाले.

(१८) जे जीत अशोधिकारक अने पासत्थादिके आचर्युं ते भले घणे जणे आचर्युं होय तोए तेथी व्यवहार न चळाववो.

(१९) तीर्थंकरे कर्युं, पछी गणधरोए कर्युं अने तेमनी शिष्य परंपराए चाल्युं ते जीत जाणवुं.

(२०) जिनाज्ञा विना जे व्यवहार चलावे तेनी इहां अपकीर्त्ति अने परभवे नक्की दुर्गति थाय. (व्यवहार)

(२१) "जे जिने भाष्युं तेज सत्य" ए परिणामवंत जिनाज्ञामां छे.

(२२) दुर्लभ मनुष्यभव तथा संयम पामीने पण जे आज्ञामां नथी वर्त्तता ते दुर्गतिपथ वधारे छे.

(२३) जिनेंद्रनी आज्ञाथी आचार्यनी आज्ञा बळवान् नथी; माटे जिनाज्ञाने हलकी ठेरावववी ते गर्व अने अविनय जाणवो.

(२४) आज्ञा भांगतां अज्ञान, अनवस्था, मिथ्यादृष्टिपणुं, तथा चारित्र विराधना थाय छे; माटे आज्ञासहित होय तेना पासेज ज्ञानदर्शन चारित्र ठेरे छे. (निशीथ.)

(२५) अपराध थतां नानुं प्रायश्चित्त आवे छे पण आज्ञा भंग थतां मोहोटुं प्रायश्चित्त आवे कारण के आज्ञा ऊपरज चा-

रित्र छे, माटे ते भांगतां शुं नाहि भांग्युं ? (निशीथ.)

(२६) अधिक करतां कुणालकवि माफक दोष थाय छे; हीन करतां विद्याधरना दृष्टांते दोष थाय छे; तथा हीनाधिक करतां बाळकने जेम भोजन हीनाधिक देवाय अथवा रोगीने औषध हीनाधिक देवाय तो दोष थाय तेम दोष थाय छे. (विशेषावश्यक.)

(२७) जिनराज रागद्वेषमोहरहित होय छे, माटे अन्यथावादी न होय. (आवश्यक निर्युक्ति.)

(२८) "जिनराजे भाष्युं तेज सत्य छे" एम मनमां धरतो थको आज्ञानो आराधक थाय छे. (भगवती.)

## ( प्रकरणोना प्रमाण. )

(२९) आज्ञार्थीज चारित्र रहे छे, माटे तेने भांगतां शुं नाहि भंगायुं? अने आज्ञाने भांगी एटले सर्व काममां यथेच्छपणुंज थाय छे.

(३०) उत्सूत्रभाषी आचार्य शरणे आवेला जीवोना माथां कापे छे. (उपदेशमाळा.)

(३१) पुण्यहीनजनो तीर्थंकरने प्रमाण करवा बदले सूत्रविरुद्ध आचरण करनार लोकने प्रमाण करे छे. (पयन्ना )

(३२) दरेक काम जिनाज्ञाए करतां मोक्षहेतु थाय छे; बाकी पोतानी बुद्धिए सारुं काम करतां थकां पण भवहेतु थाय छे.

(३३) जे आगम प्रमाणे आचरे तेणे तीर्थंकर गुरु तथा धर्म ए सर्वेने मान्या. (स्थानक.)

(३४) एक साधु, एक साध्वी, एक श्रावक अने एक श्राविका छतां आज्ञायुक्त होय ते संघ जाणवो. बाकी आज्ञारहित होय तेमने तो हाडकांनो संघ कहेवो.

(३५) जिनाज्ञानुसारे शुद्ध व्यवहार अने न्यायवाद करतो थको एक पुरुष पण भावसंघ कहेवाय.

(३६) विधि पाळनार, विधिपक्षना प्रकाशक, विधिना बहुमानी अने छेल्ले विधिने दोष नाहि देनार ए चारेने धन्यवाद घटे छे.

(३७) विधिपर जेमने द्वेष न होय ते पण मुक्तिने आसन्न थाय छे.

(३८) जिनेश्वरभाषित सर्व वचनो यथार्थ छे एवी जेना मनमां बुद्धि होय तेनुं सम्यकत्व निश्चळ छे.

(३९) आज्ञा खंडनार पुरुष जो के त्रिकाळ महाविभूतिवडे वीतरागने पूजतो होय तो पण तेनुं ते बधुं निरर्थक जाणवुं.

(४०) जेम तुषनुं (छाळनुं) खांडवुं के मडदाने सणगारवुं के अरण्यमां रोवुं ए निरर्थक छे तेम आज्ञारहित अनुष्ठान निःफळ जाणवुं.

(४१) जे पुरुष गड्डरिप्रवाह मूंकी आज्ञाने माने ते धन्य, पवित्र, माननीयने पूजनीय जाणवो.

(४२) विधि ऊपर हमेशां बहुमान धरवुं ए आसन्न सिद्धिगामीनुं लक्षण छे; अने विधि ऊपर द्वेष अने अविधि ऊपर राग ए अभव्य के दूरभव्यनुं लक्षण छे.

(४३) आज्ञाना भंग करनारने जे मनवचन कायाए करी मदद करे तेने पण तेना सरखो दोषवंत कह्यो छे.

(४४) जे परना चित्तनुं रंजन करवा आज्ञानो भंग करे, तेनुं सम्यकत्व अने श्रमणपणुं जतुं रहे छे.

(४५) आज्ञा भांगनारनी जे प्रशंसा करे ते तीर्थंकर, श्रुत, तथा संघनो प्रत्यनीक (शत्रु) जाणवो.

(४६) सुखशीळिया, स्वछंदचारी, एवा आज्ञाभ्रष्ट घणा लोकने पण संघ नाहि जाणवो.

(४७) जो घणा लोकनी प्रवृत्तिने मानीए तो तो लौकिक धर्ममां घणा लोकनी प्रवृत्ति होवाथी ते पण मूंकवुं नहि जोइये. माटे आज्ञाज प्रमाण करवी उचित छे.

## विचार १०२ मो.

### ( अशठाचरणा विचार. )

प्रश्नः—बृहत्कल्पमां कह्युं छे के जे कांइ अशठ पुरुषोए कोइ स्थळे कारण विशेषे निरवद्य आचरण आचर्युं अने बीजाओए ते निवारण न करतां कबूल राख्युं ते आचरणा प्रमाणभूत जाणवी, छतां तमे पूर्वाचार्योनी आचरणा केम प्रमाण नथी करता.

उत्तरः—आचरणानुं लक्षण सिद्धांतोमां आ रीते छे.

बृहत्कल्पमां तथा निशीथचूर्णिमां लख्युं छे के बृहत्कल्पना १९ उद्देशाओवडे उत्सर्ग अने अपवादना पूर्वापरबाधित थनारा सूत्रोने अनुसरी उत्सर्गस्थाने उत्सर्ग अने अपवादस्थाने अपवाद आचरवो ते आचरणाकल्प.

व्यवहारमां कह्युं छे के जे जीत शुद्धिकर्त्ता अने संविग्न पुरुषे आचरेल होय तेणे करी व्यवहार चाले; पण अशुद्धिकर्त्ता अने असंविग्ने आचरेल जीतथी व्यवहार नहि चाले.

आ ऊपरथी जणाय छे के बृहत्कल्पमां कहेल अशठाचरणानी बाबतमां अशठ ते कोइक विशिष्ट पुरुषो ( खास पुरुषोज ) त्यां समजवा. अने ते पुरुषोनी आचरणा तो प्रमाणज छे.

(१) दाखला तरीके वडनगरमां पुत्रना मरणथी शोकार्त्त थएला ध्रुवसेन राजा आगळे कोइ आचार्ये कल्पसूत्र सभासमक्ष वांचवानी आचरणा करी. (कल्पवृत्ति.)

(२) आर्यरक्षित आचार्ये आर्याओने वडी दीक्षा, तथा प्रायश्चित्त आपवा बंध कर्या. (व्यवहार.)

(३) एज आर्यरक्षित सूरिए चारे अनुयोग सूत्रोमांथी जूदा कहाडी जूदुं अनुयोगद्वारसूत्र कर्युं. (आवश्यक.)

(४) वळी पूर्वे शस्त्रपरिज्ञा भण्या बाद वडी दीक्षा थती; हमणां छजीवणी शीखी रहेतां वडी दीक्षा देवाय छे. पूर्वे लोकविजय अध्ययनमांना "सव्वामगंधं" ए सूत्र आवडे त्यारे पिंडकल्पिक (गोचरी करवानो अधिकारी) थतो; अने हमणां दशवैकालिकना पिंडेषणाध्ययनवडेज थाय छे पूर्वे उत्तराध्ययन आचारांग पछी भणातुं; हमणा दशवैकालिक पछी भणावाय छे. पूर्वे छ मासी तपथी जे शुद्धि थती ते हमणां नीवी वगेराथी थाय छे. (व्यवहार.)

(५) बुद्धिनी हानि जाणीने पुस्तको राखवानी आचरणा थई छे. (निशीथचूर्णि.)

(६) गुरुना अर्थे मात्रक (मोटो घडो) प्रथमथीज रखातो, पण आर्यरक्षितसूरिए जीवदयादि कारणे वर्षाकाळमां पोताना अर्थे पण बीजो मात्रक राखवानी अनुज्ञा आपी. (नि.चू.)

आ तथा आवी रीतनी बीजी बाबतो पण अशठाचरणामां आवे छे अने ते अमोने प्रमाणज छे.

# विचार १०३ मो.

## (आचरणाओनी विचित्रतानो विचार.)

प्रश्नः—आजकाळनी आचरणाओ केम प्रमाण नथी करता?

उत्तरः—आजकाळनी आचरणाओ विचित्र रहेली छे, जेना

दाखला नीचे आपीये छीये.

(१) एक चैत्यवास करे छे; बीजा वसतिवास करे छे.

(२) एक "हवइमंगळं" कहे छे; बीजा "होइमंगलं" कहे छे.

(३) चैत्यवंदनमां एक "नमः श्रीवर्द्धमानाय, नमस्तीर्थंकरेभ्यः, नमः प्रवचनाय, नमः सिद्धेभ्यः," एम चार पद कहे छे; बीजा "नमः सिद्धेभ्यः" ए एकज पद कहे छे; त्रीजा एक पण नथी कहेता.

(४) एक नवकार वगेराना उपधान माने छे; बीजा नथी मानता.

(५) एक पोताना हाथे माळारोपण माने छे; बीजा परने हाथे माने छे; (त्रीजा मुद्दल नथी मानता.)

(६) पडिकमणामां एक "आयरियउवज्झाए" इत्यादि गाथाओ कहे छे; बीजा नथी कहेता.

(७) } इहां पुस्तकमां ओली पडी गई छे माटे आ बे कलम पु-
(८) } स्तकांतरथी जाणी लेवी.

(९) एक, साध्वीनो पेहेलो लोच गुरु करे एम माने छे; बीजा गुरुणी करे एम माने छे.

(१०) एक पंचामृतनुं स्नान माने छे; बीजा गंधोदकनुं स्नान माने छे.

(११) एक, श्रावकोने शिखाबंध करवो तथा कळशाभिमंत्र करवो माने छे; बीजा नथी मानता.

(१२) एक छत्र तथा प्रतिमा रथमां फेरवे छे, दिग्पाळ पूजे छे, तथा बळि उडावे छे; बीजा कंई पण नथी करता.

(१३) एक दरेक पचखाणमां "वोसिरामि" कहे छे, बीजा बधा पचखाणना अंते "वोसिरामि" कहे छे.

(१४) एक "विगईओ पच्चक्खामि" कहे छे, बीजा "विगईओ सेसियाओ पच्चक्खामि" एम कहे छे.

(१५) एक,एक परिकरमांज त्रिबिंब,पंचतीर्थी,चोवीसवट्टुं,तथा सत्तरिसयवट्टुं माने छे;बीजा एक परिकरमां एकज बिंब माने छे.

(१६) एक गूढमंडपना त्रण द्वार करवा माने छे; बीजा एक द्वार करवुं माने छे.

(१७) एक, देरासरमां एकज प्रतिमा थापवी माने छे; बीजा घणी थापवी पण माने छे.

(१८) एक सामायिक लीधाथी मोरे श्रावकने इरियावही माने छे; बीजा सामायिक लीधा पछी माने छे.

(१९) एक देरासर माटे कूवा, बगीचा, गाम, गोकुळ, तथा क्षेत्रादिक देवा वाजबी माने छे केमके स्थानकप्रकरणामां कह्युं छे के देरासरमां नवा गामगोचर आपवां, जूनां सूनां थयां होय ते सुधारवां तथा नष्टभ्रष्ट थयां होय ते पाछां मेळववां. एम कर्याथी महाफळ थाय छे. बीजा ए वातने उत्सूत्र मानेछे.

(२०) एक फेंटा, पाघडी, के टोपी पहेरे छते पण देवपूजा तथा इरियावही माने छे; बीजा एक साडी उत्तरासंगथीज ते करवां माने छे.

(२१) एक, श्रावको तथा सोहागण श्राविकाओने वांदणापडिक्कमणुं माने छे; बीजा नथी मानता.

(२२) एक मुख ऊघाडवुं माने छे; बीजा नथी मानता.

(२३) एक एकवडी मोपती माने छे; बीजा बेवडी माने छे.

(२४) एक आरतीने निर्माल्य गणी दरेक बिंबदीठ जूदी जूदी आरती करे छे; बीजा तेज आरतीवडे बधा बिंबनी आरती ऊतारे छे.

(२५) एक उत्तरसाडी पांच हाथनी, बीजा चार हाथनी, त्रीजा छ हाथनी, अने चोथा जेवी मळे तेवी माने छे.

(२६) एक स्नात्रकाळे पर्वतिथि ले छे, बीजा सूरज ऊगती वेला ले छे अने त्रीजा सांजना पडिकमणे आवती तिथि ले छे.

(२७) एक चौदश क्षय थतां तेरसे पडिकमेछे,बीजा पूनमे पडिकमेछे.

(२८) एक एक पटलक (पडलुं) राखे छे, बीजा मुद्दल नथी राखता.

(२९) एक श्रावण के भादरवो अधिकमास थतां ओगणपचास दहाडे पजूसण करे छे बीजा ओगणोतर दहाडे करे छे.

(३०) एकना गच्छे एकज आचार्य तथा एकज महत्तरा होय छे, बीजाना गच्छे सगवड प्रमाणे एक के अनेक होय छे. वळी पूनमिया गच्छमां तो आचार्य गमे तेटला थाय छे, पण महत्तरा एकज थाय छे.

(३१) एक सूत्रानुसारे आठम, चौदश, पूनम अने अमावासरूप चउपर्वी माने छे; बीजा बीज, पांचम, आठम, अग्यारस, अने चौदशरूप पांचपर्वी माने छे.

(३२) एक यक्ष, भट्टारिका, खेतरपाळ, अने गोत्रदेवतादिकनी पूजा तथा श्राद्ध मान्य राखे छे बीजा नथी राखता.

(३३) एक जूनां कपडां पहेरवां माने छे;बीजा नवांज पहेरवां मानेछे.

(३४) एक ग्रहण वेळाए स्नात्र भणाववुं माने छे; बीजा नथी मानता.

(३५) एक वर्षमां बेवार लोच करे छे; बीजा त्रणवार करे छे.

(३६) एक श्रावकोए ऊपाडेल वाहिका (पालखी) मां चडे छे; बीजा नथी चडता.

(३७) एक पोताना पगो ऊपर चंदनपूजा स्वीकारे छे; बीजा नथी स्वीकारता.

(३८) एक प्रणिधानदंडकनी बे गाथाज बोले छे; बीजा चारे गाथा बोले छे.

(३९) एक शेषकाळे पण पीठफलक वापरे छे; बीजा नथी वापरता.

(४०) एक रजोहरणनी दशीओ झीणी अने लांबी करे छे; बीजा तेम नथी करता.

(४१) एक रजोहरणमां एकज बंध दे छे; बीजा बे दे छे.

(४२) एक माथामां कपूर नाखवुं माने छे; बीजा नथी मानता.

(४३) एक महानिशीथ प्रमाण राखे छे; बीजा नथी राखता.

(४४) एक नेपाळना कंबल ले छे; बीजा नथी लेता.

(४५) एक आचार्य जिनबिंबनी पूजा करे छे; बीजा नथी करता.

(४६) एक अक्षसमवसरणमां पूजा करे छे; बीजा नथी करता.

(४७) एक गुरुक्रमागत मंत्रपटनी पूजा करे छे; बीजा नथी करता.

(४८) एक श्रावकना छोकराने नाम पाडतां के विवाह थतां वासक्षेप करे छे; बीजा नथी करता.

(४९) एक गादीपर बेशे छे; बीजा नथी बेशता.

(५०) एक एम माने छे जे (नंदिमां) वेदिकाना मांहे जे द्रव्य राखेल होय ते बधुं गुरुनुं थाय; बीजा तेम नथी मानता.

(५१) एक श्रावकने एकलुं वासखेप नाखे छे; बीजा चोखा सहित वासखेप नाखे छे.

(५२) एक दिवसेज बलि करे छे; बीजा रात्रे पण करे छे.

(५३) एक संघ साथे चाली तीर्थयात्रा करे छे; बीजा स्वतंत्र विहार करीने करे छे.

(५४) एकना गच्छे आर्याओ श्रावकना हाथे वस्त्र ले छे; बीजाना गच्छे नथी लेती.

(५५) एक हरिभद्रसूरिए रचेल लग्नशुद्धिना हिशावे राते पण दीक्षा के प्रतिष्ठा करे छे; बीजा दिवसेज करे छे.

(५६) एकना गच्छे साधु के साध्वी एकला पण विचरी शके छे; एकना गच्छे एकला नज विचरी शके.

इत्यादि अनेक जूदी जूदी आचरणाओ चाले छे. माटे तेमां कइ प्रमाण करवी? माटे इहां एज समाधि छे के जे आगमसाथ मळती थाय तेज मानवी.

## विचार १०४ मो.

### (हरिभद्रसूरि तथा अभयदेवसूरिनी आचरणानो विचार.)

प्रश्नः—याद्दच्छिक (मरजी मुजब चालेली) आचरणा अमे पण प्रमाण नथी करता, पण हरिभद्रसूरि तथा अभयदेवसूरि वगेरानी आचरणा तो प्रमाण करवीज जोइये.

उत्तरः—जो तमे एमज मानो छो तो तेमनी बधी आचरणाओ तमे पण कां नथी आचरता? ए बाबतना थोडाक दाखला आपीये छीये.

(१) एमणे आवश्यक तथा समवायांगनी वृत्तिमां पादपतित वांदणा कह्या छे ते तमे केम नथी करता?

(२) एमणे पंचाशकमां नीवीथी मांडी छमासी सूधीना तपवडेज आलोचना करवी कही छे, पण सजायवडे नथी कही, छतां तमे सजायवडे पण कां मानो छो?

(३) एमणे नोकारसी वगेरा पचक्खाणोमां जूदुं जूदुं "वोसिरामि" पद कह्युं छे; छतां कां नथी कहेता?

(४) एमणे पंचाशकमां, तथा हेमाचार्ये योगशास्त्रमां, पोरसी पुरिमड्ढ एकासणा के उपवास त्रेविहार लेवामां आवे तो पाणीना छ आगार कह्या छे. अने आवश्यकचूर्णिमां पण ते वात छे, छतां तमे तेम कां करता नथी?

(५) प्रतिष्ठापंचाशकमां अंजनशळाका, सो मूळना स्नान, नंदा-

चर्च, पूजा, के सिद्धोनुं आह्वान वगेरा कशुं नथी कह्युं, किंतु प्रतिष्टानी प्रस्तावना लख्या पछी तेनी विधिमां कह्युं छे के "चैत्यवंदन, वधती स्तवस्तुति, तथा शासन देवीनो काउसग करी नवकार मंत्र के बीजा कोइ मंगळांतरवडे प्रतिमानी स्थापना करवी" एटलुंज लख्युं छे; छतां हमणा तमे नवकारमंत्रे प्रतिष्टा न करतां सूरिमंत्रे करवी कां मानो छो, तथा तेमणे त्यां नहि कहेला अंजनशळाकादिक पांचे काम कां करो छो?

(६) समरादित्यचरित्रमां हरिभद्रसूरिए साध्वीओना उपाश्रयमां जिनप्रतिमाओ हती एम लख्युं छे. तेना आधारे हमणा पण जालोर, खंडेरकना सीमाडे आवेल वरकाणा, नागोर, आघाटपुर (आगरा), खुमाणोर, तथा भरतपुर वगेरामां चैत्यवासि साध्वीओना उपाश्रयोमां पत्थरना मोटा मोटा बिंब प्रत्यक्ष देखाय छे; छतां तमे कां तेम नथी मानता.

(७) पंचाशकमां कह्या प्रमाणे श्रावकने समकित के व्रत देतां तेनी आंखो ढंकावी समवसरणमां पुष्पादिक नखावी शुभाशुभनी परीक्षा केम नथी करता, तथा राते देव केम नथी वंदावता, तथा दीवा अने चंद्र वगेराना निमित्त केम नथी जोता?

(१) वळी तिहां कह्युं छे के "श्रावक पोताना गुरुने पोतानी सघळी मालमिल्कत अर्पण करे. (अने गुरु जो के मिल्कतनो कबजो तो नथी करता छतां) तेना चित्तनी समाधिना अर्थे ते वात अनुमत करे." ए वात पण शी रीते घटमान थाय.

(२) तेमज छट्ठा पंचाशकमां द्रव्यस्तवमां साधुने अनुमति अने कारापण ठेराव्या छे. ते पण केम घटे कारण के तेमणे त्रिविधे त्रिविधे सामायिक करेल छे.

(८) उमास्वातिवाचके श्रावकप्रज्ञप्तिमां श्रावकने छजीवणी अ- ध्ययन सूधी भणाववा कह्युं छे; छतां केम नथी भणावता.

(९) हरिभद्रसूरिए समरादित्य चरित्रमां कह्युं छे के "पारणानी वेला आवतां समरादित्य तथा बीजा साधुओ तेनी माताना घरेज जमवा बेठा. त्यां माताए तेमने वासण आपी पिरसीने जमाड्या" ए ऊपरथी एम अर्थ नीकली शके छे के श्राविकाओ पिरसे ने साधुओ जमे. माटे ए आलंबनथी चैत्यवासी श्रावको गुरुने जमाडे छे तेओने केम निषेधो छो?

## विचार १०५ मो.

### (मुनिचंद्रसूरि तथा देवसूरिनी आचरणा.)

प्रश्नः—मुनिचंद्रसूरि तथा देवसूरिनी आचरणा केम प्रमाण नथी करता?

उत्तरः—तमे पोते पण हमणा तेमनी आचरणा पूरेपूरी बधा नथी पाळता, त्यारे अमने केम पूछी शकशो. हवे इहां तेमनी आचरणाना थोडाक दाखला लखीये छीये.

(१) मुनिचंद्रसूरि साधुना अर्थे करावेल वसतिमां नहि रहेता, किंतु दरेक वेला पाटणमांज जूदा जूदा पाडामां जूदी जूदी जग्याए रहेता हता.

(२) देवसूरिने सं. १२१९ ना वर्षे कुमारपाळनी तीर्थयात्रामां हेमसूरि तथा बाहडदेवमंत्रि वगेराए बहु आग्रह कर्या छतां पण तेमणे संघ साथे तीर्थयात्रा नहि करी, तथा कहेवरावी मोकल्युं के "महानिशीथ वगेरा सिद्धांतोमां संघ साथे तीर्थयात्रा करवानी ना पाडी छे."

(३) वळी तेओ एवी देशना करता के "वीतराग शिवाय बीजो देव के कुळदेवी पूजवा नहि. कारण के सूत्रमां सम्यक्त्व उच्चरवाना अधिकारे बीजा देवने वांदवा पूजवा ना पाडी छे तथा उपदेशमाळामां पण ना पाडी छे."

(४) वळी तेओए साधुओने पैशोटको राखवानो सर्व प्रकारे निषेध कर्यो छे.

छतां हमणा तो खुल्ली रीते पाटणमां सं. १२५७ना चोमासामां आभडशाए दरेक आचार्यदीठ कोइने हजार, कोइने पांचसो, कोइने शो, कोइने पचाश, तथा छेवट कोइने बत्रीश द्रम (रुपीआ) आप्या; अने ते तेमणे हाथमां मोपती राखी तेमां लीधा. ए केवो गोटालो! ए तो एवुं थयुं के तेनेज पूजवुं ने तेनेज उल्लंघवुं; तेज कांजिकिनी (कुंडी) पूजवी ने तेमांज ओसामण रेडवुं, तथा तेज चुल्ली पूजवी ने तेमांज आग बाळवी.

(५) वळी (एमणे) तथा बीजा पण सर्व सुविहितोए मुनिओने स्नपनविधि, कुसुमांजळि, लवणजळावतारण, आरती, तथा मंगळदीवाना काव्यो श्रावकोने भणाववानो निषेध कर्यो छे. तेना कारणमां तेओए एम जणाव्युं छे के सिद्धांतमां ए काम करवां कह्यां नथी माटे चैत्यवासिओज ए काव्यो भणावे छे, सुविहितो नथी भणावता.

छतां हमणा तो ए पण वात उलटाई गई देखाय छे.

माटे अमो तो जूदी जूदी तरेहनी आचरणाओ प्रमाण नहि करतां एकरूपे रहेल सिद्धांतज प्रमाण करीये छीये.

## विचार १०६ मो.

हवे अमे तमने प्रश्न करिये छीये के तमे हरिभद्रसूरि वगेराथी पण जूना थएला धर्मदासगणिए उपदेशमाळामां कहेली नीचे

लखेली वातो के जे सिद्धांत साथे पण मळती रहेल छे ते केम नथी आचरता? हवे ते वातो लखीये छीये.

(१) सो वर्षनी दीक्षित आर्या पण आजना दीक्षित साधुने वंदन करे. गा. १९. इहां वंदन शब्दे टीकामां द्वादशावर्त्तवंदनादि लख्युं छे. छतां एम केम मानो छो के द्वादशावर्त्तवांदणा तो आचार्यादिकनेज देवाय, साधुने नहि देवाय.

(२) वळी उपदेशमाळामांनी नीचे लखेल शिक्षाओथी पण हाल विपरीत वर्त्ताय छे.

(१) जे मुनि ज्योतिष्निमित्तादि कहे तेना तपनो क्षय थाय. गा. ११९

(२) जे मुनि उपाश्रयादिकनी सारसंभाळ करे तथा परिग्रह राखे ते पासत्था जाणवा. गा. २२२

(३) हीनाचारि साथे आलापसंलापादि नहि करवो. गा. २२३

(४) हीनाचारिने पण कारणयोगे मुनिओ वांदे, माटे ते जो समजु होय तो तेमने वारे छे. २२८

(५) आळसु प्राणीओ संघयणादिकना आलंबन लई बधी नियमधुरा छोडी दे छे. २९३

(६) कालनी जो के परिहानि रहेली छे, तेमज संयमयोग्य क्षेत्रो पण नथी, छतां पण (संयम मूकी नहि आपतां) यतनाथी वर्त्तवुं. केमके यतनाथी चारित्र भांगतुं नथी. २९४

(७) सुविहितोए समिति तथा ब्रह्मचर्यनी गुप्तिओ पाळवामां, कषाय, गौरव, इंद्रियपोषण अने मद टाळवामां, तथा यथाशक्ति सजाय, विनय, ने तप करवामां यतना करवी. २९५

(८) जे मुनि आहारना सडतालीश दोष नहि टाले ते पेटभरु जाणवो. २९८

(९) रोगादिकमां मुनि कांइक सावद्य सेवे तो संयम रहे छे, पण पाछो नीरोगी थतां पण शिथिल रहे तो संयम क्यांथी रहे? ३४५

(१०) सचित्त पाणी, फूल फळ, तथा अशुद्ध आहार सेवनार अने गृहस्थना काम करनारने वेषविडंबक जाणवो. ३४९

(११) सुविहितोए पासत्थादिकनो परिचय सर्व प्रयत्ने टाळवो. ३५३

(१२) बेतालीश दोष सेवे, छोकरां रमाडी आहार ले, शय्यातर पिंड ले, निरंतर विगई वावरे तथा वधेलुं राते पासे राखी बीजे दिने खाय, लोच न करे, काउसग न करे, मेल ऊतारे, पगरखा पहेरे, वगर कारणे केड बांधे, पांखी चोमासी संवछरीमां चोथ, छठ, अठम नाहि करे, मासकल्पथी नहि विचरे, ऊंचेथी गान करे, हास्य करे, कामचेष्टा करे, गृहस्थना काम संभाळे, शिथिलो साथे ले दे, (लोकना चित्त रंजवा) धर्मकथाओ भणे अने घरोघर कहेतो फरे, अधिक उपकरण राखे, तथा उपाश्रयना अंदरनी तथा बाहेरनी थंडिलभूमिओ नहि पडिलेहे, इत्यादिक शिथिलाचार सेवे ते पासत्थो जाणवो. गा. ३५४–३५६–३७०–३७३–३७४–३७५.

(१३) जे यति थइ छकायनी दया नहि पाळे ते गृहिधर्म तथा यतिधर्म ए बेथी भ्रष्ट थाय छे. ४३०

(१४) जेम कोइ मंत्रि राजानो सर्व कारभार चलाववो कबूली तेनी आज्ञानुं उल्लंघन करे तो वध बंधादि पामे तेम छकायनी रक्षा अने पांच महाव्रतनो सर्व कारभार धारण करीने पछी तेमांथी एकनी पण जो विराधना करे तो बोधिबीज नाश पमाडे. ४३१–३२

(१५) सोना अने मणिनुं जिनमंदिर कराव्या करतां पण तपसंयम अधिक छे. ४९४

(१६) जो मूळगुण तथा उत्तरगुण धारी शकाता न होय तो सुश्रावकपणुं धरवुं वधारे श्रेष्ट छे. कारण के सुश्रावक जिनचैत्य तथा सुसाधुनी पूजा करतो थको पोताना आचारमां दृढ रहे ते उत्तम गणायछे पण आचारभ्रष्ट वेषधारी उत्तम गणातो नथी. जे माटे जे सर्व सावद्यनो पचखाण उच्चारी सर्वविरति नहि पाळे ते सर्वविरति तथा देशविरति ए बन्नेथी भ्रष्ट थाय छे. ५०१-२-३

(१७) शिथिळ छतां पण संविग्नपाक्षिकपदमां रहे तो ते कर्म खपावी शके छे. त्यां संविग्नपाक्षिकना लक्षण ए छे के शुद्ध सुसाधुनो आचार कही बतावे, पोताना आचारने निंदे, महामुनिओथी नीचो थइ वर्त्ते, पोते तेमने वांदे, पोताने (तेमना पासेथी) नहि वंदावे, कोइने प्रतिबोधीने पोताना अर्थे दीक्षा नहि आपे, किंतु सुसाधु पासे मोकलावे ते संविग्नपाक्षिक जाणवो.

(१८) जे शिथिळ छतां पोताना अर्थे बीजाने दीक्षा आपे ते पोताने तथा शिष्यने बन्नेने दुर्गतिए पोचाडे. ५१७

# विचार १०७ मो.

## ( खरतरोनी आचरणानो विचार. )

हवे जो खरतरवाळा आचरणा प्रमाण करवानी वात ऊठावे तो तेमने नीचेनी वातो कही बताववी.

## ( जिनवल्लभनी नवी आचरणाओ. )

(१) हरिभद्रसूरिए पंचाशकमां वीरना पांचज कल्याणिक कह्या छे; अने अभयदेवसूरिए पण त्यां तेटलाज चर्च्या छे. छतां जिनवल्लभे छठुं कल्याणिक प्ररूप्युं.

(२) जिनेश्वरसूरि वगेराए एकवडी मोपती नोती करावी. (छतां जिनवल्लभे तेम करावी).

(३) अभयदेवसूरिए चैत्यवासिओनी निंदा नथी करी; उलटा चैत्यवासि निर्वृतिगच्छवाळा द्रोणाचार्य पासे पोताना करेल ग्रंथो शोधाव्या छे. छतां जिनवल्लभे संघपट्टकमां तेमनी खूब निंदा चलावी.

(४) जिनवल्लभे संघपट्टकमां जिनबिंबने बिडिशपिशित एटले कांटामां राखेल मांसनी अत्यंत निंदवा लायक उपमा आपी छे तथा संघने वाघनी उपमा आपी छे तेवी उपमा तेमनी अगाउ कोइए नथी आपी.

(५) वळी सुविहिताए पोतानी प्रशस्ति के पोताना ग्रंथो शिळाओमां कोतराववानो पृथ्वीकायनी विराधनाना भयथी निषेध कर्यो छे. छतां जिनवल्लभे चितोडमां वीरस्वामिना चैत्यमां छाजानी नीचेना बधा प्रस्तारोमां पोताना करेला चित्रबंध काव्यो तथा चैत्यना द्वारनी बे बाजुए एक शिळामां धर्मशिक्षा ग्रंथ अने बीजीमां संघपट्टक कोतराववानुं काम कबूल राख्युं.

(६) वांदणाना आवर्त्तोमां करपरावर्त्त पण अभयदेवसूरिए नथी कराव्यो, किंतु जिनवल्लभे कराव्यो.

## ( जिनदत्तनी नवी आचरणाओ. )

जिनदत्तसूरिए तो पूर्वाचार्योनी आचरणा तथा जिनवल्लभ-

नी आचरणा पण ऊथलावी नाखी छे. कारण के नीचे लखेली वातो जिनवल्लभगणि के अभयदेवसूरि के कोई पण पूर्वाचार्योए चलावी नथी. छतां जिनदत्ताचार्ये नवी चलावी.

(१) जिनचैत्यो बाबत अनायतननी प्ररूपणा चलावी.

(२) श्राविकाने पूजानो निषेध कर्यो.

(३) सोपारीना फडसिया ग्रहण करवा ठेराव्या.

(४) लवणजळ अग्निमां नाखवुं ठेरव्युं.

(५) आरती अवळे आंटे ऊतारवी ठेरावी.

(६) मंगळदीवामां घी, राती वाट, तथा कोडी नाखवी तथा ते ऊतारवुं नहि एम ठेरव्युं.

(७) देरासरमां युवानवेश्या नहि नचाववी किंतु जे नानी के वृद्धवेश्या होय ते नचाववी एवी देशना करी.

(८) गोत्रदेवी, तथा क्षेत्रपाळादिकनी पूजाथी सम्यक्त्व भांगे नहि एम ठेराव्युं.

(९) श्रावकने प्रतिमाओ वहेवानो निषेध कर्यो.

(१०) अमेज युगप्रधान छीये एम मानवा मांडयुं.

(११) वळी एवी देशना करवा मांडी के एक साधारणखातानुं बाजोट रखाववुं, तेने आचार्यनो हुकम लई ऊघाडवुं, तेमांना पैशामांथी आचार्यादिकना अग्निसंस्कारस्थाने थूभादिक कराववी, तथा त्यां यात्रा अने उजांणीओ करवी.

(१२) आचार्योनी मूर्त्तिओ कराववी.

(१३) उत्तराध्ययनना बावीशमा अध्ययनमां सूत्र, चूर्णि, तथा वृत्तिमां नेमिनाथना विरहनी प्रगुणता (वर्णना) लखेली देखाय छे. छतां तेनो (नेमिविरहनी वर्णना गावानो) निषेध करवा मांडयो.

(१४) पार्श्वनाथनी नव फणा कराववा मांडी. पण जिनवल्लभे तो चीतोडमां सातज करावेल छे.

(१५) बेटाबेटी परणाववां ते समानधर्मवंतना घरेज परणाववां; विषमधर्मीने घरे परणावतां क्वचित समकित बाधा पामे. एवी सावद्यदेशना करवा मांडी.

(१६) धर्मी पुरुष धर्मकार्य साधतो थको कोइ साथे युद्ध करतां तेने जीवथी मारी नाखे तो पण तेनो धर्म नाश नहि पामे अने अंते ते पुरुष मुक्तिए पहोंचे छे. एम कहेवा मांडयुं.

(१) चक्रेश्वरीनी स्तुतिमां जिनदत्तसूरिए कह्युं छे के विधिमार्गना शत्रुओना गळा कापी नाखनार चक्रेश्वरी मोक्षार्थीजनना विघ्न निवारो.

(२) चर्चरीमां लख्युं छे के विधि चैत्यमां फूल निर्माल्य गणाय छे पण अखंडित फळ निर्माल्य नथी गणाता.

(१७) श्रावकने त्रण नोकारपूर्वक त्रणवार सामायिक उच्चारवानी प्ररूपणा करवा मांडी.

(१८) गौतमादि अग्यार गणधरोनी प्रतिमाओ करावा मांडी.

(१९) अजमेरमां पार्श्वनाथना देरामां तथा पोसहशाळामां सरस्वतीनी प्रतिमा थपावी.

(२०) एज देरामां जेमने मांस पण चडे छे एवी शीतला वगेरा देवीओ थपावी.

(२१) देरासरमां छानापणे पण प्रतिमा तथा रथिकाओ (नाना रथो) फेरववा ठराव्या.

(२२) "ऐरावण समारूढः" इत्यादिक बाळि ऊडावी दिक्पाळोनी पूजा करवाना श्लोको तथा "सद्धर्मांभद्रपीठे" इत्यादि काव्यो चैत्यवासि वादिवेताल शांतिसूरिना करेल होवा-

थी सुविहितोए निषेध कर्या छतां जिनदत्तसूरिए चलाव्या.

(२३) आचार्यादिक साथे श्रावकोने दररोज बहिर्भूमिए जवा आववानुं ठेराव्युं.

(२४) एक खमासमण दइ सुखराइ पूछी पछी बीजुं खमासमण देवुं ठेराव्युं. अने पूर्वाचार्योए तो बे खमासमण पछीज सुखराइ पूछवी कहेल छे.

(२५) साधुनी उत्तरसाडी छ हाथनी ठेरावी.

## ( जिनचंद्रसूरिनी आचरणाओ. )

जिनचंद्रसूरिए वळी जिनदत्तसूरिए पण नहि कहेल वातो चलावी तेना दाखला.

(१) एक पट्टमां नवग्रह, पांच लोकपाळ, यक्ष, यक्षणी, क्षेत्रदेवता, चैत्यदेवता, शासनदेवता, साधर्मिकदेवता, भद्रकदेवता, आगंतुकदेवता, तथा ज्ञान–दर्शन–अने चारित्रनादेवता एम पचीश देवतानी कुलकूटी ऊभी करी.

(२) जिनदत्तसूरिए चैत्यमां नानी के वृद्ध वेश्याने नचाववानुं ठेरावी युवान् वेश्या तथा गानारी स्त्रियोनो निषेध कर्यो; पण जिनचंद्रसूरिए बधी वेश्याओनो निषेध कर्यो.

(३) जिनदत्तसूरिए श्राविकाने मूळप्रतिमाने अडकवुं निषेध्युं छे, पण जिनचंद्रसूरिए तो एम ठेराव्युं के श्राविकाओ सर्वथा शुचि नहिज होय माटे तेमणे कोई पण प्रतिमाने नहि अडकवुं.

## ( जिनपत्तिसूरिनी आचरणाओ. )

(१) महानिशीथसूत्र, सघळा पूर्वाचार्यनी समाचारी, तथा जिनदत्तसूरिनी अनायतनदेशना ए बधाने उल्लंघी जिनपत्तिसूरिए संघसाथे तीर्थयात्रा करी.

(२) "पचवीशमा तीर्थंकर", तथा "त्रिभुवनगुरु" एवा पोताना अनुचित बिरुद बोलाता जिनपत्तिसूरि कबूल राखे छे.

(३) पंचाशकमां मासकल्पविहार तीर्थपर्यंत चालु कह्यो छे छतां जिनपत्ति कहे छे के मासकल्प विहार विच्छेद गयो.

(४) सिद्धांतमां तथा पंचवस्तुकमां साधुना चौद अने साध्वीनां पचीश उपकरण कह्यां छे, छतां जिनपत्ति कहे छे के ते वात विच्छेद गई.

(५) सिद्धांतमां तिलोदक तुषोदकादिक अनेक प्रकारनां पाणी साधुने माटे कह्यां छे. छतां तेने उल्लंघी जिनपत्तिसूरि कहे छे के फक्त (चोखुं) प्राशुक पाणीज लेवुं, बाकी धोवणना पाणी न लेवा. अने ओसामण तथा सौवीर (छाशनुं पाणी) लेतां तो छूति लागे एम कहे छे.

(६) वळी सिद्धांतोमां अनेक स्थळे साधुने स्नान करवानी मनाई करी छे तथा मेलां ने जूनां वस्त्र पहेरवां कह्यां छे, ते उल्लंघी जिनपत्तिसूरि कहे छे के साधुओए मेलुं शरीर नहि राखवुं तथा मेलां कपडां नहि पहेरवां.

(७) प्राशुकजळनुं जीवाणी (संखारुं) जिनपत्तिसूरि सांजे श्राविकाओने हाथे अपावे छे ए पण अयुक्त वात छे, केमके एथी त्रसजीवनी विराधना थवानो संभव रहे छे. तेमज पूर्वसुविहितोए तेम आचर्युं नथी.

ए रीते खरतरना दरेक आचार्योए जूदी जूदी समाचारी चलावी छे माटे तेमां कइमां आस्था रही शके.

हवे आ स्थळे जिनवल्लभसूरिना शिष्य रामदेवगणिए षडशीतिनामा ग्रंथनी प्राकृत टीकामां एक चर्चा चलावी छे ते (उपयोगी जाणी) इहां टांकीये छीये.

मंदिरमां पूजा करवा जतां जेना मनमां एम आवे के "ए मंदिर के प्रतिमा कंई में के मारा पूर्वजोए नथी करावेल किंतु पारकुं छे माटे तेमां आदर नहि राखतां हुं तो में के मारा पूर्वजोए करावेलमांज वधु आदर राखीश." एवा पुरुषने सर्वज्ञमां भक्ति नहि जाणवी. जे माटे सर्वे बिंबोमां अरिहंतज वसे छे. ते अरिहंत ज्यारे पारका थया त्यारे पत्थरपीतलज पोताना रह्या. वळी पत्थरादिक वांदतां तो कंई कर्मक्षय थतो नथी, किंतु तीर्थंकरना गुणना पक्षपातथीज कर्मक्षय थाय छे.

वळी जे मच्छर लावी बीजाना करावेल चैत्यमां विघ्न पाडे तेने महामिथ्यात्व लागे छे, अने तेणे ग्रंथिभेद कर्यो नहि संभवे.

तेमज जे पासत्थादिकनी उस्केरणीथी उस्केराई सुविहितने हरकत पाडनारा थाय तेमने पण महामिथ्यात्व लागे.

# विचार १०८ मो.

## ( वडगच्छ ने अंचळगच्छनी उत्पत्ति. )

नाणकगाममां नाणकगच्छमां सर्वदेव नामे सूरि थया. तेओ दशवैकालिक भणता थका नानपणमांज वैराग्यवंत थया. हवे एमना गुरु पोते जो के चैत्यवासीज हता तथा बीजा चैत्यवासीओ तेमने एम समजावता के तमे सर्वदेवसूरिने वधु भणावशो तो आपण बधाने ऊडावशे तेम छतां गुरुए महासत्त्व धारी विशेषे सर्व सिद्धांत भणाव्या. आ वेळा चैत्यवासिओनो एटलो जोर हतो के कोई गामडामां तो तेमने सूरिपदे थापवाज मुस्केल हता तेथी आबुगिरिनी नजीकमां, "आवि" अने "हातली" नामना बे गामोनी वच्चे वडनी हेठे छाणनो वासखेप नाखी सर्वदेवसूरिने सूरिपदे

थाप्या. तेथी तेमना गच्छनुं "वडगच्छ" एवुं नाम पड्युं अने हमणा ए गच्छमां घणा आचार्य होवाथी बृहद्गच्छ कहेवाय छे.

सर्वदेवसूरिना वंशमां यशोदेव उपाध्याय थया. तेमना शिष्य जयसिंहसूरिने गच्छना आचार्योए मळी सूरिपदे थाप्या. ए जयसिंहसूरिए चंद्रावतीमां महावीरस्वामिना देरामां एकज नांद आगल नव शिष्योने सूरिपद दीधुं. ते नवमांथी शांतिसूरिथी पीपळिया गच्छ चाल्यो, देवेंद्रसूरिथी संगमखेडिया गच्छ चाल्यो, चंद्रप्रभसूरि, शीळगणसूरि, पद्मदेवसूरि तथा भद्रेश्वरसूरिथी पूनमिया गच्छनी चार शाखाओ चाली, मुनिचंद्रसूरिथी देवसूरि वगेरानी परंपरा चाली, बुद्धिसागरसूरिथी श्रीमाळिया गच्छ चाल्यो, अने मळयचंद्रसूरिथी आशापल्लिया गच्छ चाल्यो.

एज जयसिंहसूरिना शिष्य विजयचंद्रउपाध्याय तेमना मामा शीळगुणसूरिए पूनमिया गच्छ स्वीकारतां तेमनी साथेज नीकल्या. त्यां तेमणे तेमने समस्तसिद्धांतना पारगामी करी आचार्यपद देवा मांड्युं, पण विजयचंद्रउपाध्याये माळारोपण वगेरा सावद्यना भयथी ते लेवा ना पाडतां उपाध्यायपदमांज थाप्या.

आ रीते मुनिचंद्रसूरि अने विजयचंद्रउपाध्याय ए बने एकज गुरुना शिष्य होवाथी गुरुभाई लेखाय. ( ए विजयचंद्रउपाध्यायथी विधिपक्षगच्छ चाल्यो.)

हवे विजयचंद्र उपाध्यायना शिष्य यशश्चंद्रगणि थया. तेमने मुनिचंद्रसूरिनाज सांभोगिक रामदेवसूरिए पावागढ पासे मंदारपुरमां पार्श्वनाथना देरामां त्यांना रावत श्रीचंद्रश्रावक वगेरा, तथा बडोदरा, खंभात, वगेरा शेहेरोना संघने एकठा करी सं. १२०२ मां आचार्यपदे थाप्या. अने यशश्चंद्र नाम बदलावी जयसिंहसूरि एवुं नाम आप्युं.

( ए रीते वडगच्छ अने अंचळगच्छनी उत्पत्ति बतावी. )

हवे इहां जो वडगच्छवाळा एम बोले के अमे कंई चैत्यवासीओमांथी नीकळ्या नथी किंतु परंपराथीज वसतिवासी छीये, तो तेमने पूछवुं के त्यारे जेम चैत्यवासिओना हजार हजार वर्षना देरासरो, मठो, प्रतिष्ठाओ, तथा श्रावकना वंशो देखाय छे तेम वसतिवासीओना देरासरो, पोषहशाळाओ, प्रतिष्ठाओ के श्रावकना वंश केम देखवामां नथी आवता? अगर तमने देखवामां आव्या होय तो ते बतावी सिद्ध करी आपो.

(हवे आ विचार पूरुं करतां इहां उपयोगी संवत्-शाल टांकीये छीये.)

(१) सं. ११४९ मां चंद्रप्रभसूरिए पूनमिया गच्छ प्रकाश्यो.

(२) सं. ११६९ मां विजयचंद्रउपाध्याये विधिपक्ष प्रकाश्यो.

( पट्टावळी. )

(१) विजयचंद्रउपाध्याय. सं. ११३६ जन्म, सं. ११४२ दीक्षा, सं. १२२६ परलोक. सर्वायुवर्ष ९१.

(२) जयसिंहसूरि. सं. ११७९ जन्म, ११९७ दीक्षा, १२०२ आचार्यपद, १२५८ परलोक. सर्वायुवर्ष ८०.

(३) धर्मघोषसूरि. सं. १२०८ जन्म, १२१६ दीक्षा, १२३४ आचार्यपद, १२६८ देवलोक. सर्वायुवर्ष ६१.

## विचार १०९ मो.

### दिगंबरमतनो विचार.

( अंगी )

दिगंबरोने नीचे प्रमाणे प्रश्नो पूछवा.

(१) तमे भगवंतने नग्न मानी अंगी निरवद्य छतां पण नथी करता

त्यारे स्नात्र, विलेपन, पुष्प, तथा धूपादिक सावद्यपूजा कां करो छो? वळी चैत्यमां भगवान्ने कां बेशाडो छो, कारण के भगवान् कंई चैत्यवासी न हता.

## ( मूर्त्तिनो आकार, )

(२) तमे भगवान्ना जेवुंज बिंब कराववुं मानो छो, त्यारे दाढी-मूछ कां नथी करावता? अमे तो एम मानीये छीये जे बिंब जेम रमणीय लागे तेवाज आकारनुं कराववुं घटित छे.

(३) ज्यारे तमे व्रतनी अवस्था लइने बळि वस्त्राभरण निषेधो छो त्यारे बिंबने स्त्रीओ कां अडके छे? तेमज बळि कां चडावो छो, केमके तमारा मते तो केवळिने कवळाहार होयज नहि.

अगर जो तमे छद्मस्थावस्था गणी बळि चडाववी मानशो, तो पण ते थाळमां कां चडावो छो, केमके भगवान् तो करपात्री हता, माटे हाथमांज बळि चडाववी जोइये. वळी तमारा मतमां तो भगवान् ऊभा रहीनेज भोजन करे एम कह्युं छे, त्यारे पलांठी आसने बेठेली प्रतिमा आगल कां बळि चडावो छो? एज रीते तमारा मते भगवान् दिवसमां एकवारज आहारपाणी करे छे, त्यारे वारंवार बळि कां चडावो छो?

हवे जो कहेशो के भगवान् तो सिद्ध थया बाकी ए तो फक्त भक्ति सारुंज करीये छीये, तो त्यांरे वधारे भक्तिसूचक वस्त्राभरणादिकनो कां इनकार करो छो?

## ( पवित्रापवित्र जीवांग. )

(४) जो कस्तूरी वगेराने जीवना अंग गणी अपवित्र मानो छो तो चामडाथी मडेला मृदंग, वीणा वगेर वाजींत्रो कां वगाडो छो, गोपुच्छनी दांडीसहित रहेला चांमरो कां फेरवो छो, छा-

णथी देरानुं आंगणुं कां लींपो छो, तथा दूध, दहि अने घी ए पण पंचेंद्रिय जीवनाज अंग छे त्यारे तेवडे स्नात्र कां करावो छो?

हवे ज्यारे तमे बहु डाह्या बनी व्यवहारथी पवित्र वस्तुनी पण उत्पत्ति तपाशवा मांडो छो, तो बोलो, त्यारे केशर कपूर पण शाना पवित्र गणो छो? कारण के केशरना क्यारामां कूतरानी विष्टा पूराय छे अने कपूरना झाड नीचे कूतरानुं मडदुं दटाय छे.

वळी ए रीते पाणी पण मच्छादिकना अवयव अने मळमूत्रथी बगडेलुं अने पशुपंखीओए एठुं करेलज होय छे, माटे ते पण स्नात्रमां पवित्र केम गणी शकशो?

माटे दरेक वस्तुनी व्यवहारथीज पवित्रता कल्पवी जोइये.

वळी तमे चामडाने पंचेंद्रियजीवनुं अंग गणी पगरखा सूत्रना करावो छो तथा चोपडाओमां पण चामडानां पूठां नथी नखावता, त्यारे मोरपीछ अने चमरीगायना वाळनी पिच्छिकाने धर्मध्वज तरीके कां वापरो छो? कारण के ए पण पंचेंद्रियजीवनाज अंग छे.

वळी ज्यारे चामडाना दबामां आवेलुं घी के पाणी नथी वापरता, त्यारे गायना थानमांथी खेंची काढेलुं दूध कां वापरो छो?

वळी तमे वाळ वगेरा अचेतन अवयव देखी के सांभळी जेवा भडकी ऊठो छो तेवा छकायनी हिंसा करी नीपजावेला आधाकर्मीवडे नथी भडकता ए केवी डहापण!!!

वळी चामडांथी मडेल पालखी तथा म्यानामां कां चडो छो?

## योगपट्टक.

जो तमे दिगंबरपणुंज कबूल करो छो, त्यारे सादरी, तथा योगपट्ट (आवरणवस्त्र) कां ल्यो छो? कदाच कहेशो के पंचमकाळ होवाथी लज्जापरीषहना लीधे आवरण तो लेवाय, त्यारे तेने प-

हेरता कां नथी. केमके आवरण रखाय पण पहेराय नहि एम तो क्यां कह्युं नथी.

वळी ए प्रावरण पण प्राशुक वस्त्र लई कां नथी करता, तथा रजकादिकना हाथे कां धोवरावो रंगावो छो ?

वळी जो दिगंबरपणुंज खरुं छे तो तमारी आर्याओ कां थोडांक कपडां पहेरे छे ?

## धर्मोपकरण.

निर्ग्रंथमुनिए बाह्याभ्यंतर परिग्रह छांडवो पण धर्मोपकरण छांडवा न जोइये कारण के धर्मोपकरण छांडतां तो संयम तथा आत्मा ए बेनी विराधना थाय छे. तेना दाखला.

(१) मोपती विना मोंमां मछर, माख, पाणीना बिंदु के धूळ पडे छे; देशना देतां के छीकतां मोंना गरमवायुवडे बाहेरना वायुनी विराधना थाय छे, तथा आपणी थूको ऊडीने बीजाने स्पर्शे छे.

(२) रजोहरण वगर भूमि शरीर, उपकरण, थंडिल वगेरा केम प्रमार्जी शकाय? वळी राते सामे आवता वीछी-सर्पने केम अटकावी शकाय तथा शरीरपर चडता कीडी—माकण केम निवारी शकाय?

(३) कपडुं राख्या वगर (तमारामांना केटलाक आजकाल) शीआळामां कांतो अग्निनो पडखो ले छे अथवा तो शुषिर अने सबीज पलालमां सूए छे, अथवा तो शास्त्रमां निषेधेल छतां तैलमर्दन करावे छे, अथवा शीतना भये देरासरना गूढमंडपमां जइ सूइ आशातना करे छे, के छेवट गृहस्थना लांबा मोटा वगर तपासेल पट्ट, धुपटा, बूरी, के खेश वापरे छे.

(४) वळी कांबळी वगर (तमारामांना केटलाक) वर्षाकाळमां कांतो जेनी पडिलेहणा नहि थई शके एवुं क्रीतादिदोषदुष्ट छत्र धरावे छे, अथवा तो गरमशरीरवडे अप्काय विराधे छे. पण

जो कंबळ लेवामां आवे तो ओचिंती वर्षाद पडतां के बाळ, वृद्ध, मांदा, सुकुमाल, तपसी, विद्यार्थी वगेरा साधु सारुं वर्षती वरसादमां पण भिक्षा लेवा जतां, के खरचुपाणीए जतां शरीर कांबळीथी ढांकेलुं होवाथी तेवी विराधना नहि थशे.

(५) वळी तुंबा के लकडाना, सेज मळता, निरवद्य, अल्पमूल्य पात्रां छोडीने जुओ तमे एक पछी एक केटला अनर्थ कबूल्या छेः—

(१) पहेलां तो सर्वदर्शनमां मनाएली मधुकरवृत्ति छोडी एक घरेज भोजन करवा मांड्युं छे.

(२) बीजुं आधाकर्मिक सेवो छो, के जे माटे प्रायश्चित्तना ग्रंथोमां मूळप्रायश्चित्त आवतुं कहेल छे.

(३) त्रीजुं पाणी त्रसजीवसहित छे के रहित छे ते नक्की नहि जाणता पोते अकेवळि होई "केवळिए दीठुं" कही खोटुं बोलो छो.

(४) चोथुं पगमां चोपडवा सारुं जोइता तेलने माथामां घाली टपकता तेले मठमां आवो छो.

(५) पांचमुं पोताना मठ के दानशाळामां रहेल व्रतवाळी आर्याओ पासे रसोइ करावो छो?

(६) छठुं आहार माटे पैशा राखो छो.

(७) सातमुं फळ, धान, घी, तेल, हिंग, खांड, दहि, दूध वगेरा खरीद करो छो.

(८) आठमुं, थाली, घडा, लोटा, कुंडी, घीतेलनां वासण, वाडका, कथरोट, दर्वी, कडछी, तावडी, लोढी, सूप, सुंडा वगेरा अनेक भाजन राखो छो.

ए रीते अनेक दोष तमे कबूल्या छे. वळी तमारी व्रतधारी आर्याओ अनेक पात्रां राखी अनेक घरोमां भिक्षा करे अने तमे पोते नहि करो तेनुं शुं कारण छे?

## पात्र राखवाना फायदा.

(१) अजाणपणे अशुद्ध आहार लेवाई जतां खबर पड्याथी ते परठाई शकाय.

(२) अन्नपाणीमां कंई जीवजंतु होय तो ते जूदा पाडी शकाय.

(३) भूलथी पूरांवाळुं चोखानुं धोवण वगेरा लेवाई जतां ते परठी शकाय.

(४) पात्रावंडे गुरु, ग्लान, प्राहुणा, तपसी, विद्यार्थी, बाळ, वृद्ध वगेरा सारुं आहार लावी आपी तेमनुं वेयावच्च थई शके. तेमज जेमने आहारपाणी नहि मळ्या होय तेमने पण मंडळीमां जमाड्याथी एकबीजाने टेको थाय.

## (पाणिपात्रना दोषो.)

तमे जिनकल्पिना विचारथी पाणिपात्रपणुं कबूलो छो, छतांए तमोने जमाडतां पात्र तो घणा वपराय छे. कारण के पहेलां तो थाल कचोला के दूनामां पिरसीने चमचावडे कोळिया दीठ शाक, वडां वगेर भेळी, साटां, लाडु, खाजां वगेरा जूदा जूदा अपाय छे; अंतराय नहि पडे ते सारुं भाण वगाडवामां आवे छे अने नीचे पण पाटीऊं राखवामां आवे छे. आम आटलां पात्र वपरातां छतां पण पाणिपात्रपणुं थतुं होय तो तो पछी घणाए पाणिपात्रवाळा कहेवाशे. केमके सौ कोई घणुं करीने अन्न तो थालमांथी हाथवडे ऊपाडीनेज मोंमां नाखे छे तथा पाणी पण प्राये हाथनी अंजळिमां ढोळी पीवाय छे अने वनफळ, मेवा तथा तांबूल तो हाथवडेज खवाय छे.

वळी तमे जेम जमतां जमतां हाथ, भमर, के हुंकारावडे वारंवार मागणी करो छो तथा रायण, आंबा, चीभडां, के बोर

वगेरा खाई जाओ छो तेम कंई तीर्थंकर करता न हता.

वळी तीर्थंकरना हाथमां तो पाणीना हजार घडा ढोल्या होय तोपण एक टीपुं नहि गळे एवो तेमनो अतिशय छे; पण तमारा हाथथी तो छोकराओने पण हासी आवे एटली गलतर थाय छे ने तेथी हेठे कीडीकुंथुआ विराधाय छे; तेमज पडता भोजनथी खरडाता शरीरने धोवानी पंचात ऊभी थाय छे.

## ( वस्त्रादि देवानां फळ. )

कोइ पूछे के शास्त्रमां जेम आहारपाणीना दातार वर्णव्या छे तेम वस्त्रादिकना दातार क्यां वर्णव्या छे, तेने ए उत्तर छे के भगवती तथा आवश्यकचूर्णि वगेरा अनेक स्थळे कह्युं छे के "श्रावको श्रमणनिर्ग्रंथने प्रासुक अन्नपाणी, वस्त्र, औषध, पीठफलक तथा सय्यासंथारा आपे." माटे वस्त्रो पण संयमना उपकारक होवाथी साधुने देवामां लाभज छे.

## ( अचेल शब्दनो अर्थ. )

स्थानांगना नवमा अध्ययनमां कह्युं छे के आवती चोवीसीना पद्मनाभस्वामी पाछुं अचेलकधर्म प्ररूपशे. तेनी टीकामां ते पदनो एवो अर्थ कर्यो छे के जिनकल्पिनी अपेक्षाए अचेलकधर्म एटले जेमां वस्त्र तदन नहि होय एवो धर्म, अने स्थविरकल्पिनी अपेक्षाए अचेलक शब्दे जूनां, मेलां, अल्पमूल्य धोळां कपडां समजवां. कोइ कहेशे के कपडां छतां अचेल केम कहेवाय तेने एम जणाववुं के जेम घणां कपडां ऊतारी अल्प कपडां तथा फेंटो वींटी पाणीमां पेशनार पुरुष अचेल के नग्नज कहेवाय छे तेम इहां पण अल्पमूल्यवाळां कपडां ते कपडांना लेखामांज नहि लेवां. माटे वस्त्र छतां पण मूर्च्छारहित मुनि अचेल कही शकाय छे.

वळी वस्त्रो जूलीख तथा रागना हेतु गणीने कंई चारित्रना घातक लेखाय नहि. कारण के एम तो शरीरमां पण जूलीख तथा राग थवानो संभव रहेल छे छतां अध्यात्मशुद्धि होय तो चारित्रनो घात नथी थतो तेम वस्त्रो विषे पण जाणवुं. अने अध्यात्मशुद्धि नहि होय तो तो नग्न छतां पण चारित्र नहि टकशे.

वळी तीर्थंकर नग्न हता एम कही तेमनी नकल करवी पण वाजबी नथी केमके बधी वाते जो तेमनी नकल करवी मानशो तो तेओ तो जेम गुरूपदेश विना स्वयंबुद्ध थया हता, छद्मस्थपणामां उपदेश के दीक्षा न होता आपता, तेम तमोने करवुं पडशे.

वळी उचित वस्त्रो छतां पण चारित्रधर्म रही शकेज छे. कारण के वस्त्रो पण शरीर तथा आहारना मुजब चारित्रना मददगार थई शके छे.

कोइ बोलशे के तीर्थंकर ज्यारे वस्त्रपात्र नहि राखता त्यारे तेमना शिष्योए शा माटे राखवा, कारण के गुरुनुं जेवुं लिंग होय तेवुंज चेलाए पण करवुं ए न्यायसिद्ध छे; तेनुं ए उत्तर छे के तीर्थंकरनी वात जूदी छे केमके तीर्थंकरोनी अंजलि अछिद्र, अने तेमां पाणीनी कदाच चंद्रसूर्य लगी शिखा करवामां आवे तोपण एक टीपुं पण नीचे नहि पडे एवी हती तथा तेओ चतुर्ज्ञानी होवाथी त्रससहित तथा त्रसरहित आहारपाणी जाणीने निर्दोषज लेता माटे तेमने पात्रानी जरुर न हती. अने वस्त्र बाबत तो एम वात छे के सर्वे तीर्थंकरो "अमारे सोपधिधर्म एटले उपकरण राखी थतो धर्म चलाववो छे." एम धारी दीक्षा लेती वेला एक वस्त्र लेज छे; अने दीक्षा लीधा पछी तो तीर्थंकर सर्वपरीषह समर्थज होय छे एटले कपडानी जरुर नथी रहेती तेथी ते वस्त्र गमे त्यां जतुं रहे छे.

हवे तमे गुरुनी नकल करवा चेलाने उस्केर्युं ते तो ऐरावणनी नकल करवा साधारण हाथीने उस्केरवा जेवुं छे. छतां तमे तीर्थंकरनीज नकल करवी इच्छो छो तो मठमां रहेवुं, आधाकर्मी सेववुं, तृणनी लंगोटी बांधवी, मोरपीछ कमंडलु राखवा, तथा छद्मस्थ छतां धर्मदेशना के दीक्षा देवी, इत्यादिक सर्व तमारे मूंकी देवा जोइये.

## दिगंबरो जिनकल्पिथी विरुद्ध छतां जिनकल्पिनाम धरेछे.

ज्यारे तमे जिनकल्पिनीज नकल करो छो त्यारे कमंडलु, पिंछिका, कपडानी मोजडीओ, पुस्तक, चोपडीओ, कवडीठवणी, पुस्तकपट; योगपट्टक, आसनपट्ट, तृणपटी (लंगोटी) वगेरा अनेक उपकरणो कां राखो छो, तथा गुंदर, नाळिएर वगेरा अनेक औषधो कां संघरी राखो छो?

कदाच कहेशो के पंचमकाळ होवाथी एटलो परिग्रह राखीये छीये; त्यारे संयमने मददगार, लज्जा तथा शीतथी बचावनार, वस्त्रादिक उपकरणोए तमारी शी गुन्हेगारी करी छे?

वळी ज्यारे पोताने जिनकल्पिनीज नकल करवा मानो छो त्यारे स्त्रीओने पग पखालवा कां आपो छो? आर्याओ साथे एक ठेकाणे कां रहो छो? चैत्यमां कां रहो छो? आर्याओ पासेथी रसोई कां करावो छो? पालखी वगेरापर कां चडो छो? ज्योतिष् निमित्तादि विद्याओ कां चलावो छो? सचित्त फूलपत्र, जळ, चंदनकेशर, सोनारूपा तथा दूध घी वगेराथी पग कां पूजावो मनावो छो? सभामां बेशी व्याख्यान कां करो छो? दीक्षा कां आपो छो? घणा साधुओमां कां रहो छो? तथा हमेशां एकज ठेकाणे कां रहो छो?

## ( जिनकल्पिनी क्रिया. )

जिनकल्पिनी क्रिया आ प्रमाणे छे.

(१) जिनकल्पि एकलाज रहे.
(२) मसाणमां पण जई काउसग करे.
(३) नवकल्पेज विचरे.
(४) आंखमां पडेल तणखलुं वगेरा पण नहि कहाडे.
(५) पगमां लागेल कांटुं वगेरा पण नहि कहाडे.
(६) शरीरे खरज न करे.
(७) त्रीजे पहोरेज आहार नीहार तथा विहार करे.
(८) बीजा कोई साधुओ साथे पण आलापसंलाप नहि करे.
९) लेप न लागे एवो तुच्छनीरसज आहार करे.
(१०) ज्यां त्रीजो प्रहर पूरो थयो के साते पहोर त्यांज ऊभा रहे.
(११) कूतरा, बळद, हाथी, सिंह के चित्राथी नाशे नहि.
(१२) मांदा पडतां पण चिकित्सा न करावे.
(१३) ध्रुवलोच करे.
(१४) निःप्रतिबंध होवाथी कोइने धर्मोपदेश पण न करे.
(१५) सूत्रना बळथीज सर्व कलाओ जाणे.
(१६) छ मास लगी आहार नहि मळे तोपण नहि शीदाय.
(१७) समुद्र माफक क्षोभ नहि पामे.
(१८) सूर्य माफक तेजस्वी होय.
(१९) जघन्यथी पण नवमापूर्वनी आचारनामे त्रीजी वस्तु सूत्रार्थे शीखेला अने उत्कृष्टा दशपूर्वथी कंइक ऊणुं शीखेला होय.
(२० वज्रऋषभनाराच संघेणवाळा होय.

ए जिनकल्पिओमां केटलाक एवा होय छे के जेमना हाथमां हजार घडा पाणी रेडिए तोए माई जाय छे तथा कंई घा लागे

तो सडी नहि पडतां एमज सूकाई जाय छे. एवा पुरुषो साथे तमो स्पर्धा करो ते शा कामनी?

अगर शेषक्रियारहित फक्त नग्नपणाथीज जिनकल्पिपणुं थतुं होय तो तो माछला, काचबा, बळद, घोडा तथा नागां बाळको पण जिनकल्पि जेवा कही शकाशे.

## ( दिगंबरो अर्वाचीन छे. )

कदाच दिगंबरो बोले के अमे प्राचीन छीये तो तेमने पूछवुं के तमारा ग्रंथोमां पण जेनां नाम आवे छे एवा तमारा आचारांगादि सिद्धांतो बतावो. वळी सिद्धांत सर्वे विछेद थया अने दर्शन वर्त्ते छे ए पण नहि मानी शकाय तेवी वात छे.

ए उपरांत नगर, भरुच, श्रीमाळ, वाडव (वडनगर) वगेरा प्राचीन शेहेरोमां ब्राह्मणोना महास्थानको जेम रहेलां छे तेम तमारा प्राचीन चैत्य बतावो.

वळी जो तमारो मार्ग सर्वज्ञप्रणीतज होय तो पूरती रीते छकाय राखवाना उपाय, निर्ग्रंथपणेज व्रतनिर्वाह, बेतालीश दोषरहित पिंडविशुद्धि, तथा वसतिनी शुद्धि क्यां छे ते बतावो.

## [ स्त्री पण मुक्ति पामी शके छे. ]

स्त्री पण तेज भवे मुक्ति पामी शके छे केमके यापनीयतंत्र नामना ग्रंथमां आ प्रमाणे कह्युं छेः—

"स्त्री अजीव नथी, अभव्य नथी, दर्शनविरोधिनी नथी, अमानुष्य छे एम पण नथी, अनार्य देशमांज ऊपजेली छे एम पण नथी, असंख्यात आयुवाळी पण नथी, अतिक्रूर मतिवाळी पण नथी, उपशांतमोह गुणठाणे नहिज आवे एम पण नथी, शुद्धाचारवाळी नहिज होय एम पण नथी, अशुद्धबुद्धिवाळीज होय एम

पण नथी, क्रियारहितज छे एम पण नथी, अपूर्वकरण न करी शके एम पण नथी, नवगुणठाणा पण नज पामी शके एम पण नथी, अयोगलब्धिवाळी छे एम पण नथी, अकल्याणनुंज भाजन छे एम पण नथी, माटे ते उत्तमधर्मनी साधक शा माटे नहि थाय?"

ए लखाणथी सिद्ध थाय छे के ज्यारे स्त्री उत्तमधर्मनी साधक थई शके छे त्यारे तेज भवे मुक्ति पण पामी शकती सिद्ध थई शकशेज.

## पाणी नहि गाळनार घरोमां पण मुनिने भिक्षा कल्पी शके छे.

कोई प्रश्न करे के तमोने जे घरोमां पाणीनुं गळवुं के भाजनशुद्धि नथी होतां त्यां भिक्षा लेवी केम कल्पे छे, तेनुं ए उत्तर छे के यतिने सामे देखातो दोषज परिहार करवो घटे. बाकी "तमारा घरे पाणी गळेल वपराय छे के नहि, धान सोवाय छे के नहि, शाकमां कुंथुवगेरा जुओ छो के नहि, माखण तरत तपावो छो के मोडुं, तेल चोखा तलनुं छे के सडेलानुं, दहि दूध घरनां छे के वेचातां लीधेल छे, रसोइनां वासण बरोबर पोंज्यां हतां के नहि, आ हाथवडे पहेलां शुं कर्युं छे, आ चमचावडे पूर्वे शुं पीरसेल छे" इत्यादि सवालो पूछवानी यतिओने कशी जरुर नथी. किंतु हाथ, चाटुआ, अने वासण देखीता शुद्ध होय अने बेतालीश दोष रहित शुद्ध आहार होय तो यतिओने ते लेवो कल्पी शके छे.

## (पवित्रता के अपवित्रता लोकव्यवहारे लेखवी.)

कइ वस्तु पवित्र गणवी ने कइ अपवित्र गणवी ए बाबत लोकव्यवहारनोज आधार लेवो घटे छे. बाकी एमां मूळउत्पत्ति तपाशी ते ऊपर आधार राखवो नथी घटतो. कारण के तेम करशो तो जे तमे पवित्र चीजो मानो छो ते पण अपवित्र देखाशे.

दाखला तरीके पाणीमां माछलां तथा काचबाना अवयवो होय छे, दूध वाछरडाए एठुं करेल होय छे, फूलो भमराओए चूसेला होय छे, शाक रसोइयाए चाखी एठुं करेल होय छे, घी मांसमदिरा वापरनार भरवाड, भील, कोळी वगेराना हाथनुं अने घणा दिवसना सडेला माखणमांथी नीपजावेल होय छे, तेल पण घणुं करीने जीवजंतुवाळा तलमां अणगळपाणी नाखी कहाडेल होय छे, वेचातां दहिदूध पण अणगळ पाणीवाळांज होय छे, खजूरमां पण नोळुकोए (नोधा सीधीओए) खाइने कुळियां नाखेल होय छे, हिंग पण काचा चर्ममां बांधेल होय छे, लूणमां अनेक जीवना कलेवर भळेला होय छे, तथा शाक, पत्र, फूल, फळ, मशाला, धान अने मीठाइमेवा पण मांसमदिराखाऊना हाथना स्पर्शथी अपवित्र थएला होय छे.

माटे पवित्रता के अपवित्रता लोकाचार तथा देशाचार ऊपरथीज लेखवी जोइये. ए बाबतना थोडाक दाखला टांकीये छीये.

(१) शंख, छीप, मोती, चामर, दांत, कस्तूरी वगेरा जीवांग छतां पवित्र गणाय छे.

(२) धनुष्, बाण, सींगडी, म्यानानी दंडिका, श्रीकरी (पालखी), तरवारनुं म्यान, सूप, सुंडा, पगरखां, गादी, वायराना वींजणा, तथा चोपडीओ वगेरा चामडाथी जडेल छतां पवित्र गणाय छे.

(३) वाजां काचा चामडाथी मडेल छतां पवित्र लेखाय छे.

(४) धूपमां नख तथा चरबी भेळवातां छतां पवित्र गणाय छे.

(५) कपडां पेणवाळां छतां पवित्र गणाय छे.

(६) नदी तळाव वगेरामां लोको हाथपग धूए छे, स्नान करे छे, कोगळा नाखे छे, तथा पशुपंखी वटाल करे छे, तथा तेना

कळेवर होय छे छतां तेनुं पाणी पवित्र गणाय छे.

(७) नदीमां तो काचुं चर्म धोवामां आवे छे, तथा मडदानी भस्म पण भळेली होय छे तोए तेनुं पाणी पवित्र गणाय छे.

(८) एकज तलावमांथी ढेड वगेरा पाणी पीए भरे छे छतां अपवित्र नथी गणातुं.

(९) राजमार्गमां ढेडचांडाळ वगेरा सर्वे चाले छे छतां ते नथी अभडातुं.

(१०) माखो एक ऊपरथी बीजा ऊपर बेशे छे, तेथी पण छूती नथी लागती.

(११) अणतूटेली धारथी कोइने जमाडतां पण छूती नथी लागती.

(१२) लडाइमां, आगमां, विवाहमां, यात्राओमां, बजारमां, तथा एवी रीतनी बीजी अनेक भीडमां तथा प्रवहण वगेरामां शूद्र साथे स्पर्शास्पर्शी थतां पण छूती नथी लागती.

(१३) नाना बाळको कोइने अडकी जाय तेपण छूतीमां नहि गणवुं.

(१४) कोइ देशमां लाकडां नथी अभडातां, कोइ देशमां पैशा नथी अभडाता; वळी शुद्धि माटे पण कोइ देशमां पाणीनी छांट नाखे छे, कोइ देशमां धूळनी चपटी नाखे छे ने कोइ देशमां लोढुं अडकावे छे एम छूती बाबत देशाचार पण तरेहवार चाले छे.

आवी रीतना लोकव्यवहारमां अनेक दाखला मळे छे.

वळी ए बाबत ऊपर मनुस्मृतिमां पण आ प्रमाणे लख्युं छे.

(१) माखीओ, अणतूटेली धार, राजमार्ग, अग्नि, स्त्रीनुं मुख, तथा बाळक ने वृद्ध ए अभडाय नहि.

(२) देवनी यात्रामां, विवाह वगेरामां, ऊतावळमां, राजदर्शन करवामां, लडाइमां, तथा बजारमां स्पर्शास्पर्शी थतां छूती नहि लागे.

(३) लोट, गोरस, छाश, तेल, तथा घी क्यारे पण अभडाय नहि.

(४) पांदडां, फळ, लोट, गोरस, तथा पक्वान्नमां रहेल पाणी नथी अभडातुं.

(५) अटवीमां, निर्जळदेशमां, तथा चोर के वाघना भयमां शौच न करे तोए दूषाय नहि.

(६) कांजी, दूध, दहि, छाश, शत्तु, घीतेलमां पकावेल रसोइ, तथा लाडवा अभडाय नहि.

## विचार ११० मो.

### ( सामायिक बाबत चूर्णिनो पाठ. )

सामायिक बाबत आवश्यकचूर्णिमां आ प्रमाणे अधिकार छे.

"अणुव्रत ने गुणव्रत एकवार लीधा तेज लीधा पण शिक्षाव्रत विद्याभ्यास माफक वारंवार अभ्यासाय छे. ए शिक्षाव्रत चार छे तेमां पहेलुं सामायिकव्रत छे. ते करवानी विधि आ प्रमाणे छे.

(१) सामान्यश्रावके देरासरमां, साधु पासे, घरमां, पोसहशाळामां, के ज्यां नवरास मळे त्यां सामायिक करवुं. तेमां पेला चार स्थळे सामायिक करतां तो अवश्य सर्व (आवश्यक)ज करवुं.

(२) ए आवश्यक जो साधु पासे करवानुं होय तो जो कोइना वेडझघडा के करजनी पंचात नहि होय तो घरेथीज सामायिक लई ऊघाडे पगे साधुना मुजब समितिगुप्ति सांचवी साधु पासे जइ त्यां बीजीवार सामायिकनो पाठ उच्चरवो. अने तेमां "जाव साहू पज्जुवासामि" एवुं पद कहेवुं. अने त्यां जो चैत्य होय तो प्रथम वांदी लेवां.

(३) पछी साधु पासेथी (वधारानुं) रजोहरण के निषद्या मागी

लेवा अने घरे करवानुं होय त्यारे तो त्यां औपग्रहिक (काम पडतां खप लागतुं) रजोहरण होय तो तेनावडे अथवा छेवट पोतना (कपडाना) छेडावडे पण काम चलाववुं.

(४) पछी इरियावही पडिकमी, आलोयणा लइ, आचार्यादिकने अनुक्रमे वांदवा. त्यारबाद फेर गुरुने वांदीने बेशी करी भणवुं गणवुं.

(५) एम चैत्यमां पण एज विधि करवी.

(६) साधु के चैत्य नहि होय तो पोसहशाळामां के पोताना घेर पण एज विधिए सामायिक वा पडिकमणुं करवुं. आ स्थळे "जाव नियमं समाणेमि" एवो पाठ बोलवो.

(७) हवे जे ऋद्धिपात्र श्रावक होय तेणे साधुना पासे आवतां घरेथी सामायिक करी नहि आववुं, किंतु आडंबरथी त्यां आवी सामायिक करवुं. केमकें एम कर्याथी लोकनी आस्था बेशे तथा साधुओनुं बहुमान रहे. वळी घेरथी सामायिक करी आवतां जो तेना पाछळ हाथीघोडा वगेरा आवे तो अधिकरणदोष लागे माटे तेम नहि करतां तेणे साधु पासे आवीनेज सामायिक करवुं.

(८) ए ऋद्धिपात्र पुरुष जो श्रावक होय तो उपाश्रयमां आवतां त्यां कोइए ऊठी ऊभा नहि थवुं. पण जो ते हजु भद्रकपरिणामीज होय तो आचार्य माटे आसन रची बधा जणे ऊभा थइ जवुं. आ बन्ने व्यवस्था नहि साचववामां आवे तो दोष लागे छे.

(९) पछी ते ऋद्धिपात्र श्रावके सामायिक करी प्रतिक्रांत थई आचार्यादिकने वांदीने भणवुं.

(१०) आ ऋद्धिपात्र श्रावके सामायिकमां मुगट नहि ऊतारवुं. बाकी कुंडळ, वींटी, फूल, तंबोल, तथा प्रावारक (ओढणनुं

कपडुं) ए ऊतारवा. बीजा आचार्य एम कहे छे के मुगट पण ऊतारवुं. ए सामायिकनी विधि.

# विचार १११ मो.

## (ऊपरला पाठनो अर्थ).

ऊपरला पाठमां कलम पेलीमां चार स्थळे "सर्व" करवानुं कह्युं छे त्यां सर्व एवा मोघम पदथी सर्व आवश्यक समजवा, कारण सर्व ए सामायिकनुं विशेषण करीये तो ते घटी शके नहि. तेमज अनंतरनी बीजी कलमथी आवश्यकनी विधि कहेवानी रहेल छे तथा सर्व ए आवश्यकनुंज विशेषण घटे छे.

कलम बीजीथी "आवश्यक"नी प्रस्तावना करी छे. त्यां आवश्यक शब्दे फक्त सामायिकज लेवुं एम थाय नहि, केमके ए मोघमशब्द वपरातां छए अध्ययन आवे छे. जे माटे अनुयोगद्वारमां आवश्यकने माटे "छ अध्ययननो वर्ग" एवो पर्याय आपेल छे.

वळी इहां चूर्णिमां "आवस्सयं करेंतो त्ति" एम लख्युं छे त्यां इति शब्द प्रस्तावना अर्थेज वापरेल देखाय छे. अने पंचाशकनी टीकामां अभयदेवसूरिए पण आ बाबत एवी पदरचना करी छे के "आवश्यक करतो थको जो साधु पासे ते करे तो त्यां आ विधि छे." आ वाक्यमां आवश्यकने प्रस्तुत करेल होवाथी जणाय छे के अभयदेवसूरिना विचारमां पण चूर्णिमां वपरायेल इति शब्द प्रस्तावनार्थीज लाग्यो होवो जोइये.

कोइ एम बोले के आ दंडकमां शरुआतथीज सामायिक प्रस्तुत करेल छे अने अंते पण "ए सामायिकनी विधि" एम कहेलुं छे. छतां वच्चे षडावश्यक केम आवी पडयुं? तेनुं ए उत्तर छे

के "चार स्थळे सामायिक करतां तो अवश्य सर्व करवुं. ए आवश्यक जो साधु पासे करवानुं होय तो" ए वाक्यथीज षडावश्यक आवे छे. जो फक्त सामायिकनीज विधि कहेवी होत तो ए वाक्य न लखत.

वळी सामायिकनी प्रस्तावना तो शरुआतमांज "ते करवानी विधि आ प्रमाणे छे" ए वाक्यथी करेल छे. छतां कलम बीजीथी तेनी तेज प्रस्तावना बीजीवार कां करे माटे कलम बीजीथी षडावश्यकनीज प्रस्तावना जणाय छे.

वळी जो इहां सामायिकनीज विधि होय तो कह्युं के "घरेथीज सामायिक लई साधु पासे जाय" इहां सामायिक लइ एम कहेतां तेनी विधि पूरी थइ चूकी, त्यारे ऊपरनी विधि शा माटे चलावी.

कोइ कहेशे के ऊपरनी विधि गुरुनी भक्ति साचववा सारुं कही छे; पण तेम पण नथी केमके कलम ५–६ मां चैत्य तथा पोसहशाळामां पण एज विधि जणावी छे. अने त्यां तो कांइ गुरु छे नहि.

हवे अंते "ए सामायिकनी विधि" एम निगमन कर्युं छे ते पण कंई षडावश्यकने बाध करतुं नथी. कारण के आवश्यकनिर्युक्तिमां पण काउसगनिर्युक्तिथी काउसगनी प्रस्तावना करी वच्चे साधुना आवश्यकनी विधि कही छेल्ले सामायिकनुंज निगमन कर्युं छे.

वळी इहां "घरेथीज सामायिक लइ" एम कह्युं छे ते ए आशये के उपाश्रये जवा जेटलो काळ पण सामायिक वगर पसार करवो न जोइये तेथी घरेथी फक्त सामायिकसूत्र उच्चरी शेष अनुष्ठान साधु पासे जइ करवुं.

कोइ एम पूछे के घरेज बधुं अनुष्ठान करीने साधु पासे जाय तो शुं? तेनुं ए उत्तर छे के इहां साधु पासे करवाना अनुष्ठाननी-

ज प्रस्तावना छे. बाकी घरना अनुष्ठान माटे तो कलम ६ ठीमां वात आवशे. माटे इहां तो घरे फक्त एक सामायिकज उच्चरवुं.

वळी कलम बीजीना अंते लख्युं छे जे "त्यां जो चैत्य होय तो प्रथम वांदी लेवा." इहां प्रथम शब्द कहेवाथी एम जणाय छे के सामायिक कर्या पछी पण चैत्यवंदन थइ शके छे. कारण के तेम न होय तो मोघममां एमज लखत के "चैत्य होय तो वांदी लेवा" पण प्रथम पद न लखत.

कलम त्रीजीमां लख्युं छे जे "रजोहरण के निषद्या साधु पासेथी मागी लेवा" ते जे साधु पासे वधाराना होय तेज मागवा. कारण के पोतापूरता उपकरण जो बीजाने आपे तो तेने प्रायश्चित्त आवे.

## ( रजोहरणथी प्रमार्जना आवे छे, )

केटलाक एम माने छे के साधु पासेथी मागेला रजोहरणवडे श्रावके वांदणा देवा. तेमने पण रजोहरण नहि होतां निषद्यावडे अने ते पण नहि होतां वस्त्रांचळवडे पण वांदणा देवा कबूल करवा पडशेज. त्यारे एमज मानवामां शी हरकत छे के रजोहरणथी प्रमार्जनाज करवी; पण वांदणा साथे रजोहरणनो संबंध नथी.

पूर्वाचार्योए पण दरेक ठेकाणे रजोहरणथी प्रमार्जनाज बतावी छे.

दाखला तरीके पंचाशकचूर्णिमां आ प्रमाणे लख्युं छे. "कोइ पूछे के शुं पोसहवाळाने रजोहरण होय? तेनुं ए उत्तर छे के हा, होय. जे माटे आवश्यकचूर्णिकारे सामायिकनी सामाचारी कहेतां थकां कह्युं छे के साधु पासे रहेलुं वधारानुं रजोहरण मागीने श्रावक प्रमार्जना करे. कदाच ते न होय तो पोतना (वस्त्रना) छेडावडेज प्रमार्जे."

कोइ बोलशे के त्यारे तमारा मानवा प्रमाणे पण वस्त्रांचळथी प्रमार्जनाज करवी ठेरशे पण हवे वांदणा शावडे देवा ठेरावशो तेने ए उत्तर छे के सूत्रमां कह्युं छे के "पांच अभिगमे करीने सामा जइने वांदे" तेथी वांदणा उत्तरासंगवडेज सिद्ध थाय छे.

इहां कोई कहेशे के चूर्णिमां जे पोत शब्द छे तेनो अर्थ अमे मोपतीं करशुं. तेणे जाणवानुं छे के आगममां बधे स्थळे मोपती माटे पुत्ति शब्दज वापरेल देखाय छे, पण पोत शब्द वापरेल नथी. किंतु सिद्धांतमां ठेकाणे ठेकाणे पोत शब्द सामान्य कपडाना अर्थेज वापरेल छे माटे पोत शब्दनो अर्थ मोपती थई शके नहि.

## (वांदणा.)

कलम ४ थीमां आलोयणा लइ वांदवानुं लखेल छे. त्यां "वांदवा" एटले "द्वादशावर्त्तवांदणावडे वांदवा" एमज समजवुं. केमके एज ग्रंथमां तथा ग्रंथांतरे द्वादशावर्त्त वांदणाना स्थळे स्पष्ट रीते "वंदइ" शब्द वापरेल देखाय छे.

## (वा शब्दनो अर्थ.)

कोई पूछे के कलम ६ ठीमां लख्युं छे के "साधु के चैत्यना अभावे पोसहशाळामां के घरेज सामायिक वा आवश्यक करे." इहां वा शब्दनो अर्थ शुं करवो? तेने ए उत्तर छे के साधु पासे के चैत्यमां जइ आवश्यक करवानी विधिमां मुख्य तफावत एज देखाय छे के साधु के चैत्यना योगे घरेथी सामायिक उच्चरी त्यां जइ शेष आवश्यक करे अने पोसहशाळा के घरे एकज ठेकाणे रही सामायिक तथा आवश्यक करे. आ रीतनो संबंध विचारतां वा शब्द विकल्पार्थी नहि पण समुच्चयार्थीज रहेल छे, तेथी तेनो "तथा" एवो अर्थ थाय छे.

आगममां बीजा पण घणा स्थळे वा शब्द समुच्चयार्थी प्रसिद्ध छे. जेमके छए व्रतना उच्चारमां आवे छे के "सूक्ष्म वा बादर, त्रस वा स्थावर." इहां वापरेलो वा शब्द समुच्चयार्थीज छे.

वळी ए छठी कलम पेटे ए विचारवानुं छे के ए कलममां आगल बतावेल विधिनोज अतिदेश करवामां आव्यो छे. अने आगल बतावेल विधिमां तो सामायिक तथा आवश्यक ए बन्नेनी भेगी एकज विधि वर्णवी छे, जूदी जूदी विधि कही नथी. त्यारे वा शब्द विकल्पार्थी गणिये तो अतिदेशवडे जूदी विधि कइ आवे. माटे इहां वा शब्द विकल्पार्थी घटेज नहि.

## ( पडिकमणुं ते शुं. )

कलम नवमीमां "ऋद्धिपात्रश्रावक सामायिक करी प्रतिक्रांत थइ वांदीने भणे" एम लखेल होवाथी केटलाक बोले छे के इहां प्रतिक्रांत शब्द होवाथी "वंदित्तु" सूत्रवडे पडिकमणुं करवुं साबित थाय छे. पण ए कथन पण अयुक्त छे. केमके चूर्णिकारे पहेलां साधारण श्रावकने आसरी जे पडिकमणुं लख्युं छे तेज इहां ऋद्धिपात्र माटे पण घटे. हवे साधारण श्रावकना माटे एम लख्युं छे जे "आलोइने वांदे" (एटले के इरियावहीथी आलोवीने वांदे ) एथी इहां प्रतिक्रांत शब्दनी पण एवीज व्याख्या करवी के इरियावही पडिकमे. आ अर्थ अमारी मतिकल्पनाए करीये छीये एम पण नथी, केमके अभयदेवसूरिए पंचाशकनी टीकामां ए बाबत एवोज अर्थ कर्यो छे.

## ( प्रावारक शब्दनो अर्थ. )

कलम १० मीमां सामायिकमां कुंडलादिकना साथे प्रावारक पण उतारवानुं लख्युं छे त्यां प्रावारक शब्दे सामान्यपणे वस्त्र

मात्र नहि लेवुं किंतु जे मुश्केलीए पडिलेही शकाय एवुं वस्त्र होय तेज समजवुं. केमके निशीथचूर्णिमां पल्हवि, कोयव, प्रावारक, नवतक, तथा दढगालि ए पांच वस्त्रो दुप्पडिलेह तरीके लख्यां छे.

अगर प्रावारक शब्दे सामान्यपणे वस्त्र मात्रज लेशो तो कुंडलादिकनी माफक सामायिकवंतने कोइ पण वस्त्र लेवुं घटशे नहि, पण तेम तो छे नहि. केमके सामायिकवाळा पण अनुज्ञा मागी जोइतुं वस्त्र लइ शके छे.

वळी चूर्णिमां पाठांतरें प्रावारकादि शब्द छे त्यां प्रावार शब्दे उत्तरसाडी लेशो तो आदिशब्दे पहेरणनुं वस्त्र मूकवुं पडशे. परंतु प्रावारक शब्दे दुप्पडिलेह वस्त्रनी व्याख्या करीये तो चूर्णिमां प्रावारक वगेरा पांच प्रकारना दुप्पपडिलेह वस्त्र कहेल होवाथी आदि शब्द पण घटी शके छे.

वळी तमे श्रावकने देश सामायिक करतां पण उत्तरवस्त्र निषेधो छो तो पोते सर्वसामायिक कर्या छतां ते कां राखो छो?

तेमज प्रावारक शब्दे जो उत्तरवस्त्रज लेशो तो कुंडलादिना मुजब श्राविकाए पण सामायिकमां ते ऊतारवुं पडशे. कारण के एम तो क्यां कहेलुं नथी के "श्रावके प्रावारक ऊतारवुं पण श्राविकाए नहि ऊतारवुं."

माटे प्रावारक शब्दे दुप्पडिलेह वस्त्रनीज व्याख्या करवी जोइये केमके ते श्रावक श्राविका ए बन्नेमां सरखी रीते घटी शके छे.

## ( पचखाण. )

वळी चूर्णिना पाठमां पचखाणनी वात जो के खुल्ली नथी जणावी, तोपण विधिवादे तथा चरितानुवादे श्रावक पचखाण करवानो अधिकारी देखातो होवाथी, तथा चूर्णिमां पण आवश्यक शब्दे प्रस्तावना करतां छए आवश्यक प्रस्तुत थयाथी श्रावके प-

पच्चखाण पण करवुं जोइये.

जुओ एज चूर्णिमां अन्यस्थळे कह्युं छे के केत एवुं घरनुं नाम होवाथी संकेत पचखाण ते गृहस्थना पचखाण जाणवा. अथवा पचखाण पूरुं थतां पण ज्यां लगी अमुक चिह्न कायम होय त्यां सूधी नहि जवुं एम संकेत करवो ते संकेत पचखाण.

अंगुष्टश्रावक पोरसी लइ खेतरे जतो हतो. त्यांथी पाछुं आवतां रसोइने तैयार थतां वार होय तो अपचखाणी नहि रहेवा सारुं तेटलो वखत अंगुठो वाली बेशतो.

एलकाक्षनी उत्पत्तिमां वात आवे छे के एक श्राविका मिथ्यादृष्टिने परणाववामां आवी ते त्यां सांजे आवश्यक करती अने पचखाण लेती.

माटे इहां विधिमां जो के पचखाण नथी तोपण स्थळांतरथी ते आवेज छे.

## [ अल्पविधि छे तो शुं थयुं ? ]

इहां कोइ बोलशे के आ आवश्यकनी विधि तो बहु थोडीज छे माटे तेमां केम आस्था आवे. तेने ए उत्तर छे के ए विधि थोडी छतां पण जेटली छे तेटली श्रुतधरोए कहेल होवाथी प्रमाणभूतज छे.

वळी तमे जो ए करतां अधिक विधि सूत्र, निर्युक्ति, भाष्य, चूर्णि, वृत्ति तथा टिप्पनकना अक्षरे श्रावक माटे सिद्ध करी आपो तो ते पण अमे मान्य करीशुं. इहां कंइ अमने खोटो हठ नथी.

वळी इहां थोडाझाझानी चिंता करवी घटेज नहि. किंतु पूर्वश्रुतधरोए जे जेटलुं भाख्युं होय ते आगम प्रमाणे तेटलुंज निःशंकपणे करतां थकां छद्मस्थ आराधक थाय छे. बाकी स्वबुद्धिए हीन के अधिक करतां तो दोषज थाय. माटे सिद्धांतमां कहेली क्रियाज श्रद्धवी तथा करवी घटे छे.

चूर्णिना पाठनी कलम पेलीमां चार ठेकाणे सामायिक करतां नियमा आवश्यक करवानुं लख्युं छे अने पांचमा नवराशवाळा खेतरखळा वगेरा स्थळ माटे एम छे जे त्यां कोइ वेला संपूर्ण षडावश्यक पण थई शके ने कोइ वेला केवल सामायिक पण थाय. ते एवी रीते के त्यां पोताने वधु वखत रहेवानुं होय ने भूमि पण जीवजंतुरहित, गरबडरहित, स्त्री वगेरानी आवजाव रहित मोकळासवाळी, अग्निनी जोतथी रहित, तथा मिथ्यादृष्टि गृहस्थथी मोकळी होय तो त्यां षडावश्यक पण थइ शके. वळी कोइ कारण विशेषे सामायिक नहि लेतां फक्त शेष आवश्यक पण कराय छे. अने जो त्यां मिथ्यादृष्टि गृहस्थो हाजर होय तो केवल सामायिक लइ नोकरवाळीज फेरवाय छे.

कोइ पूछशे के इरियावही पडिकम्या विना नोकार केम जपाय? तेने ए उत्तर छे के शास्त्रमां कह्युं छे के एक अजाण गोवाल नोकार गणतो थको तेना प्रभावे चंपानगरीमां सुदर्शन शेठ थयो. तथा निशीथचूर्णिमां कह्युं छे के अनुप्रेक्षा ( चिंतना ) सर्व ठेकाणे अविरुद्ध छे.

## विचार ११२ मो.

### ( चोमासी तथा पांखी पूनमनीज छे. )

प्रश्नः—पांखी तथा चोमासी चौदशनी कां नथी करता?

उत्तरः—आगममां पांखी अने चोमासी पूनमनीज कहेली छे. तेना दाखला.

(१) पर्युषणाकल्पमां कह्युं छे के आषाढी पूनमे चोमासुं करवा लायक क्षेत्रमां जइ चोमासी पडिकमणुं करवुं.

(२) कल्पचूर्णिमां पाने १४२ मध्ये कह्युं छे के व्याघात न होय तो कार्त्तिक चोमासुं पूरुं करीने मागशरनी पडवेना दिने विहार करवो अने व्याघात होय तो तो आगल के पाछल पण विहार करी शकाय.

(३) निशीथचूर्णिमां कह्युं छे के उत्सर्गे एक क्षेत्रमां आषाढी पूनमे चोमासुं थापी कार्त्तिकी पूनमे चोमासुं पूरुं करी मागशरनी पडवेनो विहार करवो. अने अपवादे मागसर विदि दशम सूधी पण रही शकाय छे.

(४) वळी त्यांज लख्युं छे के कार्त्तिकी पूनमे चोमासुं पूरुं करी मागशरनी पडवेना दहाडे विहार करवो एटले के चार मास पूरा थतां पगे विहार थइ शके तेम होय तो चोथी पडवे आवतां अवश्य विहार करवो.

(५) त्यांज त्रीजे स्थळे लख्युं छे जे वर्षाकाळ योग्य क्षेत्रमां आषाढी पूनमे चोमासुं पडिकमी पाछुं कार्त्तिकी पूनमे पण पडिकमीने पडवेना दहाडे बीजे क्षेत्रे जइ पारणुं करवुं.

(६) त्यांज चोथे स्थळे लख्युं छे जे आषाढी पूनमे चोमासुं पडिकमी योग्य क्षेत्रमां चोमासुं रहे. अने कार्त्तिकी पूनमे चोमासुं पडिकमी पडवेना बीजा स्थळे पारणुं करे.

(७) पांचमे स्थळे कह्युं छे जे वर्षाकाळ एक क्षेत्रे रहेतां कार्त्तिक चोमासानी पडवेना दिने अवश्य विहार करवो.

(८) छठे स्थळे कह्युं छे जे वर्षाक्षेत्रमां चार मास निर्विघ्नपणे रही कार्त्तिक चोमासुं पडिकमी मागशरनी पडवेना दिने विहार करवो. तेम न करे तो प्रायश्चित्त आवे.

एम पूनमना दिने चोमासुं करवानी आठ हुंडीओ लखी छे तथा ए बाबतमां बीजी पण घणी हुंडीओ रहेल छे.

## ( पाक्षिक. )

पाक्षिकचूर्णिमां कह्युं छे के "दररोज विशुद्धि करतां छतां पण पक्षांत आवतां विशेष पडिकमणुं करवुं." ए वचनथी पाखी-पडिकमणुं पक्षना अंतेज करवुं सिद्ध थाय छे.

हवे पक्षनो अंत ज्योतिष्करंडादिकमां पनरमी तिथिएज कह्युं छे. माटे पाक्षिक पण तेज दहाडे करवुं घटे छे.

वळी दशाश्रुतस्कंधचूर्णि, व्यवहारचूर्णि, पाक्षिकचूर्णि, पाक्षिकवृत्ति, तथा आवश्यकटिप्पनक ए पांचे ग्रंथोमां पाखीथी चौदश जूदीज कही छे. तेना दाखला.

(१–२) दशाश्रुतस्कंध तथा व्यवहारचूर्णिमां "पाक्षिक तथा पौषधिक दिनोमां तप करवुं करावबुं" ए वाक्यनी व्याख्यामां लख्युं छे के पाक्षिक एटले अर्धमासपर्व, अने पौषधिक एटले आठम वगेरा पर्व.

( ३ ) पाक्षिकसूत्रनी चूर्णिमां पण "दिवस, पौषध, तथा पक्ष व्यतिक्रम्यो" ए सूत्र ऊपर व्याख्या करतां चूर्णिकारे "पौषध एटले आठमचउदशनो उपवास करवो" एवो अर्थ लखतां पोसह शब्दथीज चौदश लीधी छे, पण पक्ष शब्दथी नथी लीधी.

(४–५) पाक्षिकसूत्रनी टीका तथा आवश्यकना टिप्पनकमां पण एवी व्याख्या करी छे के "पौषध ते पर्वरूप दिवस अने पक्ष ते अर्धमासरूप."

वळी मासनी समाप्ति पण पूनमेज थाय छे. कारण के निशीथचूर्णिमां कह्युं छे के साधुओ चोमासुं पूरुं थतां पण कारणवशे वधु मुदत सां रहे तो त्यां बे महिनानी मुदतना दरम्यान कोइ वस्त्र वोरावे तो ते नहि लेतां बे मास पूरा थया केडे वोरवा. हवे

बे मास पोसनी पूनमे पूरा थाय छे. माटे ज्यां चोमासुं कर्युं होय त्यां माघविदि एकमथी वस्त्र ग्रहण करवा.

वळी त्यांज स्थळांतरे लख्युं छे के चंद्रमासनो दाखलो ते ए के श्रावण विदि १ थी श्रावण सुदि १५ सूधी एक मास थाय.

वळी एक हुंडीमां "दिवस, पोसह, तथा पक्ष व्यतिक्रम्यो" ए वाक्य ऊपर लख्युं छे के दिवस ते दिन, पोसह ते आठम चौदशनो उपवास करवो, अने पक्ष ते अर्धमास." ए हुंडी पण तपाशवा लायक छे.

हमणाना आचार्योए पण आगमना अभिप्राये पाखी पूनमनीज मानी छे. जुओ ठाणाप्रकरणनी वृत्तिमां कह्युं छे के "कालिकाचार्ये कारणे करीने चोथनी पजूसणा चलावी अने समस्तसंघे ते मान्य करी. तेना लीधे पाखी पण चौदशनी आचराइ. नहि तो आगममां तो पूनमनी छे."

हवे कोइ कहेशे के जे वेलाए कालिकाचार्ये पांचमथी चोथनी पर्युषणा करी ते वेलाएज पूनमथी चौदशे पाखी थइ छे. तेने ए उत्तर छे के ए वात एम नथी. कारण के पर्युषणाकल्पमां कह्युं छे के "आर्य कालिकाचार्ये कारणिया चोथ चलावी, (तेथी) तेज बधा साधुओमां ख्याति पामी." एम पर्युषणा बाबतज इहां चर्चा छे. बाकी पांखीनी कंई पण वात नथी. वळी ठाणाप्रकरणना टीकाकारे पण एमज कह्युं छे के "तेना लीधे पांखी चौदशनी आचराइ पण एम नथी कह्युं के "कालिकाचार्ये पांखी पण चौदशनी आणी."

वळी लोकमां पण पक्षनुं अंत पूनमेज थाय छे. कारण के एक काव्यमां कह्युं छे के "हे कांता, तुं पक्षना अंते खुल्ली अगासीपर सूइश मा. केमके नहि तो कदाच तारा मनोहर, गोळ,

अने पूर्ण मुखचंद्रने आमतेम भटकतो भूखेलो राहु राते ग्रास करी जशे. माटे तारे घरना अंदर अंधारामां एकांते शय्या करवी."

## विचार ११३ मो.

### ( चोमासा बाबत शंका समाधान. )

प्रश्नः—कल्पभाष्यनी सामान्य तथा विशेषचूर्णिमां त्रीजा उद्देशमां कह्युं छे के "जो चीखल कायम होय, अथवा वर्षाद पड्या करतो होय तो ते कारणे मागशर विदि दशम सूधी पण साधुओ एक क्षेत्रे स्थिर रहे छे. पण ते कारण नहि होय तो तो कार्त्तिकी पूनमेज नीकलवुं." आ ऊपरथी चोमासीपडिकमणुं चौदशनुं केम नहि आवे ?

उत्तरः—एज चूर्णिकारोए ए पाठ पछी तरतज पांचमी तथा सातमी गाथामां, तथा पहेला उद्देशामां पूनमनुंज चोमासी पडिकमणुं कह्युं छे. तेना दाखलाः—

पांचमी गाथामां ए वात छे के (भाद्रवा सुदि पांचम पछी) मुनिनो स्थिरवास जघन्यपदे सित्तेर दहाडा, मध्यमपदे एंसी, नेवु के एकसोदश दिन, अने मागसर आवतां पण वृष्टि वरस्याज करती होय तो उत्कृष्टुं एकसोवीस दिन पण थाय छे.

आ प्रसंगे सामान्यचूर्णिमां सित्तेर दिन बाबत खुलासो करतां एम लख्युं छे जे पचास दहाडे पजूसण करी कार्त्तिक पूनमे पडिकमी बीजे दिवसे विहार करतां सित्तेर दिवस थाय छे.

विशेषचूर्णिमां वधु खुलासो कर्यो छे जे पचाश दहाडा हींडता रही मळेला क्षेत्रमां भादरवा सुदि पांचमे पजोसण करी कार्त्तिकी पूनमे पडिकमीने बीजे दिने विहार करतां सित्तेर दहाडा थया.

सातमी गाथानी व्याख्यामां सामान्यचूर्णिमां एम लख्युं छे जे "जो पगे विहार थइ शके तेम होय तो मागसरनी पडवेनाज नीकलवुं. अने विशेषचूर्णिमां वळी ते साथ चार मास पूरा थतां" एटलुं वधु लख्युं छे.

वळी पहेला उद्देशानी सामान्य तथा विशेष बन्ने चूर्णिमां लख्युं छे जे ज्यां चोमासुं कर्युं होय त्यां व्याघात न होय तो चोमासुं पूरुं थतां मागसरनी पडवेनाज नीकलवुं अने बाहेर हींडीने पारणुं करवुं. अने व्याघात होय तो चोमासुं पूरुं थया अगाऊ पण, अथवा वीत्या केडे पण नीकली शकाय.

ए रीते ए छ ग्रंथनी हुंडीओ तथा गया विचारमां चोमासा बाबत लखेली आठ हुंडीओमां चोमासी पडिकमणुं पूनमनुंज कहेल छे. माटे कल्पचूर्णिना त्रीजा उद्देशामां लखेल वातनी व्याख्या पण बीजी हुंडीओना अनुसारेज करवी घटे छे कारण के सर्वे आगमग्रंथोनी परस्पर विसंवाद नहि आवे तेम व्याख्या करवी जोइये, त्यारे तेज ग्रंथनी ऊपर लखेल छ हुंडीओथी विरुद्ध व्याख्या केम करी शकाय. ते माटे "कार्त्तिकी पूनमेज नीकलवुं" ए वाक्यनो अर्थ एम करवो के "कार्त्तिकी पूनमना अनंतरज नीकलवुं."

वळी तमे जो "कार्त्तिकी पूनमेज नीकलवुं" ए वचननी युक्ति लगावी चौदशनुं पडिकमणुं करवुं ठेरावशो तो बीजा वळी एम ठेरावशे के पर्युषणाकल्पनी निर्युक्तिमां कह्युं छे जे "कारणयोगे साधु वगर पडिकमे पण विहार करे" तेथी पूनमनो पण वगर पडिकमेज विहार करवो अने बाहेर आवी पडिकमणुं करवुं. तेमने शी रीते उत्तर वालशो ?

# विचार ११४ मो.

## ( सर्व साधुओने वांदणां दइ शकाय. )

प्रश्नः—सर्व साधुओ भणी वांदणा कां देवरावो छो? (कारण के वांदणां तो आचार्यादिकनेज देवाय.

उत्तरः—सिद्धांतमां साधुने वांदवाना पण अक्षर देखाय छे. तेना दाखला.

आवश्यकचूर्णिमां "कृतिकर्म (वंदन) कोने करवुं" ए प्रश्नना उत्तरमां "श्रमणने वांदवुं" एम कही तेनो विशेष खुलासो करतां लख्युं छे के मेधावीपुरुषे मेधावी एटले मर्यादाथी चालनार अने विज्ञानवंत, तथा सम्यक् रीते पापथी निवर्त्तेला, ज्ञानदर्शनचारित्रमां उजमाल, समितिगुप्ति साचवनार, अने असंयमने धिक्कारनार एवा श्रमण—साधुने वांदवुं. बाकी जे उक्तगुणोथी रहित देखाता निह्नवश्रमणो जेवा के आजीविक, तापस, परिव्राजक, तद्वर्णिक, तथा बोटिक ए बधा श्रमणशब्देज ओलखाय छे, छतां तेमने नहि वांदवा. तथा जे वळी जिनशासनमां रहेला पांच पासत्थादिक छे ते पण नहि वांदवा. ए रीते मेधावीए मेधावी श्रमण वांदवा. अने ते ऊपर जे चौभंगी थाय तेमां पण एज भांगो सफळ छे. शेष भांगामां फळनी भजना छे.

एवी रीते चूर्णिमां योग्यायोग्यनो विभाग पाडेल छे. पण एम विभाग नथी पाडेल के सामान्ययतिने वर्जीने आचार्यादिकनेज वांदणां देवां.

वळी स्थळांतरे त्यांज लख्युं छे के "प्राहूणा थइ आवेलाने वांदणां देवां. तेनी विधि ए छे के जो ते संभोगी होय तो पोताना आचार्यने (फक्त) पूछीनेज वांदवुं. अने असंभोगी होय तो पोताना आचार्यने वांदी संदिसावीने पछी तेने वांदवुं." इहां पण

सामान्यपणे प्राहूणाने वांदणा कह्या छे.

"सर्व साध्वीओए साधुओने कृतिकर्म करवुं. केमके सर्व जिनोना तीर्थमां पुरुष प्रधान गणाय छे." (पंचकल्प)

"कृतिकर्म बे प्रकारनुं थाय छे, एक अभ्युत्थान तथा बीजुं वंदन. ए बन्ने प्रकारनुं कृतिकर्म साधुए यथायोग्यपणे करवुं. तथा साध्वीओए आजना दीक्षित साधुने पण कृतिकर्म करवुं."(नि.चू.)

"साधु तथा साध्वीओए पोतामां जे रत्नाधिक होय तेने कृतिकर्म करवुं कल्पे." (बृहत्कल्प.)

"संयमश्रेणिनी मांहे जे रहेला होय तेमने कृतिकर्म करवुं, बाकी श्रेणि बाहेर रहेलाने नहि करवुं. त्यां पासत्थो, उसन्नो, कुशीलो, तथा गृहस्थ ए चार नियमा श्रेणि बहार समजवा."
( बृहत्कल्पभाष्य. )

"सो वर्षनी दीक्षित आर्याए आजना दीक्षित साधुने अभिगमन, वंदन, तथा नमन करवुं. इहां वंदन ते द्वादशावर्त्तवंदन वगेरा लेवुं." (उपदेशमाळा तथा तेनी टीका.)

## ( चरितानुवादना दाखला. )

चरितानुवादे पण सर्वयतिओने वांदणा देवाना दाखला पुष्कल छे.

आवश्यकचूर्णिमां लख्युं छे के नेमिनाथ समोसरतां अढारे हजार साधुओने वांदवानो इरादो राखी वासुदेव पूछवा लाग्यो के हे स्वामिन्, हुं साधुओने कये वांदणे वांदुं? भगवान् बोल्या के शुं तुं एम पूछे छे के द्रव्यवंदनथी वांदु के भाववंदनथी? त्यारे वासुदेव बोल्या के जेनावडे तमे वंदाओ ते हुं पूछुं छुं. भगवान् बोल्या के ते तो भाववंदन छे. ते सांभळी वासुदेवे सर्व साधुओ द्वादशावर्त्तवांदणे वांद्या.

वळी एज चूर्णिमां ढड्ढरश्रावकनी वातमां पण सर्व साधुना वांदणा कहेला छे. तथा शीतळाचार्ये प्राहूणा तरीके आवेल चारे

भाणेजाने वांदणा कर्या छे.

## ( शंका समाधान. )

कोइ बोलशे के आवश्यकनिर्युक्तिमां लख्युं छे जे "आचार्य, उपाध्याय, प्रवर्त्तक, स्थविर, तथा गणावच्छेदकने वांदणा देवा." माटे ए पांचनेज वांदणा दइ शकाय. तेने ए उत्तर छे के ए गाथा कंइ सामान्यपणे वांदवा योग्य एटलाज छे एवो नियम पाडवा नथी, किंतु आचार्यादिक पांच जो अल्पपर्यायवाळा होय तोपण तेओ वांदवा योग्य छे एम बताववा अर्थे रहेली छे. कारण के ए गाथा ऊपर चूर्णिकार तथा टीकाकार व्याख्या चलावतां लखे छे के ए आचार्यादिक पांच अवमरात्निक होय एटले के पोताथी हीनपर्यायवाळा होय तोपण तेमने वांदवा.

माटे ऊपरना अनेक पुरावाथी सिद्ध थाय छे के सर्व साधुओने पण द्वादशावर्त्तवांदणा आपवा.

# विचार ११५ मो.

## ( बीजुं वांदणुं पादपतितज देवुं. )

वांदणामां बीजुं वांदणुं पादपतित रहीनेज देवुं. तेना पुरावा नीचे मुजब छे.

"पेलुं वांदणुं दइ त्यांज ऊभी अर्धी काया नमावीने वांदणा सूत्र उच्चरवुं. मात्र इहां एटलो विशेष छे के "आवस्सियाए" ए पद नाहि बोलतां "खामेमि खमासमणो" इत्यादि सूत्र पादपतित रहीनेज बोलवा. (षडावश्यकवृत्ति.)

"एम वांदीने ऊठी बे हाथे रजोहरण राखी अर्धी काया नमावीने पोताना दोष आलोवे." (आवश्यक निर्युक्ति.)

"परम विनयथी त्रिकरण शुद्ध कृतिकर्म करीने वांदी ऊठी-

ने बे हाथे रजोहरण राखी अर्धी काया नमावी जे रत्नाधिक होय ते संयत भाषाए जेम गुरु सांभळे तेम, वधते संवेगे, मायामद छोडीने पोतानी विशुद्धिना निमित्ते पूर्वचिंतित दोष आलोवे छे. (पांखीसूत्र टीका.)

ए रीते विनय सांचवी ऊठीने जे रत्नाधिक होय ते बे हाथे रजोहरण लइ काया नमावेल राखी जेम गुरु सांभळे तेम स्पष्टपणे संयत भाषाए पूर्व रचित दोष आलोवे. (आव–चूर्णि.)

द्वादशावर्त्त कृतिकर्म करी पादपतित रह्यो थको मस्तके अंजलि थापी वीनवे. (जीतकल्प लघुचूर्णि.)

## विचार ११६ मो.

### ( स्त्रीओए ऊभा रहीनेज वांदवुं. )

प्रश्नः—साध्वी तथा श्राविकाओ ऊभा रही केम वांदे छे.?

उत्तरः—सिद्धांतमां साध्वी तथा श्राविकाओने ऊभा रहीनेज वांदवानुं लखेल छे. तेना पुरावा लखीये छीये.

निशीथचूर्णिमां कह्युं छे के ज्यां साध्वीओ साधुने वांदणा आपे त्यां बधी ऊभी रहीनेज आवर्त्त करे, पण जमीनपर राखेला रजोहरण ऊपर माथुं नाहि पाडे. केटलाक आचार्य कहे छे के ऊभी रही थकीज रजोहरणमां माथुं नमावे. (निशीथचूर्णि.)

निरयावलीमां काळीदेवीए तथा भगवती सूत्रमां मृगावती देवी, तथा देवानंदा ब्राह्मणीए पण वीर प्रभुनी सामे परिवार सहित ऊभा रहीनेज पर्युपासना करेली देखाय छे.अने देवानंदाना अधिकारे टीकामां पण एवोज अर्थ करेल छे के "ऊभा थका एटले बेशवा वगर ऊभा थका."

# विचार ११७ मो.

## ( अठाइ बाबत. )

प्रश्नः—उपदेशमाळामां कह्युं छे जे " संवच्छरी, चोमासा, तथा अठाइ तिथिओमां विशेष आदरथी जिनपूजादि धर्मकरणी करवी." एम त्यां अठाइनी तिथिओ जूदी लीधी छे, छतां तमे आसु अने चैत्रनी शाश्वती अठाइयो केम नथी मानता. ?

उत्तरः—ए अठाइयो सूत्रमां शाश्वतीपणे तो दूर रही पण नाम मात्रे पण नथी देखाती; माटे केम मानीए

वळी उपदेशमाळानी टीकामां पण एगाथानो एवो अर्थ करेल छे के "अष्टाह्निका एटले चैत्रादिकनी यात्राओ तथा तिथिओ ते चौदश वगेरा" एम टीकाकारे पण अष्टाह्निका एटले चैत्रादिकनी यात्राओ एटलुंज कह्युं छे पण आठमथी मांडीने पूनम सूधी एम नथी कह्युं तथा आसुनी अठाइनुं तो नामज नथी लीधुं. अने जे चैत्रादिकनी यात्राओ कही ते ए कारणे के लौकिक तथा लोकोत्तरमां चैत्र अने वैशाखमांज यात्राओ प्रवर्त्ते छे.

वळी शाश्वती अठाइयो तो आगममां चारज कही छे. तेनो पुरावो.

जीवाभिगममां लख्युं छे जे "ते सिद्धायतनोमां घणा भवनपति, वाणव्यंतर, ज्योतिषी, तथा वैमानिक देवो चोमासानी पडवेना दिवसोमां तथा संवछरीमां तथा बीजा अनेक जिनकल्याणिक वगेरा कार्योमां एकठा मळी आनंदथी रमता थका अठाइ रूप महामहिमाओ करता रही सुखचेनथी विचरे छे."

आ रीते केटलाक विषम विचारोना प्रश्नोत्तरनी पद्धतिरूप शतपदिका नामे ग्रंथ पूर्ण थयो.

# ग्रंथ बनवानो काल.

शरुआतमां श्री आर्यरक्षितसूरिना शिष्य श्री जयसिंहसूरि तेमना शिष्य श्री धर्मघोषसूरिए विक्रम सं. १२६३ ना वर्षे प्राकृत शतपदी रची. तेने बहु कठिन जाणी तेमनाज अंतवासी अने तेमनेज पाटे बेठेला महेंद्रसिंहसूरिए विक्रम सं. १२९४ ना वर्षे तेज ग्रंथमां केटलीक वधगट तथा सुधारोवधारो करी तथा केटलाक अधिक प्रश्नोत्तर दाखल करी सुगमपणे समजवा सारुं कांइक विस्तार करीने आ शतपदी रची.

## प्रार्थना.

(१) आ ग्रंथ भणावनार, भणनार, वांचनार तथा सांभळनारने कल्याण थाओ.

(२) चतुर्विधसंघने कल्याण रहो.

(३) भरतक्षेत्रमां ज्यां लगी वीरजिननुं शासन विजयवंत रहे त्यां लगी आ ग्रंथ पण पंडितोथी वंचातो रहो.

## ग्रंथमान.

आ शतपदीनो असल ग्रंथ बरोबर ५३४२ श्लोकनो छे एम गणतरी करवामां आवी छे.

## वृहत् शतपदीनुं साररूप भाषांतर

सहि॰
अधिकार
एटले बेशवा

समाप्त.

# लघुशतपदी.

## (प्रस्तावना.)

परमार्हत कुमारपाळ राजाए नमेला, कळिकाल सर्वज्ञ, प्रभु, श्री हेमाचार्ये अंचळगच्छने विधिपक्ष नाम आप्युं.

वळी सिद्धांतप्रणीत समाचारी अने शुद्ध तपक्रिया देखी ए गच्छने चक्रेश्वरी नामे शासन देवी सान्निध्य करे छे तेथी ते अनेक शाखाए वधे छे.

ए अंचळगच्छना नायक प्रभु श्री धर्मघोषसूरिए बावनसो श्लोक प्रमाणनो बृहत् शतपदी नामे ग्रंथ (प्राकृतमां) रच्यो छे. तेमां एकसो वीश प्रश्नोत्तरना विचार छे.

ते ग्रंथमांथी नीचे लखेला केटलाक विशेष उपयोगी विचारो आ लघु शतपदीमां लीधेला छे.

## विचारो.

( १ ) परिकरवालीज प्रतिमा वांदवी एम एकांत नथी.(बृ. १)
( २ ) प्रतिमामां वस्त्रांचळ करवुं घटित छे..... .... (बृ. २)
( ३ ) प्रतिष्ठा यतिए नहि पण श्रावके करवी. .... (बृ. ३)
( ४ ) दीपपूजा न करवी. .... .... .... .... (बृ. ४)
( ५ ) अक्षतपूजा थइ शके छे. .... .... .... (बृ. ५)
( ६ ) फळपूजा न करवी. .... .... .... .... (बृ. ६)
( ७ ) पत्रपूजा थइ शके छे. .... .... .... (बृ. ७)
( ८ ) बळि नहि चडाववी. .. ... .... ... (बृ. ८)
( ९ ) सतरभेदी पूजाज करवी. ... .... .... ... ...
( १० ) पुस्तकपूजा थइ शके छे. .... .... .... ... ...

(११) संध्याकाळथी आगळ पाछळ पण पूजा थइ शके.(वृ.६४)

(१२) आरती के मंगळ दीवो न करवो. ... ... ...

(१३) माळोद्घाटन न करवुं. ... ... ... ... ...

(१४) त्रण थुइथीज चैत्य साधुए वांदवा. .. .... (वृ. १५)

(१५) कृत्रिम थुइ नहि कहेवी. .... .. .... (वृ. १६)

(१६) श्रावके चैत्यवंदन देवता माफक करवुं. .... (वृ. ९२)

(१७) शक्रस्तवना पदोनो विचार. .. ... ... (वृ. ९९)

(१८) साधुए पर्वदिनेज चैत्यमां जवुं. ... ... (वृ. १४)

(१९) साधुना प्रतिक्रमणनो विचार. ... ... ... ...

(२०) साधुनुं सम्यक्त्व. ... ... ... ... (वृ. ३०)

(२१) श्रावके स्थापनाचार्य न करवो. ... ... (वृ. २१)

(२२) नोकारमां होइमंगलं कहेवुं. ... ... (वृ. १००)

(२३) साधुने एक खमासमणेज वांदवुं. ... ... (वृ. २२)

(२४) श्रावके वस्त्रांचळ राखवुं. ... ... ... (वृ. २०)

(२५) बे संध्यामांज सामायिक करवुं. ... ... (वृ. ३९)

(२६) श्रावकना षडावश्यक दंडकनी अवचूरि. (वृ. १११)

(२७) श्रावकने आलोचना दइ शकाय. ... ... (वृ. ९३)

(२८) श्रावक छजीवणी सुधी भणे. ... ... (वृ. ८५)

(२९) श्रावक आवश्यक निर्युक्ति तथा आलावा भणे. (वृ. ८७)

(३०) श्रावक आवश्यक चूर्णि वगेरा भणे. ... (वृ. ८८)

(३१) वांदणा सर्व साधुने दइ शकाय. ... ... (वृ. ११४)

(३२) बीजुं वांदणुं पादपतित देवुं. ... ... (वृ. ११५)

(३३) स्त्रीओए ऊभे ऊभे वांदवुं. ... ... ... (वृ. ११६)

(३४) पोसह पर्वदिनेज करवो अने सर्वपौषध न करवो.(वृ.३६)

(३५) चौपर्वीनो विचार. ... ... ... ... ...

( ३६ ) उदयिकातिथि नहि लेवी. ... ... ... ... ...
(३७) संवच्छरी आषाढी पूनमे नहि पण भादरवेज करवी (वृ ८१)
( ३८ ) अधिक मासे वीसापजूसण करवी. ... ... (वृ. ८३)
( ३९ ) पांखी पूनमनी करवी. ... ... ... (वृ. ११२)
( ४० ) भिक्षाए जतांज उपयोग करवो. ... ... (वृ. ७२)
( ४१ ) बहिर्भूमिए गमे त्यारे जइ शकाय छे. ... (वृ. २४)
( ४२ ) मुनिए पग न पखालवा. ... ... ... (वृ. ६८)
(४३) कादवथी खरडेला पग पादलेखनीथी शाफ करवा. (वृ.६९)
( ४४ ) पात्रानो विचार. ... ... ... (वृ. ३२–५५)
( ४५ ) प्रलंब (फळ) लेवानो विचार. ... (वृ. ९४–९५)
( ४६ ) कारणे ओसडनी संनिधि करी शकाय छे. (वृ. ५९)
( ४७ ) कल्याणिकतप नहि करवुं. ... ... ... (वृ. ३७)
( ४८ ) उपधान के माळारोपण न करवुं. ... ... (वृ. ९६)
( ४९ ) अशठाचरणानो विचार. ... ... (वृ. १०२)
( ५० ) जिनाज्ञा प्रमाण करवी. ... ... ... (वृ. १०१)
( ५१ ) आसु चैत्रनी अठाइ न करवी. ... ... (वृ. ११७)
( ५२ ) पोताना गच्छनो संप्रदाय. ... ... (वृ. १०६)

(आ बावन विचारोमां ४५ विचारो तो वृहत् शतपदीनाज लीधेला छे. बाकी ७ विचार नवा छे ते आ प्रमाणे:—)

शतरभेदी पूजा विचार. .... .... .... .... .... (९)
पुस्तक पूजा विचार. ... .... .... .... .... (१०)
आरती मंगळ दीवा विचार. ... .... .... .... (१२)
माळोद्घाटन विचार. ... .... .... .... .... (१३)

साधु प्रतिक्रमण विचार..... .... .... .... .... (१९)
चउपर्वी विचार. .... .... .... .... .... .. (३५)
औदयिकतिथि विचार. . .. .... .... .... .... (३६)

(हवे ए बावन विचारोमां जे जे बिना बृहत् शतपदीमां आवेली बिनाथी अधिक देखवामां आवी छे ते ते इहां लखवामां आवशे.)

## विचार १ लो.

(१) साहूयालकमां मोटी वसहीमां सपरिकर प्रतिमा हती.

(२) "सव्वलोए अरिहंत चेइयाणं" ए वचनथी सपरिकर अपरिकर बन्ने प्रतिमा वांदवी.

(३) प्रभावतीए गोशीर्षचंदननी प्रतिमा वांदी ते अपरिकरज हती.

## विचार ४ थो.

(१) अंधारामां अजवाळा सारुं दीवो करवो. अने अंधारुं न होय त्यारे शोभार्थे के मंगळार्थे दीवो करवानो निषेध नथी.

## विचार ९ मो.

(१) अष्टप्रकारी पूजा न मानवी. केमके सूर्याभ तथा द्रौपदीना अधिकारे ते नथी कही. किंतु त्यां सत्तरभेदीज कही छे माटे तेज करवी.

## विचार १२ मो.

(१) आरती के मंगळदीवो नहि करवो. केमके सिद्धांतमां पूजाना सविस्तर वर्णनमां पण ते चालेल नथी.

(२) वळी जे "मेरुनी चूळिका ऊपर पांचे वर्णना फूलोथी अंजलि भरी लाख दीवानी आरती इंद्रे करी" एवो आलावो बोलाय छे ते सिद्धांतमां क्यांए देखातो नथी माटे मानी शकाय नहि.

(३) खरतरगच्छवाळा पण मंगळदीवाना अवसरे एवुं बोले छे के "जो के जिनना जन्ममहोत्सवमां मेरु ऊपर इंद्रे ए दीवो करेल नथी, तोपण ए मांगळिक छे माटे श्रावको करे कारण के ए अशठाचरणा छे."

(४) ए ऊपरथी जणाय छे के चैत्यवासिओएज पोताना निर्वाह वगेरा माटे बळि नैवेद्य, तथा आरती वगेरा सर्व चलाव्या छे.

## विचार १३ मो.

(१) जिनना अंगथी ऊतारेल माळा श्रावके पोताना कंठे पहेरतां तो घणा दोष लागे छे.

(१) देवद्रव्यनो उपभोग थाय छे.

(२) जिनपर चड्याथी अमूल्य थएला फूलोनुं मूल्य कराय छे.

(३) कंठथी खरता फूलो पगथी डबातां आशातना थाय छे.

(४) माळा वेचाती लीधी एटले नकडुं देतां पुण्य पण नथी थतुं.

(२) अगर जो देवद्रव्य वधारवानोज आशय होय तो एम करवुं घटे छे के माळी पासेथी माळा लइ कळशमां धरी "आ माळा भगवानने चडशे माटे जे वधु मूल्य आपे तेने मळशे" एम बोलातां श्रावको पोतानी शक्ति प्रमाणे द्रव्य आपीने माळा लइ महोत्सवपूर्वक देवना कंठे चडावे तो पूर्वोक्त दोष न लागे, पुण्य थाय अने देवद्रव्यनी पण वृद्धि थाय.

## विचार १९ मो.

(१) साधुना पडिकमणामां आदिमां चैत्यवंदन तथा अंते नित्ये क्षेत्रदेवतादिकना काउसग करवा एम आवश्यचूर्णि तथा बीजा आगमोमां कहेल देखातुं नथी माटे तेम नथी करता. बाकी शेषविधि जेम लखी छे तेमज कराय छे.

(२) व्यवहारचूर्णिमां लख्युं छे जे "जो चैत्यगृहमां रहेला होय तो सांजे आवश्यकथी पहेलां अने सवारमां आवश्यक कर्या पछी जो चैत्य न वांदे तो प्रायश्चित्त आवे" इहां चैत्यमां रहेला माटेज चैत्यवंदना कही छे पण सर्व स्थळना माटे नथी कही. वळी आवश्यकचूर्णिमां पण एम कह्युं छे जे "जो चैत्य होय तो वांदे."

(३) आवश्यकनिर्युक्तिमां पडिकमणाने अंते सिद्धस्तुति पछी वांदणाज कह्या छे. अने चूर्णिमां पण कह्युं छे जे त्रीजी थुइ कही एटले पछी पडिलेहणा करवी.

(४) वळी मुनिए अंगुष्ठ, मुष्टि, तथा गंठी वगेरा संकेतपचखाण विशेषे करवुं. केमके आवश्यकचूर्णिमां कह्युं छे के सर्व संकेतपचखाण मुनिए पण करवा.

## विचार २० मो.

आ प्रश्नोत्तर "साधु सम्यक्त्व क्यारे अंगीकार करे छे" ए बाबतपर छे ते मोटी शतपदीमां श्रावकना सम्यक्तना विचारमां अंतर्भूत लख्यो छे.

## विचार २१ मो.

स्थापनाचार्य बाबत ए तत्व छे के सिद्धांतमां स्थापनाचार्य तथा भावाचार्य बन्ने प्रगटपणे कहेला छे. माटे जेवो योग मळे ते प्रमाणे गुरुनी सामग्रीमां सर्वे क्रियाओ करवी. (त्यां भावाचार्य ते ए के मनमां गुरुनो भाव आणवो.)

वळी जो मनमां बेशाडेल गुरुभावरूप आचार्यने सर्वथा अस्वीकार करशो तो तमारा अभिप्राये पंचपरमेष्टिओनी पण सामे रहेली पांच मूर्त्तिओ शिवाय नोकार गणवुं पण निरालंबन थइ पडशे.

माटे जो भावथी अरिहंतादिकनी थापना कबूल राखीये तो ग्रामां रे के खलाखेतर वगेरा स्थळे पण कराती क्रिया सफळ थायछे.

वळी साक्षाद्गुरु के स्थापनाचार्य आगल क्रिया करतां वच्चे अग्नि वगेराथी छेदणी थाय छे. पण भावस्थापनाचार्य सांखे क्रिया करता ते पण नथी थती.

## विचार २२ मो.

ए बहु चिंतनीय वात छे के केटलाक सुविहितो पण नोकारनिर्युक्तिमां छ वार "होइ मंगलं" एवो उच्चार करी पाछा "हवइ मंगलं"ज लखता रहे छे.

## विचार २४ मो.

कोइ कदाच एम कहे छे के श्रावकने रजोहरण तथा मुखवस्त्रिकारूप संपूर्ण लिंग न थाओ. पण एकली मोपती होय तो शुं छे? तेणे जाणवुं घटे छे के रजोहरण विनानी एकली मोपतीथी

तो कंइ पग के भूमि प्रमार्जी शकाय नहि. अने तेम न थतां संपूर्ण संयम रहे नहि. ए कारणेज अल्प उपधिवाळा जिनकल्पिने पण ऊपरनी काया प्रमार्जवा तथा मुख ढांकवा अर्थे मोपती अने नीचेनी काया प्रमार्जवा माटे रजोहरण राखवुं कहेल छे.

इहां कोइ कहेशे के दारुदंड एटले पादपोंछणुं एटले के हमणा जेने चळवळुं कहे छे तेनावडे संपूर्ण संयम रही शकशे. तेने ए उत्तर छे के ए चळवळुं तो थोडा वखतथीज अने थोडाक गच्छमांज प्रवर्त्युं छे. केमके मळधारिगच्छ, ऊकेशगच्छ, संडेरगच्छ तथा खरतर वगेरा घणा महोटा गच्छोमां चळवळुं नथी मानता. अने तेओ कहे छे के "मोपती सहित चळवळो राखतां रजोहरणनी नकल थयाथी संपूर्ण साधुलिंगनी विडंबना थाय छे माटे तेम करवुं श्रावकने अत्यंत अयुक्त छे"

ए ऊपर तो केटलाक पोताने "चळवळाकंदकुद्दाल" एवुं बिरुद बोलावे छे.

वळी जे केटलाके चळवळुं स्वीकारेल छे ते पण फक्त श्रावकोने माटेज स्वीकार्युं छे, पण श्राविकाओने स्वीकार्युं नथी; त्यारे शुं श्राविकाओने प्रमार्जना नथी करवी के ?

कदाच श्राविकाओने पण चळवळुं ठेरावशो तो छेदग्रंथोमां जे दोषो माटे साध्वीओने रजोहरणनी गोळ दांडी राखवी निषेधी छे ते दोषो लागशे.

वळी सं. १२९५ वर्षे प्रभु महेंद्रसिंहसूरिए शतपदी ग्रंथ कर्यो तेथी ते काले जो चळवळुं प्रवर्त्ततुं होत तो तेनी त्यां चर्चा लखवामां आवत, तथा ते समयना बीजा ग्रंथोमां पण तेनी चर्चा थात, पण ते तो क्यां देखाती नथी. माटे जणाय छे के चळवळुं थोडा काळथीज चाल्युं छे.

अने शतपदीमां जे चूर्णिना वचनथी श्रावकने औपग्रहिक रजोहरण ठेराव्युं छे ते चळवळुं नहि पण मोरपीछनुं दंडासण संभवे छे. केमके निशीथसूत्र तथा तेना भाष्यमां साधुने दारुदंडमय पादपोछणुंज राखवानी मनाइ पाडी छे. माटे चळवळुं साधु पासे होवुं घटे नहि. अने मुख्य रजोहरण तो मुनि अवग्रहथी बाहेर करे नहि. माटे श्रावक जे साधु पासेथी रजोहरण मागे ते मोरपीछनुं समजवुं. कारण के ओघनिर्युक्ति वगेरामां साधुने मोरपीछ राखवी पण कहेल छे.

अगर एम न होय तो कहो कया गच्छमां साधुओ चळवळां राखे छे, अने धर्मध्यान वेळा श्रावकोने आपे छे, ते जणावो.

वळी प्रश्नव्याकरणमां जे कह्युं छे के अदत्त रजोहरण, शय्या, चलोटा, मोपती तथा पादपोंछणा मुनिए नहि लेवा. त्यां वळी वृद्धो एवो विशेष जणावे छे जे गीतार्थ श्रावकना घरे साधुनो वेष पूजाय छे, तेथी तेना घरे साधुना उपकरण संभवे छे.

वळी एज प्रश्नव्याकरणमां "नवि पूयणाए" पदनी टीकामां लख्युं छे के पूजना करीने एटले मोपती के नोकरवाळी दइने आहार न लेवो. ते टीकानुं वचन वार्त्तमानिक आचार्यनुं छे. (एटले के ते टीका आधुनिक आचार्य अभयदेवसूरिनी करेल छे माटे प्रमाण नहि थाय[1].)

महानिशीथमां पण कह्युं छे के गृहस्थ यतिलिंगने पूजे, पण धारे नहि.

---

१ आ वाक्यार्थ पर्यायमां स्पष्ट लखेल छे.

# विचार ३४ मो.

आवश्यकचूर्णिमां जे देशपोसह वर्णव्यो छे तेनो भावार्थ ए छे के आगममां थोडा पण धर्मकृत्यमां पौषध शब्द वपराइ शके छे. तेथी आहारादिक बाबत जे थोडी पण विरति करे तेने पौषध कही शकाय छे. तेनी विधि चूर्णिमां ए छे के "जे देशपोसह करे ते सामायिक करे के नहि करे अने जे सर्वपौषध करे ते नियमा सामायिक करे." आगल चालतां लख्युं छे के "देशावगासीमां के सामायिकमां रही नोकारसी वगेरा तप करवुं." एनुं एवुं मतलब जणाय छे के देशावगासीयुक्त थइ देशपोसहनुं तप करवुं अने सामायिकयुक्त थइ सर्व पोसहनुं तप करवुं.

कोइ कहेशे के देशपोसहमां पण सामायिक करे के न करे एम कहेल छे माटे सामायिकयुक्तपणुं पण आवशे तेने ए उत्तर छे के त्यां पण सामायिक करवुं एम छे पण युक्त–पणुं नथी. तेथी करवुं तो सांज सवार सामायिक कर्याथी घटी शके छे.

जो एम मानीये के सामायिकयुक्त छतां सर्व तप करी शके तो तो सामायिकमां पण भोजन करवुं घटी शकशे. पण तेम तो कोइ मानतुं नथी. माटे देश पौषधमां पण सामायिक छते भोजन करवुं घटतुं नथी माटे सामायिक पाळीनेज भोजन करे अने सर्व पौषध तो सामायिकसहितज होय छे तेथी तेमां भोजन नज घटे.

कदाच कोइ कहेशे के सामायिकमां तो घेरे जमवा जतां घरना काम जोइ धर्म ध्यानना नाश थवा संभव छे तेथी चूर्णिमां कह्युं छे जे पडिलेहणा करी बेशीने भणे गणे, तेणे विचारवुं घटे छे के एज कारणे पोसहवाळाने पण तेमज करवुं घटे छे. अने ते माटे चूर्णिमां पोसहनी विधिमां पण भणवुं गणवुंज लख्युं छे.

वळी विवेकी श्रावको धर्मस्थानमां बेशी कंइ पण आहार नथी करता. अने सामायिक कर्या बाद सचित्तवस्तुवाळा स्थानोमां पण नथी जता एवी अनादि व्यवस्था चालती आवी छे. माटे पोसहमां सामायिकवंत छतां आहार करवो मानशो तो साधुना अवग्रहमां रहीने पण पाणी पीतां तथा अप्रमार्जित घरमां जतां आवतां शो दोष गणी शकाशे.

वळी विचारो के आवश्यकनिर्युक्तिमां जे वातोने पोसहना अतिचाररूप ठेरावी खुल्ली निषेधेल छे तेज वातो पोसहव्रतरूपे केम कही शकाशे ?

कदाच कहेशो के चूर्णिकारे पोतेज देशपोसह तथा सर्वपोसह एम बे प्रकारे पौषध कह्युं छे, माटे देशपौषध पण व्रतज थशे. तेने ए उत्तर छे के सिद्धांतनी शैली एवी छे के पहेलां बधे ठेकाणे जेटला भेद संभवी शके तेटला प्ररूपी तेमांथी उपयोगी भेदवडे वातनो निर्वाह करे छे. दाखला तरीके " नमो आयारियाणं " ए पदनी व्याख्या करतां चारे निखेपा बतावी भावाचार्यनेज नमाय छे. तेम इहां पण पौषधना संभवता भेद बतावीने सर्वपौषधनेज व्रत मानी तेना अतिचार चूर्णिकारे प्ररूप्या छे.

आ मतलबथी योगशास्त्रनी टीकामां पण एवीज व्याख्या करी छे के पौषधव्रत ते सर्वपोसह जाणवुं.

कदाच कोइ कहेशे के जेम चोथा व्रतमां स्वदारसंतोषीने त्रण अतिचार अने परदारवर्जकने पांच अतिसार संभवे छे तेम इहां पण सर्वपोसहवाळाने पांचे अतिचार घटाववा अने देशपोसहवाळाने चार अथवा कोइ पण नहि घटे एम घटाववुं, ए पण वात वाजबी नथी. कारण के जे जे व्रतमां जे जे अतिचार नथी संभवता ते चूर्णिकार तथा वृत्तिकार पोतेज निर्णय करी चूक्या छे.

माटे तेमणे ज्यारे ए वात नथी करी त्यारे जणाय छे के सूत्रमां देशपौषधने व्रत तरीके नथी गण्युं.

कदि कहेशो के देशपोसहनें पण पोसहना दंडक प्रमाणे उच्चार करवाथी पौषधव्रत थशे पण तेम पण घटतुं नथी कारण के त्यारे चौदे नियम देशपोसहरूप रहेला छे तेथी श्रावकोने सर्वदा देशपोसह उच्चरवो सिद्ध थशे अने तेम तो कोइ मानतुं नथी. कारण के ए नियमो जो के देशपोसहरूप छे छतां देशावगासीना दंडकथी उच्चराय छे. तेथी ते दशमाव्रतमांज अंतर्भूत थाय छे. अने चूर्णिमां पण देसावगासीना अधिकारे लख्युं छे जे "सर्वे व्रतोना जे प्रमाण राखेला छे ते देशावगासीमां संकोची शकाय छे." माटे सामायिकसहित जे सर्वपोसह कराय तेज अगीयारमुं व्रत गणवुं.

आम छतां जेओ पोसहव्रत लइने यथेच्छ खायपीये छे ते महा साहसी जाणवा कारण के पोसहमां भोजननी चिंतना करतां पण अतिचार लागे छे तो खावाथी शुं थशे ते अमे नथी जाणता.

पोसहना पारणे अतिथिसंविभागव्रत अवश्य ग्रहण करवुं. कारण के चूर्णिमां कह्युं छे के "पोसह पारतां साधुने दीधा वगर पारवुं न कल्पे माटे पहेलां साधुओने वोरावी पछी पारवुं."

# विचार ३५ मो.

शीलाचार्ये उद्दिष्टाशब्दे कल्याणिकतिथि कही छे. पण सूयगडांगनी चूर्णिमां तथा दशाश्रुतस्कंधनी चूर्णिमां तथा भगवती अने स्थानांगादिकनी वृत्तिमां ते शब्दे अमावास्याज कही छे.

(वळी जेओ डाह्या थइ उद्दिष्टाशब्दे सर्वागमप्रसिद्ध अमावास्यारूप मूळअर्थ छोडी कल्याणिकरूप अर्थ प्ररूपे छे, तेमणे वि-

चारवुं घटे छे के ज्ञातासूत्रमां भद्रासार्थवाहीना अधिकारे पण चौदश, आठम, पूनम अने उद्दिष्टा एवोज पाठ छे त्यां उद्दिष्टा शब्दे शो अर्थ लेवो. कारण के भद्रासार्थवाही कल्याणिकनुं तो नाम पण जाणती न हती. )

कोइ पूछे के पंचपर्वी कां नथी मानता ? तेने ए उत्तर छे के भगवती तथा स्थानांगादिकनी व्याख्याना भागे चऊपर्वीज प्रतिपादित करेल छे.

वळी कल्पसूत्रमां "अमासना दिने पोसह थाप्युं" एम लखेल छे अने पोसह ए पर्वदिननुं अनुष्टान छे माटे अमावास्या स्पष्ट रीते पर्व थइ चूकी.

आवश्यकचूर्णिमां पण कह्युं छे के "आठम अने पंचदशीनुं नियमा पोसह करवुं."

श्राद्धदिनकृत्यमां पण लख्युं छे के "छ तिथिमांथी आजे कइ तिथि छे ते विचारवुं." तेनी टीकामां छ तिथि ते बे आठम बे चौदश अने पूनम तथा अमावास एम लखी छ.

योगशास्त्रवृत्तिमां पण आठम चौदश पूनम अमावासरूप चौपर्वी कही छे.

हवे महानिशीथमां त्रिभागे आयुबंध पडवानी युक्ति आपी पंचपर्वी वर्णवी छे पण ते युक्ति बीजा सिद्धांत साथे विरुद्ध पडे छे. कारण के सिद्धांतमां एम कह्युं छे के सोपक्रम आयुवाळा पोताना आयुनो त्रीजो भाग वगेरा शेष रहेतां आयु बांधे छे पण कंइ पंचपर्वीमां आयुबंध नथी कह्यो.

वळी पंचपर्वी आराधतां सिद्धांतमां अनेक वार कहेल पंचदशीरूप मुख्य पर्व तो वेगळोज रही जाय छे.

कदाच ते पण आराधवी मानशो तो पंचपर्वीना बदले छप-

र्वी बोलवी पडशे.

वळी लोकमां पण रूढिभाषाए पंचपर्वी बोले छे पण त्यां पण पर्व तो एना ए चारज कह्या छे. कारण के विष्णुपुराणमां कह्युं छे के चौदश, आठम, अमावास ने पूनम ए पर्व जाणवा. एथीज ब्राह्मणो ए चौपर्वीमां अनाध्याय करी देवपूजादि करे छे.

## विचार ३६ मो.

कोइ पूछे के औदयिक तिथि एकांते केम नथी मानता? तेने ए उत्तर छे के तेम मानीये तो सिद्धांत साथे बहु विसंवाद आवे छे. तेनां कारण नीचे मुजब छे.

जैनना हिशाबे दर वर्षे छ दिन वधे ने छ घटे ते ए प्रमाणे के आषाढ, भादरवा, कार्त्तिक, पोस, फागण, अने वैशाख ए छ मासना अंधारा पक्षे अनुक्रमे बीज, चोथ, छठ, आठम, दशम, बारस अने चौदश ए तिथि घटे. अने शेष श्रावणादि छ मासना शुक्लपक्षे अनुक्रमे पडवे, त्रीज, पांचम, सातम, नवम, अग्यारस, तेरस तथा पूनम ए तिथिओ वधे छे.

हवे लौकिक हिशाब मानीए तो एक मासमां एक पक्ष सोल दिने पाखी आवे अने बीजा पक्षे चौद दिने आवे.

वळी ज्यारे चौदशनो क्षय होय त्यारे ते दिने औदयिकी तो तेरस होय अने बीजे दिने औदयिकी पूनम आवे छे माटे औदयिकी चौदश केम थशे?

वळी तमारो एवो व्यवहार छे के ज्यारे तिथि वधे छे त्यारे साठ घडीनी तिथि पडती मूकी बीजे दिने अडधी घडीनी तिथि कबूल राखो छो. त्यारे हवे कोइ वेला एवो योग आवे के पेले

दिने चौदश घडी ५९ नी होय, बीजे दिने पूनम घडी ६०नी होय अने त्रीजे दिने पूनम घडी ३नी होय तो औदयिक तिथिना व्यवहारे जेने छठ तप करवुं होय ते केम करी शकशे?

वळी जेओ केवळ पडिक्कमणा टाणेज वर्त्तती तिथि ले छे तेमने पण केटलोक वांधो पडे छे.

ते माटे उत्तम पक्ष ए छे के सूत्रोक्त तिथिपातने बहुमत करी टीपणाना अनुसारे सात के आठ दिने आठम, अने चौद के पंदर दिवसे पाखी कराय तो सूत्र पण प्रमाण रहे अने पूर्वोक्त विसंस्थुलता पण नहि आवे.

कदाच कोइ कहेशे के एम करतां पण कोइ वेला सातममां आठम, अने तेरसमां चौदश आवी जवाथी विसंस्थुलता रहेज छे तेने ए उत्तर छे के सूत्रने प्रमाण करतां अमने टीपणा साथे विसंस्थुलता आवे तेमां शो दोष छे?

वळी ए अर्थे "आरओ कप्पइ" एटले आगल कल्पे ए युक्ति पण छे.

वळी तमो पोते विष्टि तथा दिक्शूळादि अन्यदिने गणो छो अने आठमना धर्मकृत्य नोमना दिने करो छो. अने तेम छतां ओलंबो अमने आपो छो के तमो लग्नादिक कार्य टीपणाथी करो छो अने पर्वतिथिओ तेम नथी करता. ए ओलंभो शा कामनो?

## विचार ३८ मो.

कोइ बोले के अभिवर्द्धित वर्षे अवस्थान निश्चय वीसदाडे करवो पण पडिकमणुं तो भादरवा सुदि पांचमेज करवुं. तेणे जाणवुं घटे छे के जे गृहिज्ञात अवस्थान निश्चय छे तेज मुख्य वृत्तिए

पर्युषणानो अर्थ छे अने प्रतिक्रमणादिक तेना अनुयायि होवाथी ते साथेज थाय छे. तेथीज गीतार्थो बोलता देखाय छे के संवछरी पडिकमणुं कर्युं एटले विहार करवो न कल्पे. वळी पाटणमां मोटी शाळावाळा पण कल्पसूत्र वांची पडिकमणाटाणे बीजी शाळामां पडिकमी त्यां रहे छे.

वळी जेओ ऐंशीया पजूसण करे छे तेनो एवो आशय छे के अधिक मास काळनी चूला होवाथी गणतरीमां न लेवो, पण चूर्णिमां खुल्लुं लखेल छे के अधिक मासने पण मासमां गणवुं. माटे चूर्णि साथे विरुद्ध बोल्याथी भविष्यमां शुं फळ थशे ते विचारवा लायक वात छे.

कदाच एम कहो के गच्छनी रीतिए अमे एम करीये छीये बाकी सूत्रमां तो जेम कहेल छे तेमज छे तो हजु तमारी कांइक निर्दोषता रही शकशे.

वळी विचारो के पचास दहाडाने उल्लंघवुं तो सर्वथा नहिज कल्पे, एथीज कालिकाचार्ये चोथनी पर्युषणा करी पण छठनी न करी त्यारे ऐंशी दहाडे पर्युषणा करवी केम घटे.

कदाच कहेशो के हमणा जैनटीपणुं छे नहि तेथी लौकिक टीपणावडे व्यवहार करवो; त्यां ए उत्तर छे के त्यारे कल्याणको पण लौकिक टीपणाना मेळे कां नथी करता?

माटे मतलब ए दीशे छे के जेटलो सिद्धांतना अभिप्राये व्यवहार थइ शके तेटलो तेमज करवो. बाकी ज्यां सर्वथा ते न मळी शके त्यांनी वात जूदी छे पण त्यां पण सूत्रने विशेष बहुमत राखवुं.

# विचार ३९ मो.

कोइ बोलशे के ज्यारे कालिकाचार्ये चोथ करी त्यारे ते साथज पांखी चौदशनी थापी. पण ते वात तेम नथी कारण के चूर्णिमां पर्युषणा बाबतज वात लखी छे, पण पाखीनी वात लखी नथी.

गच्छोत्पत्ति प्रकरणमां एम लख्युं छे के सं. ५२३ वर्षे चोथ थइ. त्यारबाद २५७ वर्षे एटले सं. ७८० वर्षे स्वातिसूरिए चौदशनी पांखी करी.

पाक्षिकशब्दनो अन्वर्थ पण पूनमनेज लागु पडे छे.

केटलाएक पाक्षिकचूर्णिमां आठम चौदशनो उपवास करवो लखेल होवाथी ते वचने पांखी चौदशनी स्वीकारे छे. तेमने पूछवानुं छे के जो चौदशना दिने उपवास होवाथी तेने पांखी मानो छो तो शालिवाहन राजाए कालिकाचार्यने एम कां कह्युं के चोथनी पर्युषणा करतां मारी अंतेउरने पडवेनुं पक्षोपवासनुं पारणुं थशे.

माटे भावार्थ ए रहेल छे के आठम, चौदश, ने पूनम ए त्रणे पर्वोमां प्राये उपवास करवो. पण त्यां आठम के पूनमे उपवास न करे तो प्रायश्चित्त आवे. पण चौदशे नहि करतां प्रायश्चित्त नहि आवे.

केटलाक वळी उद्दिष्टा शब्दने पूनमनुं विशेषण करी एवी व्याख्या करे छे के उद्दिष्ट एटले कहेली पूनमो एटले के चोमासानी पूनमो. पण ए व्याख्या चूर्णि तथा टीका बन्नेथी विरुद्ध होवाथी उवेखवीज घटे छे.

वळी व्यवहारवृत्तिकारे "पक्षनुं मध्य आठम अने मासनुं मध्य पाक्षिक ए भाष्यना वाक्यनी व्याख्यामां लख्युं छे के मासनुं मध्य पाक्षिक ते काळी चौदश जाणवी." एवी व्याख्या

करी छे ते तदन अघटित छे केमके खुल्लुं देखाय छे के जेम पक्षनुं मध्य आठम तेम मासनुं मध्य पूनमज छे.

# विचार ४५ मो.

प्रलंब लेवा आगममां निषेष छे खरो पण ते सम्यक् जाणवो जोइये. "त्यां प्रलंब दश प्रकारे छेः—मूळ, कंद, खंध, त्वचा, शाखा, प्रवाळ, पत्र, पुष्प, फळ, अने बीज.

ए दशेनुं द्रव्यभावथी प्रासुक शाक लेतां प्रसंग दोष लागे छे ते एम के शाकनी टेव पडी जतां शाक वगर भोजन भावे नहि अने तेम थतां छेवटे भिन्नाभिन्न के सचित्त शाक पण लेवा मंडाय तथा शाकना माटे बहु रखडवुं पडतां एषणा शुद्धि पण काची पडे. वळी मग वगेरानी काची फळी घणीए खातां पण तृप्ति नहि वळे माटे पुरुषना माटे बत्रीश कवळ आहार गणाय छे तेमांनुं एक कवल पण ज्यां लगी मळे अथवा छेवटे उपवास पडे तोये पण छमास पर्यंत तेटला ऊपरज रहेवुं वाजबी छे, पण प्रलंब लेवो नहि."

वळी स्थळांतरे कह्युं छे के जेटलुं शुद्ध अन्न स्वग्राममां मळे तेटलुं सांथी लेवुं ने बाकी जोइतुं शुद्ध अन्न ग्रामांतरथी लाववुं. कदाच शुद्ध अन्न मळेज नहि तो मिश्र एटले काचरीरूप के पलीधा रूप जेमां कांइक अन्न अने कांइक फळो होय ते लेवुं."

आ रीते आगममां सामान्यपणे सर्वे शाकनो निषेध छतां केटलाक एम बके छे के फळ शाक लेवुं साधुने न कल्पे बाकी वडां, पापड, वडी, वाल तथा चणादिक धान्यशाक लेवुं कल्पे ते वृथा बकबकाट छे.

कदाच कहेशो के धान्यशाकथी फळशाक वधारे स्वादिष्ट छे माटे ते तजवुं, तो अमे एम कहिये छीये के सर्व शाकमां वडांज वधु स्वादिष्ट प्रसिद्ध छे. केमके विवाहादिकमां ते वगर सघळां शाक रद जेवा गणाय छे. माटे वडा विशेषे परिहरवा जोइये.

वळी सुस्वादुपणानो दोष लेतां तो दूधपाक, इक्षुरस, शाकर, खांड तथा लाडु वगेराने पण अकल्पनीय कही शकाशे.

कदाच कहेशो के आचीर्ण शाक लेवानी अनुज्ञा होवाथी धान्यशाक कल्पे तो त्यां जाणवुं घटे छे के जेम धान्यशाकने शास्त्रमां आचीर्ण गण्युं छे तेम फळशाकने विषे पण आचीर्णता बतावी छे.

ए बाबत निशीथ तथा बृहत्कल्पमां आ प्रमाणे छे.

"आचीर्ण एटले जैन साधुओ दुर्भिक्षादि कारण विना पण लइ शके ते. जेमके धानमां अडद चणा वगेरा अने फळोमां त्रिफळा वगेरा जे आचीर्ण छे ते लेवुं.

अथवा मिश्रपणे रांधेलुं नियमा आचीर्ण छे. अने एकलां रांधेल प्रलंबमां वालुंक वगेरा फळशाक आचार्य–परंपराए आचीर्ण छे अने वज्रकंद सूरणकंदादिक अनाचीर्ण छे.

कोइ बोली ऊठशे के सर्वे प्रलंब जिन तथा गणधरे वर्जेला छे माटे लोकोत्तरधर्म गुरुने अनुसरी चालवाथी थतो होवाथी बीजाए पण ते वर्जवा जोइये माटे फळशाक आचीर्ण शी रीते थाय ? तेणे जाणवुं जोइये के ए रीते त्यारे धान्यशाक लेवा पण निषेधवाज पडशे केमके प्रलंबमां ते पण आवी जाय छे.

वळी हरताल, मणसिल, पीपळी, खजूर वगेरामां पण आचीर्णता अनाचीर्णता रहेल छे. ( माटे प्रलंबमां आचीर्णतानुं शुं कहेवुं. )

माटे भावार्थ ए रहेल छे के पूर्वे अगीतार्थादिकने प्रसंगदोष टालवा सामान्यपणे सर्व प्रलंब लेतां दोषो तथा प्रायश्चित्त बतावी पछी यथावस्थित आचीर्णता तथा अनाचीर्णता प्ररूपी छे.

कारण के त्यांज कह्युं छे के ए प्रायश्चित्त अगीतार्थ आचार्य के जे गच्छनी सारसंभाळ न करे तेने अथवा अगीतार्थ भिक्षु के जे विषयलोलुप होय तेने लागे छे.

अने ए वात एमज मानवी घटे छे, नहि तो धर्मरुचि वगेरा मुनिओ कटुक तुंब शा माटे लेत? कदाच कहेशो के तेमणे तो मासखमणना पारणे भोजनरूपे ते लीधुं छे, कंइ शाकरूपे नथी लीधुं; पण तेम पण घटे नहि केमके मूले लख्युं छे के छमास पर्यंत निराहार रहेवुं, पण प्रलंब न लेवा. माटे जो ए निषेध सर्व साधु साधारण होत तो ते गीतार्थ पण ते नहि लेतां बीजा घरेथी बीजुं भोजन लेत. माटे अगीतार्थ आसरीनेज सर्व प्रलंबनो निषेध छे बाकी गीतार्थने तो वगर कारणे पण आचीर्णप्रलंब लेतां दोष नथी.

वळी पाकेली केलाफरी, खजूर तथा द्राक्षादिक पण अगीतार्थने लेवी निषेधी छे केमके ते प्रसंगदोषे छेवट बगीचामांथी पोतेज तोडवा जवा मांडे; पण गीतार्थने तथाविध पुरुषविशेष, देशविशेष, के ग्लान, बाळादि कारणे अथवा दुर्भिक्ष के मुशाफरीना कारणे विधिए लेतां दोष नथी.

( वळी पांखीसूत्रनी बृहद्वृत्तिमां गुरुनी तेत्रीश आशातनाना अधिकारे शाक तथा आंबाना फळादिकनुं ग्रहण स्पष्ट रीते कहेल छे. )

माटे सचित्तप्रलंब साधुने लेवो न कल्पे एवोज उपदेश देवो पण सर्व प्रलंबनो निषेध छे एम न बोलवुं.

# विचार ५२ मो.

## ( स्वगच्छनी उत्पत्ति. )

### ( विजयचंद्र उपाध्याय के आर्यरक्षितसूरिनुं चरित्र. )

नाणकगच्छमांथी सर्वदेवसूरिथी वडगच्छ थयो. तेमां अनुक्रमे श्री जयसिंहसूरिना शिष्य श्री विजयचंद्र उपाध्याय थया. तेमने पूनमिया गच्छ स्वीकारनार तेमना मामा शीळगणसूरिए सर्व सिद्धांतो भणावीने आचार्यपद देवा मांड्युं पण विजयचंद्रे माळारोपण वगेरा सावद्यना भये ते पद लेवा नहि इच्छवाथी तेमने उपाध्यायपदे स्थाप्या.

पछी तेओ पोताना बीजा त्रण शिष्यो साथे विचरवा लाग्या, पण ए वेला पासत्थाओनी बाहुल्यता होवाथी लोकोने भिक्षाना दोषोनुं ज्ञान न हतुं, तेथी शुद्ध भिक्षा नहि मळवाथी विजयचंद्र उपाध्याये पावागढ ऊपर संलेखणा करवा मांडी.

त्यां एक मासना उपवास थतां चक्रेश्वरीदेवीए प्रत्यक्ष थइ नमीने वीनति करी के महाराज, आपना प्रसादथी जगत्मां महा लाभ थशे, माटे आवती प्रभाते तमने आहार मळशे तेनावडे पारणुं करो. ए ऊपरथी गुरु ते प्रमाणे पारणुं करीने तेज वेलाए आवेला संघवी यशोधनना संघ साथे भालेज नगर आव्या.

त्यां यशोधने आदिदेवनुं देरासर करावी गुरुना उपदेशथी पोते प्रतिष्टा करवा मांडी. ते जोइ तेने निवारण करवा त्यां हेमाचार्यना गुरु संगमखेडीया देवेंद्रसूरि, आशापल्लीया मलयचंद्रसूरि, तथा पीपलिया शांतिसूरि वगेरा महान् आचार्यो एकठा थइ जोरथी कहेवा लाग्या के "आ वळी नवुं डामाडोल शुं ऊभुं करो छो" अने तेथी त्यां उत्सवार्थे एकठा मळेला मंदोर, वडोदरा,

खंभात, तथा नाहपा वगेरा स्थळोना संघो विचारमां पड्या के हवे शुं थशे? ते वेला नीचे प्रमाणे त्रणवार आकाशवाणी थइ.

"अहो लोको, आ विधिमार्ग सिद्धांतोक्त छे, सर्वज्ञोक्त छे, अने शाश्वतो छे, माटे एमां कोइये संदेह न करवो. अने एमां ब्रह्मा पण विघ्न करी शके तेम नथी."

ए ऊपरथी त्यां विघ्न शांत थतां प्रतिष्ठामहोत्सव पूर्ण थयो. अने ए स्थळे सं. ११६० वर्षे अंचळगच्छनी स्थापना थइ.

पछी त्यांथी गुरु महाराज बिउणपबंदरना वंकाशेठना पुत्र कउडि वगेराने पोताना श्रावको करी तथा तेनी पुत्रीने दीक्षा आपी थराद आव्या.

## ( जयसिंहसूरिनुं चरित्र, )

आ समये सोपारपाटणना शेठ दाहडना पुत्र जासिगकुमारे जंबुचरित्र सांभळी प्रतिबोध पामीने पोताना मित्र आसधरनी साथे जयसिंहदेवराजानी महेरबानी मेळवी पाटणमां आवीने गुरु पासेथी पहेलेज दहाडे आखुं दशवैकालिक शीखी लइ दीक्षा लीधी. ए वेला तेमनुं नाम यशश्चंद्रगणि राखवामां आव्युं.तेओ पांच वर्षमां स्वपरसमयना पारंगामी थतां मंदोरपुरना संघे तेमने आचार्य पद दइ जयसिंहसूरि एवुं नाम आप्युं.

आ ऊपरथी गुरुनी आशातना निवारवा जयसिंहसूरिए पोताना गुरु विजयचंद्र उपाध्यायने आर्यरक्षितसूरि एवुं नाम आपीने सूरिपदे थाप्या.

एवामां कुमारपाळ राजा राजगादीए आव्या.तेमणे कउडिश्रावकने उत्तरासंगवडे वांदणा देतो जोइ हेमाचार्यने पूछयुं के आ शुं? त्यारे हेमाचार्य बोल्या के ए मुख्य विधिपक्ष छे. तथा पूर्वे आकाशवाणी पण एवीज थएल होवाथी गच्छनुं विधिपक्ष एवुं नाम चाल्युं.

त्यार बाद हेमाचार्ये वाहकगणिनी प्रेरणाथी जयसिंहसूरिने कह्युं के तमो बिउणपतटथी सघळुं संघ बोलावी एक सामाचारी करो. त्यारे गुरुए उत्तर आप्युं के जो सर्व गच्छ एक थइने अमने कहेशे तो अमे पण तेमज करशुं.

त्यारे वाहकगणि वगेरा विचारवा लाग्या जे ए तो आपणामांज विरोध पडावे छे तेथी सर्व संघ समक्ष "अंचळगच्छवाळा संघबाहेर छे" एवी उद्घोषणा करावत्रा एक माणस ऊभो कर्यो पण ते उद्घोपणा करनारे त्रणवार एम उद्घोषणा करी के "विधिपक्ष विना बीजा सर्वे संघबाहेर छे."

त्यारे ए उद्घोषणा करनारने लांच आपवामां आवी छे एम ठेरावी जूदा जूदा उद्घोषणा करनार ऊभा कर्या पण ते बधाए पण तेवीज उद्घोषणा करवाथी विचारवा लाग्या जे आ गच्छवाळा कपटी छे माटे एमना गुरुनेज शिक्षा करवी जोइये. तेथी वाहक गणिए जयसिंहसूरिने मारवा सारु बिउणप बंदरे दंडूकावाळा माणसो मोकलाव्या. तेओ त्यां जइ गुरुने जीवरक्षा माटे रजोहरणथी पूठ प्रमार्जता जोइ पोतेज एक बीजामां मारामारी करी जमीनपर पड्या. अने गुरुनुं चरणामृत छांटवाथी बचवा पाम्या.

ए दरम्यान पाटणमां वाहक गणिने तत्काळ शूळ थवा मांड्युं ते जोइ हेमाचार्ये तेमने पूछयुं के तमे कोनो अपराध कर्यो छे? त्यारे वाहकगणिए यथास्थित वृत्तांत कही आपतां हेमाचार्य बोल्या के ए व्याधि बीजा कोइथी मटे तेम नथी किंतु आर्यरक्षितसूरिना चरणोदकथीज मटशे. तेथी ते पाणी मगावीने तेने स्वस्थ कर्यो.

## धर्मघोषसूरि.

जयसिंहसूरिना पाटे धर्मघोषसूरि थया. तेओनुं "वादिसिंह शार्दूल" एवुं बिरुद बोलातुं हतुं. एमणे शाकंभरी (सांभर) ना

पेला राजाने प्रतिबोधी अर्हतपूजा करावी.

वळी एमणे खीमलि गामवाळा संघवी बोहडिने प्रतिबोध आप्यो. ए बोहडिने आगल चालतां वस्तुपालमंत्रिए "संघनरेंद्र" एवुं बिरुद आप्युं.

वळी कणयगिरिवाळा सा. देदाना आग्रहथी गुरु महाराज चितोडमां रह्या. त्यां तेनी बेने उत्सवमां भोजनमां विष भेळ्युं. ते गुरुराजे ध्यानना बळथी जाणी लइने ३२ साधुओ मोतथी बचाव्या.

वळी एओ ध्यानमां एवुं चिंतववा लाग्या जे "आवा विषम काळमां साधुओनो निर्वाह केम थइ शकशे" तेवामां ध्यानना बळे चक्रेश्वरी देवीए प्रगट थइ प्रतिज्ञा लीधी जे हुं आजथी मांडीने वीरप्रभुनुं ज्यां सूधी शासन चालशे त्यां लगी विषम वेलाए गच्छने सहाय करीश.

एक वेला एमना सोल साधुओने कवाडि वगेरा भार ऊपाडी रस्ते चालता जोइ एक दिगंबरे मस्करी करी के "आ लश्कर कोना ऊपर जाय छे." गुरुए जबाप आप्यो के "कोइ सगोत्रिओ नागो थएल सांभल्यो छे तेना ऊपर जाय छे." ए रीते ते सहजमां जीताइ जइ पगे पडयो.

## महेंद्रसिंहसूरि.

धर्मघोषसूरिना पाटे महेंद्रसिंहसूरि थया. तेओ सर्व सिद्धांत मुखपाठेज भणावता हता. तेथी तेओने "आगमडाला" एवुं बिरुद मल्युं.

एमणे तिमिर वाटकमां मांदगीना लीधे रहेतां त्यां वांदवा आवनार जालोरना संघना ब्यासी संदेह वगर पूछवे एकज वखाणमां भांग्या अने बे संदेह एकांते भांग्या.

एमनुं सं. १२२८. जन्म, १२३७. दीक्षा, १२६३. सूरिपद, १३०९. स्वर्ग, सर्वायु वर्ष ८२.

## सिंहप्रभसूरि.

एमना मोटा भाइए दीक्षा लेवा मनसूबो कर्यो, पण लेती वेळा लगार ढीला थतां सिंहप्रभसूरिएज सिंह माफक तैयार थइ दीक्षा लीधी.

एओए सूत्रो भणतां दरेक सूत्रनी उलटी आवृत्ति करीने दखणनो वादी जीत्यो.

एमनुं सं. १२८३ जन्म. १२९१ दीक्षा. १३०९ सूरिपद. १३१३ स्वर्ग. सर्वायु वर्ष ३१.

## अजितसिंहसूरि.

एमने झालोरमां नवा नवा संघ वांदवा आवता ते राजा पासे भेटणुं धरता ते जोइ राउल समरसिंहे पूछा करतां गुरुना छठ अठम वगेरा उग्र तप सांभली राजा पोते वांदवा आव्यो. त्यां प्रतिबोध पामीने तेणे बधे अमारी प्रवर्त्तावी. ए रीते राजा धर्मी थयाथी तेनी सर्वे प्रजा पण जैनधर्मनो आचार पाळवा लागी तेथी आज सूधी शाण वगेरा गामो धर्मक्षेत्र कहेवाय छे.

एमनुं सं. १२८३ जन्म. १२९१ दीक्षा. १३१४ सूरिपद. १३३९ स्वर्ग. सर्वायु ५७ वर्ष.

## देवेंद्रसिंहसूरि.

एमनुं व्याख्यान सांभळवा अनेक देशोथी आवेला आचार्य उपाध्यायोथीज सभा भराइ जती हती. त्यां बीजा सांभळनाराने जग्या पण न मळती.

एमनुं सं. १२९९ जन्म, १३०६ दीक्षा. १३२३ सूरिपद. १३७१ स्वर्ग. सर्वायु ७३ वर्ष.

## धर्मप्रभसूरि.

एओ समय करतां पण वधु तप क्रियावाळा हता तेथी एमना चरणोदकथीज सर्व व्याधिओनी शांति थती. तथा प्रसन्नपणे वचन बोलता तेथीज सर्वार्थनी सिद्धि थती.

एमनुं सं. १३३१ जन्म. १३४१ दीक्षा. १३५८ सूरिपद. १३९३ स्वर्ग. सर्वायु ६३ वर्ष.

## सिंहतिलकसूरि.

एमनुं सं. १३४५ जन्म, १३५२ दीक्षा, १३७१ सूरिपद, १३९५ स्वर्ग. सर्वायु ५१ वर्ष.

## महेंद्रप्रभसूरि.

एमनुं सं. १३६३ जन्म, १३७५ दीक्षा, १३९३ सूरिपद, १४४३ स्वर्ग. सर्वायु ८१ वर्ष.

एमणे सं. १४०९ मां नाणी गामे चोमासुं रहेतां भविष्यकाळमां चालीशमे दहाडे विघ्न थशे एम अगाऊथीज जाण्युं. तेथी हमेशां ध्यानमां रहेता. हवे ते प्रमाणे आसोविदि ८ ना दिने राते काळा सर्पे दंश दीधो. पण सूरिमंत्रना प्रभावे दश पहोर थतां ते विष मुखथीज वमी कहाड्युं.

पछी वळती प्रभाते हजारो लोक भेगा थइ भावना भाववा लाग्या जे "अहो, कळिकाळमां पण हजु सम्यक् ध्याननो प्रताप रहेल छे" अने घणा जणोए शीळव्रतादिक लीधा.

ए सूरिए सहसात्कारे कहेल वचन पण बधाने फळतां.

## मेरुतुंगसूरि.

महेंद्रप्रभसूरिना पाटे मेरुतुंगसूरि थया. तेमणे संवत १४५० ना वर्षे आ लघुशतपदी रची. एनुं ग्रंथमान पंदरसो सित्तेर श्लोक छे.

# पट्टावळी.

## श्री महावीरस्वामिथी अंचळगच्छनी उत्पत्ति सूधी.

१ सुधर्मस्वामि.
२ जंबूस्वामि.
३ प्रभवस्वामि.
४ शय्यंभवस्वामि.
५ यशोभद्रस्वामि.
६ संभूतिविजयस्वामि.
७ भद्रबाहुस्वामि.
८ स्थूळिभद्रस्वामि.
९ महागिरि, सुहस्ति.
१० सुस्थित, सुप्रतिबद्ध.
११ इंद्रदिन्नसूरि.
१२ दिन्नसूरि.
१३ सिंहगिरिसूरि.
१४ वज्रस्वामि (वीरात्.५८४ दिवंगत).
१५ वज्रसेनसूरि.
१६ श्रीचंद्रसूरि.
१७ सामंतभद्रसूरि.
१८ (वृद्ध) देवसूरि.
१९ प्रद्योतनसूरि.
२० मानदेवसूरि.
२१ मानतुंगसूरि.
२२ वीराचार्य.
२३ जयदेवसूरि.
२४ देवानंदसूरि.
२५ विक्रमसूरि.
२६ नरसिंहसूरि.
२७ समुद्रसूरि.
२८ मानदेवसूरि, तथा हरिभद्रसूरि.
२९ विबुधप्रभसूरि.
३० जयानंदसूरि.
३१ रविप्रभसूरि.
३२ यशोदेवसूरि.
३३ विमळचंद्रसूरि.
३४ उद्योतनसूरि.
३५ सर्वदेवसूरि.
३६ पद्मदेवसूरि.
३७ उदयप्रभसूरि.
३८ प्रभानंदसूरि.
३९ धर्मचंद्रसूरि.
४० सुगणचंद्रसूरि.
४१ गुणसमुद्रसूरि.
४२ विजयप्रभसूरि.

४३ नरचंद्रसूरि.

४४ वीरचंद्रसूरि.

४५ मुनितिलकसूरि.

४६ जयसिंहसूरि.

## (सं. ११६१ मां अंचळगच्छनी स्थापना थइ त्यारथी वर्त्तमान सूधी.)

४७ आर्यरक्षितसूरि.

४८ जयसिंहसूरि.

४९ धर्मघोषसूरि.

५० महेंद्रसिंहसूरि (शतपदी-कर्त्ता.)

५१ सिंहप्रभसूरि.

५२ अजितसिंहसूरि.

५३ देवेंद्रसिंहसूरि.

५४ धर्मप्रभसूरि.

५५ सिंहतिलकसूरि.

५६ महेंद्रप्रभसूरि.

५७ मेरुतुंगसूरि (१४७१ दिवंगत.)

५८ जयकीर्त्तिसूरि.

५९ जयकेशरिसूरि.

६० सिद्धांतसागरसूरि.

६१ भावसागरसूरि.

६२ गुणनिधानसूरि.

६३ धर्ममूर्त्तिसूरि. } १६०२ क्रियोद्धार, १६७० दिवंगत

६४ कल्याणसागरसूरि.

६५ अमरसागरसूरि.

६६ विद्यासागरसूरि.

६७ उदयसागरसूरि.

६८ कीर्त्तिसागरसूरि.

६९ पुण्यसागरसूरि.

७० राजेंद्रसागरसूरि.

७१ मुक्तिसागरसूरि.

७२ रत्नसागरसूरि.

७३ विवेकसागरसूरि.

७४ जिनेंद्रसागरसूरि (वर्त्तमान.)

## कल्याणसागरसूरिथी उपाध्यायशाखाए आवेली वर्त्तमानकाळ सूधीनी शाखापट्टावली.

१ रत्नसागरगणि (महोपाध्याय).
२ मेघसागरगणि.
३ वृद्धसागरगणि.
४ हीरसागरगणि.
५ सहजसागरगणि.
६ मानसागरगणि.
७ रंगसागरगणि.
८ नेमसागरगणि.
९ फतेहसागरगणि.
१० देवसागरगणि.
११ सरूपसागरगणि.
१२ गौतमसागरगणि. *

* आ श्री गौतमसागरजी महाराज उपाध्यायशाखाए आवेला छे. तेमणे गच्छमां क्रियानी शिथिळता देखी वैराग्यरंगे रंगित थइने वर्त्तमानकाळे क्रियाउद्धार कर्यो छे. अने संविग्नपाक्षिक पदमां रही शुद्ध संयममार्ग पाळवानी इच्छा धरता थका विचरे छे.

# सं. ११६९ थी अंचळगच्छना आचार्यो.

| गच्छनायक ना मानि. | जन्मदेश | जन्म नगर. | वंश नाम. | पिता नामानि | माता नामानि | जन्म वर्षाणि | दीक्षा वर्षाणि | गच्छश-पदव. | स्वर्गवर्ष | सर्वायु |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| श्रीआर्यरक्षितसू. | आबू | दंताणीग्राम | प्राग्वाटवंश | व्यवहारीद्रोण | देदीमाता | ११३६ | ११४२ | ११६९ | १२२६ | ९१ |
| श्रीजयसिंहसूरि. | कुंकुण | सोपारनगर | उपकेशवंश | श्रे० दाहड. | नेढीमाता | ११७९ | ११९७ | १२०२ | १२५८ | ८० |
| श्रीधर्मघोषसूरि. | मरुदेश. | माहवपुर. | श्रीमाली. | सा० श्रीचंद. | राजलदे | १२०८ | १२१६ | १२३४ | १२६८ | ६१ |
| श्रीमहेंद्रसिंहसूरि. | मरुदेश. | सरनगर. | श्रीमाली. | सा. देवप्रसाद | वीरदेवी | १२२८ | १२३७ | १२६९ | १३०९ | ८२ |
| श्रीसिंहप्रभसूरि. | बहुसारि | वीजापुर. | श्रीमाली. | महं. अमरसी. | प्रीतिमती | १२८३ | १२९१ | १३०९ | १३१३ | ३१ |
| श्रीअजितसिंहसू. | मरुदेश. | डोडग्राम. | श्रीमाली. | महं. जिनदेव. | जिनमती | १२८३ | १२९१ | १३१७ | १३३९ | ५४ |
| श्रीदेवेंद्रसिंहसूरि. | मरुदेश. | पालणपुर. | श्रीमाली. | व्य० सोनू. | संतोषश्री | १२९९ | १३०६ | १३३९ | १३७१ | ७३ |
| श्रीधर्मप्रभसूरि. | मरुदेश. | श्रीमालपुर | श्रीमाली. | श्रे० लींबा. | वीझलदे | १३३१ | १३४१ | १३७१ | १३९३ | ६३ |
| श्रीसिंहतिलकसू. | मरुदेश | आरूवपुर. | श्रीमाली. | सा०आसधर. | चांपलदे | १३४५ | १३५२ | १३९३ | १३९५ | ५१ |
| श्रीमहेंद्रप्रभसूरि. | जीराउ. | वडग्राम. | उपकेशवंश | सा० आना. | लीबिणि | १३६३ | १३७५ | १३९५ | १४४३ | ८१ |
| श्रीमेरुतुंगसूरि | मरुदेश. | जीर्णपुर. | प्राग्वाटवंश | व्यव०वयरसी | नाह्णदे | १४०३ | १४१० | १४४५ | १४७१ | ६८ |
| श्रीजयकीर्त्तिसूरि | मरुदेश. | तिमिरपुर. | श्रीमाली. | अ० भूपाल. | भरमादे | १४३३ | १४४४ | १४७३ | १५०० | ६७ |
| श्रीजयकेशरिसूरि | पंचाल. | थाननगर. | श्रीमाली. | श्रेष्टि देवसी. | लाषणदे | १४७१ | १४७५ | १५०१ | १५४२ | ७१ |
| श्रीसिद्धांतसागर | गूर्जरदे. | अणहिलपुर | उपकेश. | सोनी जावड. | पूरादे. | १५०६ | १५१२ | १५४१ | १५६० | ५४ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| श्रीभावसागरसू. | मरुदेश | नरसाणनग | श्रीमाली. | वुहरा सांगा. | शृंगारदे. | १५१६ | १५२० | १५६० | १५८३ | ६८ |
| श्रीगुणनिधानसू. | गूर्जरदे. | पत्तन. | श्रीमाली. | सा० नगराज. | लीलादे | १५४८ | १५५२ | १५८४ | १६०२ | ५४ |
| श्रीधर्ममूर्त्तिसूरि. | गूर्जरदे. | स्थंततीर्थ. | श्रीमाली. | सा० हंसराज | हांसलदे. | १५८५ | १५९९ | १६०२ | १६७० | ८५ |
| श्रीकल्याणसागर | गूर्जरदे. | लोलाडापुर | श्रीमाली. | कोठा. नानिग | नामलदे. | १६३३ | १६४२ | १६७० | १७१८ | ८५ |
| श्रीअमरसागरसू. | मेदपाट | करहटपुर. | उपकेश. | चोधरी याधा. | सोनलदे. | १६९४ | १७०५ | १७१८ | १६६२ | ६८ |
| श्रीविद्यासागरसू. | कच्छ | खीरसरा. | उपकेश. | सा० करसना. | कमलादे. | १७४७ | १७५६ | १७६२ | १७९७ | ५१ |
| श्रीउदयसागरसू. | हालार | नवानगर. | उपकेश. | साकल्याणजी | जयवंती. | १७५३ | १७७७ | १७९७ | १८२६ | ७३ |
| श्रीकीर्त्तिसागर. | कच्छ. | देशलपुर. | उपकेश. | सा. मालसीं. | आशबाई | १७९६ | १८०९ | १८२६ | १८४३ | ४८ |
| श्रीपुण्यसागरसू. | गुजरात | वडोदरा. | पोरवाळ. | सा. रायसीं. | मीठीबाई | १८१७ | १८३३ | १८४३ | १८७० | ५३ |
| श्रीराजेंद्रसागर. | गुजरात | सुरत. | .. | .. | .. | .. | .. | .. | १८९२ | .. |
| श्रीमुक्तिसागरसू. | माळव. | उजेणी. | ओशवाळ. | सा. खीमचंद. | उमेदबाई | १८५७ | १८६७ | १८९२ | १९१४ | ५७ |
| श्रीरत्नसागरसूरि | कच्छ. | मोथारा | ओशवाळ. | सा. लाडण. | जुमाबाई | १८९२ | १९०५ | १९१४ | १९२८ | ३६ |
| श्री विवेकसागर | कच्छ. | आशंबिया. | ओशवाळ | सा. टोकरसीं. | .. | १८१० | .. | १९२८ | १९४७ | ३७ |
| श्रीजिनेंद्रसागर. | कच्छ. | गोधरा. | ओशवाळ | साकल्याणजी | .. | .. | .. | .. | .. | वर्त्तमान. |

# उपयोगी इतिहास.

( शार्दूल विक्रीडित. )

श्रीमद् विक्रमतः ख-बाण हुत भुक् काले मुनींद्रै रथो
आचीर्णा च चतुर्दशी, रवि युगे काले च चैत्यस्थितिः
वस्वभ्राभ्रकुभिश्च पौषधभवो, वेदाग्निरुद्रै स्तथा
राकांकः, शशि-शून्य-भास्करभव श्चामुंडिको नैष्टिकः १
हुंनंदेद्रियरुद्रकालजनितः पक्षोस्ति राकांकितो,
वेदाभ्रारुणकाळ औष्ट्रिकभवो, नंदर्त्तुकालेंचलः,
षट्र्‌यर्केषुच साधुपूर्णिम इति, व्योमेंद्रियार्के पुनः
वर्षे त्रिस्तुतिको, क्षमंगळरवौ गाढक्रिय स्तापसः २

१ वीरात् १६४ वर्षे चंद्रगुप्त राजा थयो.
२ ,, ४७० वर्षे विक्रम संवत् चाल्यो
३ ,, ६०५ वर्षे शालिवाहन राजानो शक चाल्यो.
४ ,, ६०९ वर्षे दिगंबर नीकल्या.
५ ,, ६७० वर्षे साचोरमां वीरस्वामिनी प्रतिमा स्थपाइ.
६ ,, ८२० वर्षे चौदशनी पांखी चाली.

(शतपदीमां चोथ थया केडे केटलेक काले चौदश थइ कही छे.)

७ वीरात् ८८२ वर्षे चैत्यवास मंडायो.
८ ,, ९८० वर्षे देवर्द्धि गणिये सूत्रो पुस्तके लख्यां.
९ ,, ९९३ वर्षे कालिकाचार्ये चोथनी पर्युषणा करी.
१० ,, १००० वर्षे देवर्द्धिगणि दिवंगत थतां पूर्व विच्छेद थया.
११ ,, १००८ वर्षे पौषधशाळामां वास मंडायो.

## ( विक्रमात्. )

सं. ९२१ मां वडगच्छ चाल्यो. (सर्वदेवसूरिथी.)
सं. ११५९ मां पूनमिया गच्छ स्थपायो. ( चंद्रप्रभसूरिथी. )
सं. ११६९ मां अंचळगच्छ स्थपायो. ( आर्यरक्षितसूरिथी. )
सं. १२०४ मां खरतरगच्छ चाल्यो. ( जिनदत्तसूरिथी. )
सं. १२३६ मां साधु पूनमियागच्छ नीकल्यो.
सं. १२५० मां आगमिया (त्रिस्तुतिक) गच्छ नीकल्यो.
सं. १२८५ मां तपगच्छ कहेवायो. (जगत्चंद्रसूरिथी.)
सं. १५३२ मां लोंकाए प्रतिमानो निषेध करवा मांड्यो.
सं. १५६५ मां पार्श्वचंद्र गच्छ नीकल्यो.

## प्रख्यात आचार्यो.

### वीरात्.

३७६ मां श्यामाचार्य थया. तेमणे पन्नवणासूत्र रच्युं.
६८४ मां गंधहस्ति थया. तेमणे पहेली टीकाओ करी.
९८० मां देवर्द्धिगणि थया. तेमणे सूत्रो पुस्तके लख्यां.
१०५५ मां हरिभद्रसूरि थया तेमणे १४४४ प्रकरणो कर्यां.
११५० मां जिनभद्रगणि थया तेमणे भाष्यो कर्यां.

### विक्रमात्.

७०० मां शीळाचार्य थया. (आचारांग टीकाकार.)
८९६ मां बप्पभट्टि दिवंगत थया. ( आमराजा प्रतिबोध्यो. )
१०९६ मां वादिवेताळ शांतिसूरि दिवंगत थया.
११३५ मां अभयदेवसूरि दिवंगत थया. नवांगी टीकाकार. )
१२२६ मां वादिदेवसूरि स्वर्गे गया. एमणे स्याद्वादरत्नाकर रच्यो.
१२२९ मां हेमाचार्य स्वर्गे गया. ( कुमारपाळ प्रतिबोधक. )
( कुमारपाळ राज्य ११९९ थी १२२९ सुधी. )

# आ पुस्तकना अगाउथी थएला ग्राहकोना मुबारक नामो.

## मुंबई. (१०१)

१०१ अंचळगच्छनायक विजयमान पूज्य भट्टारक श्री जिनेंद्रसागरसूरि महाराज.

## कच्छ—दुर्गापुर. (१९२)

१०० शा. पासुभाइ वाघजी.
२५ शा. पुनशीं आसु.
२५ शा. पदमशीं रायसीं.
६ शा. रणधीर थोभण.
५ शा. गोवर करमण.
१ नानी धर्मशाळा.

३० परचूरण.

## कच्छ—कोडाय. (५७)

५० शा. लाधाभाइ मूळजी.
२ वकील हीराचंद नाराणजी.
५ मोहोटी धर्मशाळा हस्ते शा. भवानजी रामजी.

## कच्छ—भुज. (२५)

२५ शा. रुपचंद मागजी.

## कच्छ—नळिया (५५)

१७ शा. लालजी शामजी.
४ शा. शामजी मालसीं.
४ शा. रतनशीं वेलजी खेतशीं.
४ शा. हंसराज आशारिया.
३ शा. पाशवीर शांगण.
२ शा. शिवजी पुनशीं.
१ शा. वीदाश देरु ह. पुंजाबाइ.
१ शा. नरशीं शोजपाळ.
१ शा. चतुर्भुज खेतशीं.
१ शा. देवजी शोजपाळ.
१ शा. मेघजी कल्याणजी हा. चांपुबाइ.

२ शा. विशनजी वेलजी.
२ शा. ठाकरशीं परबत ह. खेतबाइ.
१ शा. भींअशीं मूळजी.
१ शा. पुंजा भारु. ह. शोनबाइ.
१ शा. मादण कल्याण.
१ शा. चांपशीं मादण ह. मूळबाइ.
१ शा. देरु दामजी.
१ शा. गणशीं खीअशीं ह. कोरबाइ.
१ शा. शामजी पसाइआ. ह. धनबाइ.
१ शा. वेरशीं माणेक.
१ शा शामजी वीरजी.
१ शा. कानजी लालजी गणशीं.
१ शा. भाणजी लाधा ह. हीरबाइ
१ नानी धर्मशाळा. हस्ते मालशीभाइ.

कच्छ—सांधाण. (१५)

२ शा. मादण आशारिया.
२ श्री देराशर खाते.
१ शा. मणशी माणेक.
१ शा. देवशीं भीमजी.
१ शा. खीमशी जेतशी.
५ यति गौतमलाभ कुशळलाभजी.
१ शा. शामजी कानजी परबत.
१ शा. घेला देशर.
१ शा. वेलजी धनजी ह. मेघबाइ.

कच्छ—दुमरा. (४)

१ शा. वीरपाळ देवशी.
१ शा. वेलजी पुंजा.
१ शा. नरशी कचरा.
१ शा. नरशी मावजी.

कच्छ—नाराणपुर. (६)

५ शा. ठाकरशी डुंगरशी.
१ शा. कानजी विजा.

कच्छ—खारुआ. (५)

५ शा. कोरशी मालजी.

कच्छ—देवपुर. (४)

१ शा. कोरशी पाळण.
१ शा. देशर खेतसी.

१ शा. वेलजी तिलकशी. १ शा. खेराज पचाण.

कच्छ—गढशीशा. (१०)

१० शा. देवराज टोकरशी.

कच्छ—नरेडी. (२)

२ शा. उका धोरसी.

कच्छ—कोटडो. (१)

१ शा. कुंअरजी लालजी.

कच्छ—वांग्रेचा. (१)

१ शा. हीरजी देशळ.

कच्छ—राधणजर. (१५)

५ शा. आसु उका ह. खीमइबाइ. २ शा. लीलाधर माणेक.
२ शा. कुरपार लखु. २ शा. कानजी तेजा.
२ शा भोजाना माताजी पूरबाइ. २ शा. आणंद गंगाजर.

कच्छ सुथरी. (१६)

५ सुथरी ज्ञानभंडार. ५ शा. माळजी फतेचंद.
५ शा. खीअशी करमण. १ शा. हभु मूरजी.

अमदावाद. (२)

१ श्री शांतिसागरजीना मकाने. १ शा. जमनादास घेलाभाइ.

मुंबइ. (८)

१ शा. जेवत तेजपाळ. १ शा. तेजशी कुरपार.
१ शा. पुंजा वरजांग. १ शा. सामत वणवीर.
१ शा. दामजी आशकरण. १ शा. खीमजी रायशी.
१ शा. हीरा वरजांग.